सत्यमेव जयते

ગુજરાત રાજ્ય

# શાસન સૂત્રો

(Minor Hints નો ગુજરાતી અનુવાદ)

શ્રીમંત મહારાજા ગાયકવાડ

સયાજીરાવ ત્રીજા, જી. સી. એસ. આઈ.

સમક્ષ

રાજા સર ટી. માધવરાવ, કે. સી. એસ. આઈ. નાં

પ્રવચનો

ગુજરાત રાજ્ય

# શાસન સૂત્રો

( Minor Hints નો ગુજરાતી અનુવાદ )

શ્રીમંત મહારાજા ગાયકવાડ

સયાજીરાવ ત્રીજા, જી. સી. એસ. આઈ.

**સમક્ષ**

**રાજા સર ટી. માધવરાવ, કે. સી. એસ. આઈ. નાં**

**પ્રવચનો**

પ્રકાશક

**નિયામક,**
**ગુજરાત રાજ્ય અભિલેખાગાર,**
**ફાયર બ્રિગેડની બાજુમાં, સેકટર - ૧૭,**
**ગાંધીનગર.**

(૨)

# Shasan Sutro

( Gujarati Translation of '*Minor Hints*' )

ગુજરાત રાજ્ય
અભિલેખાગાર

DEPARTMENT OF ARCHIVES

सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT
ऋचो अक्षरे परमेव्योमन

© ગુજરાત સરકાર

**પ્રકાશક :**
નિયામક, ગુજરાત રાજ્ય
અભિલેખાગાર,
ફાયર બ્રિગેડની બાજુમાં,
સેક્ટર - ૧૭, ગાંધીનગર.

**પ્રાપ્તિસ્થાન :**
નિયામક, ગુજરાત રાજ્ય
અભિલેખાગાર,
ફાયર બ્રિગેડની બાજુમાં,
સેક્ટર - ૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭.

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦, **પ્રત :** ૧૦૦૦ (એક હજાર) અપ્રાપ્ય
પુન : મુદ્રણ : ૨૦૧૮ **પ્રત :** ૧,૦૦૦

**કિંમત : ₹ ૨૮૦/૦૦ (અંકે રૂપિયા બસો એંસી પુરા)**

**મુદ્રક :** સરકારી મુદ્રણાલય, વડોદરા.

## પ્રસ્તાવના

ગુજરાતના નવજાગરણમાં જેમની અસરો પ્રભાવક હતી તેવા વડોદરાના મહારાજા ગાયકવાડ સયાજીરાવ ત્રીજાને સને ૧૮૭૫ માં મહારાણી જમનાબાઈએ દત્તક લીધા, ત્યારે એ સગીર વયના હતા. શાસનનાં સૂત્રો ત્રણ સભ્યોની રિજન્સી કાઉન્સિલના હાથમાં હતાં. તેમાંના એક રાજા સર ટી. માધવરાવ, કે.સી.એસ.આઈ., રાજ્યના દીવાન પણ હતા. વડોદરા રાજ્યની વહીવટી સુધારણાની સાથોસાથ નવા બાળ રાજાને બાહોશ રાજવી તરીકે તૈયાર કરવા ઉચિત તાલીમ આપવાની જવાબદારી તેમની હતી. આ કામ માટે તેમનાથી વધુ યોગ્ય વ્યક્તિ ભાગ્યે જ મળત.

માધવરાવ એક વિચક્ષણ રાજપુરુષ હતા. તેમનો જન્મ કુંભકોણમ્માં સન ૧૮૨૮ માં મહારાષ્ટ્રી બ્રાહ્મણના મુત્સદ્દી કુટુંબમાં થયો હતો. ગણિત શાસ્ત્રનું ઉચ્ચ શિક્ષણ મદ્રાસમાં લીધા પછી તે મદ્રાસ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક નિમાયા હતા. ૧૮૪૯ માં તે મદ્રાસની એકાઉન્ટન્ટ જનરલની કચેરીમાં નિમાયા. થોડાં વર્ષો બાદ ત્રાવણકોરના રાજકુંવરોના શિક્ષણની જવાબદારી તેમણે સંભાળી. ઉત્તરોત્તર બઢતી પામતાં ૧૮૫૭ માં એ ૩૦ વર્ષની વયે દીવાન બન્યા, અને બાદમાં કે. સી. એસ. આઈ. નો ખિતાબ પામ્યા. ત્યાર પછી બે વર્ષ ઇંદોર રાજ્યના દીવાન અને છેવટે ૧૮૭૫ માં વડોદરા રાજ્યના દીવાન થયા. વડોદરામાં તેમણે અનેક સુધારા ઝડપથી દાખલ કર્યા.

સાથોસાથ દત્તક લેવાયેલા રાજવારસ સયાજીરાવની તાલીમ ઉપર તેમણે અંગત ધ્યાન આપ્યું. સામાન્ય શિક્ષણ પર્યાપ્ત પ્રમાણમાં અપાયા પછી તેમને રાજ્યવહીવટની તાલીમ આપવામાં આવી અને છેલ્લા વર્ષમાં, ૧૮૮૧ માં અઠવાડિક વાર્તાલાપો દ્વારા માધવરાવે પોતાના અનુભવનો નિચોડ આપ્યો અને એ રીતે સયાજીરાવને શાસનની ધુરા સંભાળવા માટે તૈયાર કર્યા.

માધવરાવ સન ૧૮૮૨ માં નિવૃત્ત થયા અને ૧૮૯૧ માં અવસાન પામ્યા.

આજથી સો વર્ષ પૂર્વે આધુનિક ગણાય તેવા આ વાર્તાલાપો આજના બદલાયેલા સંજોગોમાં પણ સત્તાધારીઓ માટે તત્ત્વતઃ એટલા જ પ્રસ્તુત છે. રાજયકર્તાએ અંગત વર્તણૂકમાં તેમજ જાહેર જીવનમાં પાળવાના આદર્શો ઉપરાંત રાજકાજની આટીઘૂંટીમાં જાળવવાની વ્યવહારદક્ષતા અંગે તેમાં ઝીણવટથી સલાહ-સૂચનો અને શિખામણો અપાયેલ છે. રાજવીની અંગત વર્તણૂક, તેમના અંતરંગ વર્તુળમાં ચાલતી ખટપટ, પ્રજાના પ્રતિનિધિઓ તેમજ પોતાના સલાહકારો સાથેના વ્યવહાર, વર્તમાનપત્રોના અભિપ્રાય અને સ્વાધ્યાય જેવા નિજી જીવનને લગતા વિષયો ઉપરાંત રાજકાજમાં ધ્યાનમાં રાખવા જેવા પાયાના નીતિ નિયમો, જુદા જુદા વિભાગોનાં કાર્યો તથા અંગ્રેજી રાજસત્તા અને તેનાં પ્રતિનિધિઓ સાથેના સંબંધો વિષે લાંબા અનુભવ ઉપર આધારિત સોનેરી સૂચનો આ વાર્તાલાપોમાં છે. ઊંચામાં ઊંચા આર્દશો સાથે વ્યવહારુ યુક્તિપ્રયુક્તિ અને કાર્યોનું આવું સુંદર સંમિશ્રણ આશ્ચર્યજનક છે અને આજે પણ આ સૂચનો જાહેર જીવનમાં એટલા જ વજૂદવાળાં છે. માધવરાવના પ્રયત્નની સફળતા સયાજીરાવની જ્વલંત કારર્કિદીના મૂળમાં દેખાય છે. આ ગુરુ-શિષ્યના પુરુષાર્થને પરિણામે ''ગાયકવાડી''નો પર્યાય ''અંધાધૂંધી'' મટી ગયો અને વડોદરાના રાજયવહીવટને નવી અસ્મિતા અને ગૌરવ પ્રાપ્ત થયાં.

માધવરાવે આપેલા વાર્તાલાપોનાં ટાંચણોનું પુસ્તક MINOR HINTS નામે ખાનગી વિતરણ માટે વડોદરા રાજય દ્વારા છપાવવામાં આવેલું. ગુજરાત રાજય દફતર ભંડાર ખાતા હાલના (અભિલેખાગાર) એ એક ઉપયોગી ગ્રંથ તરીકે તેને ૧૯૮૫માં પુનર્મુદ્રિત કર્યું હતું અને હવે આ જ ખાતા તરફથી ગુજરાતી ભાષાંતર પ્રસિદ્ધ થઈ રહ્યું છે. જાહેર જીવનમાં રસ લેતા સૌ કોઈ અભ્યાસીઓ અને વહીવટી ક્ષેત્રના કર્મશીલોને તેમાં અવશ્ય રસ પડશે.



પુસ્તકનું ભાષાંતર કરનાર વડોદરા રાજયના [illegible] અધિકારી શ્રી એમ. જી. દેવડેકર, આઈ.એ. એસ. (નિવૃ[illegible] પરામર્શન કરનાર શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, આઈ.એ. એસ. (નિવૃત્ત) ના અમો આભારી છીએ. આ પુસ્તકની કામગીરી માટે કર્મચારીઓએ જે મદદ કરી છે, તેમનો હું આભારી છું.

**અશોક સી. દેસાઈ**
**નિયામક,**
**ગુજરાત રાજય અભિલેખાગાર,**
**ગાંધીનગર.**

ગાંધીનગર
તા. ૨૭-૧૨-૨૦૦૦

# આમુખ

વડોદરાના મહારાજા ગાયકવાડ, સયાજીરાવ (ત્રીજા) (૧૮૮૧-૧૯૩૯) પોતાના જીવનકાળ દરમ્યાન જ લોકકથાના નાયક સમા બની ગયા હતા. ભરવાડમાંથી ભૂપતિ બનેલા આ રાજવીનું રાજ્યારોહણ અને ત્યાર બાદ દીર્ઘ અને ઉદાહરણરૂપ શાસન એક મનોહરી વિજયવાર્તા બની ગયું. તેની શરૂઆત તો ત્યારે જ થઈ ગઈ હતી, જયારે એમને એમનાં ભાવિ દત્તક માતાએ પૂછયું, ''તમે કેમ વડોદરા આવ્યા છો ?'' અને ત્રણ ભાઈઓમાં વચેટ સયાજીરાવે બેધડક જવાબ આપ્યો, ''રાજા થવા.'' તેમને હિંદુસ્તાનના સામ્રાજયના બીજા નંબરના વિશાળ અને સમૃદ્ધ રજવાડાના ભાવિ શાસક તરીકે તુરત જ પસંદ કરવામાં આવ્યા તેમાં નવાઈ નથી.

રાજ્યના કારભારને કુશળતાથી સંભાળીને તેમણે આ પસંદગી વાજબી ઠરાવી. ચતુર માણસ-પારખુ હોઈને તેમણે પોતાના રાજય માટે એક પછી એક પ્રખ્યાત દીવાનો પસંદ કર્યા. અંગ્રેજ શાસિત પ્રદેશોના સુધારાઓને તેમણે અપનાવ્યા અને આગળ ધપાવી તેમાં ઉમેરો કર્યો. કેટલીક બાબતોમાં તો એમનો વહીવટ બ્રિટિશ વિસ્તાર કરતાં ખરેખર વધુ પ્રગતિશીલ હતો. દા. ત. પ્રાથમિક શિક્ષણ, કન્યા કેળવણી, બાળ વિવાહ પ્રતિબંધ, ગુજરાતીનો રાજભાષા તરીકે સ્વીકાર, સામૂહિક વિકાસ, અસ્પૃશ્યતા નિવારણ અને પંચાયતોની સ્થાપના. હકીકતમાં વડોદરામાં આજે પણ જે ઉત્તમ પ્રણાલિકાઓ નજરે ચઢે છે - સ્થાપત્યમાં, નગર આયોજનમાં, વહીવટમાં અને સંસ્કૃતિમાં-તે તમામનું મૂળ તેમના શાસનમાં પામી શકાય છે.

એક ભરવાડ કિશોરમાંથી એક કુશળ શાસક તરીકેનું પરિવર્તન મુખ્યત્વે તેમને મળેલા ઉત્તમ શિક્ષણને આભારી હતું. તેનાથી તેમની નૈસર્ગિક શકિતઓ પૂરબહારમાં ખીલી ઊઠી. તેઓ પુખ્ત વયના થયા ત્યાં સુધી રિજન્સી કાઉન્સિલે તેમની વિશિષ્ટ તાલીમ ઉપર દેખરેખ

રાખી. તેમના વિધિસરના શિક્ષણને અંતે તેમના દીવાન અને રિજન્સી કાઉન્સિલના સભ્ય સર ટી. માધવરાવે તેમને વહીવટના ક્ષેત્રમાં ડગ ભરાવ્યાં. આ તાલીમ, શાસનના દરેક વિભાગ વિષે વાર્તાલાપની શ્રેણી રૂપે અપાઈ હતી. આ વાર્તાલાપો પાછળથી **માઈનોર હિન્ટ્સ** (શાસન-સૂત્રો) તરીકે પ્રગટ કરવામાં આવ્યા. દરેક વિભાગનાં કાર્યો અને કાર્યપદ્ધતિ ઉપરાંત તેમાં નિવારવા જેવા અંતરાયો, દૂર કરવા જેવી ક્ષતિઓ અને દૂરંદેશી, શાણપણ અને દક્ષતાથી કરવા જેવા સુધારાઓ વિષે સૂચનો પણ સમાવવામાં આવ્યાં હતાં. આ ઉપક્રમના શિરમોર સમી શિખામણ અંતમાં આવે છે. નિરંકુશ સત્તાના વારસદાર એવા મહારાજાને લોકશાહી દૃષ્ટિબિંદુ અને વલણ અપનાવવાનો, આત્મસંયમથી વર્તવાનો અને જનમત માટે આદર રાખવાનો અનુરોધ અહીં કરવામાં આવ્યો છે.

વહીવટી કુશળતા અને સમુચિત વ્યવહારમાં જે કંઈ અગત્યનું હોય તેને આવરી લેવાનું **માઈનોર હિન્ટ્સ**નું આયોજન છે. કર્તાએ અંગત આચાર, ક્રોધ, દૃઢતા સમાધાનવૃત્તિ, કીર્તિ, ચિંતાનિવારણ, ન્યાય- દૃષ્ટિ, ક્ષમાશક્તિ અને બીજાની લાગણીના આદર જેવી બાબતો વિષે સૂચનો આપ્યાં છે. તે ઉપરાંત પરામર્શ, પ્રસ્તાવ, ન્યાયતંત્ર અને જાહેરસેવા વિષે શિખામણ આપી છે. આમ **માઈનોર હિન્ટ્સ** એ વહીવટી નેતૃત્વની કલાના અનુભવ, માહિતી અને જ્ઞાનનો કોશ છે.

લાંબા સમયથી આ પુસ્તક અપ્રાપ્ય હતું. પુનર્મુદ્રણ સયાજીરાવના જીવન અને કાર્યમાં રસ ધરાવનારને જ નહિ, બલ્કે ઈતિહાસ અને જાહેર વહીવટના અભ્યાસીઓને પણ ઉપયોગી જણાશે એવી આશા છે.

**કુ. પો. યાજ્ઞિક**
**સચિવ, શિક્ષણ વિભાગ,**
**ગુજરાત સરકાર.**

ગાંધીનગર
તા. ૩૧ ઓગસ્ટ, ૧૯૮૫



## અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પાના નં. |
|---|---|---|
| | **સામાન્ય સૂચનાઓ : પ્રકરણ ૧ થી ૨૪** | |
| ૧ | ફાળો અને અનુદાન ... ... | ૧ |
| ૨ | અંગત વ્યવહાર અને આચરણ બાબત દિશાસૂચનો ... ... | ૪ |
| ૩ | પરિજનો અને પ્રપંચીઓ ... ... | ૮ |
| ૪ | ક્રોધ ... ... ... | ૨૩ |
| ૫ | દૃઢતા ... ... ... | ૨૬ |
| ૬ | બીજાઓની સલાહ ... ... | ૩૨ |
| ૭ | સમાધાન વૃત્તિ... ... ... | ૩૮ |
| ૮ | મહારાજા સાહેબની ગેરહાજરી... ... | ૪૧ |
| ૯ | કીર્તિ ... ... ... | ૪૩ |
| ૧૦ | વકીલોનાં અંગત નિવેદનો ... | ૪૫ |
| ૧૧ | પ્રતિનિધિમંડળો... ... ... | ૪૭ |
| ૧૨ | પરામર્શ ... ... ... | ૫૦ |
| ૧૩ | કામગીરી ... ... ... | ૫૭ |
| ૧૪ | ચિંતા કેવી રીતે ટાળવી ... ... | ૫૯ |
| ૧૫ | નિર્ણયશક્તિ ... ... | ૬૨ |
| ૧૬ | દરખાસ્તો ... ... ... | ૬૪ |

| પ્રકરણ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૭ | (ક) સફળતાનાં સાધનો ... ... | ૬૬ |
| ૧૭ | (ખ) ઉચ્ચ અધિકારીઓ સાથે વર્તાવ ... | ૬૭ |
| ૧૮ | શ્રદ્ધા અને વિશ્વાસ ... ... | ૭૦ |
| ૧૯ | પુરસ્કાર ... ... ... | ૭૨ |
| ૨૦ | માફી આપવાનો અધિકાર ... | ૭૪ |
| ૨૧ | બીજાની ભાવનાનો આદર ... | ૭૭ |
| ૨૨ | અખબારોમાંનાં મંતવ્યો ... ... | ૭૮ |
| ૨૩ | સ્વાધ્યાય અને અધ્યયન ... ... | ૭૯ |
| ૨૪ | સમાપનની સલાહ ... ... | ૮૨ |
| | **મૂળભૂત સિદ્ધાંતો : પ્રકરણ ૨૫ થી ૩૧** | |
| ૨૫ | મૂળભૂત સિદ્ધાંતો ... ... | ૮૪ |
| ૨૬ | મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ) પોલીસદળ ... ... ... | ૯૯ |
| ૨૭ | મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ) લશ્કરીદળ - ન્યાયનો વહીવટ... ... | ૧૦૯ |
| ૨૮ | મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ) કાયદાઓ અને રિવાજો ... ... | ૧૩૨ |
| ૨૯ | મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ) રાજવીનાં કર્તવ્યો ... ... | ૧૪૪ |
| ૩૦ | મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ) જાહેર આરોગ્ય ... ... | ૧૫૪ |





| પ્રકરણ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૧ | મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ) અન્ન પુરવઠો... ... ... | ૧૬૨ |
| | **સરકારી વિભાગો : પ્રકરણ ૩૨ થી ૩૭** | |
| ૩૨ | જાહેર બાંધકામ ખાતું ... ... | ૧૭૪ |
| ૩૩ | કેળવણી ... ... ... | ૧૮૨ |
| ૩૪ | રાજમહેલ વિભાગ ... ... | ૧૮૯ |
| ૩૫ | રાજમહેલ વિભાગ (ચાલુ) ... ... | ૧૯૭ |
| ૩૬ | હજૂર કચેરી... ... ... | ૨૦૫ |
| ૩૭ | વિભાગોના વડાઓ ... ... | ૨૧૮ |
| | **સંકીર્ણ : પ્રકરણ ૩૮ થી ૪૬** | |
| ૩૮ | વેતન ... ... ... | ૨૨૭ |
| ૩૯ | જાહેર સેવા... ... ... | ૨૩૬ |
| ૪૦ | બ્રિટિશ સરકાર સાથેના સંબંધો ... | ૨૪૦ |
| ૪૧ | બ્રિટિશ સરકાર સાથેના સંબંધો (ચાલુ) ... | ૨૪૮ |
| ૪૨ | દેશી સંસ્થાનોનો આંતરિક વહીવટ ... | ૨૫૭ |
| ૪૩ | બ્રિટિશ સરકારના અધિકારો ... | ૨૭૦ |
| ૪૪ | બ્રિટિશ સરકારની સલાહ ... ... | ૨૮૦ |
| ૪૫ | બ્રિટિશ રેસિડેન્ટ ... ... | ૨૮૬ |
| ૪૬ | સમાપન ... ... ... | ૨૯૬ |



મહારાજા સયાજીરાવ ત્રીજા - રાજ્યારોહણ સમયે

## પ્રકરણ-૧

# ફાળો અને અનુદાન

**સંખ્યાબંધ અરજીઓ**

(૧) ફાળો અને અનુદાન મેળવવા માટે શ્રીમંત મહારાજા સાહેબ પાસે અનેક માગણીઓ આવવાની છે. આ અનુદાન કોઈ હેતુ માટે કે કોઈ સંસ્થા માટે માગેલું હોય, કે કોઈ એક ગ્રંથ પ્રકાશિત કરવા માગેલું હોય, કે આવા ગ્રંથની અમુક નકલો લેવા માગણી કરાઈ હોય, કે મંદિર, ઘાટ કે ધર્મશાળા બાંધવા માટે નાણાકીય મદદ પણ માગી હોય કે ઘોડા રેસ માટે અનુદાન માગેલું હોય. ટૂંકમાં, મહારાજા સાહેબની ઉદાર વૃત્તિનો લાભ લેવા લોકો શાળા, રુગ્ણાલયો, નાટ્ય પ્રયોગો, અશ્વદર્શન, લલિતકલા, નવા ઉદ્યોગો કે અનેક એવા બીજા હેતુઓ માટે મહારાજા સાહેબ પાસે નાણાંની મદદની માગણી કરશે.

**ગુણદોષ ઉપર નિર્ણય**

(૨) આવી બધી માગણીઓ સ્વીકારી ન શકાય તે દેખીતું છે. આ બાબતે શ્રીમંત મહારાજા સાહેબે વિવેક-બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈશે, દરેક કિસ્સો તેના ગુણદોષ પ્રમાણે વિચારવાનો રહેશે; આમ છતાં, આ બાબતે જરૂરી માર્ગદર્શન માટે નીચેની બાબતો ખ્યાલમાં રાખવાનું ઉપયોગી થશે.

**વડોદરાની પ્રજાના લાભાર્થે**

(૩) એક વાત ધ્યાનમાં રાખવાની છે કે અનુદાનના પૈસા વડોદરા રાજ્યની જનતાએ આપેલા કરવેરાનાં નાણાં પૈકીના છે, અને તેથી જ આ નાણાં ધારાધોરણ પ્રમાણે આપવાનાં છે; નહિ કે સ્વચ્છંદી વૃત્તિથી. વડોદરા રાજ્યની પ્રજાને પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ થાય એવા હેતુ માટે જ મુખ્યત્વે આવાં નાણાં આપી શકાય.

**સ્થાનિક દાન ઈષ્ટ**

(૪) વડોદરા રાજ્ય બહારના પ્રદેશના બદલે રાજ્યની હકૂમતવાળા પ્રદેશો માટે આવાં નાણાં ખર્ચાય તે વધુ પસંદ કરવું જોઈએ.

**ગરીબી અને દુઃખ ઘટાડવા**

(૫) શ્રીમંતોને લાભ થાય તેના કરતાં ગરીબોને લાભ થાય તેવા કામ માટે જ અનુદાન આપવાનું પસંદ કરવું યોગ્ય થશે. કોઈની સુખસાહ્યબી માટે કામ થતું હોય એવા કામ માટે નાણાં આપવાનું પસંદ ન કરતાં કોઈનું દુઃખ ઓછું થતું હોય તેવાં કામો માટે અનુદાન આપવું જોઈએ.

**પ્રમાણસર**

(૬) અનુદાનનું કદ મર્યાદિત હોવું જોઈએ, જેથી બીજાઓને પણ ફાળો આપવાની ઈચ્છા થાય કે જરૂર લાગે. બીજા શબ્દોમાં કહીએ, તો અનુદાન, એટલું મોટું ન હોવું જોઈએ કે બીજાઓને લાગે કે, એકલા વડોદરાના મહારાજા સાહેબ પાસેથી જ પૂરતાં નાણાં મળી ગયાં છે એટલે આપણે કોઈએ નાણાં આપવાની જરૂર નથી.

**ઉપયોગી હેતુ**

(૭) જે કંઈ આપવામાં આવે તે, કામના હેતુની ઉપયોગિતાને અનુલક્ષીને આપવું જોઈએ, અને નહિ કે ચડસાચડસી, ઘમંડ પોષવા, કે કોઈ અરજદારના કાકલૂદીભર્યા દબાણ હેઠળ.

**આવર્તક દાન નહિ**

(૮) રાજ્યને દર મહિને અનુદાન આપવું પડે તેવી જવાબદારી ઊભી કરવાને બદલે એકી સાથે એકવાર અથવા લાબા ગાળાના અંતરે અનુદાન આપવું વધુ પસંદ કરવા યોગ્ય છે. કારણ, બદલાતા સંજોગોમાં જો જરૂર પડે અથવા ઈચ્છવાયોગ્ય હોય તો દર મહિને અનુદાન આપવાનો નિર્ણય પાછો ખેંચી લઈ શકવાનું મુશ્કેલ બને.

**દૃષ્ટાંત**

(૯) અગાઉ જે સિદ્ધાંતો કહ્યા તેની સ્પષ્ટતા માટે કેટલાંક દૃષ્ટાંતો આપું છું :-

**ઘોડદોડ**

(ક) બેંગ્લોર અથવા મુંબઈની એટલે કે વડોદરા બહારની ઘોડદોડની રેસ માટે વડોદરા રાજ્યે કોઈ ફાળો યા અનુદાન આપવું જોઈએ નહિ. વડોદરામાં પણ આ દિશામાં કોઈ પણ ખર્ચ પ્રમાણસર અને



પ્રસંગોપાત્ત હોવો જોઈએ. કારણકે, આપણા લોકો આવી રેસમાં ખાસ રસ ધરાવતા નથી.

**લલિત કલા**

(ખ) વડોદરા રાજ્યે યુરોપ અને અમેરિકાની લલિતકલા માટે અનુદાન આપવું જોઈએ નહિ, પણ હિન્દુસ્તાનની લલિતકલા માટે ઉપેક્ષા ન જ સેવવી જોઈએ.

**ઉપયોગી કામો**

(ગ) નદી ઉપર ઘાટ બાંધવા અનુદાન આપવું હોય તો ગોદાવરી, ક્રિષ્ણા કે કાવેરીનો ઘાટ બાંધવા અનુદાન ન આપતાં વડોદરા રાજ્યની નદીઓ ઉપર ઘાટ બાંધવા અનુદાન આપવું જોઈએ.

## પ્રકરણ-૨

# અંગત વ્યવહાર અને આચરણ બાબત દિશાસૂચનો

૮મી જૂન, ૧૮૮૧

**સ્વયંસ્પષ્ટ**

અંગત આચરણ અંગે કેટલીક વિવિધ પ્રકારની સૂચનાઓ આપવા માગું છું. આમ તો મનમાં આવે તેમ રજૂ કરીશ, પછી તેને સહેલાઈથી ક્રમવાર ગોઠવી શકાશે અને વિચારણાના અંતે યોગ્ય લાગે તો ધ્યાનમાં લઈ શકાશે. આમાંની કેટલીક સૂચનાઓ સ્વયંસ્પષ્ટ અથવા જાણીતી હોવાને કારણે બિનજરૂરી પણ લાગે, છતાં પણ એકબીજાથી તેઓને સહેલાઈથી અલગ પાડી શકાય તેમ ન હોવાથી બીજી બધી સૂચનાઓ સાથે તેનો નિર્દેશ કર્યો છે.

**વેપારીઓ સાથે પત્રવ્યવહાર નહિ**

(૧) કોઈ વસ્તુ, વેપારી કે દુકાનદાર પાસેથી મંગાવવાની હોય તો શ્રીમંત મહારાજા સાહેબે પોતાની સહીવાળો પત્ર આવી વ્યક્તિઓને મોકલવો નહિ. આ વ્યવહાર શ્રી રાવજીભાઈ વિઠ્ઠલજી જેવા મહારાજા સાહેબના કોઈ અધિકારીએ કરવો જોઈએ.

**અંગત પત્રો મર્યાદિત**

(૨) અનેક પ્રકારની વ્યક્તિઓ શ્રીમંત મહારાજા સાહેબને જુદા જુદા વિષયો ઉપર હંમેશા અંગત પત્રો લખવાની જ છે. આવા પત્રોના જવાબ મોકલાવવામાં ખૂબ જ કાળજી અને વિવેકબુદ્ધિ રાખવી જોઈએ. અંગત પત્રવ્યવહારને બિનજરૂરી રીતે વધવા દેવો ન જોઈએ. એક નિયમ તરીકે મહારાજા સાહેબ તરફથી પત્ર કે ચિઠ્ઠી જવલ્લેજ જવી જોઈએ. ઘણા બધા લોકો તેમનો મહારાજા સાહેબ સાથે અંગત પત્રવ્યવહાર છે તેમ કહેતાં અને કાગળો બતાવતાં ફરે તે સારું નહિ. ઘણી બધી વસ્તુઓ સર્વસામાન્ય બની જાય ત્યારે તેની કોઈ કિંમત રહેતી નથી.



**દફતરની જાળવણી**

(૩) શ્રીમંત મહારાજા સાહેબે લખેલ બધા પત્રો કે નોંધોની નકલો રાખવાની ખાસ વ્યવસ્થા કરવી જોઈએ. આવું કરવું અનેક દૃષ્ટિએ ઉપયોગી છે. શ્રીમંત મહારાજા સાહેબને મળેલો બધો પત્ર-વ્યવહાર કોઈ કર્મચારીએ નિયમિત જાળવી રાખવો. નાનામાં નાની બાબતો કેટલીક વાર મહત્ત્વની બને છે. એટલે આવી બધી નકલો હંમેશા ઉપલબ્ધ રહેવી જોઈએ.

**અગત્યના પત્રો અગાઉથી જોવા**

(૪) ઘણી બાબતોમાં કોઈ કર્મચારીને મહારાજા સાહેબના હુકમ પ્રમાણે પત્રવ્યવહાર કરવાનો થશે. તે પ્રસંગે જે તે કર્મચારીએ મહારાજા સાહેબના આદેશ બહાર કાંઈ લખાઈ ન જાય તેની કાળજી રાખવી. મહારાજા સાહેબનો હેતુ કે ઈચ્છા ન હોય તેવી ભાષા ન વપરાય તેની કાળજી રાખવી. શ્રીમંત મહારાજા સાહેબના આદેશથી મોકલેલ લખાણો જે તે બાબત પૂરતા મહારાજા સાહેબને બંધનકર્તા હોય છે. તેથી આવી કાળજી લેવી જરૂરી છે. એક નિયમ તરીકે આવા લખાણના મુસદ્દા અગાઉથી મહારાજા સાહેબે જોવા જોઈએ અને તે ઉપર મહારાજા સાહેબની ટૂંકી સહી લેવી જોઈએ કે જેથી ભૂલ ન થાય.

**ઉત્તમ કાગળ વાપરો**

(૫) મહારાજા સાહેબ તરફથી જતા પત્રો કે નોંધો સારામાં સારા એવા ખાસ પસંદ કરેલા કાગળ ઉપર હોવા જોઈએ. આવાં લખાણો માટે ઉત્તમ શાહી અને પરબીડિયાં ઉપયોગમાં લેવાં જોઈએ. બધું જ શ્રીમંત મહારાજા સાહેબના ગૌરવ અને મોભાને શોભે એવું યોગ્ય અને સુઘડ હોવું જોઈએ.

**શ્રીમંત મ. સા. ની મુલાકાત જૂજ**

(૬) મહારાજા સાહેબ કોઈની અંગત મુલાકાત લે તે તેના માટે એક બહુમાન છે. છાશવારે આવી મુલાકાતો ગોઠવવી તે આવી અંગત મુલાકાતની કિંમત ઓછી કરવા જેવું છે. ખાનગી કુટુંબોને ત્યાં લગ્ન કે બીજા પ્રસંગ હોય તેના સંદર્ભમાં આ કહું છું. આવા પ્રસંગો માટે પહેલેથી ચાલી આવેલી પ્રથા પ્રમાણે વર્તવાનું રાખવું; પરંતુ આવી પ્રણાલિકા ન હોય તો તેવા કિસ્સામાં હાજરી આપવા બાબત ખાસ કાળજી રાખવી.

**જવાબદાર અધિકારીની ભલામણ**

(૭) કોઈ અજાણી વ્યક્તિને મહારાજા સાહેબને મળવાની ઈચ્છા હોય તો તેની ઓળખાણ-પિછાણ કોઈએ પ્રથમ આપવી જોઈએ. એક સામાન્ય નિયમ એવો રાખવો, કે મળનાર વ્યક્તિની કોઈએ માહિતી-ઓળખાણ આપવી જોઈએ. એમ ના થાય તો ઘણા વાંધાજનક માણસો મહારાજા સાહેબ પાસે જઈ પહોંચશે અને મહારાજા સાહેબના મોભા અને ગૌરવ માટે સારું રહેશે નહિ. તેમાં કદાચ સલામતી પણ જોખમાય.

મહારાજા સાહેબને અજાણી વ્યક્તિનો પરિચય ગમે તે માણસ કરાવે તે ન ચાલે. જાસૂદ અથવા નિમ્ન પરિચારકો અજાણી વ્યક્તિનો પરિચય કરાવવા માટે લાયક વ્યક્તિઓ નથી. ઓળખાણ આપનાર, જવાબદાર અને પ્રતિષ્ઠિત વ્યક્તિ હોવી જોઈએ. તેની ફરજ છે કે તે એવી વ્યક્તિઓનો મહારાજા સાહેબને પરિચય ન કરાવે કે જે સદ્‌ગૃહસ્થ ન ગણી શકાય એવા કુખ્યાત દુર્જન હોય કે સિદ્ધાંતવિહોણા ઘૂસણખોર હોય. મહારાજા સાહેબ પાસે લઈ જતાં પહેલાં આવી અજાણી વ્યક્તિની પ્રતિષ્ઠા અંગે ખાતરી કરવાની તેની જવાબદારી છે.

આ બાબતમાં મુંબઈ અને કલકત્તાનાં રાજભવનોમાં જે જોગવાઈ છે, તેવી વ્યવસ્થા રાજમહેલમાં ગોઠવવી જોઈએ.

**શ્રીમંતને અગાઉથી જાણ**

(૮) કોઈ અજાણી વ્યક્તિને મહારાજા સાહેબ આગળ મુલાકાત માટે લઈ જવાની હોય તો મહારાજા સાહેબને તે વ્યક્તિ સંબંધી અગાઉથી જરૂરી માહિતી પૂરી પાડવી જોઈએ. આમ થાય, તો મહારાજા સાહેબને તે વ્યક્તિને કેવો પ્રતિભાવ આપવો, તેની સાથે શી વાત કરવી વગેરેનો અગાઉથી ખ્યાલ આવી શકે.

**શીઘ્ર વચન નહિ**

(૯) ઘણી વ્યક્તિઓ મહારાજા સાહેબ આગળ જાતજાતની વિનવણી અને માગણીઓ મૂકશે. મહારાજા સાહેબે ઉતાવળે કોઈ અભિપ્રાય ન આપવો જોઈએ કે એકદમ કોઈ વચન પણ ન આપવું જોઈએ. સામાન્યપણે મહારાજા સાહેબે કોઈ નિશ્ચિત અભિપ્રાય કે



વચન આપતાં પહેલાં કોઈની સાથે પરામર્શ કે વિચારણાનો અવકાશ રાખવાનું ઈચ્છનીય છે. ઉચ્ચ સ્થાને બેઠેલા સત્તાધીશોએ આ બાબતે ખૂબ જ તકેદારી રાખવી જોઈએ.

# પ્રકરણ-૩

## પરિજનો અને પ્રપંચીઓ

બુધવાર, ૨૨મી જૂન, ૧૮૮૧.

**પરિજનોથી અંતર**

(૧) મહારાજા સાહેબે પરિજનો સાથે બહુ નજદીકનો વ્યવહાર રાખવો નહિ. તેઓની અને પોતાની વચ્ચે ઠીક ઠીક અંતર જાળવવું જોઈએ, જે તેમની ફરજો પૂરતું મર્યાદિત હોય.

**અધિકારીઓનો અંકુશ**

(૨) આ નાના નોકરોને કોઈ એક જવાબદાર અધિકારીના તાબા અને દેખરેખ નીચે રાખવા. આ અધિકારીએ પરિજનો બરાબર વર્તે તે જોવાનું રહેશે. આ પરિજનોની બાબતમાં અધિકારીને પૂરતી સત્તા આપવી જોઈએ કે જેથી દંડના ભય તથા બદલાની આશા મારફત તે પરિજનો પર અંકુશ રાખી શકે.

**છાનગપતિયાં**

(૩) આ પરિજનો મહારાજા સાહેબની વાતચીત ચોરીછૂપીથી સાંભળે નહિ અને બહાર કોઈને વાતચીત કરે નહિ તેની કાળજી રાખવી. જો ચાંપતી નજર રાખવામાં ન આવે તો ચોરીછૂપીથી સાંભળેલી વાતો બહાર ફેલાવવા માટે આવા લોકો હંમેશા તૈયાર હોય છે.

**બક્ષિસ માગવાની મનાઈ**

(૪) આ પરિજનોને સરદાર, દરકદાર, શાહુકાર પાસે જવા દેવા નહિ. તેઓ અધિકારીઓને તથા બીજાઓને મળતા રહે અને એક યા બીજા કારણસર તેઓ પાસેથી ભેટ, સોગાદો, બક્ષિસો માગે નહિ તે જોવું. મહારાજા સાહેબના અંગત નોકરો આવી રીતે નાણાકીય લાભ ઉઠાવે તે મહારાજા સાહેબના ગૌરવ માટે જરા પણ સારું નહિ. બીજા લોકોને પણ આથી અઘટિત મુશ્કેલીમાં મુકાવા જેવું થાય છે.



**પરિજનોથી મુક્ત**

(૫) મહારાજા સાહેબ સાથેની મુલાકાત અંગેની વ્યવસ્થા કરવામાં એ કાળજી રાખવી જોઈએ કે આવી મુલાકાત, પરિજનોની મરજી કે ગેરમરજીને આધીન ન રહે.

**ટીકાની મનાઈ**

(૬) આ પરિજનોને કોઈ પણ સંજોગોમાં મહારાજા સાહેબ સાથે કે તેમની હાજરીમાં તેમની કક્ષા કરતાં ઊંચી બાબતોમાં વાત કરવા દેવા ન જોઈએ. દા.ત. રાજકારણ અંગે કે કોઈ પ્રધાનના ગુણદોષ અંગે ચર્ચાવિચારણા થતી હોય ત્યારે તેઓ કાંઈ બોલે નહિ તેની કાળજી રાખવી જોઈએ.

**નિવેદનો પેશ ન કરે**

(૭) આ પરિજનોને મહારાજા સાહેબ સાથે કોઈની ઓળખાણ-પિછાણ કરાવવા દેવી નહિ કે અજાણી વ્યક્તિ વતી મહારાજા સાહેબને તેઓ અરજી કે નિવેદન સાદર કરે તે પણ ચલાવી લેવું જોઈએ નહિ.

**વિવેકી**

(૮) આ પરિજનો મુલાકાતે આવનાર વ્યક્તિઓ સાથે કે અન્ય સૌ કોઈ સાથે વિવેકપૂર્ણ વર્તાવ રાખે તેની ખાસ કાળજી લેવી.

**મરણોત્તર તપાસ**

(૯) રાજમહેલના કોઈ નોકરનું યા કોઈ પણ વ્યક્તિનું આકસ્મિક કે ઈજા વગેરે થવાથી કે શંકાસ્પદ મૃત્યુ થાય તો મહારાજા સાહેબે વિધિસર મરણોત્તર તપાસણી (પોસ્ટમોર્ટમ) કરવા આદેશ આપવો જોઈએ, જેથી મૃત્યુના ખરેખર કારણની ખાતરી થાય અને તપાસના પરિણામની વ્યવસ્થિત નોંધ રહે. આગળ ઉપર કોઈ લોકાપવાદ કે સંશય ઊભો ન થાય તે માટે આ જરૂરી છે.

(૧૦) આ પરિજનોને બને ત્યાં સુધી રોકડમાં મહેનતાણું અને પગાર નક્કી કરી આપવાં જોઈએ. આ સૌને ખૂબ અનુકૂળ થશે. સીધું અથવા માલ-સામાનમાં ભથ્થું કે મહેનતાણું આપવાથી દુરુપયોગનો હંમેશા અવકાશ રહે છે.

**રોકડમાં પગાર**

(૧૧) રાજમહેલના નોકરો સામાન્યપણે ખાનગી નોકરની શ્રેણીમાં ગણાય, છતાં પણ તેમનો સારો વર્તાવ હોય ત્યાં સુધી તેઓ નોકરીમાં કાયમ ચાલુ રહે તેવો વિશ્વાસ પેદા કરવો જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો તેમને કારણ વગર અને સ્વચ્છંદી રીતે નોકરીમાંથી રુખસદ આપવી નહિ. સાથે સાથે અવકાશ મળે અને તેમની વર્તણૂક સારી હોય, તો તેમને બઢતી પણ આપવી જોઈએ.

**અવિચારી રુખસદ નહિ**

(૧૨) જે નોકરો મહારાજા સાહેબની અંગત સેવાચાકરી વધુ કરતા હોય તેમને વધુ સારો પગાર આપવો જોઈએ અને એવી રીતે રાખવા જોઈએ કે તેઓની મહારાજા સાહેબ પ્રત્યેની અંગત નિષ્ઠા અચળ રહે. વિશિષ્ટ ચાલચલગત માટે ઉત્તેજન આપવાની દૃષ્ટિએ તેમને બક્ષિસ પણ આપવી જોઈએ. મહારાજા સાહેબ અને મહારાણી સાહેબ અને રાજકુમારોના અંગત નોકરોને પણ આ સૂચનો લાગુ પડે છે.

**ઉદાર વેતન .**

(૧૩) પરિજનોના ક્ષુલ્લક દોષોને વિશેષ કડકાઈથી નોંધપાત્ર કે સજાપાત્ર ગણવા ન જોઈએ. આવા બધા અંગત નોકરોમાં થોડી-ઘણી ઊણપ હોય જ, પરંતુ આવા નોકરો ક્ષુલ્લક દોષોને ઓળંગી બૂરો વ્યવહાર ન કરે તે જોવું જોઈએ.

**સપ્રમાણ સજા**

(૧૪) રાજમહેલના નોકરો પૈકી કોઈ સામે શિક્ષાત્મક પગલાં લેવાં પડે તેવું તેનું વર્તન હોય તો પણ મહારાજા સાહેબે આવાં શિક્ષાત્મક પગલાંઓ અંગે પોતે

**અંગત રસ નહિ**



મુખ્ય ભાગ ભજવવો ન જોઇએ કે અંગત રસ ન લેવો જોઇએ. આવું કરવું વધુ સારું રહેશે. એનાથી મહારાજા સાહેબનું ગૌરવ સચવાશે. રાજમહેલના અધિકારીઓએ આ અંગે શિક્ષા કરવી જોઇએ. અગર કિસ્સાનો પ્રકાર જુદો હોય તો કોઈ જાહેર ન્યાયાધીશે તેને શિક્ષા કરવી જોઈએ. મહારાજા સાહેબ કોઈના વ્યક્તિગત દ્વેષનો વિષય ન બને તે નજર સમક્ષ રાખવાની જરૂર છે.

(૧૫) રાજમહેલમાંના નોકરોની બાબતે સારી આનુવંશિક લાયકાતને, શક્ય હોય અને યોગ્ય હોય તે મર્યાદામાં, વિચારણામાં લેવી જોઈએ. કારણ, મહારાજા સાહેબ પ્રત્યેની મહત્તમ નિષ્ઠા માટે આ બાબત ખૂબ ઉપયોગી રહેશે. આવું ઈચ્છવાજોગ છે, પરંતુ આ બાબતને પણ મર્યાદિત મહત્ત્વ આપવું જોઈએ. એકાદ જૂનો નોકર મૃત્યુ પામે, અગર વૃદ્ધ થાય, માંદગી કે અન્ય કારણસર નોકરી કરવા અસમર્થ થાય તો તેના પુત્ર કે ભાઇ કે નજીકના સગાને નોકરી આપવી વધુ સારું છે. જો કે, જાહેર સેવાઓમાં આ વંશપરંપરાનું તત્ત્વ વાંધાપાત્ર પણ હોય, કારણ, અહીં ખાસ લાયકાતની જરૂર હોય છે.

**વંશપરંપરા ઇષ્ટ**

(૧૬) બધા રાજમહેલમાં ઓછાવત્તા પ્રમાણમાં કાવતરાં કરનારાઓની ભયજનક હસ્તી હોય છે. આવા લોકોની માયાજાળમાં સંડોવાઈ ન જવાય તે સારુ મહારાજા સાહેબે સતત ચિંતિત રહેવું જોઇએ. મહારાજા સાહેબને સત્તાની સોંપણી થાય કે તુરત અથવા તે પહેલાં આવા છળકપટ કે કાવાદાવા કરનારાઓ પોતપોતાનો દાવ અજમાવશે; જેથી આ બાબતમાં વધુ સૂચના આપવાનું ઉપયોગી થશે.

**કપટીઓને ટાળો**

(૧૭) કાવતરાં કરનારાઓ સામાન્યતઃ સ્વાર્થી હેતુવાળા અને સિદ્ધાંતવિહોણા અગર તો સિદ્ધાંતની દૃષ્ટિએ ઊણા ઊતરે તેવા હોય છે. તેઓ ગુપ્ત રીતે રજૂઆત કરવાનું વધારે પસંદ કરે છે. તેઓ ખોટાં અને અવિચારી નિવેદન કરે છે. હકીકતોની અતિશયોક્તિ કરી તેઓ તેને મોટું રૂપ આપે છે. સંજોગો અને પરિસ્થિતિને ખોટી રીતે ચીતરે છે.

**સ્વાર્થી ખુશામતખોર**

સતત ખુશામતો અને ચાપલુસી કરી માનીતા થવા તેઓ હંમેશ પ્રયત્ન કરતા રહે છે. આ વિશિષ્ટ લક્ષણોને ધ્યાનમાં રાખવાથી તેમજ બારીક નિરીક્ષણ કરવાથી કેટલાક પ્રપંચીઓને પકડી શકાય. મહારાજા સાહેબે આવા કાવતરાખોરોને શોધી કાઢી તે લોકોનું કાંઇ સાંભળવું નહિ અને તેમને દૂર રાખવા જોઈએ. મહારાજા સાહેબ આવાં લોકો સાથે જેટલો ઓછો વ્યવહાર કરશે તેટલું મહારાજા સાહેબના પોતાના હિતમાં હશે.

**જૂના કપટીઓને ટાળો**

(૧૮) આ સિવાય કોઇ વ્યક્તિએ ભૂતકાળમાં કાવતરાં કરેલાનું જાણમાં આવે તો ભવિષ્યમાં પણ તે કાવતરાં કરશે તેમ સમજી ચાલવું જોઈએ. જો કે, આવા માણસોમાં સંપૂર્ણ ફેરફાર થવાનું માનવા સ્પષ્ટ કારણો હોય તો જુદી વાત છે. જે લોકોએ ભૂતકાળમાં કાવતરાં કરેલાં હોય તેમને મહારાજા સાહેબે ખાસ દૂર રાખવા જોઈએ. એ વાત વધુ યોગ્ય થશે.

**વફાદારનો ભરોસો**

(૧૯) આ સિવાય મહારાજા સાહેબે પોતે જેને સંનિષ્ઠ હિતચિંતક અને વિશ્વાસુ સલાહકાર માનેલ છે તેવા લોકો, અમુક એક વ્યક્તિ કાવતરાં કરનારી છે, તેમ ખાતરીપૂર્વક કહેતા હોય તો મહારાજા સાહેબે આવી ખાતરી આપતાં મંતવ્યોનો સ્વીકાર કરવો જોઈએ અને તે કાવતરાં કરનારને દૂર રાખવો જોઈએ. ઓછામાં ઓછું મહારાજા સાહેબે તે વ્યક્તિઓ અંગે વિશેષ શોધતપાસ કરવી જોઈએ. આ અંગે મહારાજા સાહેબ આ અગાઉ મેં કરેલાં સૂચનો પ્રમાણે વર્તશે તો સંખ્યાબંધ કાવાદાવા કરનારાઓથી છુટકારો મેળવી શકશે, ભલે બધાંથી છુટકારો તે ન મેળવી શકે.

**કપટી-હિતેચ્છુની તુલના**

(૨૦) વધુ વિચારણા કરતાં મને લાગે છે કે, મેં અત્યાર સુધી જે કાંઈ કહેલું છે તે પૂરતું નથી. આ બાબતે હજુ વધુ સ્પષ્ટતા થાય તે સારુ અહીં હું કાવતરાં કરનારાઓ અને સાચા હિતચિંતકોની લાક્ષણિકતાઓ જોડાજોડ આપવા ઇચ્છું છું.



| | **કાવતરાં કરનાર :** | **સાચા હિતચિંતક :** |
|---|---|---|
| **ખરો હિતેચ્છુ નહિ** | (ક) કાવતરાં કરનાર ખરો હિતચિંતક હોતો નથી. તે હિતચિંતક હોવાનો ડોળ કરે છે. | (ક) સાચો હિતચિંતક જેવો હોય તેવો જ લાગે છે. |
| **હલકો** | (ખ) બીજા શબ્દોમાં કહીએ તો કાવતરાં કરનાર સોનાનો ઢોળ ચઢાવેલું કથીર છે. | (ખ) સાચો હિતચિંતક સોનાની લગડી છે. |
| **પૂર્વચરિત્ર** | (ગ) કાવતરાં કરનારાઓનો પૂર્વ ઈતિહાસ તેમના સાચા સ્વરૂપની ચાડી ખાય છે. | (ગ) સાચા હિતચિંતકનો પૂર્વ ઈતિહાસ તેના નિર્દોષપણાની ખાતરી કરાવે છે. |
| **જાણીતો** | (ઘ) સારા માણસો કાવતરાં કરનારાઓનું અસલ સ્વરૂપ સંપૂર્ણપણે જાણે છે. | (ઘ) સારા માણસો સાચા હિતચિંતકોના સાચા સ્વરૂપને ઓળખી લે છે. |
| **અસંતુષ્ટ** | (ચ) કાવતરાં કરનારાઓ બધી રીતે અસંતુષ્ટ હોય છે અને તેમને લાગે છે કે બધા તેમના તરફ બૂરો વર્તાવ કરે છે અને તેમને આગળ વધવા દેતા નથી. | (ચ) સાચા હિતચિંતકને ખાસ અસંતોષ હોતો નથી અને સામાન્ય માણસ પ્રમાણે પોતાને જે મળે છે તેનાથી સંતોષ માને છે. |
| **બડાશખોર** | (છ) કાવતરાં કરનારાને પોતાની લાયકાત-નિપુણતા માટે વધુ પડતો ઊંચો ખ્યાલ હોય છે. | (છ) સાચો હિતચિંતક સાચી કામગીરીમાં જ પોતાની લાયકાતની પ્રતીતિ કરાવે છે. |

**સ્વાર્થ**

(જ) કાવતરાં કરનારનો કામ કરવા પાછળ સ્વાર્થી હેતુ હોય છે.

(જ) સાચા હિતચિંતકના કામ પાછળ આવો સ્વાર્થી હેતુ હોતો નથી.

**લાભની અપેક્ષા**

(ઝ) કાવતરાં કરનાર પોતાને મોટો લાભ પ્રાપ્ત થાય તે ઉદ્દેશથી કામ કરતો હોય છે. દા.ત. તેને જાહેર સેવામાં ઊંચી જગ્યાએ નિયુકિત વગેરે મળે તેવી અપેક્ષા હોય છે.

(ઝ) સાચો હિતચિંતક મહારાજા સાહેબ અને તેમની પ્રજાના ભલા પ્રત્યે નજર રાખે છે.

**ઇરાદો આગળ ધરશે**

(ટ) કાવતરાં કરનાર હંમેશા એવી રજૂઆત અને વિનંતી કરતો રહે છે કે જેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેને લાભ થાય તેવાં કામને ટેકો મળે.

(ટ) સાચો હિતચિંતક પોતાની રજૂઆત પોતાનું હિત હોય તેવી બાબત પૂરતી મર્યાદિત રાખતો નથી, બધી બાબત અંગે તે સામાન્ય રીતે વાત કરે છે.

**વ્યકિતગત ટીકા**

(ઠ) ખટપટી માણસ કાર્યવાહી વિરુદ્ધ કોઇ ટીકા કરશે નહિ, પરંતુ વ્યકિત વિરુદ્ધ ટીકા કરશે.

(ઠ) સાચો હિતચિંતક કોઈ વ્યક્તિ વિરુદ્ધ ટીકા કરશે નહિ પણ ઉપાયો/પગલાં અંગે પોતાની રજૂઆત કરશે.

**ખાસ તો અડચણ-કર્તાની**

(ડ) કાવતરાં કરનાર પોતાની ઇચ્છા પ્રમાણે લાભ મેળવવામાં અડચણ કરે તેની સામે સૌથી વધુ તકરાર કરશે.

(ડ) સાચો હિતચિંતક બધા માણસો અંગે સર્વસામાન્ય વાત કહેશે.

**શ્રેય નકારશે**

(ઢ) પોતાના હિત વિરુદ્ધની વ્યકિતને કાવતરાં કરનાર કોઇપણ શ્રેય આપશે નહિ. તેમને બધી બાબતોમાં નીચા દેખાડશે.

(ઢ) સાચો હિતચિંતક જેને શ્રેય આપવું જોઇએ તેને શ્રેય આપશે. વળી, તે દરેક બાબતોમાં વિવેકદૃષ્ટિ રાખશે.



**મોઘમ બોલશે**

(ત) પોતાની વિરુદ્ધના માણસો અંગે બોલવાનું થાય તો કાવતરાં કરનાર સંદિગ્ધ અને સર્વ-સામાન્ય વાતો કરશે. દા.ત. તેઓ ખરાબ માણસો છે; તેઓ ગરબડ કરે છે; તેઓ વિશ્વસનીય નથી; સ્વાર્થી છે; સંસ્થાનના હિતના ભોગે બ્રિટિશ સરકારની મહેર મેળવવા પ્રયત્ન કરે છે, વગેરે.

(ત) સાચો હિતચિંતક બોલવામાં સ્પષ્ટ અને વિગતવાર હશે. જો કોઇ દોષ જણાય તો તે દોષ શું છે, શા કારણે તેને આવું લાગે છે, તે સચોટ અને બરાબર કહેશે.

**અવળાં અનુમાન**

(થ) કાવતરાં કરનારાઓ સારા-સારનો વિચાર કર્યા વગર કોઇપણ બાબતમાં અવળાં જ અનુમાન કાઢશે. દા.ત. રાજયની આવક વધી હોય તો તે કહેશે કે લોકો ઉપર ભારે બોજો નાંખવામાં આવ્યો છે; જો આવક ઘટશે તો તે કહેશે કે પોતાના ગેરવહીવટથી સંસ્થાને નુકસાન વહોરી લીધું છે. કોઈ સ્થળે ખર્ચ વધે તો કહેશે કે ઉડાઉપણું અને બેપરવાહીના કારણે આવું થયું છે. પરંતુ જો ખર્ચ ઘટશે તો તે કહેશે કે તે કંજુસાઈ છે અને ખર્ચ કરવામાં ગેર-વાજબી કાપકૂપ કરેલ છે.

(થ) સાચો હિતચિંતક પોતાનું નિષ્પક્ષપાતી મંતવ્ય આપશે. વાજબી શું છે અને ગેરવાજબી શું છે. એનો તફાવત તે જાણશે અને પછી તે તફાવતનાં કારણો અંગે વાત કરશે.

**વિકૃત રજૂઆત**

(દ) કાવતરાં કરનારને ઇમાન હોતું નથી. પોતાના સ્વાર્થી હેતુ માટે હંમેશા તે હકીકતો અને સંજોગોની

(દ) સાચા હિતચિંતકો હકીકતો જેમ હોય તેવી ઈમાન-દારીથી રજૂ કરશે.

ગેરવાજબી રજૂઆત કરશે અગર તેની વિકૃત સ્વરૂપે રજૂઆત કરશે. આ કરવામાં તેનો ઉદ્દેશ તેના પોતાના હિત-સંબંધોનો વિરોધ કરનારાઓની વિરુદ્ધ વાતો કરવાનો જ હોય છે.

**જૂઠું બોલશે**

(ધ) કાવતરાં કરનાર નર્યું જૂઠું બોલશે. એનો હેતુ પોતાના સ્વાર્થ પૂરતો જ હોય છે. તે એટલી કાળજી લેશે કે આવું જૂઠાણું સહેલાઇથી જાણી ન શકાય. દા. ત. એ પોતાના વિરુદ્ધ જે કાંઈ કરે તેના હેતુઓ અને આશય અંગે વિકૃત સ્વરૂપે રજૂઆત કરશે.

(ધ) સાચા હિતચિંતક કોઈ દિવસ જૂઠું બોલશે નહિ. એ સંપૂર્ણ સત્યપ્રિય હશે. કદાચ કોઈ ઉપાય અંગે એ ટીકા કરે પરંતુ જ્યાં જ્યાં સારું છે, જ્યાં જ્યાં સારો આશય છે ત્યાં ત્યાં તે યોગ્ય શ્રેય આપશે અને સારા હેતુઓની કદર કરશે.

**ભૂલને ગુનો ગણાવશે**

(ન) કાવતરાં કરનાર કોઈ નાની ભૂલ યા કસૂર જુએ તો તે પકડી લેવા માટે તૈયાર જ હોય છે. સારામાં સારા માણસો પણ વત્તી-ઓછી એવી ક્ષુલ્લક ભૂલો કરતા હોય છે. પરંતુ કાવાદાવા કરનાર આવી ભૂલોને જાણી જોઈને સામાનું નુકસાન કરવા માટે કરી હોવાની છાપ ઉપસાવે છે.

(ન) સાચો હિતચિંતક ઉદારપણે વર્તશે. સારામાં સારા માણસો ભૂલનેપાત્ર છે. આ વાત એ પિછાણશે અને ક્ષુલ્લક ભૂલો છે કે જાણીજોઇને કૃત્ય કર્યું છે તેની ખાતરી કરશે. બન્નેમાં શો તફાવત છે તેની એને જાણ હશે.

**ગુપ્તપણે કામ કરશે**

(પ) કાવતરાં કરનારને પૂરા અંધકારમાં કામ કરવું ગમે છે. તે મુલાકાત માટે રાત્રે

(પ) સાચો હિતચિંતક આથી સાવ જુદી રીતે વર્તન કરશે.



જવાનું પસંદ કરશે. આપને છૂપી રીતે મળવાનો પ્રયત્ન કરશે. છૂપી રીતે મળવાની ઇચ્છા ધરાવશે. તે હંમેશા રહસ્યમય કાનાફૂસી કરશે. આડી-અવળી વાતો મૂકશે, કોઇ વરતારો કરશે. તે એવો દેખાવ કરશે કે પોતે જે કાંઇ જણાવે છે તે તો તેના વિરોધીઓનાં દુષ્કૃત્યો વિષેની તેની પાસેની માહિતીનો અંશ માત્ર જ છે. એ આપને વારંવાર વિનંતી કરશે કે, એ જે કહે તે કોઈને કહેવું નહિ. આમ એના આક્ષેપો સત્ય છે કે અસત્ય છે તે આપ જાણો નહિ. એનો પ્રયાસ કરશે.

**અણબનાવ કરાવશે**

(ફ) કાવતરાં કરનારને જ્યારે કોઈ જાહેર બાબતમાં પોતાને કાંઈ કહેવાનું ન હોય ત્યારે તે પોતાના વિરોધીઓ અને આપની વચ્ચે અણબનાવ ઉત્પન્ન થાય તે માટે સતત પ્રયત્ન કરશે, પછી ભલે આ બાબત ખાનગી હોય કે ક્ષુલ્લક હોય. દા. ત. એ એમ કહેશે કે અમુક અમુક અધિકારી આપના પ્રત્યે અનાદર રાખે છે, આ અધિકારી અમુક દિવસે આવું આવું આપના સબંધી બોલતો હતો, વગેરે વગેરે. આપ એ કાવાદાવા કરનારને પૂછો કે તે અધિકારી ક્યાં એવું બોલેલો, તો તે જવાબ એવો આપશે કે તે પોતાના કોઈ મિત્રના ઘરે આવું બોલ્યો હતો.

(ફ) સાચો હિતચિંતક એટલી હલકટ કોઇ કામગીરી કરશે નહિ. એ મહારાજા સાહેબને સલાહ આપશે કે આવી બાબતમાં કોઇનું સાંભળવું નહિ. કોઇ એક માણસ કે બીજો માણસ ખાનગીમાં કાંઇ બોલ્યો હશે તે અંગે વાત કરવી નહિ. ભલે વાતો ખરી પણ હોય ; જે તે અધિકારીની વર્તણૂક અંગે એની પોતાની સરકારી કામગીરીથી મત બાંધવાનો હોય છે, નહિ કે તેની ખાનગી વાતચીત ઉપરથી.

પ્રશ્ન :- તે મિત્ર મને આ બધા સંબંધી કહેશે ?
ઉત્તર :- એ પોતાના મિત્રનો વિશ્વાસઘાત કેમ કરે ?
પ્રશ્ન :- તો પછી તમને કઈ રીતે ખબર પડી ?
ઉત્તર :- એ અધિકારીનો કોઈ નોકર હતો તેણે તે તિરસ્કારયુક્ત વચન અછતું સાંભળ્યું.
પ્રશ્ન :- એ નોકરને મારા આગળ બોલાવું તો આ બધું કહેશે ?
ઉત્તર :- પોતાના માલિકને કોઈ પણ નોકર કેવી રીતે ઉઘાડો પાડે ?
પ્રશ્ન :- તો તમોને હું ફરી પૂછું છું કે તમોએ તે કેવી રીતે જાણ્યું ?
ઉત્તર :- આપ દબાણ કરો છો એટલે મારે સાચું તો કહેવું જ પડશે. આ અધિકારીનો નોકર અને મારો નોકર મિત્રો છે. પેલા નોકરે મારા નોકરને આ બાતમી આપી, મારા નોકરે મને આ બધું કહ્યું.
પ્રશ્ન :- તમારો નોકર મારી આગળ આ બધું ફરીથી કહેશે ?
ઉત્તર :- હું કહી ના શકું. કદાચ કહે પણ ખરો, જો આપ તેને સલામતીની ખાતરી આપશો તો. કદાચ કોઈ સરળ મહારાજા હોય તો કાવાદાવા કરનારના નોકરને બોલાવે અને તેને પ્રશ્ન પણ પૂછે, તેને સલામતીની ખાતરી પણ આપે, કોઈ સારી બક્ષિસ / પ્રલોભન પણ બતાવે, અને તે નોકર કાવાદાવા કરનારે જે રીતે શીખવાડ્યું હોય તે રીતે બોલી પણ નાંખે. મહારાજા સાહેબને પુરાવાના કાયદાની જાણકારી ન હોવાથી તે એવું માની લેશે કે વાત સાબિત થઈ છે. પછી પેલો કાવાદાવા કરનારો બીજી અનેક વાતો કરશે અને કહેશે કે આ બાબત સાબિત થઈ તે તેનું ખુશનસીબ છે. ખરેખર એ એક જ બાબત અંગે નથી, બીજી ઘણી બધી બાબતો છે. બધી બાબતોમાં સાબિત થાય તેવું પણ હોતું નથી. મહારાજા સાહેબ દરેક બાબતમાં જો આવી રીતે કડક ઊલટ-તપાસણી કરશે અને સાબિતી માગશે તો આ બધું સાબિત કરવું અઘરું હશે તેથી એવું લાગે છે, કોઈ બાતમી ન આપવી તે વધારે સારું. મહારાજા સાહેબને પછી એવું કહેવાનું મન થાય, કે જવા દો, મને તો સંતોષ છે. તમોને જે કોઈ હકીકતની બાતમી મળે તે કોઈ પણ ભય ન રાખતાં મને કહ્યા કરવી. આવી ખાંતરી મળે એટલે જે તે અધિકારી મહારાજા સાહેબની નજરમાંથી સાવ ઊતરી જાય ત્યાં સુધી અવારનવાર કાવતરાખોર ઝેર રેડતો જ રહેશે.

**શ્રીમંત મ. સા. ને ખુશ કરવા**

(બ) કાવાદાવા કરનારાઓમાં એક વિશેષ સ્વભાવ હોય છે. તેઓ હંમેશા મહારાજા સાહેબને ખુશ કરવા માટે કંઈ પણ કરશે. મહારાજા સાહેબના મંતવ્ય વિરુદ્ધ બોલશે નહિ, ઊલટું મહારાજા સાહેબ જે કાંઈ કહેશે ભલે તે ક્ષુલ્લક બાબત હોય પરંતુ તેની તે પ્રશંસા કરશે. માત્ર અપવાદ રૂપે એના વિરોધીઓની બાબતમાં તો તે આવી વૃત્તિ દાખવશે નહિ. મહારાજા સાહેબના મુખ્ય મિત્રો, સંબંધીઓ હોય તેમની સાથે જુદી જુદી રીતે મૈત્રી કેળવવા પ્રયત્ન કરતો રહેશે. દા.ત. આવા મિત્રો અને સબંધીઓને પૈસા ધીરશે, ભેટો આપશે, પોતાને અધિકાર મળે ત્યારે તેમના માટે કોઈ પણ સેવા કરવાનું આશ્વાસન આપશે.

(બ) સાચો હિતચિંતક ખુશામતથી દૂર રહેશે, ખોટી પ્રશંસાથી અળગો રહેશે. તે પોતાનું જે કાંઈ મંતવ્ય હોય તે સ્પષ્ટપણે વ્યક્ત કરશે અને ભલે પછી તે મંતવ્ય આપના મંતવ્ય સાથે મળતું હોય કે ન હોય પણ તે સ્વમાની રીતે વર્તશે. આપના મુખ્ય મિત્રો અને સંબંધીઓ સાથે તે સારી રીતે વર્તશે. પરંતુ તેમની મહેરબાની સંપાદન કરવા કાવાદાવા કરનારા આડુંઅવળું વર્તન કરે તે પ્રમાણે તે કરશે નહિ.

**ચારિત્ર્યનો અભ્યાસ**

(૨૧) આ પહેલાં હું જે કાંઈ કહી ગયો તે બધી બાબતોનો મહારાજા સાહેબ બરાબર અભ્યાસ કરે તો બહુ સારું થશે. મેં જે કહ્યું છે, તે મારા લાંબા સમયના અને કાળજીભર્યા નિરીક્ષણના પરિણામ રૂપે છે. મેં જે કહ્યું છે તે આપને ખૂબ જ ઉપયોગી થશે, જેનાથી આપ પોતે જોઈ શકશો કે, કઈ કઈ વ્યક્તિ કેવા કાવતરા કરનાર છે અને કઈ વ્યક્તિ સાચી હિતચિંતક છે. કયું પિત્તળ છે અને કયું સોનું છે, તે આપ ચકાસી શકશો. આ બધું જ કસોટીએ ચઢાવવાનું છે. માટે ધીરજ રાખવાની અને પૂરતું ધ્યાન આપવાની જરૂર છે. દરેક વ્યક્તિનો આશય, તેનો હેતુ, તેણે કરેલા આક્ષેપો, તેનાં વાણી-વર્તન બહુ કાળજીપૂર્વક નિહાળવાં જોઈએ. આ અંગે કસોટીનાં સાધનો મેં



બતાવેલાં છે. તેના અનુસંધાનમાં આ બધું નિરીક્ષણ કરવું જોઈએ. મહારાજા સાહેબને આવું કરવા ખૂબ પ્રસંગો મળશે કારણ તેમને ઘણી બધી વ્યક્તિઓ વિષે મત બાંધવાનો પ્રસંગ આવશે. આ બધી ક્રિયા ખૂબ પરિશ્રમ માંગી લેશે, પરંતુ વારંવાર કસોટીનાં સાધનોના ઉપયોગથી કોઈ પણ વ્યક્તિ કેવી છે તે જાણવાનું સહેલું પડશે. ધીરે ધીરે આપને કુદરતી આવડત આવી હોય તેવું જણાશે અને આપ કોઈ વ્યક્તિ અંગે તુરત મત બાંધી શકશો અને એમ આપને જ લાગશે.

**આક્ષેપોમાં નક્કર વજૂદ નહિ**

(૨૨) કાવતરાં કરનાર જે કાંઈ કહેશે તેની બીજી બાજુ જોવી જોઈએ. તે જે કાંઈ કહે તે યા તો હકીકત બાબત અગર કોઈના મંતવ્ય બાબત હશે. ખરેખર આવા કાવતરા કરનારાઓ પાસેથી મળેલાં મંતવ્યો ઉપર ઓછું વજન કે બિલકુલ વજન આપવાનું હોય નહિ. મહારાજા સાહેબને મંતવ્ય મેળવવાની જરૂર હોય તો વિશ્વાસુ, પ્રતિષ્ઠિત અને જવાબદાર એવાં તેમનાં સાધનો પાસેથી તેઓ મેળવી શકે છે. કાવતરાં કરનારે હકીકત અંગે જે આક્ષેપ કરેલા હશે તે કાં તો અસ્પષ્ટ હશે અગર સર્વસામાન્ય હશે, ક્વચિત સ્પષ્ટ અને સચોટ પણ હોય. જે આક્ષેપો અસ્પષ્ટ અને સર્વસામાન્ય હોય તેનો ખાસ ઉપયોગ નથી. તે તરફ જોવાની કાંઈ જરૂર નથી. આવા આક્ષેપોને સંપૂર્ણપણે અમાન્ય કરવા જોઈએ. પછી રહે છે, સ્પષ્ટ અને સચોટ હકીકતના આક્ષેપો. તે પૂરતા મહત્ત્વના હોય અને જે સંભવિત લાગતા હોય અગર તેના ખરાપણા અંગે પ્રથમ દર્શનીય પુરાવાઓ હોય તો મહારાજા સાહેબે આવા આક્ષેપોની નોંધ લેવી જોઈએ.

**દૃષ્ટાંત**

(૨૩) આ વધુ સ્પષ્ટ કરવા માટે આપણે ઉદાહરણ લઈએ. માની લો કે, કાવતરાં કરનાર એક જણ મહારાજા સાહેબને કહે છે કે શ્રીયુત બહુ ખરાબ ન્યાયાધીશ છે. તે લાંચ લે છે, તેમણે અમુક કિસ્સામાં પેલા દિવસે અમુક અમુક વ્યક્તિઓ પાસેથી ₹ ૧૦૦૦-૦૦ ની લાંચ લીધી હતી. અહીં પહેલું વાક્ય ફક્ત મંતવ્ય દર્શાવે છે અને તેથી તેને ખાસ મહત્ત્વ આપવું નહિ. બીજા વાક્યમાં અસ્પષ્ટ, સર્વસામાન્ય એવી હકીકતો અંગે આક્ષેપ છે. એનો પણ વ્યવહારમાં ઉપયોગ થશે નહિ. ત્રીજા વાક્યમાં હકીકતનો સ્પષ્ટ અને

ચોક્કસ આક્ષેપ છે. જો દોષારોપણ કરનાર વ્યક્તિ પુરાવાઓ આપવા તૈયાર હોય અગર કોઈ સાબિતીનો નિર્દેશ કરતી હોય તો મહારાજા સાહેબે એમના કોઈ પ્રધાનને, તેમને યોગ્ય લાગે તેવી તપાસ કરવા માટે આદેશ આપવો જોઈએ. આવી તપાસની વિગતો અને તપાસના તેમના નિષ્કર્ષ અંગે મહારાજા સાહેબને નિવેદન સાદર કરવા પણ કહેવું જોઈએ.

**ચોક્કસ આક્ષેપની વિચારણા**

(૨૪) મેં જે ઉદાહરણ આપ્યું છે તે ખૂબ જ સાદું છે. જે કાંઈ આ પહેલાં મેં કહ્યું છે તેનો આશય સ્પષ્ટ કરવા માટે છે. પરંતુ આવા પ્રકારના આક્ષેપો ખૂબ લાંબા અને ગૂંચવણભર્યા હોય છે. આક્ષેપોની કાળજીપૂર્વક ચાળણી કરવી જોઇએ. ઉપર જે કાંઈ સૂચનો કર્યા છે તે ધ્યાનમાં લઈ આ ચાળણી થવી જોઇએ. આમ, કરવાથી કેટલીક ચોકકસ, સ્પષ્ટ અને મહત્ત્વની હકીકત અંગેના આક્ષેપો શોધી શકાશે. આવા આક્ષેપો ઉપર જ ફક્ત વિચાર કરવાનો હોય. મારા અનુભવ દરમ્યાન મેં જોયું કે મોટા ભાગના કાવતરાં કરનારાઓને તેમના આક્ષેપોની આવી ચાળણી થાય, તે પાલવતું જ નથી.

**અપ્રમાણિકથી સાવધ**

(૨૫) શ્રીમંત મહારાજા સાહેબે આ ચાળણીની પ્રક્રિયા બરાબર જાળવવી જોઈએ અને તેનો સતત ઉપયોગ કરવો જોઈએ. મહારાજા સાહેબે લાંબા અને શબ્દાળ કથનોથી દોરવાઈ જવું નહિ, તેમજ કારસ્તાની અને સિદ્ધાંતવિહોણા માણસો મહારાજા સાહેબને ફોસલાવે નહિ તેની કાળજી રાખવી.

# પ્રકરણ-૪

## ક્રોધ

બુધવાર, ૨૯મી જૂન, ૧૮૮૧

**શ્રીમંત મ.સા.ની. સમતાની કસોટી**

(૧) આપણામાંથી સારામાં સારા માણસો પણ કોઈકવાર ક્રોધને વશ થાય છે. આપ મહારાજા સાહેબનું સ્થાન જ એવું છે કે, આપના મિજાજની અને ધીરજની હરરોજ કસોટી થશે. મહારાજા સાહેબ આ રાજની સર્વોચ્ચ વ્યક્તિ છે. એમના મિજાજ કે ધીરજ ઉપર કોઈ અંકુશ મૂકે તેવી કોઈક જ વ્યક્તિ હશે. એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે સામાન્ય માણસના ક્રોધના કારણે જે કોઈ નુકસાન કે ત્રાસ થાય તેના કરતાં મહારાજા સાહેબના ગુસ્સાના કારણે ઘણું મોટું નુકસાન, તકલીફ પેદા થઈ શકે.

**સ્વસ્થતા જાળવો**

(૨) આના કારણે મહારાજા સાહેબે ક્રોધના દોષ બાબત વિશેષ કાળજી રાખવી જોઈએ. મહારાજા સાહેબે ક્રોધ બિલકુલ આવે નહિ તેવા સઘન પ્રયત્ન કરવા જોઇએ. મહારાજા સાહેબ આવો સતત પ્રયત્ન કરશે તો બધી બાબતો શાંત અને સ્વસ્થપણે હાથ ધરવાની તેમને ટેવ પડશે.

**ક્રોધ-ક્ષણિક ગાંડપણ**

(૩) બધા પ્રયત્ન કર્યા છતાં મહારાજા સાહેબને એવું લાગે કે તેમને ક્રોધ આવ્યો, ત્યારે મહારાજા સાહેબે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ. ક્રોધ એ મનની ઉત્તેજના છે અને ઘણી બધી બાબતોમાં ક્રોધ એ ક્ષણિક ગાંડપણ જેવો છે. આવી ઉત્તેજિત સ્થિતિમાં મન કોઈ એક દિશા બળપૂર્વક પકડે, હકીકતો બરાબર દેખાય નહિ અને યોગ્ય નિર્ણય લેવા માટે જરૂરી વિવેકબુદ્ધિનો પણ લોપ થાય છે. ટૂંકમાં, અતિ મહત્ત્વની અને અતિ આવશ્યક એવી નિર્ણય શક્તિને જાણે લકવો લાગી જાય છે.

(૪) આવી અવસ્થામાં વધુ સલામત એ છે, કે જે બાબત અંગે મન વિશેષ ઉત્તેજિત થયું હોય તે બાબત અંગે કંઈ કરવું નહિ કે બોલવું નહિ. આ બાબતને થોડા વખત માટે પડતી મૂકવી તે વધારે સારું છે. એનાથી મન બીજી બાજુ વાળી શકાય. ઊંઘી જવું તે ઉત્તમ થશે. કારણ ઊંઘને લીધે મન ખૂબ સ્વસ્થ થાય છે; અથવા આવા સંજોગોમાં મહારાજા સાહેબ એવું પણ કરી શકે કે, ઘોડેસવારી કરીને લટાર મારી આવે અથવા મોટરમાં ફરી આવે, અથવા મહારાજા સાહેબ કોઈ રસપ્રદ ચોપડી વાંચવામાં પોતાનું મન પરોવી શકે.

**ક્રોધમાં મૌન રાખો**

(૫) જેને લીધે આ માનસિક ક્ષોભ થયો હોય તે વિષયમાંથી મનને કાઢી લેવું એ વધુ સારું છે. આમ કરવા હું ખાસ ભલામણ કરું છું. શક્ય હોય તો તે વિષય તરફ ૮-૧૦ દિવસ માટે બિલકુલ ધ્યાન ન આપવું. આવી સાદી સલાહ માનવાથી મહારાજા સાહેબ ઘણાં બધાં ખોટાં કામો અને કડવાં વચનોથી બચી જશે. કારણ, આવાં ફૂટ વચનો કે અનુચિત કામો જ મહારાજા સાહેબને રાજકીય મૂંઝવણમાં પણ નાંખી શકે તથા મિત્રો અને હિતચિંતકોથી અળગા કરી દે, અથવા મહારાજાના વિશ્વાસુ નોકરો અને આશ્રિતોને પણ સાવ નિરુત્સાહી કરી મૂકે.

**ક્ષોભથી દૂર રહો**

## બીજાનો અભિપ્રાય કેવી રીતે મેળવવો

(૧) જો મહારાજા સાહેબને કોઇ વ્યક્તિનો અભિપ્રાય મેળવવાની ઈચ્છા થાય તો તેમણે આ બાબતમાં પોતાનું મંતવ્ય શું છે, તે પ્રથમથી જ વ્યક્ત કરવું નહિ. મહારાજા સાહેબના અંગત મંતવ્ય વિષે કોઇને ખ્યાલ કે ભાળ પણ ન હોવી જોઇએ. જે માણસ પાસેથી મંતવ્ય માંગેલ હોય તે મહારાજા સાહેબના મંતવ્ય અંગે પૂછે તો બની શકે તેટલું તે અંગે કહેવાનું ટાળવું.

**પોતાનો મત ન ઉચ્ચારો**



(૨) આ સૂચના પાછળ બે મુખ્ય કારણો છે :

(ક) જો મહારાજા સાહેબનો અભિપ્રાય પહેલેથી જ વ્યક્ત થયેલો હોય તો સામી વ્યક્તિ મહારાજા સાહેબના અભિપ્રાયથી અલગ કે વિરુદ્ધ મત પ્રદર્શિત કરતાં અચકાશે. કમમાં કમ ઓછાવત્તા અંશે પોતાનો મત વ્યકત કરતાં તે અચકાશે તો ખરી જ. અભિપ્રાય માંગવા પાછળનો હેતુ સામાનો શક્ય તેટલો મુક્ત અભિપ્રાય મેળવવાનો હોય છે.

**બે કારણ : બીજા અચકાશે**

(ખ) વળી પૂર્ણ વિચારણા કર્યા વગર અથવા બીજાઓના અભિપ્રાય મેળવ્યા વગર મહારાજા સાહેબ કોઇ મત ધરાવતા થયા હોય તો મહારાજાનો અભિપ્રાય સાચો ન હોવાની શક્યતા છે. એટલે મહારાજા સાહેબનો અપક્વ અને ગલત મત બીજા આગળ વ્યક્ત કરવાનું બરાબર નથી, શક્ય છે તે પછીથી છોડી દેવો પડે. પુખ્ત વિચારણા અને પરામર્શના અભાવે ધરાવેલો સામાન્ય અને ગલત મત પાછળથી છોડી દેવાનું જોખમ મહારાજા સાહેબે ખેડવું નહિ.

**શ્રીમંત મ.સા.નો મત ખોટો હોય**

# પ્રકરણ-૫

## દ્રઢતા

૨૦મી જુલાઇ, ૧૮૮૧

**મહારાજામાં દ્રઢતા જોઇએ**

(૧) દ્રઢતા એ એવો ગુણ છે કે જે બધામાં હોય તે ઇચ્છવા યોગ્ય છે. દૈવે જેને રાજકર્તા બનાવ્યો છે તેમને માટે તે અત્યંત ઇચ્છવાયોગ્ય છે. જો મહારાજા સાહેબમાં દ્રઢતા ન હોય તો જાહેર કામગીરી હાથ ધરવાનું અત્યંત દુષ્કર થઇ પડશે. મહારાજા સાહેબનું એક વખત એક મંતવ્ય હોય અને બીજી વખત બીજું મંતવ્ય હોય, એક વખત તેમનો એક હેતુ હોય અને બીજી વખત બીજો હેતુ હોય. એક વખત એ અમુક કરવાનો આદેશ આપે તો થોડી વાર પછી બીજું કરવાનો આદેશ આપે. આવું તો થવું જોઇએ નહિ.

**વિચારજન્ય દ્રઢતા**

(૨) સાચી દ્રઢતા, એ, હકીકતોનો કાળજીપૂર્વકનો અભ્યાસ, પુખ્ત વિચારણા અને સાચા નિર્ણયોનું પરિણામ હોય છે. હકીકતોનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા પછી તેના ઉપર સારી રીતે વિચારણા થયેલી હોય, સાચી તારવણી થયેલી હોય, એનાથી જે મનની વૃત્તિ પેદા થાય તેને દ્રઢતા કહેવાય. વ્યવસ્થિતપણે આ બધી પ્રક્રિયા થયેલી હોય તો મન દ્રઢ થાય છે. જે રાજવી આવા પ્રકારની પ્રક્રિયામાંથી પસાર થશે તેમને પોતાને જ લાગણી થશે કે તેઓ સાચા છે અને તેઓ દ્રઢતા બતાવી પણ શકશે.

**દ્વિધા નહિ**

(૩) પરંતુ હજારો બાબતમાં મહારાજા સાહેબને કામગીરી કરવી પડતી હોય ત્યારે તેઓ પોતે આ બધી ક્રિયા કરે તે શકય પણ નથી, તો પછી આ બધી બાબતમાં તેમણે શું દ્વિધા બતાવવી ? જો આવી બધી બાબતોમાં મહારાજા સાહેબ અસ્થિરતા બતાવે તો જાહેર કામકાજને ઘણું નુકસાન થાય.



**જવાબદાર સલાહકાર પર વિશ્વાસ**

(૪) આવી બાબતમાં મહારાજા સાહેબે તેમના વિશ્વાસુ અને જવાબદાર સલાહકારો ઉપર વિશ્વાસ રાખવો જોઇએ. આવા સલાહકારોએ અગાઉ કહેલી બધી પ્રક્રિયાઓ પાર પાડેલી હોવી જોઇએ. મહારાજા સાહેબે સામાન્ય રીતે આવી બાબતોમાં આવા સલાહકારનાં મંતવ્ય અને સલાહ સ્વીકારવાં જોઇએ. તેમના અમલમાં દ્રઢતા બતાવવી જોઇએ. મેં જે હમણાં કહ્યું તે એક બહુ મહત્ત્વનો સિદ્ધાંત છે અને મહારાજા સાહેબે તે બરાબર સમજવો જોઇએ. તેઓ આ સારી રીતે સમજીને તે પ્રમાણે વર્તશે નહિ તો દૈનિક જીવનમાં દુઃખદાયક મૂંઝવણભરી પરિસ્થિતિમાં મુકાવું પડશે. એ યાદ રાખવું જોઇએ કે, થોડીક જ, ઘણી થોડી બાબતમાં મહારાજા સાહેબ પોતે હકીકતો ભેગી કરી શકશે, તેના ઉપર વિચારણા કરી શકશે અને તે ઉપરથી સાચી તારવણી કરી શકશે. અસંખ્ય કિસ્સાઓમાં તેઓ એવું કરી શકશે નહિ, તો તેમણે શું કરવું ? એમણે નબળાપણું બતાવવું ? તો જાહેર કામગીરીને નુકસાન થશે. કે પછી ધારાધોરણ વગર નિર્ણય કરવો અને તેને વળગી રહેવું ? તો પણ જાહેર કામગીરીને વધારે નુકસાન થશે. આ એક મોટી ગૂંચવણભરી પરિસ્થિતિ છે.

**દ્રઢતાથી માણસની પરખ**

(૫) રાજકર્તા ઉપરનો સિદ્ધાંત સમજ્યા ન હોય કે તે મુજબ વર્ત્યા ન હોય અને તે કારણે કામકાજને મોટું નુકસાન થયું હોય એવા અનેક દાખલા ઇતિહાસમાં છે. એવું પણ જોવા મળે છે કે જે રાજકર્તાઓ પોતાની દ્રઢતા માટે જાણીતા થયા છે તેઓએ આ સિદ્ધાંતો સારી રીતે જાણ્યા છે. તેમણે યોગ્ય અને વિશ્વાસુ સલાહકાર ભેગા કર્યા છે, તે સલાહકારોના કાળજીપૂર્વક બાંધેલાં મંતવ્યો સ્વીકારેલાં છે, અને તે સલાહકારોની સલાહ પણ સ્વીકારી છે, તથા તેના પર આધાર રાખીને દ્રઢ નિર્ણયો લીધા છે. આ સિદ્ધાંતો જાણીને તે પ્રમાણે આચરણ કરવાથી જ દ્રઢતાનો ગુણ આવી જાય છે, એ નકકી છે.

**હઠ**

(૬) જે મેં અત્યાર સુધી કહ્યું છે તેના ઉપરથી સ્પષ્ટ થશે કે દ્રઢતા એ ત્યારે જ ગુણ બને કે જયારે તેનો ઉપયોગ સાચા નિર્ણયના સબંધમાં કર્યો હોય.

આવી દૃઢતા, એ, રાજકર્તાઓ માટે અત્યંત જરૂરી અને મૂલ્યવાન એવો ગુણ છે. પરંતુ જ્યારે ખોટા નિર્ણય અંગે દૃઢતા અપનાવવામાં આવે ત્યારે એ જ વૃત્તિ ગુણ તરીકે મટી જાય છે. એ નુકસાનકારક દુર્ગુણ થાય છે. તે નર્યું હઠીલાપણું બને છે.

**દૃઢતા અને હઠમાં તફાવત**

(૭) દૃઢતાના ગુણ અને હઠીલાપણાના દુર્ગુણ વચ્ચે જે મહત્ત્વનો તફાવત છે, તે પાયામાં તો સારા અને ખરાબ નિષ્કર્ષોના પરિણામે જ સંભવે છે. બધા રાજકર્તાઓએ જોવું જોઈએ કે તેઓ દૃઢ છે પણ હઠીલા નથી. તેમણે ખાતરી કરી લેવી જોઈએ કે તેમની તારવણી સાચી છે અને ખોટી નથી. દૃઢતાનો ગુણ ધરાવતા રાજવી ખૂબ સારી રીતે કામગીરી કરશે પરંતુ હઠીલા રાજવી ખૂબ નુકસાન પણ કરશે.

**હઠ એ દૃઢતા નથી**

(૮) દૃઢતાનો ગુણ અને હઠીલાપણાનો દુર્ગુણ-આ બેમાં શો તફાવત છે, તે હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ નહિ તો હઠીલાપણું દૃઢતામાં ખપી જશે અને હઠીલાપણું એ જ દૃઢતા કહેવાશે. ગુણ અને દુર્ગુણમાં ઘણી બધી બાબતો સમાન હોય છે અને એટલે કાચા મનનો રાજકર્તા હઠીલાપણાને જ દૃઢતા સમજશે, પરંતુ દૃઢ મનોબળવાળો રાજકર્તા જેને કેળવણીનો ફાયદો મળ્યો છે અને જે પ્રથમથી જ ચેતેલા હોય છે, તે આ ગુણ અને દુર્ગુણ વચ્ચેનો તફાવત સારી રીતે જાણશે અને ખાતરીપૂર્વક જોશે કે એનામાં દૃઢતાનો ગુણ આવે, નહિ કે હઠીલાપણાનો દુર્ગુણ.

**શાણા રાજવી ખોટો મત સુધારે**

(૯) આના ઉપરથી સ્પષ્ટ થશે કે રાજકર્તાએ હંમેશા સમજાવટને માટે અવકાશ રાખવો જોઇએ. એટલે કે, દલીલો ખુલ્લા દિલથી સાંભળવી જોઈએ. પોતાનું મંતવ્ય ખોટું હોય તો તે બદલવા તૈયાર રહેવું જોઇએ. આ વાતની બીજી બાજુ એવી પણ હોય કે, અણસમજુ રાજકર્તા હઠીલા હોય અને એમને સમજાવવાનો કોઈ અવકાશ પણ ન હોય. દલીલો તેમના સુધી પહોંચે પણ નહિ અને તેઓએ જે કાંઈ ખોટી તારવણી કાઢેલી હોય તેને જ પકડીને બેઠેલા હોય.



**મુક્ત પરામર્શ**

(૧૦) એ પણ સમજાય એવું છે કે શાણા રાજકર્તા પોતાની તારવણી સાચી છે કે કેમ તેની ખાતરી કરવાની ચિંતામાં, મહત્ત્વની બાબતોમાં વિશ્વાસુ અને જવાબદાર સલાહકારો સાથે પરામર્શ કરશે અને પોતે કાઢેલ તારવણી સાથે તેમની તારવણી સરખાવશે. બીજી બાજુ નાસમજ રાજકર્તા આવા સલાહકારો સાથે પરામર્શ કરવો પોતાના મોભાને શોભતો નથી એવું માનશે, અને હંમેશા ખોટી તારવણી કાઢવાનું જોખમ ખેડશે. પરિણામે ઘણી બધી મુશ્કેલીઓ અને હરકતો પેદા થશે.

**નિર્ણય ચકાસો**

(૧૧) કોઇ એક વ્યક્તિ ગમે તેટલી કાબેલ અને અનુભવી હોય તે રાજકાજમાં બીજા કોઈની સાથે પરામર્શ કર્યા વગર પોતે જ સાચો નિષ્કર્ષ કાઢે તે શક્ય નથી. હકીકતો બાબતમાં તેમની ભૂલ થશે, તર્કમાં ભૂલો થશે. સ્થાનિક સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં લેવામાં પણ તેમનાથી ભૂલ થઈ જશે. જ્યાં સુધી એક જ સાચી તારવણી શક્ય હોય એવા કિસ્સામાં પણ ડઝનબંધ ખોટી તારવણીઓ કઢાશે. એટલે જ રાજકર્તાએ પોતાની પ્રજાને ખોટા નિર્ણયોને કારણે થતા નુકસાનથી બચાવવી હોય તો તેણે પોતાના નિર્ણયો ઉપર કહ્યા પ્રમાણે બીજાની સાથે સરખાવવા. વિશેષ કરીને જે બાબતો ખૂબ મહત્ત્વની છે તેવી પ્રત્યેક બાબતમાં પરામર્શ કરવાની ખાસ જરૂરિયાત છે.

**સહકારથી સફળતા**

(૧૨) શ્રીમંત મહારાજા સાહેબ, આપ જાણો છો કે, મેં મહત્ત્વનાં દેશી સંસ્થાનોમાં ઘણાં વર્ષો સુધી જાહેર કામકાજનો અનુભવ લીધો છે. હું એવું કહેવાનું સાહસ કરું છું કે મહત્ત્વના હેતુઓની બાબતમાં જ્યારે મારે કામ કરવાનું હોય ત્યારે કાળજી અને ઉદ્યમની બાબતમાં હું જાણી જોઇને કોઇ વખત ઊણો પડ્યો નથી છતાં મારા અનુભવથી મને ખાતરી થઇ છે કે, જો મેં બીજાઓની મદદનો મુક્તપણે ઉપયોગ કર્યો ન હોત તો મેં ઘણી હકીકતોની બાબતમાં ભૂલો કરી હોત. જે તે સંસ્થાનોમાંના જાહેર વહીવટ બાબત મને ખાસો યશ મળ્યો છે, મારું આપને કહેવું એ છે કે મારા આ યશ પાછળ જો કોઇ રહસ્ય હોય તો તે એ જ છે કે, ઉપર જે સિદ્ધાંતો મેં કહ્યા છે તેનાથી હું હંમેશા

દોરવાતો રહ્યો છું. મારો તો એક સાદો સીધો નમ્ર દાખલો છે. પણ મારા કરતાં અનેક ગણા મોટા માણસો સાથે સલાહ-મસલત કરશો તો આપને જણાશે કે, મેં જે કાંઇ કહ્યું છે તે સાચું છે.

**દંભ**

(૧૩) ખોટો નિર્ણય પકડી રાખવો એ ગુનો છે. પોતે દૃઢ છે તેવું બતાવવાની ઈચ્છાથી કેટલાક માણસો આવું કરવા લલચાય છે. પરંતુ આ સાચી દૃઢતા નથી, પણ ઉપરછલ્લી દૃઢતા છે. આ નરી હઠ છે. જાહેર જનતાને થોડા જ વખતમાં આ માલૂમ પડી જાય છે અને પછી જે આવી રીતે ઉપરછલ્લી દૃઢતા બતાવે છે તેને આવા હઠીલાપણા માટે અને દંભીપણા માટે દોષ આપે છે.

**નિર્ણયની શાંત ચર્ચા**

(૧૪) રાજકર્તા માટે સાદોસીધો અને ડહાપણભર્યો માર્ગ એ છે, કે તેઓએ તેમના નિર્ણય ઉપર કોઈ પણ પગલાં લેતાં પહેલાં શક્ય એવી બધી કાળજી લેવી. જે કોઈ નિર્ણય ઉપર તેઓ આવે તેની મંત્રીમંડળમાં જાણ થાય. તેની પરીક્ષા થાય, તેના ઉપર ચર્ચા થાય અને તે અંગે સંપૂર્ણપણે નિશ્ચિત થાય તેમ થવું જોઈએ. પણ આ બધું જાહેર જનતાને કાંઇ ખબર ન પડે તેમ ચૂપચાપ કરવું, જાહેર જનતા બધી બાબતોમાં પરિણામને જોઇને મત બાંધે છે. જો પરિણામો સારાં હોય તો એ દેખાશે જ કે રાજકર્તા ખોટી તારવણી કરવાનું ટાળે છે. પ્રજા એમને સારા રાજકર્તા તરીકે નવાજશે અને આ તારવણી ઉપર તે નિશ્ચિતપણે કેવી રીતે આવ્યા એ બાબતને કોઈ મહત્ત્વ આપતી નથી. ટૂંકમાં કહીએ તો આપણી તારવણી બરાબર છે એવી ખાતરી કરાવવા જે કોઇ શક્ય ઉપાયો વાજબી હોય તે કરો અને પછી જે કોઇ તારવણી ઉપર આવો તે અનુસાર ચાલો. આ પ્રમાણે દૃઢતા બતાવવી એ રાજકર્તાનો એક મોટો સદ્દગુણ છે.

(૧૫) આ વિષયનું સમાપન કરતાં પહેલાં મારે થોડા વધારે સૂચનો કરવાનાં છે.

**રાજવી દૃઢ પણ દયાળુ**

(ક) એકલી દૃઢતા એ સદ્દગુણ છે; પણ તેમાં કઠોરતા છે. દૃઢતામાં જે કડકાઈ હોય તેને વ્યવહારમાં થોડી હળવી કરવી જોઈએ. રાજકર્તાએ દૃઢ રહેવું જોઇએ.



સાથે સાથે દયાળુ અને સમજદાર પણ રહેવું જોઈએ. જેમ જેમ અનુભવ આવશે તેમ તેમ કડકાઈ સાથે નરમાશ કેવી રીતે રખાય તે આપોઆપ સૂઝશે. પછી તે આદત પડી જાય છે. આ આદત કેળવવામાં કાળજી લેવાની સાથે દૃઢ થવાનું હોય છે. કડકાઈ એ દૃઢતાનું એક અંગ છે. જેની સામે દૃઢતાપૂર્વક પગલાં લેવાનાં હોય એને માઠું ન લાગે તે માટે કેટલીક વાતો તેને સમજાવવાની પણ હોય છે. તેની ઇચ્છા પ્રમાણે એક બાબતમાં ભલે વર્તાય નહિ તેથી તેના પ્રત્યે કોઈ દુશ્મનાવટ નથી પરંતુ ન્યાયના કારણસર જ, સરકારના સિદ્ધાંત અનુસાર, પાછલા દાખલા જોતાં અને એવા જ બીજા કારણસર એવું આપને કરવું પડ્યું કે આવું કર્યા વગર, આવાં પગલાં લીધા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો, તેવું બધું બતાવવું જોઈશે. જો આપની પાસે આવો બધો ખુલાસો કરવા પૂરતો વખત ન હોય તો ખાતાના કોઈ વડાને આ રીતે ખુલાસો કરવા આપ સહેલાઈથી આદેશ આપી શકો છો.

**બીજો કોઈ વાજબી અનુગ્રહ**

(ખ) દૃઢતામાંની કઠોરતા બીજી રીતે પણ ઓછી કરી શકાય. જે પક્ષકાર સામે કોઈ કડક પગલાં લેવાયાં હોય તેના ઉપર બીજા કોઈ કામે ખાસ અનુગ્રહ પણ બતાવી શકાય. આ બાબતની સ્પષ્ટતા માટે એક દાખલો આપવાનું બસ થશે. દા.ત. કોઈ એકાદ કર્મચારી વૃદ્ધ થયો છે, નિરુપયોગી બન્યો છે, અને એટલે તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે. વળી આ વ્યક્તિ આપને ખૂબ કડવાશભરી ફરિયાદ કરે. આવા સંજોગોમાં હું એને ધક્કા મારી કાઢી ન મૂકું. હું તેને સાંભળવાનો ઈન્કાર ન કરું. હું તેને સમજાવીશ કે આજકાલ વહીવટમાં ક્ષમતા લાવવાનું કેટલું જરૂરી છે. ઉંમર થઈ ગયેલા નિવૃત્ત ન થાય તો વહીવટમાં કેવી ક્ષમતા ઘટે છે. આપણે બધાએ વહેલા કે મોડા વૃદ્ધાવસ્થાએ પહોંચવાનું જ છે. આપણે બધા નિરુપયોગી પણ થવાના જ છીએ. આપણે બીજાને જગ્યા પણ કરી આપવાની રહેશે વગેરે અને જો સબંધકર્તા વ્યક્તિ ખાસ અનુગ્રહને લાયક હોય તો તેના દીકરાને કોઈ ઠેકાણે તેની ગુણવત્તા મુજબ નોકરી પણ આપી શકાય. મહત્ત્વની વાત તો એ છે કે દૃઢતા બતાવવાની સાથે સહાનુભૂતિ બતાવીને મદદકર્તા પણ થવું જોઈએ.

# પ્રકરણ-૬

## બીજાઓની સલાહ

બુધવાર, જુલાઈ, ૧૮૮૧.

**મત બાંધવામાં ઉદારતા**

(૧) મહારાજા સાહેબ બહુ ઉચ્ચ સ્થાન ધરાવે છે. મહારાજા સાહેબને ઘણા બધા લોકો સાથે વ્યવહાર કરવો પડે છે. તેમને વ્યક્તિઓ અને તેમનાં કાર્યોની બાબતમાં મત બાંધવાની જરૂર રહેવાની છે. એટલે, મહારાજા સાહેબે બીજાઓ અંગે ઉદાર વૃત્તિથી મત બાંધવાની મહત્ત્વની ટેવ કેળવવી જોઈએ. વ્યક્તિનાં કેટલાંક કાર્યો અને આશયોનાં ઘણાં બધાં પાસાંઓ હોય છે. આ પાસાંમાંથી સબંધિત વ્યક્તિની વધારેમાં વધારે તરફેણમાં હોય તે પાસું પ્રથમ પસંદ કરવું. બીજા શબ્દોમાં કહીએ, તો કોઈ પણ વ્યકિત કે તેના આશય અંગે અનેક અર્થઘટન થતાં હોય તો તે વ્યક્તિ સબંધમાં જે સૌથી ઉજમાળું હોય તે અર્થઘટન પસંદ કરવું. બીજા શબ્દોમાં કહીએ તો વ્યક્તિનાં કાર્યો તથા આશય અંગે જે વધુમાં વધુ હિતકારી હોય તેવું તેનું અર્થઘટન કરવું.

**સામાન્ય જનને સદાચાર પસંદ**

(૨) આ સલાહની પાછળ એક વાત ધ્યાનમાં લેવાની છે. કોઈ વ્યક્તિ ખરાબ હોવાનું જાણીતું હોય તેવાને બાદ કરતાં સામાન્ય રીતે માણસો બૂરાં કાર્યો કરતાં સારાં કાર્યો અને ખરાબ આશય કરતાં સારા આશય પસંદ કરે છે તેમ માનીને ચાલવું જોઈએ. આવી માન્યતા કુદરતી રીતે જ વાજબી છે. વળી આવી માન્યતા રાખવામાં ન્યાય અને ઉદારતાની ભાવના પણ છે, જે મહારાજા સાહેબ જેવી દેશની ઉત્તમોત્તમ વ્યક્તિના સ્વભાવમાં હંમેશા હોવી ઘટે.

**મહારાજા સર્વથા સન્માનિત**

(૩) આવી માન્યતા સારી નીતિ સાથે પણ બંધ બેસે છે. ઉપર બતાવેલ છે તે પ્રમાણે મહારાજા સાહેબ જો ઉદારવૃત્તિથી મત બાંધશે તો લોકો તેમના તરફ વધુ અને વધુ આદર અને પ્રેમથી જોશે.



લોકોને એવું લાગશે કે આવા ન્યાયી અને ઉદાર વૃત્તિના રાજકર્તા માટે આપણે કૃતજ્ઞ રહીએ. લોકો પ્રત્યે દર્શાવેલ આવી ન્યાયી વૃત્તિ અને ઉદારતાને જોઈ મહારાજા સાહેબ માટે તેમની કૃતજ્ઞતા જાગશે. સારા માણસોને પ્રસન્નતા થશે કે મહારાજા સાહેબ તેમનાં કાર્યો અને આશયોની તરફ અન્યાયી દૃષ્ટિથી જોતા નથી. આવા ન્યાયી અને ઉદાર ધણીની ચાહના પોતાને મળતી રહે તે માટે તેઓ પોતાનાં કૃત્યો અને આશયો સારાં બનાવવા સંકલ્પબદ્ધ થશે. જો કોઈ ખરાબ માણસની બાબતમાં મહારાજા સાહેબે ઉદારવૃત્તિથી વ્યવહાર કર્યો હોય તો પણ તે ખરાબ માણસ લજવાશે અને ઘણું કરીને પોતાનાં વર્તણૂક અને વલણ સારાં થાય તે માટે પ્રયત્ન કરશે.

**દૃષ્ટાંત**

(૪) આ બાબતે વધુ સ્પષ્ટતા કરવા માટે કેટલાક વ્યાવહારિક દાખલાઓ હું આપીશ.

**દરબારમાં ગેરહાજરી**

(ક) માની લો કે એક મહત્ત્વના અધિકારી અગર સરદારને દરબારમાં હાજર થવાને આમંત્રણ આપ્યું હોય અને તે ગેરહાજર રહે. દરબારમાં હાજરી ન આપવાનાં અનેક કારણો હોય; જેવાં કે બેદરકારી, અનાદર અથવા મંદવાડ કે અકસ્માત અગર એવાં જ અનિવાર્ય અને નિર્દોષ કારણો પણ હોય. મારે જે સિદ્ધાંત આપ મહારાજા સાહેબના મન ઉપર અંકિત કરવાનો છે તે એ છે કે આવા પ્રસંગે આ અધિકારી કે સરદારની ગેરહાજરી માટે દોષપાત્ર થાય એવા કોઈ કારણનો વિચાર કરવાને બદલે અનિવાર્ય એવાં નિર્દોષ કારણો હશે તેમ અનુમાન કરવાનું વલણ હોવું જોઈએ.

**મંત્રીની સલાહ**

(ખ) બીજો દાખલો : એક સારા મંત્રીએ બ્રિટિશ રેસિડેન્ટ સાથેની ચર્ચા વખતે કોઈ એક મુદ્દો જતો કરવા સલાહ આપી હોય. સલાહ પાછળ સારો કે નરસો હેતુ છે, એવું પણ કહી શકાય. પરંતુ મહારાજા સાહેબે તેની પાછળ ખરાબ હેતુ છે, તેવું ન માનતાં સારો હેતુ છે, એવું માનવું જોઈએ.

**રેસિડેન્ટની સલાહ**

(ગ) ત્રીજો દાખલો : એવું પણ બને કે, રેસિડેન્ટ મહારાજા સાહેબને સલાહ આપે કે, મહારાજા સાહેબે ન્યાય આપવાનું કામ જેમ બને તેમ ઓછું કરવું.

વાચ-૫૧૫૭—૫

મહારાજા સાહેબને એવું ન લાગવું જોઈએ કે, રેસિડેન્ટ મહારાજાને નબળા પાડવા માંગે છે. પરંતુ મહારાજા સાહેબને જરૂર વગરની તકલીફ ન પડે, તેઓને જરૂર વગરની જવાબદારી લેવી ન પડે તેવી રેસિડેન્ટની ઈચ્છા છે, તેમ માનવું જોઈએ.

**વિદ્વાનની સલાહ**

(ઘ) વળી ધારો કે કોઈ રાજ્યશાસ્ત્રના વિદ્વાન મહારાજા સાહેબને એવી સલાહ આપે કે, મહારાજા સાહેબે સરકારનું તંત્ર શક્ય તેટલા વધુ પ્રમાણમાં, સ્વયંસંચાલિત અને સ્વયંનિર્ભર રીતે ચાલે તેવું બનાવવું જોઈએ. મહારાજા સાહેબને આવી સલાહ આપવામાં આવે તો તે પાછળ પેલા વિદ્વાનને મહારાજા માટે બહુ સારી લાગણી છે, પ્રજાના ભલા માટે એને ભાવના છે એમ સમજવું. તેની સલાહ પાછળ મહારાજા સાહેબને બને તેટલા નિર્બળ કરવાની ઈચ્છા છે તેવું સમજવું નહિ.

**મિત્રની સલાહ**

(ચ) અન્ય પ્રસંગે મહારાજાના સ્નેહી અને સલાહકારો મહારાજા સાહેબને કહે કે, "ફલાણો માણસ સિદ્ધાંતવિહોણો અને કાવતરાં કરનારો છે. હું આપને સલાહ આપું કે, આપે તે માણસને ટાળવો જોઈએ." મહારાજાએ આ સલાહ પાછળ પેલા મિત્રનો કોઈ સ્વાર્થી હિતસબંધ છે, તેવું ન માનતાં, મહારાજા પ્રત્યે તેની ઘણી મોટી લાગણી છે તેમ માનવું.

(૫) હવે આપણે કેટલાક નાના દાખલા લઈએ :

**ગૌણ દૃષ્ટાંત**

**ઝવેરાતની ચોરી**

(ક) રાજમહેલમાંથી એક દાગીનો ચોરાયો હોય, દીવાન આ અંગે એક સક્રિય તપાસ શરૂ કરે, જેમાં મહારાજા સાહેબના કેટલાક અંગત નોકરોની પણ તપાસણી કરવાનો પ્રસંગ ઊભો થાય. એમ પણ થાય કે દીવાન તેમાંથી કેટલાક નોકરોને દાગીનાની કિંમત માટે જવાબદાર ઠેરવે, જેથી નોકરોની બેપરવાહી માટે અને ભવિષ્ય માટે એક ચેતવણી પણ મળે. દીવાનનું આ કૃત્ય રાજમહેલનું ઝવેરાત ખોવાય નહિ અને સારી રીતે સચવાય એ નજરે કરેલું છે. મહારાજા સાહેબે એમ ન માનવું જોઈએ કે આ પગલા પાછળ દીવાનનો કોઈ ખોટો આશય છે.



**માનકરીનો ગેરવર્તાવ**

(ખ) બીજા એક પ્રસંગે સરકારી શોભાયાત્રામાં કોઈ માનકરી ગેરવર્તાવ કરે- જેમ કે, મ્યાનમાંથી તલવાર બહાર કાઢે અને થોડી અશાંતિ પેદા કરે. દીવાન આ બાબતની નોંધ લે છે અને તે માનકરીની ગેરવર્તણૂક માટે શિક્ષા કરવા કોઈ પગલાં લે છે. દીવાનનાં પગલાં પાછળ કોઈ ખરાબ આશય છે તેમ ન માનતાં એ સારા આશયથી થયેલ છે તેમ મહારાજા સાહેબે માનવું જોઈએ. ઘણા બધા દાખલાઓ આપી શકાય, કારણ કે દૈનિક જીવનમાં આવા પ્રસંગો થવાના જ. મેં અત્યાર સુધી જે કહ્યું છે તેમાંની મુખ્ય વાત તો એ છે કે કોઈ વ્યક્તિ ખરાબ હોવાનું મનાતું ન હોય તો મહારાજા સાહેબે તેનાં કાર્યો અને આશયો અંગે ઉદારવૃત્તિથી અર્થઘટન કરવાની ટેવ પાડવી જોઈએ.

**દુષ્ટતા નહિ, ભૂલ ગણો**

(૬) હું જે સિદ્ધાંત સમજાવવાનો પ્રયત્ન કરું છું તે પાછળ એવી અપેક્ષા છે કે કોઈપણ કાર્ય, ભૂલને કારણે અને ગેરસમજથી થયેલું છે એમ અનુમાન કરી શકાય અથવા બીજી બાજુ તે કાર્ય જાણીજોઈને અને નુકસાન કરવાના ઈરાદાથી થયેલું છે એવું પણ અનુમાન શક્ય હોય, ત્યારે મહારાજા સાહેબે તે કાર્ય ભૂલથી અગર ગેરસમજથી થયેલ છે તેમ માનવું વધુ યથાર્થ ગણાશે. કોઈપણ ઘટના તરફ આવી રીતે ઉદારવૃત્તિથી જોવાની આદત ખરેખર ન્યાયી વલણ અને ઉદારતાના પરિણામ રૂપે છે. આવી આદત એ એક સારું એવું નીતિ-ધોરણ છે. હું એમ પણ કહીશ કે આવી વૃત્તિથી વ્યક્તિ-વ્યક્તિ નજીક આવે છે અને શત્રુઓ ઊભા કરવાનું ટાળી શકાય છે. આવી વૃત્તિના કારણે મહારાજા સાહેબની કારકિર્દી સરળ અને કલ્યાણકારી થશે. મહારાજા સાહેબના મનમાં સતત ઉદ્વેગ અથવા દુઃખદ કુશંકાઓ ઉદ્ભવશે નહિ. આવી વૃત્તિ મહારાજા સાહેબને સ્વસ્થતા બક્ષશે, તેમનું ગૌરવ વધારશે અને આ ગુણો રાજવીપદના મોટામાં મોટા અલંકાર સમા ગણાશે. મારી સૂચવેલી આદત કેળવવાથી અગર ન કેળવવાથી મહારાજા સાહેબના સુખચેનમાં ખૂબ જ તફાવત પડશે.

**કપટીઓ સામે સુરક્ષા**

(૭) હું જેની વાત કરું છું તે સર્વોત્તમ આદત કેળવવામાં જો સરળતા મળે તો તે આદત કાવતરાં કરનારાઓ સામે મહત્ત્વનું રક્ષણ આપી શકશે. એ ધ્યાનમાં

રાખવું જોઈએ કે કાવતરાંબાજો હંમેશા તેમના શત્રુઓનાં કાર્યોના આશયોને ખરાબમાં ખરાબ રીતે દર્શાવતા હોય છે. પરંતુ હું જેની વાત કરું છું તે ઉત્તમ આદત જે રાજવી કેળવશે તે ઉદાર અર્થઘટન સ્વીકારશે અને ખરાબ અર્થઘટનને નકારશે. એમ પણ બને કે કોઈ એક કિસ્સામાં ઉદાર અર્થઘટન કેવી રીતે કરવું તે ખ્યાલમાં ન પણ આવે પરંતુ ઉદારવૃત્તિ ધરાવતા મહારાજા સાહેબે હંમેશા આવા અર્થઘટન વિચારવાનો પ્રયત્ન કરવો જોઈએ. આવાં ઉદાર અર્થઘટનો એની મેળે તેમના ધ્યાન ઉપર ભલે ન આવે, તેમણે તે શોધી કાઢવા ખરેખર મથવું જોઈએ.

**સબંધિતનો ખુલાસો**

(૮) મહારાજા સાહેબને કોઈ એક કામમાં બહુ વિચારણા ન કરતાં તુરત નિર્ણય લેવો હોય અને બીજી બાબતો તરફ વળવું હોય ત્યારે હું કહેતો આવ્યો છું તે ઉદાર અર્થઘટનનો સિદ્ધાંત પ્રશંસાપાત્ર કામગીરી બજાવશે. પરંતુ એવાં કેટલાંક મહત્ત્વનાં પણ કામો આવવાનાં છે, જેમાં મહારાજા સાહેબે દૃઢ નિર્ણય કરવાનો રહેશે કે, ઉપલબ્ધ એવાં જુદાં જુદાં અર્થઘટનોમાંથી કયું અર્થઘટન ખરેખર જે તે મહત્ત્વનાં કામોમાં લાગુ પાડવું જોઈએ કે ખાસ કરીને જ્યારે સંજોગો પ્રતિકૂળ અર્થઘટન સૂચવતાં હોય. આવા સંજોગોમાં એક સારો નિયમ એવો રહેશે કે સબંધકર્તા માણસને તેનો ખુલાસો કરવાની વાજબી તક આપ્યા વગર કોઈ પ્રતિકૂળ તારણ ઉપર આવવું નહિ. સારો સિદ્ધાંત એ છે કે કોઈપણ વ્યક્તિને તેની પીઠ પાછળ દોષ ન આપવો અને કોઈ વ્યક્તિને સાંભળ્યા વગર તેને દોષી ઠરાવવો નહિ.

**બંને પક્ષને સાંભળો**

(૯) એક દાખલો લઈએ : માની લો, કે રાજમહેલના એક અધિકારી મહારાજા સાહેબને એવી રજૂઆત કરે છે કે મહારાજા સાહેબના આદેશ પ્રમાણે પોતે ખર્ચ કર્યું છે તેને હિસાબ અન્વેષક માન્ય રાખતા નથી. રાજમહેલના અધિકારી મહારાજા સાહેબની આગળ તેમને એ અન્વેષક અધિકારીના કૃત્ય અંગે નાખુશી ઉત્પન્ન થાય અને એમના હુકમ પ્રમાણે થયેલા કાર્યને માન્ય ન રાખવાને કારણે માઠું પણ લાગે, તેવી રજૂઆત કરે છે. પરંતુ આ બાબતમાં મારું એમ કહેવું છે કે અન્વેષક અધિકારીનો ખુલાસો સાંભળ્યા વગર તેમનાથી નારાજ થવું નહિ. આ ખર્ચ તેમણે શા કારણે માન્ય ન રાખ્યું તે બાબત અન્વેષક અધિકારીનો ખુલાસો મેળવવા તેમને બોલાવવા. ૧૦



માંથી ૯ કિસ્સામાં તે સંતોષકારક ખુલાસો કરશે. તે ખુલાસો સંતોષકારક ન હોય તો જ તે અન્વેષકને દોષ આપવો યોગ્ય થશે.

**સાચો નિર્ણય**

(૧૦) જે માર્ગની મેં ભલામણ કરી છે તેનાથી મહારાજા સાહેબ ભૂલો કરતાં અટકશે અને સાચા નિર્ણય ઉપર આવશે. તેનાથી તેમના જાહેર કર્મચારીઓ અને અંગત નોકરોને યોગ્ય ન્યાય મળશે. કર્મચારીઓમાં વિશ્વાસ પ્રેરાશે. એમ ન થાય તો તેમને એવું લાગશે કે તેઓ બધાને સ્વચ્છંદીપણું , તરંગીપણું અને ગલત રજૂઆતની દયા ઉપર જીવવું પડવાનું છે. બધા સારા કર્મચારીઓને એવો અહેસાસ થવો જોઈએ કે કોઈ ખરેખર સાચા કારણ વગર તેઓ મહારાજા સાહેબની નારાજગીનો ભોગ બનશે નહિ.

(૧૧) અગાઉ જે કહેવાયુ છે, તેનું ટૂંકમાં આવું અવલોકન કરી શકાય :

**સારાંશ**

(૧) કોઈપણ કાર્ય કે આશયનાં અનેક અર્થઘટન શક્ય હોય તો સંબંધિત વ્યક્તિની બાબતમાં જે વધારેમાં વધારે અનુકૂળ અર્થઘટન હોય તેને પસંદગી આપવી જોઈએ.

(૨) એવું લાગે કે, પ્રતિકૂળ અર્થઘટન એ જ શક્ય અને સાચું અર્થઘટન છે, તો મહારાજા સાહેબે તે સંબંધકર્તા વ્યક્તિ પાસેથી ખુલાસો મેળવ્યા પછી જ નિર્ણય લેવો.

## પ્રકરણ-૭

# સમાધાન વૃત્તિ

૧૪મી સપ્ટેમ્બર, ૧૮૮૧.

**શાણપણથી અંકુશિત દૃઢતા**

(૧) અભિજાત દૃઢતા અને ઉપરછલ્લી દૃઢતા વચ્ચેનો તફાવત આ પહેલાં મેં સમજાવ્યો છે. અભિજાત દૃઢતા એ રાજકર્તા માટે કેટલો ઉપયોગી સદ્‌ગુણ છે એવું પણ સમજાવ્યું છે. છતાં, દરેક માનવીય વ્યવહારની બાબતમાં દૃઢતાનો સંપૂર્ણપણે અમલ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. એટલે કે બિલકુલ ચુસ્ત દૃઢતા શક્ય નથી. ખાસ કરીને રાજકર્તાઓની બાબતમાં એક સદ્‌ગુણનો વ્યવહારમાં ઉપયોગ કરતી વખતે બીજા કેટલાક ગુણો સાથે સુમેળ કરવો પડે છે. દૃઢતાની સાથે તેને નિયમનમાં રાખવા માટે દૂરદર્શીપણું અને ડહાપણ પણ સાથે રાખવાં જરૂરી છે.

**સમાધાનની ન્યાયી વૃત્તિ**

(૨) માની લો કે ''અ'' અને ''બ'' ને જીવનમાં એકબીજા સાથે ઘણી લેવાદેવા છે. પરંતુ કોઈ બાબતમાં જો ''અ'' એવું નક્કી કરે કે પોતે એટલા દૃઢ રહેવું કે, ''બ'' ને જરા પણ નમતું આપવું નહીં અને ''બ'' પણ તે જ પ્રમાણે વિચાર કરે તો તે બે જણા એક બીજા સાથે કેવી રીતે રહી શકશે ? મુશ્કેલીઓ અને નારાજગીઓ બંને માટે ચાલુ જ રહેશે. અને પરિણામે એમના એકબીજા સાથેના સંબંધમાં કોઈ ડખો ઉત્પન્ન થશે, અગર તો ''અ'' અને ''બ'' ને એકમેકથી જુદા પડવું પડશે. કદાચ કોઈ ગંભીર મુશ્કેલી પણ પેદા થાય. એના ઉપરથી સ્પષ્ટ છે કે કેટલીક વખત દૃઢતાને વાજબી રીતે બીજા કોઈ સંજોગોની દૃષ્ટિએ હળવી કરવી જોઈએ. આ વલણ જે તે કિસ્સાના સંજોગોને આધીન રહેશે. જ્યારે એક વ્યક્તિની દૃઢતા બીજી વ્યક્તિની દૃઢતા સાથે ટકરાય ત્યારે સંવાદિતા માટે એટલે એકબીજાનાં સહકાર અને શાન્તિ માટે કેટલીક છૂટછાટ આપવાની જરૂર હોય છે. બીજા શબ્દોમાં, વિવેકપૂર્ણ સમાધાન કરવું જોઈએ. શાણા રાજકર્તાનું ડહાપણ તેની ન્યાયપૂર્વકની સમાધાનની વૃત્તિમાં દેખાઈ આવે છે. આવી



સમાધાનવૃત્તિથી લાભ થયા હોય તેવા ઘણા રાજકર્તાના દાખલા છે. બીજી બાજુ એવા પણ ઘણા દાખલાઓ છે કે જેમાં આવી સમાધાનવૃત્તિ ન હોવાથી રાજકર્તાએ ઘણું બધું ગુમાવ્યું છે.

**સમાધાનમાં મુત્સદ્દીપણું**

(૩) એક વાત નક્કી છે કે, ન્યાયી સમાધાનવૃત્તિથી કરાતા વ્યવહારમાં કશું શરમજનક નથી કે હીણું નથી. ખાનગી જીવનમાં પણ પ્રત્યેક સમજદાર વ્યક્તિને સમાધાનવૃત્તિ રાખવી પડે છે. જાહેર જીવનમાં મોટામાં મોટા માણસો આ જ વૃત્તિથી વ્યવહાર ચલાવે છે. આ વાત વધારીએ તો એ પણ હકીકત છે કે મુત્સદ્દીગીરી પણ સમાધાનવૃત્તિની પરંપરા જ છે. કોઈ પણ મુત્સદ્દીને બધી બાબતમાં બધા જ સમયે પોતાનું જ ચાલવું જોઈએ તેવી અપેક્ષા હોતી નથી. આ વાત બરાબર સમજવી જોઈએ, નહિ તો કોઈ રાજકર્તાને આપણે હલકા પાડીએ છીએ તેવી ભાવનાથી કોઈપણ સમાધાન સ્વીકારશે જ નહિ. પરિણામે તેને અનેક મુશ્કેલીઓનો, ભયનો, સામનો કરવો પડશે. રાજકર્તાએ તો કોઈક વાર આપવાનું હોય, કોઈકવાર લેવાનું હોય.

**અતિમાત્રા ટાળો**

(૪) કઈ બાબતમાં કેટલી છૂટછાટ આપવી અને અંતે સમાધાન સાધવું એ દરેક બાબતે તપાસીને નિર્ણય લેવાનો હોય છે. તેમાં કોની કેટલી દૃઢ માન્યતા છે, હોડમાં ક્યા સિદ્ધાંતો મુકાયેલ છે, સંજોગોનું જોર શું છે અને આ બધી બાબતોમાં કેટલી છૂટછાટ આપવાની કે લેવાની છે, તે મહત્ત્વનું છે. કોઈપણ કિસ્સામાં ગુણદોષ અનુસાર જરૂરી હોય તેના કરતાં વધુ છૂટછાટ આપવી એ નબળાઈ છે અને જરૂરી છૂટછાટનો ઈન્કાર કરવો અને પરિણામે મુશ્કેલીઓ કે જોખમ નોતરવું એ ગેરડહાપણ છે. તીર બરાબર લક્ષ્ય ઉપર લાગવું જોઈએ. વિચારેલી છૂટછાટ આપવાથી લાભ કેટલો છે, નુકસાન કેટલું છે એ સારી રીતે જાણવું જોઈએ, અને પ્રમાણસર છૂટછાટ આપવી જોઈએ.

**સબળ પક્ષે વાજબીનો સ્વીકાર**

(૫) ટૂંકમાં, ઉપયુક્ત રીતે કહેવાનું હોય તો એમ કહેવાય કે બે સરકારો વચ્ચે છૂટછાટ આપવાનો પ્રસંગ આવે તો જેનું પાસું નબળું છે તેણે સબળ પાસાવાળાને વધુ છૂટછાટ આપવી જોઈએ.

પરંતુ બે વચ્ચે અસમાનતાનું પ્રમાણ ત્યારે જ ઓછું થાય જ્યારે સબળ પાસાવાળો પક્ષ ન્યાય, શાણપણ, ઔદાર્યના ગુણોનો ઉપયોગ કરી, ફક્ત ભારે બળવાન હોવાના કારણે જ લાભ મેળવવાની વૃત્તિ ના દાખવે.

**સમાધાનની અગત્ય**

(૬) ન્યાયી વૃત્તિ અને સમજદારપણાના અભાવે વ્યક્તિ, કુટુંબને દુઃખી કરશે. રાજપુરુષો રાષ્ટ્રને દુઃખમાં નાખશે અને રાજાઓ-મહારાજાઓ આખા જગતને દુઃખી કરશે. અત્યાર સુધી કરેલી બધી વિચારણાને સંપૂર્ણપણે નજર આગળ રાખવી જોઈએ; અને વ્યક્તિઓ, મુત્સદીઓ અને રાજાઓને દૃઢતાના સદ્‌ગુણનો વ્યવહારમાં ઉપયોગ કરતી વખતે તેમાં જરૂરી હળવાશ ઉમેરવાની મુક્તિ હોવી જોઈએ.



## પ્રકરણ-૮

# મહારાજા સાહેબની ગેરહાજરી

૨૮મી સપ્ટેમ્બર, ૧૮૮૧

**વધુ સમય રાજ્યમાં ગાળવો**

(૧) મહારાજા સાહેબે પ્રસંગોપાત્ત પ્રવાસમાં હોય અગર પોતે બીમાર હોય તે સિવાયના કારણે જરૂર વગર પોતાની હકૂમતનો દેશ છોડી બહારના દેશમાં પોતાનો વખત પસાર કરવો નહિ. કેટલીક વ્યક્તિઓ શ્રીમંત મહારાજા સાહેબને માથેરાન જેવા હવા ખાવાના બહારના પ્રદેશમાં જવાની અને ત્યાં ઉનાળો ગાળવાની ભલામણ કરશે. બીજી વ્યક્તિ અન્ય ઠેકાણે જવા અને શિયાળો ગાળવા ભલામણ કરશે. ઠંડી આબોહવા અને તેની સાથેની ખુશાલીઓનો વિચાર મહારાજા સાહેબને પોતાની હકૂમતના પ્રદેશો છોડી જવા લલચાવશે, પરંતુ દેશી સંસ્થાનોના પ્રજાજનોને તેમના મહારાજા સાહેબ તેમની હકૂમતના પ્રદેશમાંથી ગેરહાજર રહે તે ગમતું નથી. તેમની ઈચ્છા હોય છે કે તેમના મહારાજા તેમની વચ્ચે રહે અને અંગત ઉપયોગ માટે જે રાજભાગ તેમને મળે તે અહીંયા જ ખર્ચે. લોકો હંમેશા મહારાજા સાહેબનું દર્શન કરવાની ઈચ્છા રાખે છે. મહારાજા સાહેબ પ્રજાના કલ્યાણ માટે રાજ્યમાં રહી કામગીરી કરે તેવું ઈચ્છે છે. એટલે એ સ્વાભાવિક છે કે તેમને પોતાના રાજકર્તા અંગત મોજમજા માટે પોતાના રાજ્ય અને પ્રજાને છોડીને બહાર જાય તે ગમતું નથી.

**મુસાફરીમાં મર્યાદાઓ**

(૨) આ સિવાય દેશી સંસ્થાનોના રાજકર્તા પોતાની સાથે મોટો કાફલો લઈ વિશ્રામ કરવાના સ્થાને રહે તે યુરોપિયન સમાજને પણ આવકાર્ય નથી. આવા કાફલાના કારણે સ્વચ્છતા, જાહેર સગવડ, વગેરેમાં ગેરવ્યવસ્થા થવાનો એ લોકોને ભય રહે છે, અને તેના કારણે ઘણાં બધાં નિયંત્રણો આવા લોકો ઉપર મુકાયેલ છે. આ નિયંત્રણો દેશી સંસ્થાનના રાજકર્તાને ગમતાં નથી. બીજાં પણ ઘણાં નિયંત્રણો હોય છે; જેવાં કે, હથિયારો કે શસ્ત્ર સામગ્રી રાખવાના.

રાજકર્તા અને તેમના કાફલાને નાકાવેરો અને બીજા મ્યુ. વેરાઓ ભરવા અંગે ન ગમે તેવા ઘણા બધા પ્રસંગો ઉપસ્થિત થાય છે. રાજા, મહારાજાઓના સબંધીઓ અને કાફલાના માણસોની સાથે મુશ્કેલીભર્યા નાજુક પ્રસંગો ઊભા થાય છે. પોલીસ અને કોર્ટોના સબંધમાં મુશ્કેલી પેદા થાય છે. માલ-સામાન અને વાહનોની બાબતમાં યોગ્ય રીતે નાણાંની ચુકવણી થયેલી હોય તો પણ કેટલીક વખત દીવાની દાવાઓ દાખલ થાય છે.

(૩) આ બધું વિચારતાં અને પોતાના પ્રદેશ બહાર મહારાજા સાહેબના રહેવાથી પ્રજાને કોઈ લાભ ન થતાં ઘણો બધો ખર્ચ થાય છે તે પણ જોતાં, એ સ્પષ્ટ છે કે, મહારાજા સાહેબે કારણ વગર પોતાના પ્રદેશની બહાર રહેવું નહિ.



## પ્રકરણ-૯

# કીર્તિ

**કીર્તિ સહજ નથી ધીરજ જરૂરી**

(૧) મહારાજા સાહેબે પોતે ઉત્તમ કીર્તિમાન વ્યક્તિ તરીકે પ્રસિદ્ધ થવા અધીરા થવું નહિ. લોકોનું ભલું કરનાર સારા રાજકર્તા માટે કીર્તિની આકાંક્ષા વાજબી અને સ્તુત્ય હોય છે. ઉદાત્ત પુરુષ માટે, પોતે લોકોના સુખકર્તા અને દુ:ખહર્તા છે એવી જગતમાં માન્યતા મેળવવા કરતાં વધુ સંતોષકારક બીજી કોઇ વાત નથી. પરંતુ કીર્તિ પ્રાપ્ત કરવા માટે વખતની જરૂર છે. ઉચ્ચતમ આશય, નિ:સ્વાર્થપણું, ધીરજ માંગતો અને કાળજીપૂર્વકનો અભ્યાસ અને સાર્વજનિક હિત માટે સતત સખત પ્રયાસ તેમજ શુદ્ધતમ આશયવાળી લાંબા સમયની કામગીરી વ્યક્તિને સર્વકીર્તિ આપે છે. આ કીર્તિ મેળવવાનો બીજો ટૂંકો માર્ગ નથી. જે રાજકર્તા આ હકીકત સમજે છે, તે અકુદરતી અને દોડાદોડવાળી કામગીરીમાં પડશે નહિ. આવી કામગીરી ઘણી બધી પ્રસ્થાપિત વાતોમાં દખલગીરી ઊભી કરશે. કીર્તિના બદલે ફક્ત નામોશી જ મેળવશે. વાસ્તવમાં સરળ માર્ગ જ સ્થિરતાથી અખત્યાર કરવો જોઇએ.

**પ્રશંસાની એષણા નહિ**

(૨) રોજેરોજ અને ડગલે ને પગલે લોકોના ધન્યવાદ મેળવવા પાછળ જે રાજકર્તા દોડશે તે પોતાની જાતને દુ:ખી કરશે. દુનિયામાં લોકોને પોતાનાં ઘણાં કામો હોય છે અને તેઓ વારંવાર રાજકર્તાઓની પ્રશંસા કરે એટલો એમને વખત પણ હોતો નથી. અને ખરેખર જગતે આટલું ગાંડું પણ થવું જોઇએ નહિ કે એના ધન્યવાદ સાવ સોંઘા થાય અને રાજકર્તાઓને ક્ષુલ્લક કારણસર પણ તે મળે.

**ભાડૂતી ખુશામતિયા અને નિષ્ફળતા**

(૩) જે રાજકર્તા કીર્તિ મેળવવાની બાબતમાં ધીરજ રાખતા નથી, જેને રાહ જોવાની ઇચ્છા નથી, તે અખબારોનો આશરો લઇ પોતાને વિષે અત્યુક્તિવાળી વાતો લખાવે છે. ભાડૂતી ખુશામતિયાઓ રાજકર્તાનાં અત્યંત ક્ષુલ્લક

કાર્યો અંગે પણ સ્તુતિપૂર્ણ લાંબાં લાંબાં લખાણો છપાવશે. તેઓ રાજકર્તાનાં ડહાપણ, પ્રજાપ્રેમ અને કલ્યાણ માટેની ભાવનાની પ્રશંસા કરવા જાહેર જનતાને કહેશે. આવી રીતે કીર્તિ મેળવવામાં અધીરાઇ કરવી એ સારું નથી, અને આનું પરિણામ નરી નિષ્ફળતાંમાં જ નીવડશે. સમજદાર જનતા, ભાડૂતી ચમચાઓએ રાજકર્તા વિષે પ્રચલિત કરેલા અતિશયોક્તિભર્યા અગર ખોટા દાવાઓને થોડા વખતમાં જ સમજી જાય છે.

**કીર્તિની પાત્રતા**

(૪) યુવાન રાજકર્તાને માટે સારામાં સારી સલાહ તો એ છે કે સતત મક્કમતાથી અને ડોળ વગર સારાં કામો કરો અને એ રીતે કીર્તિને પાત્ર બનો. પછી કીર્તિ મળવાની હોય ત્યારે મળે તે તેના ઉપર જ છોડો. ખાતરી રાખો કે કીર્તિ મળવાની જ છે.



## પ્રકરણ-૧૦

# વકીલોનાં અંગત નિવેદનો

૧૯મી ઓક્ટોબર, ૧૮૮૧

**શ્રીમંત સમક્ષ વકીલોને રજૂઆત કરવા દેવી ?**

(૧) મહારાજા સાહેબને પ્રસંગ પ્રમાણે ક્યારેક ક્યારેક જાતે ખાતરી કરી લેવા અને ન્યાય બરાબર અપાય છે કે કેમ, તે જોવા કોઇ કિસ્સામાં ગુણદોષમાં ઊતરવું પડશે. આ સાચું અને યોગ્ય છે. પરંતુ પ્રશ્ન એ છે કે તે માટે મહારાજા સાહેબે વકીલો, મુખત્યારો વગેરેને પોતાની રૂબરૂ હાજર થઇ અસીલોના પ્રકરણ અંગે દલીલો કરવા દેવી કે કેમ ?

**ના**

(૨) મહારાજા સાહેબે આવી કાર્યવાહી કરવાનું ઇચ્છવાયોગ્ય નથી. ગવર્નરો પણ વકીલોને દલીલો કરવા આવવા દેતા નથી. આ માટે સચોટ કારણો છે. પહેલી વાત એ કે મહારાજા સાહેબને ધંધાદારી વકીલોને સાંભળવા પૂરતો વખત પણ મળવાનો નથી. બીજી વાત એ છે કે મહારાજા સાહેબના ગૌરવ અને મહારાજા સાહેબના ઉચ્ચ સ્થાનનો વિચાર કરતાં તે સારું પણ નથી. વળી, મહારાજા સાહેબને ગંભીર મુશ્કેલીઓનો અને મૂંઝવણોનો સામનો કરવો પડે. એટલે પહેલો પ્રસંગ આવે ત્યારે જ મહારાજા સાહેબે સૌને જાણ કરી દેવી કે પોતાની રૂબરૂ કોઇ પણ વકીલોને દલીલો કરવા તેઓ પરવાનગી આપશે નહિ. આ પદ્ધતિ બહુ જ દૃઢતાપૂર્વક કાયમ માટે ચાલુ રાખવી પડશે.

**કામના કાગળો ઉપરથી નિર્ણય**

(૩) એક સિદ્ધાંત ધ્યાનમાં રાખવાનો છે. મહારાજા સાહેબે કામના કાગળો જેમાં બન્ને પક્ષ તરફથી કરેલી દલીલો હોય, તેને તપાસી જે તે નિર્ણય લેવો જોઇએ. પક્ષકારોને ખરેખર તે હકીકતો અને દલીલો રજૂ કરવા અગાઉ તક મળેલી હોય છે જ અને છેલ્લી કક્ષાએ મહારાજા સાહેબ પાસે કામ આવે ત્યારે કોઇ નવીન બાબતો રજૂ કરવી યોગ્ય નથી.

(૪) એક સામાન્ય નિયમ તરીકે ખુદ પક્ષકારો કે તેમના વકીલો મહારાજા સાહેબ જ તેમને સાંભળે એવો હક ધરાવી ના શકે. છતાં કોઇ ખાસ કિસ્સો હોય અને મહારાજા સાહેબને સુનાવણી પોતાની આગળ થવા દેવાનું યોગ્ય લાગે તો મહારાજા સાહેબે પક્ષકારોને બોલાવીને તેમને સાંભળવા. આ પ્રમાણેની કાર્યરીતિ સલામત, સગવડવાળી અને ગૌરવપૂર્ણ હશે.

**ખાસ કિસ્સામાં પક્ષકારોને સાંભળવા**



# પ્રકરણ-૧૧

## પ્રતિનિધિમંડળો

૧૬મી નવેમ્બર, ૧૮૮૧

(૧) મહારાજા સાહેબે પ્રતિનિધિમંડળોને પોતાની સમક્ષ આવવા દેવામાં અને તેમને સાંભળવામાં બહુ કાળજી લેવી પડશે. લોકોને ખબર પડે કે મહારાજા સાહેબ પ્રતિનિધિમંડળોને મળવા રાજી છે, તો એમની સાથે પાર વગરની મુલાકાતો માટે માંગણીઓ આવશે. પછી તેમની પ્રજાનાં પ્રતિનિધિમંડળો આવશે, નજીકનાં શહેરો કે કસબાઓમાંથી આવશે અને મુંબઇ અને પૂનાનાં તેમજ તેથી પણ દૂરના સમાજનાં પ્રતિનિધિમંડળો મુલાકાતોની માગણી કરશે. તેઓ લાંબાં લાંબાં નિવેદનો કરશે, મોટાં મોટાં ભાષણો કરશે. મહારાજા સાહેબને તકલીફ થાય એટલી હદે લંબાણમાં ચર્ચામાં ઊતરશે. તેઓ મહારાજા સાહેબ પાસેથી ચોક્કસ આશ્વાસનો મેળવવા પ્રયત્ન કરશે. વળી મહારાજા સાહેબ સાથે દીવાની, ધાર્મિક , રાજકીય, કલા-કારીગરી સંબંધી અને બીજી કેટલીય બાબતો અંગે ચર્ચા ચલાવી મહારાજા સાહેબને મૂંઝવણમાં મૂકશે. પરિણામ એ આવશે કે મહારાજા સાહેબ તેમને કોઇ પ્રતિભાવ આપે કે ન આપે તે બધાંની જાહેરમાં ટીકા થશે. આવા પ્રસંગે મહારાજા સાહેબની સખત ટીકા કરવામાં કોઇ બાકી રાખશે નહિ.

**મહારાજા સાહેબ દરેકને મળે નહિ**

(૨) સામાન્ય નિયમ એવો રાખવો કે, કોઇ સાધારણ પ્રતિનિધિ મંડળ મળવા માંગતું હોય તો મહારાજા સાહેબે તેને પોતાના કોઇ જવાબદાર અધિકારીઓને મળવા જવા કહેવું. દા.ત. મહેસૂલ બાબત હોય તો તે ખાતાના વડાને ત્યાં મોકલવા. કોઇ પ્રતિનિધિમંડળ કેળવણી અંગે રજૂઆત કરવા માંગતું હોય તો તેને કેળવણી ખાતાના વડાને ત્યાં જવા કહેવું. આવું જ બીજી બાબતો માટે ધોરણ રાખવું. ખાતાના વડા પ્રતિનિધિમંડળને મળશે. તેમને પૂરી રીતે સાંભળશે અને જે કાંઇ જરૂરી અગર

**સામાન્ય પ્રતિનિધિ મંડળો મંત્રીઓને મળે**

ઇચ્છવાયોગ્ય હશે તે કરશે. વધુ મહત્ત્વની બાબતો અંગે રજૂઆત હશે તો તે પ્રતિનિધિ મંડળ દીવાન અગર મુખ્ય પ્રધાનને મળે, એ ખૂબ જ અનુકૂળ ઉપક્રમ થશે. કામકાજ અંગે મળવા માગતાં પ્રતિનિધિમંડળો માટે આ પદ્ધતિ અનુકૂળ રહેશે.

**અગત્યના પ્રસંગે દીવાનની સલાહ**

(૩) જ્યારે પ્રતિનિધિમંડળના સભ્યો કે જે તે પ્રસંગ કે બાબત ખૂબ મહત્ત્વનાં હોય ત્યારે મહારાજા સાહેબ તેવાં મંડળોને પોતે મળવાનું સ્વીકારે તે બરોબર છે. આવા પ્રસંગો અપવાદરૂપ જ હોય અને દીવાન સાથે પરામર્શ કરીને જ તેવા અપવાદો કરવા ઘટે.

**દીવાનને અગાઉથી જાણ**

(૪) આવા જૂજ કિસ્સાઓમાં પણ દીવાનને અગાઉથી જ પ્રતિનિધિમંડળનો હેતુ શું છે, કયા સ્વરૂપનું પ્રતિનિધિમંડળ છે, તેની જાણ કરવી. દીવાને પ્રતિનિધિમંડળનું લેખિત વિનંતીપત્ર / નિવેદન અગર રજૂઆત જોઈ જવાં. આમ થશે તો તેઓ મહારાજા સાહેબને પ્રતિનિધિમંડળ સાથે વાતચીત કરવા માટે યોગ્ય રીતે તૈયાર કરી શકશે.

**જવાબમાં સાવધાની, મંત્રીને સોંપણી**

(૫) પ્રતિનિધિમંડળે ઊભા કરેલા પ્રશ્નોના મહારાજા સાહેબે આપવાના જવાબો બહુ કાળજીપૂર્વક અને સાવધાનીથી તૈયાર કરવા જોઈએ. સ્પષ્ટ અને ચોક્કસ જવાબ આપી શકાય તેમ હોય તો જરૂર તેમ કરવું. પરંતુ, દરેક બાબતમાં તત્કાળ સ્પષ્ટ અને ચોક્કસ જવાબો આપવાનું શક્ય બનશે નહિ. કારણ, આવા જવાબો આપતાં પહેલાં જે તે બાબતની કાળજીપૂર્વક અને ગંભીર વિચારણા કરવી જરૂરી છે. આવી બાબતમાં મહારાજા સાહેબે જાતે બંધાઈ જવું જોઈએ નહિ. પોતાને શું લાગે છે તે વ્યકત કરવું ન જોઈએ, કોઈ પગલાં ન ભરવાં જોઈએ. કારણ આવું કરવાથી મુશ્કેલી ઊભી થવાનો સંભવ છે. મંડળને આશા બંધાય તેવા જવાબો ન હોવા જોઈએ. મહાસજા સાહેબના તો નહિ જ. રજૂઆત ઉપર બાદમાં ગંભીર વિચારણા કરવાની જરૂર હોય. તેથી મહારાજા સાહેબ પોતાના જવાબથી કોઈ પણ અભિપ્રાય અથવા કાર્ય માટે ઉતાવળે કે અસાવધરીતે



બંધાઈ જાય એમ થવું ન જોઈએ. જવાબથી અપેક્ષા ઊભી ન થવી જોઈએ અને વચન તો ન જ આપવું જોઈએ, જે અનુસાર ભવિષ્યમાં વર્તવાનું મુશ્કેલ કે મૂંઝવણભર્યું પણ થાય. ટૂંકમાં, આ બધા જવાબો આપવામાં ખૂબ પરખશકિત અને કુનેહની જરૂર છે. જેને માત્ર ભાષામાં ભૂલ વગર લખતાં આવડે છે એવો સામાન્ય માણસ આવા જવાબો તૈયાર કરી શકશે નહિ. મહારાજા સાહેબે પોતાના કોઈ જવાબદાર અધિકારીને આવા જવાબો તૈયાર કરવાનું કામ સોંપવું જોઈશે. આ જ સારી પદ્ધતિ છે. યુરોપના રાજકર્તા પણ આ જ માર્ગ અપનાવે છે.

# પ્રકરણ-૧૨

# પરામર્શ

૧લી ડિસેમ્બર, ૧૮૮૧

**હેતુ : સાચો નિર્ણય**

(૧) થોડાં અઠવાડિયાં પહેલાં આપણે અહીં મળ્યા ત્યારે મહત્ત્વની બાબતમાં મહારાજા સાહેબે યોગ્ય સલાહ લેવાની જરૂરિયાતનું મહત્ત્વ મેં લંબાણપૂર્વક સમજાવ્યું છે. મહત્ત્વના સરકારી કામમાં સલાહ લઈ સાચી તારવણી કરવી જોઈએ. તેનું મહત્ત્વ કેટલું છે અને સરકારનું કામ સારી રીતે ચલાવવા તેની જરૂર બતાવવા અને સમજાવવાનો મારો આશય હતો.

**મ. સા. કોની સલાહ લે**

(૨) પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે મહારાજા સાહેબે સલાહ કોની લેવી ? ગમે તેની અને હરકોઈની સલાહ લેવાની તો ના જ હોય. સંખ્યાબંધ લોકો મહારાજા સાહેબને પ્રત્યેક બાબતમાં કોઈ ને કોઈ સલાહ આપવા તત્પર જ હોય છે. એમાં એમનું માન વધે છે. ખરેખર, કશું જાણતા ન હોય એવા માણસો સુધ્ધાં કોઈ પણ બાબતમાં સલાહ આપવા હંમેશા આગળ આવી જ જતા હોય છે.આવા લોકોને તેમની સલાહના સાચાપણાની શંકા હોતી નથી કે સલાહ ખોટી પડશે તો પડનારી તકલીફોનો ખ્યાલ હોતો જ નથી. તેનો તે વિચાર પણ કરતા નથી.

**સલાહકારોની કાળજીથી પસંદગી**

(૩) મહારાજા સાહેબે તેમના સલાહકારો પસંદ કરવામાં ભારે કાળજી લેવી જોઈએ અને સાચી પરખ શક્તિ બતાવવી જોઈએ. મહારાજા સાહેબની ફરજોમાં આ એક અત્યંત મહત્ત્વની અતિઆવશ્યક ફરજ છે. કોઈ પણ રાજકર્તાની સફળતા માટે આ એક અત્યંત જરૂરી પૂર્વશરત છે.

**જરૂરી યોગ્યતા**

(૪) મહારાજા સાહેબે નીચેની લાયકાત ધરાવતા સલાહકારોની ખૂબ જ કાળજી અને બુદ્ધિપૂર્વક પસંદગી કરવાની સમજ રાખવી જોઈએ.



**સાચું જ્ઞાન**

(ક) સંબંધકર્તા કામકાજ બાબત સિદ્ધાંતો, નિયમો અને શાસ્ત્રીય જ્ઞાન.

**વ્યવહારુ અનુભવ**

(ખ) આ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરવો અને તે માટે કઈ વિગતોની જરૂર છે, તે અંગેનો વ્યવહારુ અનુભવ.

**સત્યપ્રિયતા**

(ગ) વ્યક્તિને કામ પાર પાડવા પ્રેરણા આપે તેવા સત્યપ્રિયતા, ન્યાયપ્રિયતા અને નિઃસ્વાર્થીપણાના ગુણો.

**યોગ્યતા બરાબર સમજવી**

(૫) આ લાયકાતોની મહારાજા સાહેબે સારી સૂઝ રાખવી અને આવી લાયકાત ધરાવનારા સલાહકારો પસંદ કરવા જોઈશે. આથી તેઓ વિશ્વભરમાં સાબિત કરી શકશે કે એમના પોતાનામાં પણ કાર્યકુશળતા અને નિર્ણયશક્તિ છે. રાજ-કર્તાની ખ્યાતિ અને યશ મોટાભાગના સલાહકારોની સાચી પસંદગી કરવા ઉપર જ આધાર રાખે છે તેમાં શંકા નથી.

**અન્યોની સલાહ નહિ**

(૬) આગળ જે કહ્યું તે પરથી જણાશે કે સંક્ષેપમાં દર્શાવેલી આ લાયકાતો ધરાવતી ન હોય તેવી વ્યક્તિ પાસેથી મહારાજા સાહેબે કોઈ પણ સલાહ લેવી નહિ. આવી વ્યક્તિઓ પાસેથી મળતી સલાહ જવલ્લેજ ઉપયોગી નીવડશે. ઊલટું આવી સલાહથી નુકસાન થવાનો સંભવ છે. એટલે આવી વ્યક્તિઓ જો મહારાજા સાહેબને સામે ચાલીને સલાહ આપે, અને મોટેભાગે આવા લોકો આવું કરશે જ, તો મહારાજા સાહેબે આ સલાહ ઉપર જરા પણ ધ્યાન આપવું નહિ. જો ધ્યાન અપાય તો વખતનો વ્યય જ થશે. ખરેખર આવા લોકોની સલાહ સાંભળવી પણ ન જોઈએ. આવા લોકો સાથે કોઈકવાર સલાહ-મસલત કરવી એ પણ યોગ્ય નથી. આવી સલાહ-મસલતની ચેષ્ટા થાય તો સમજદાર નાગરિકોને મહારાજા માટેનું બહુમાન અને આમન્યા ઓછાં થાય છે. મહારાજા સાહેબના સાચા હિતચિંતકોનો પણ વિશ્વાસ ગુમાવવાનો સંભવ છે. આવા હિતચિંતકો એવું કહેશે અગર કમમાં

કમ વિચારશે કે મહારાજા સાહેબને લાયક અને ગેરલાયક સલાહકારો વચ્ચેનો ભેદ સમજાતો નથી. મહારાજા સાહેબની નિર્ણયશક્તિમાંથી પણ તેમનો વિશ્વાસ ઊઠી જશે. કોની સલાહ પ્રમાણે મહારાજા સાહેબ ચાલશે તે કહેવાય નહિ. કોઈ પણ અણધારી ચેષ્ટા થઈ શકે છે, એમ કહેશે.

**શાણી સલાહ નકારવી નહિ**

(૭) મેં આ વિષય ઉપર લંબાણથી કહ્યું છે. કારણ, મને ખબર છે કે, દેશી સંસ્થાનોમાં ઘણા બધા આવા બનાવો બન્યા છે કે સારામાં સારી અને ખૂબ ડહાપણભરી સલાહ માનવામાં આવી નથી અને કાવતરાં કરનારાઓ અને કારકુનોની પણ સલાહ માનવામાં આવી છે. સાવ સાદા જાસૂસની કે હલકટવૃત્તિવાળા ઉપાધ્યાયની કે ચતુર ગાયકની સલાહ માની, સારી સલાહની અવગણના થઈ છે. આ કારણે દેશી સંસ્થાનોમાં ગેરવહીવટ થવા પામેલ છે અને કેટલાકની તો પાયમાલી પણ થઈ છે.

**અયોગ્ય સલાહકારને ટાળો**

(૮) ઉપર કહેલાં સૂચનોને ધ્યાનમાં રાખીને અને તેનો સાર ગ્રહણ કરી મહારાજા સાહેબ તેમને આડે રસ્તે વાળતા નાલાયક સલાહકારોની ટોળીથી પોતાની જાતને બચાવી શકશે. દેશી સંસ્થાનોના દરબારમાં આવા લોકો ઘણા હોય છે. તેઓ હંમેશા સલાહ આપવાની અને સલાહ માટે દબાણ કરવાની કોઈ પણ તક ચૂકતા નથી. આવા નાલાયક સલાહકારોથી મુક્તિ મેળવવી એ મહારાજા સાહેબ માટે ઘણું સારું થશે. એટલે મહારાજા સાહેબ કોઈ અમુક વ્યક્તિની કોઈ પણ બાબતમાં સલાહ માંગે અગર સ્વીકારે તે પહેલાં, પોતે પોતાને આ સવાલો પૂછવા જોઈશે. " આ વ્યક્તિને આ વિષયમાં શાસ્ત્રીય કે વ્યાવહારિક જ્ઞાન છે ? આ માણસ સત્યપ્રિયતા માટે, ન્યાયપ્રિયતા માટે, નિઃસ્વાર્થીપણા માટે જાણીતો છે ? " આ સવાલોનો જો હકારમાં જવાબ આવતો હોય તો એમ માનવું કે સંબંધકર્તા વ્યક્તિ લાયક સલાહકાર છે. પરંતુ આ સવાલનો જવાબ હકારમાં આપી શકાય તેમ ન હોય તો સંબંધકર્તા વ્યક્તિ લાયક સલાહકાર નથી એવું સમજવું.



**સલાહકારોમાં મતભેદ**

(૯) આપણે માની લઈએ કે, લાયક સલાહકારો પસંદ કરવાની રીત મહારાજા સાહેબે સહેલાઈથી શીખી લીધી છે. આ લાયક સલાહકારો કોઈ બાબતમાં મહારાજા સાહેબને એકમત થઈ એક જ સરખી સલાહ આપે તો બહુ સારી વાત છે, પરંતુ એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે કે આ લાયક સલાહકારોની સલાહમાં પણ જુદા જુદા મત પ્રવર્તે છે અને તેઓ એક બીજાથી વિરુદ્ધ સલાહ આપે તેમ પણ બને. આ પ્રસંગે શું કરવું ? અનેક પ્રસંગોમાં મહારાજા સાહેબને એવી પરિસ્થિતિનો સામનો કરવો પડશે. એટલે મહારાજા સાહેબે આવા સંજોગોમાં કેમ આગળ વધવું જોઈએ તે જાણવું ઈચ્છનીય છે.

**કાળજીથી નિર્ણય કરવો**

(૧૦) જ્યારે લાયક સલાહકારો એકમેકથી વિરુદ્ધ સલાહ આપતા હોય ત્યારે કઈ સલાહ સ્વીકારવી તે બાબતમાં નિર્ણય લેવાની મહારાજા સાહેબ ઉપર જવાબદારી આવી પડે છે. આવો નિર્ણય લેવો એ મહારાજા સાહેબની એક મોટી ફરજ છે અને મહારાજા સાહેબે આ ફરજ બુદ્ધિપૂર્વક અને કાળજીપૂર્વક અદા કરવી જોઈએ.

**જવાબદાર અધિકારીની સલાહ પસંદ કરવી**

(૧૧) મહારાજા સાહેબને આ મહત્ત્વની અને જરૂરી ફરજ અદા કરવામાં ખૂબ જ ઉપયોગી નીવડે તેવી કેટલીક નાનીનાની સૂચનાઓ આપવા હું ઈચ્છું છું. સલાહકારની પસંદગી કરવામાં ઘણી બાબતોનો સમગ્રતયા ખ્યાલ રાખવો જોઈએ, તેમાંથી મુખ્ય બાબતો હું અહીં રજૂ કરું છું. જેના ઉપર કામની પ્રત્યક્ષ જવાબદારી છે, તેની સલાહ વધુ પસંદ કરવા જેવી હોય છે. જેના ઉપર જવાબદારી નથી, એ માણસ ભલે લાયકાત ધરાવતો અને શુદ્ધ દાનતવાળો હોય, છતાં જેના ઉપર પ્રત્યક્ષ જવાબદારી છે, એને સારી રીતે નિર્ણય ઉપર આવવા માટે જે સંજોગો હોય છે, તે પ્રત્યક્ષ જવાબદારી ન ધરાવતી વ્યક્તિ પાસે હોતા નથી. જેને પોતાની જવાબદારીનો પૂરો ખ્યાલ હોય, ખોટું થાય તો પોતાની આબરૂ જાય એવું લાગતું હોય, પોતે મહારાજા સાહેબને વાજબી સલાહ ન આપે તો તે સારું નહિ, એવું જેને લાગતું હોય એવા માણસો જ શાણી સલાહ આપે. જેના ઉપર પ્રત્યક્ષ જવાબદારી હોતી નથી, તેની સલાહ સાચી હોય પણ નહિ. તેની સલાહ માનવામાં સલામતી નથી એવું માનવું.

**તેમની સલાહ લિખિત જોઈએ**

(૧૨) સાચી સલાહની આ સલામતીનો પૂર્ણ ફાયદો મળે તે માટે મહારાજા સાહેબે સલાહકારોને મહત્ત્વના પ્રસંગોમાં કહેવું જોઈએ કે તેમણે સલાહ કાગળ ઉપર મૂકવી અને આ સલાહ પાછળનાં કારણો આપવાં, અને આવા નિવેદન ઉપર તારીખ નાખી સહી કરવી. એવો અનુભવ છે કે ઘણા લોકો વાતચીતમાં વિચાર કર્યા વગર અને હળવાશથી માહિતી આપે છે, તેઓ તેમણે જે કાંઈ મોઢે કહેલ છે, તે લખી આપવાનું કહેવામાં આવે ત્યારે ખૂબ જ જવાબદારી દાખવે છે. જે જે કાંઈ તેઓ લખશે તે સ્પષ્ટ હશે અને મોઢેથી કહેલી વાતો કરતાં મુદ્દાસર હશે.

**નિષ્ણાતની સલાહ ઇષ્ટ**

(૧૩) કોઈ સામાન્ય સિદ્ધાંતની બાબતમાં સલાહ આપવાની વાત હોય ત્યારે જે વ્યક્તિ આવા સિદ્ધાંતો બાબત સારી રીતે જાણકારી ધરાવતી હોય તેની સલાહ વધુ પસંદ કરવી. જ્યારે પ્રત્યક્ષ કામના અનુભવની વાતની સલાહ હોય તો જે વ્યક્તિને એવો પ્રત્યક્ષ અનુભવ હોય તેની સલાહ વધુ પસંદ કરવી.

**અને બહુમતી**

(૧૪) બીજી બધી બાબતનો વિચાર કરતાં એવું પણ લાગે છે કે લાયક અને જવાબદાર સલાહકારોની બહુમતીથી આપેલી સલાહ લઘુમતીથી આપેલી સલાહ કરતાં વધુ પસંદ કરવી.

**થોડા અગત્યના મુદ્દા**

(૧૫) બીજી બધી બાબતની વિચારણા કરીને એવું લાગે કે આપેલી કોઈ સલાહના કારણે વિદ્યમાન પરિસ્થિતિમાં સૌથી ઓછી ડખલ થશે તો તેવી સલાહ સ્વીકારવી. જનતાની ભાવના અને ઇચ્છાની વિરુદ્ધ ન હોય એવી સલાહ બીજી બધી વિચારણાને આધીન રહીને પસંદ કરવી. પડોશીની-ખાસ કરીને બ્રિટિશ સરકારમાં જે માર્ગ અખત્યાર કરાતો હોય તેની સાથે બંધ બેસે તેવી સલાહ હોય તો તે સ્વીકારવી. હિંદ સરકારની અનુમતિ મળે એવી શક્યતાવાળી સલાહ રાજ્યના હિતની દૃષ્ટિએ સ્વીકારવી. આ પહેલાં જે મહત્ત્વની માર્ગદર્શક સૂચનાઓ જણાવી છે, તે બધી અથવા તેમાંની કેટલીક મહારાજા સાહેબ



ખાસ ધ્યાનમાં લેશે તો કઇ સલાહ સ્વીકારવી અને કઇ ના સ્વીકારવી તેનો ખ્યાલ આવી જશે.

**બંને પાસાંની તુલના**

(૧૬) સૌથી મૂંઝવતો કિસ્સો એવો બને કે જેમાં આ પહેલાં ચર્ચેલા મુદ્દા બરોબર લાગુ પડતા ન હોય, કેટલીક વિચારણાઓ આ કિસ્સામાં વિરોધી છે, અને કેટલીક તરફેણમાં છે એવું લાગે. આવા પ્રસંગે જે વિચાર વિરુદ્ધના છે અને જે વિચાર તરફેણમાં છે એને બરોબર જોખી જવા અને બંને પાસાં સમાન થાય તે અનુસાર મહારાજા સાહેબે નિર્ણય કરવો. આ જુદા જુદા વિચારો કેવી રીતે જોખવા અને એમાંથી બરોબર શું છે તે શોધી કાઢવું તે ક્રિયા કેવી રીતે કરવી તે કહેવું બહુ અઘરું છે. પરંતુ આદત અને મહાવરા ઉપર તે આધારિત છે.

**મહારાજા સમક્ષ સલાહકારોની ચર્ચા**

(૧૭) સક્ષમ અને જવાબદાર સલાહકારોને મહારાજા સાહેબે પોતાની હાજરીમાં તેમનાં જુદાં જુદાં મંતવ્યોની ચર્ચા કરવા મોકળાશ આપવી. આવું થાય તો કોઇ પણ પ્રશ્નના સાચા નિર્ણય ઉપર આવવું મહારાજા સાહેબ માટે વધુ સરળ થશે. આ ચર્ચામાં મહારાજા સાહેબે પોતે પણ ભાગ લેવો અને મંતવ્યો અંગે જે કાંઇ કારણો રજૂ થયાં હોય તે સબંધમાં પ્રશ્નો પૂછવા જોઇએ. આવી ચર્ચાનાં કારણે તેમનાં પરસ્પરનાં મંતવ્યોમાં જે અંતર હશે તે કદાચ ઓછું થઇ જશે, અને એક સામાન્ય નિર્ણય ઉપર આવવાનું શક્ય બનશે.

**સંમતિ ન સધાતાં મુલતવી**

(૧૮) પરંતુ, આવા સામાન્ય નિર્ણય ઉપર કદાચ ન પણ અવાય અને જો મહારાજાને એવું લાગે કે, ઉપર સૂચવેલી વિચારણાના અંતે પણ કોઇ એકસરખા નિર્ણય ઉપર આવી શકતા નથી તો સૌથી સલામત માર્ગ એ છે કે આ બાબતનો નિર્ણય કરવાનું આગળ ઉપર મુલતવી રાખવું. થોડા વખત પછી ફરી વિચારણા કરી, નિર્ણય લઇ શકાશે.

અથવા મુખ્ય પ્રધાનને સોંપવું

(૧૯) છતાં જો આગળ ઉપર મુલતવી રાખવું શક્ય જ ન હોય અને સંજોગોવશાત્ તાત્કાલિક નિર્ણય લેવાનું જરૂરી હોય તો સૌથી સલામત માર્ગ એ છે કે, મહારાજા સાહેબે પોતાના જવાબદાર એવા મુખ્ય પ્રધાનની સલાહ લેવી. બીજા કોઇ કરતાં એમની સલાહને વધારે મહત્ત્વ આપવું અને એમના ઉપર જ વિશ્વાસ રાખવો.



# પ્રકરણ-૧૩

## કામગીરી

૭મી ડિસેમ્બર, ૧૮૮૧.

કાર્યભાર ઉપર મર્યાદા

(૧) મહારાજા સાહેબે કામનો વધુ પડતો બોજ પોતા પર રાખવો નહિ. પોતાનું આરોગ્ય બગડે એટલી બધી કામગીરી કરવી નહિ. પોતાના આનંદપ્રમોદમાં કાપ મૂકવો પડે અગર ઓછા કરવા પડે, કે કામને સારી રીતે ન્યાય આપવા જે જ્ઞાન અને પૂરતી વિચારણાની જરૂર છે, તે શક્ય ન થાય તે રીતે કામ કરવું ન જોઇએ.

આજીવન કામગીરી

(૨) એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે મહારાજા સાહેબને જીવનભર કામ કરવાનું છે. થોડાં વર્ષો મહારાજા સાહેબ સખત કામગીરી કરે અને પછી કામ કરવામાંથી નિવૃત્તિ મેળવે એવું તો શક્ય નથી. આ પરિસ્થિતિ જોતાં કામગીરી ઉપરનું નિયમન વધુ જરૂરી છે.

ચાર કલાકનું કામ

(૩) સામાન્ય રીતે એમ કહેવાય કે, મહારાજા સાહેબે ચાર કે પાંચ કલાક કરતાં વધુ કામ કરવું નહિ. આમ હોય તો જ પોતાના આરોગ્ય તરફ ધ્યાન આપવા વખત મળશે, આનંદપ્રમોદ માટે, અભ્યાસ માટે , કુટુંબ માટે, સ્વજનો માટે અને ઉત્તમ સુખાકારી માટે પણ વખત રહેશે. કોઇ વખત વધારાની કામગીરી આવી પડે તો મહારાજા સાહેબ આ કામગીરી માટે ભલે વધુ વખત આપે.

દરેક કામ જાતે ન કરો

(૪) મહારાજા સાહેબે ઘણી બધી બાબતોમાં વિગતો મેળવવાની જવાબદારી પોતાના ઉચ્ચ અધિકારીઓ ઉપર નાંખવી. મહારાજા સાહેબ પ્રત્યેક કિસ્સામાં પોતે હુકમો આપે તે જરૂરી નથી.

સામાન્ય પ્રકારના કિસ્સાઓમાં મહારાજા સાહેબે સામાન્ય આદેશાત્મક સૂચનાઓ આપવી એ વધુ સારું થશે. આથી તેમની વધારાની મહેનત અને વખત બચશે. બીજાઓ સારી રીતે કરી શકે તેવી કામગીરી મહારાજા સાહેબે જાતે કરવી નહિ. મહારાજા સાહેબ એક ઇજનેર જેવા છે. ઇજનેરે પોતે યંત્રનું દરેક ચક્ર ફેરવવાનું હોતું નથી. ઊલટું કોઇ ઇજનેર વધુ નિષ્ણાત અને વધુ સફળ ત્યારે જ ગણાય જ્યારે તે પોતાની કામગીરી ઉપર વધારેમાં વધારે દેખરેખ રાખશે, કામમાં સુધારણા થાય એવા ઉપાયો ઘડી કાઢશે અને યંત્ર પાસેથી પોતાનું વધુમાં વધુ કામ કરાવશે.



## પ્રકરણ-૧૪

# ચિંતા કેવી રીતે ટાળવી

**ચિંતાથી બચવું જરૂરી**

(૧)મહારાજા સાહેબની શારીરિક અને બૌદ્ધિક તંદુરસ્તી સચવાઇ રહે તે સારુ તેમણે વધુ પડતી અને નુકસાન કરતી ચિંતામાંથી પોતાની જાતને બચાવવી જોઇએ. મહારાજા સાહેબ જરૂરી સાવચેતીનાં પગલાં ન લે તો આવી ચિંતા સતત રહેવાની જ છે.

**ચિંતાનો ઉદ્‌ભવ**

(૨) સંખ્યાબંધ વ્યક્તિઓ મહારાજા સાહેબ આગળ દબાણપૂર્વક આજીજીઓ કરી તેમને હેરાન કરશે. તેમની પાસેથી જુદા જુદા પ્રકારના લાભો મેળવવા આવી આજીજી થશે. આ આજીજીઓ અને વિનવણીઓ નીચેના પ્રકારની હશે.

(ક) નિયુક્તિ, બઢતી, પગાર વધારો, એકથી બીજી જગ્યાએ બદલી કરવી વગેરે માટેની માગણીઓ.

(ખ) નિમણૂકો એનાયત કરવા, નિમણૂકોની રકમમાં વધારો કરવા, બંધ કરેલ હોય તો ચાલુ કરવા, ખાલસા કરવા કે કમી કરવા માટે માગણીઓ.

(ગ) વર્ષાસન આપવાની કે ચાલુ વર્ષાસનમાં વધારો કરવાની, વર્ષાસન ખાલસા કરેલ હોય તો ફરી ચાલુ કરવાની, ખાલસા કરવાની અગર કમી કરવાની માગણીઓ.

(ઘ) ઝવેરાત બક્ષિસ આપવાની, પોશાક આપવાની, લગ્ન માટે નાણાં આપવા માટેની માગણીઓ.

(ચ) સીધા માટેની માગણીઓ.

(છ) વાહન લેવા, ઘોડો લેવા, વગેરે માટે કરજની માગણીઓ.

(જ) કરજ રૂપે નાણાં આપવાની, પેશગીની, નિમણૂકની, વગેરે માગણીઓ.

(ઝ) જે કિસ્સામાં નિર્ણય થઇ ગયેલ હોય તેવા કિસ્સામાં નિર્ણય રદ કરવાની, ફેરફાર કરવાની અગર તો એ કિસ્સો ફરીથી ઊભો કરવાની માગણીઓ.

(ટ) ધર્માદા અને ધાર્મિક કાર્યો માટે અનુદાન અને ફાળા માટે માગણીઓ અને આવી બીજી માગણીઓ.

**સામાન્ય નિયમ**

(૩) આવી માગણીઓના કારણે ચિંતા ઊભી થવા સંભવ છે. તે ચિંતાને દૂર કરવા માટે કેટલાક સામાન્ય સિદ્ધાંતો નજર આગળ રાખવાની અને યાદ રાખવાની જરૂર છે. ટૂંકમાં તે નીચે મુજબ છે :-

**વિભાગના વડાઓને ડખલ નહિ**

(૧) જે કિસ્સાઓમાં મહારાજા સાહેબે પોતાના ખાતાના વડાઓને નિર્ણય કરવાનો અધિકાર આપેલ છે તે કિસ્સામાં મહારાજાએ કંઇ ડખલગીરી કરવાનો ઇન્કાર કરવો. આવું કરવું સાચું અને યોગ્ય જ છે.

**યોગ્ય માર્ગે અરજી**

(૨) ઘણા બધા કિસ્સાઓમાં મહારાજા સાહેબે અરજદારને કહેવું કે તેણે લાગતાવળગતા ખાતાના અધિકારી મારફતે માગણી કરવી.

**ખર્ચમાં વધારો અશક્ય**

(૩) કેટલાક કિસ્સાઓમાં મહારાજા સાહેબે કહેવું કે એક નિયમ તરીકે ખર્ચની મર્યાદામાં વધારો કરવો એમને માટે શક્ય નથી. કારણ કે વિદ્યમાન આવક કરતાં ખર્ચ ઓછો કરવાનું વધુ મહત્ત્વનું છે.

**પૂર્વદૃષ્ટાંત**

(૪) સંખ્યાબંધ કિસ્સાઓમાં પાછલા દાખલામાં જે નિર્ણય લીધેલો હોય તે અનુસાર માગણીઓનો નિકાલ કરવો.



**પૂર્વનિર્ણય ઉખેળવો નહિ**

(૫) બાકીના કિસ્સાઓમાં એક વાત યાદ રાખવી કે એક વખત જે બાબતની સંપૂર્ણ વિચારણા કરી નિર્ણય લેવાયો છે તે બાબત ફરી ઊભી કરવી નહિ. કોઇ તદ્દન નવીન અને સચોટ કારણો ઉપસ્થિત થાય તો વાત જુદી.

## પ્રકરણ-૧૫

# નિર્ણયશક્તિ

નિર્ણય વૃત્તિ

(૧) જે લોકો ઉચ્ચ સ્થાને બિરાજે છે, અને જેમની પાસે સત્તા છે, ખાસ કરીને રાજકર્તાઓ, તેમણે સાચો નિર્ણય લેવાની શક્તિ કેળવવા સતત પ્રયત્ન કરવો જોઇએ. આ નિર્ણય કરવાની શક્તિ, એ, કિસ્સાના બન્ને બાજુનાં કારણો તપાસી, તોળી, સમતોલ શું સ્થિતિ છે તે સમજવાની એક કળા છે. નિષ્ઠાપૂર્વકના પ્રયત્નોથી આવી શક્તિ વ્યક્તિમાં આવે છે.

બુદ્ધિની દોરવણી

(૨) જુદા જુદા વિકલ્પોમાંથી જો એક વિકલ્પ માટે પસંદગી આપવાની હોય તો તે નિર્ણય ધારાધોરણ વગર યા સ્વચ્છંદી રીતે ન લેવો જોઇએ. આ પસંદગી માટે કોઈ સબળ કારણ હોવું જોઇએ. આ સિદ્ધાંત નાની મોટી બધી બાબતો માટે સરખો લાગુ પડે છે. ટૂંકમાં, દરેક પ્રસંગે કારણો અને વિચારણાને વધુ મહત્ત્વ આપવું જોઇએ. સાચા તર્કને અનુસરીને જે રાજવી વર્તે તે હંમેશા સલામત માર્ગ ઉપર જ હશે.

કારણો પૂછો

(૩) રાજકર્તાને કોઇ પણ વ્યક્તિ કોઇપણ બાબતમાં કોઇ ભલામણ કરે, તો તેમણે, તે વ્યક્તિની ભલામણ પાછળ કયાં કારણો છે, તે પૂછવું; કારણ કે દરેક બાબતમાં સહેતુક કામ કરનાર રાજકર્તાની સ્થિતિ મજબૂત થાય છે. બધા સમજદાર માણસો તેમની સાથે હોય છે. પ્રજાની સહાનુભૂતિનું પીઠબળ તેમને મળી રહે છે. સામાન્ય જનતા પણ તેમની સાથે જ રહેશે.

બહેતર નિર્ણયશક્તિ

(૪) વિવેકબુદ્ધિની શક્તિ એક વ્યક્તિને બીજા કરતાં મહત્ત્વની રીતે જુદી પાડી દે છે. એક સરખા સંજોગો-વાળી બે વ્યક્તિમાં, જે નિર્ણય કરવાની શક્તિ ધરાવે છે, તેને જ વધારે યશ મળવાનો છે.



નિત્ય વાચનથી નિર્ણયશક્તિ કેળવો

(૫) પરંતુ આ નિર્ણયશક્તિ એ કાંઇ અંદરથી સ્ફુરનારો ગુણ નથી. એ સાતત્યથી અને ધીરજથી કેળવવી પડે એવી શક્તિ છે. તેના સાચા ઉપયોગ માટે અફર પાયાના સિદ્ધાંતોની મોટી મૂડી જરૂરી છે.

પ્રથિત યશ અને મહાન વ્યક્તિઓએ અઘરા અને ગૂંચવણભર્યા પ્રસંગે કેવી રીતે નિર્ણયો લીધા હતા એનો અભ્યાસ કરવાનું ઇચ્છનીય છે. આ માટે દૈનિક વાચનનો અમુક ભાગ આ હેતુ માટે રાખવો બહુ ઉપયોગી થઇ પડશે.

# પ્રકરણ-૧૬

## દરખાસ્તો

**સંપૂર્ણ છણાવટ**

(૧) જ્યારે જ્યારે મહારાજા સાહેબની વિચારણા માટે કોઇ દરખાસ્ત આવે ત્યારે એ દરખાસ્ત (ક) તેમને પોતાને, (ખ) તેમની હકૂમતની પ્રજાને, (ગ) બીજાં રાજ્યોની પ્રજાને, (ઘ) બ્રિટિશ સરકારને, (ચ) સામાન્ય જનતાને અને (છ) આવા જ પ્રકારના ભાવિ કિસ્સાઓને, કેવી અસર કરે છે તે વિચારવું સારું. આ પદ્ધતિથી મહત્ત્વની બાબતોની ઊંડાણથી તથા સંપૂર્ણ વિચારણા કરી શકાશે.

**પાયાનો સિદ્ધાંત : પોતા માટેની અપેક્ષા મુજબ અન્યને**

(૨) કોઇ બાબતે વિચારણા કરવાની હોય તો તેના માટે એક બીજી મહત્ત્વની કસોટી છે. જે કાર્યવાહી આપણે કરવાની છે, તે બીજા કોઇ કરે તો આપણને કેવું લાગશે, તે જોવું. આ એક મૂળભૂત સિદ્ધાંત છે કે બીજા આપણે પ્રત્યે જે કરે તે આપણને ગમે એવું હોય તો આપણે પણ બીજા માટે તેવું કરવું જોઇએ. મારો કહેવાનો અર્થ એવો છે, કે જે કોઇ બાબતની દરખાસ્ત છે, તે દરખાસ્તની બીજા બધાં ઉપર શું અસર થાય છે, તેને બરાબર તપાસવું જોઇએ. અત્યારે શું અસર કરે છે અને ભવિષ્યમાં શું અસર કરશે, તે પણ જોવું જોઇએ.

**બિનજરૂરી ફેરફારની વૃત્તિ**

(૩) કેટલાક મહારાજાઓને તો એમની આગળ કોઇ દરખાસ્ત આવેલ હોય તેમાં કોઇને કોઇ ફેરફાર કરવાનું ખૂબ ગમતું હોય છે. આવો ફેરફાર કરતી વખતે કોઇ સબળ કારણ પણ હોતું નથી. ફેરફાર કરવા ખાતર જ ફેરફાર કરતા હોય છે. આવી વૃત્તિથી દૂર રહેવું જોઇએ. આવી વૃત્તિના કારણે કામગીરી આગળ ધપતી અટકે છે.

**દરેક ફેરફાર બહેતર નહિ**

(૪) આવી વૃત્તિના મૂળમાં ક્ષુલ્લક અહંકાર છે. આવી વૃત્તિવાળો એવું માને છે કે, પોતાનામાં શ્રેષ્ઠ ડહાપણ છે અને પોતાની આગળ આવેલી દરખાસ્તમાં ફેરફાર કરીને પોતે તે બતાવે છે. પરંતુ તે ભૂલ



છે. પ્રત્યેક ફેરફાર એ કોઇ ચઢિયાતા ડહાપણની સાબિતી નથી. પોતે સૂચવેલા ફેરફાર પાછળ સબળ કારણો હોય તો તેમાં શ્રેષ્ઠતા દેખીતી છે, પરંતુ કોઇ પણ સબળ કારણો વગર ફેરફાર સૂચવેલો હોય અને બીજા આપણા કરતાં ઓછી લાયકાતવાળા છે અને આપણે વધારે ડાહ્યા છીએ, એવું બતાવવા ફેરફાર કરેલો હોય તો તે નરી નબળાઇનું પ્રદર્શન થશે. લોકો થોડા સમયમાં બધું સમજી જાય છે. તેઓ ક્યાં દંભ અને ડોળ છે અને ક્યાં વાસ્તવિકતા છે તે ભેદ જાણે છે.

**આવશ્યકતા મુજબ ફેરફાર**

(૫) પોતાની આગળ આવેલી દરખાસ્ત મહારાજા સાહેબે જેટલા પ્રમાણમાં તપાસવી હોય તેટલી તપાસે. મહારાજા સાહેબ દરખાસ્ત અંગે ચર્ચા કરી શકે છે. વાંધાઓ માંગી શકે છે. ખુલાસા પણ માંગી શકે છે. ફેરફાર કરવા માટે વાજબી કારણો છે, એવી એમને ખાતરી થાય તો જ દરખાસ્તમાં તેમણે ફેરફાર કરવો, પરંતુ શ્રેષ્ઠતા અગર સત્તાનું પ્રદર્શન કરવાના ક્ષુલ્લક હેતુથી ફેરફાર કરવા આગ્રહ રાખવો એ તદ્દન નાપસંદ કરવા જેવી વાત છે.

**ખુશામતિયાથી દોરવાવું નહિ**

(૬) કેટલાક લોકોની આવી વૃત્તિ હોય છે. તે કોઇ કપોળ- કલ્પિત વાત નથી. આવી વૃત્તિ ધરાવતા અને આવી વૃત્તિથી કામ કરતા માણસો મેં જોયા છે. ખુશામતિયાઓ આવી વૃત્તિને પોષે છે, તેને ઉત્તેજન આપે છે. આવા ખુશામતિયાથી ભાગ્યેજ કોઇ રાજમહેલ સંપૂર્ણ મુક્ત હશે.

**વિગત અંગે અધિકારી પર ભરોસો**

(૭) મૂળ મુદ્દા અંગે પોતાને સંતોષ થાય અને વિગતો પોતાના અધિકારીઓ પર છોડી શકે અને તો હું સંમત છું, તેવું સ્પષ્ટપણે કહેવાનું જેનામાં મનોબળ હોય એવા મહારાજા સરકારી કામકાજને સરળ બનાવે છે. કામનો ઢગલો અટકાવવાનો આ એક જ માર્ગ છે. આથી જ મહારાજા સાહેબને વધુ મહત્ત્વના અને એમનું ધ્યાન માંગતા કિસ્સાઓને હાથ ઉપર લેવા પૂરતો સમય મળી શકશે.

# પ્રકરણ-૧૭

# સફળતાનાં સાધનો

**(ક) સફળતાનાં સાધનો :**

**હેતુનો સ્પષ્ટ ખ્યાલ**

(૧) સાધ્ય હેતુનો સ્પષ્ટ ખ્યાલ રાખવો, એ સારી અને યશસ્વી રીતે કોઇ કામ કરવા માટેની આવશ્યક શરત છે. કયા ચોક્કસ હેતુ સિદ્ધ કરવા માટે કે ન કરવા માટે કામ કરવાનું છે, એવા પ્રશ્નો ઊભા થાય ત્યારે તેના જવાબો કાંઇપણ દ્વિધા ન રહે તેમ ખુલ્લા મનથી આપવા જોઇએ.

**ઉત્તમ ઉપાય**

(૨) આ થયા પછી, સાધનોની પસંદગી અંગે વિચારણા કરવી. નજર આગળનો હેતુ સાધવા માટે ઘણા બધા ઉપાયો હોય. આ ઉપાયોમાં કયો ઉત્તમ છે, તે શક્ય તેટલી કાળજીથી વિચારીને નિર્ણય લેવો.

**સંભવિત મુશ્કેલીઓ**

(૩) ઉત્તમ ઉપાયો નક્કી કર્યા પછી કાર્ય કરવામાં કઇ મુશ્કેલીઓ આવવાની શક્યતા છે અને કઇ અણધારી આફતો આવવાની છે, તેનો વિચાર કરવો અને પ્રથમથી જ ભાખી લેવું. આવી મુશ્કેલીઓ અને આફતો નજર આગળના હેતુને ચલિત કે નિષ્ફળ ન બનાવે તે જોવું જોઇએ. આવી આફતો આવે નહિ અને આવે તો તેનો સામનો કરી શકવા માટે જરૂરી પગલાંની પણ તૈયારી રાખવી અને વખત આવ્યે તે પગલાં લેવાં જોઈએ.

**સફળતાના અન્ય મુદ્દા**

(૪) કામમાં આગળ વધવા વખત કેટલો લાગશે, સંજોગો શું છે, ક્યાં જવું પડશે વગેરે જાણી લેવું. એવું ધોરણ રાખીએ તો યશ મળવાની વધુમાં વધુ શક્યતા છે. આમ કરીએ તો મોટાભાગના કિસ્સાઓમાં યશ મળવાનો છે જ.



**સંપૂર્ણ ધ્યાન આપવું**

(૫) ઉપર સૂચવેલ ક્રમ સાદો અને ખરેખર દેખીતો જ છે, પરંતુ ઘણા લોકો આવાં ધોરણો અવગણે છે યા તો અધૂરાં છોડે છે. પોતાની કારકિર્દીની સફળતા અંગે વ્યક્તિ-વ્યક્તિમાં તફાવત હોય છે. તે તફાવત મુખ્યત્વે ઉપર કહેલા ધોરણને પોતાના જીવન કાર્યમાં તે વ્યક્તિ કેટલા અંશે વણી લે છે, તે ઉપર છે. આ ધોરણ ઉપર જે વ્યક્તિ સંપૂર્ણ ધ્યાન આપે છે તેને કોઇ વાર આશ્ચર્યમાં પડવું પડતું નથી. એ સાચી રીતે પ્રથમથી જ નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે ચાલે છે અને સહેલાઇથી યશ મેળવે છે. બીજી બાજુ જે વ્યક્તિ આ ક્રમની બાબતમાં જુદું વર્તન કરે છે, તે વિમાસણમાં પડે છે અને હાથ ઉપર લીધેલા દરેક કામમાં તે ક્ષુબ્ધ રહે છે.

**વિશેષત : રાજકર્તાઓએ**

(૬) મેં જે અભિપ્રાય આપેલ છે તે સામાન્ય રીતે બધી વ્યક્તિઓને લાગુ પડે છે, પરંતુ રાજકર્તાઓને વિશેષ લાગુ પડે છે. કારણ કે તેમને સતત કાર્યો કરવાનાં હોય છે. વળી, તેમની કામગીરી મહત્ત્વની બાબત અંગેની હોય છે.

**(ખ) ઉચ્ચ અધિકારીઓ સાથે વર્તાવ :**

**વિશ્વાસથી વર્તો**

(૧) ઉચ્ચ અધિકારીઓની પસંદગી તેમની કાર્યક્ષમતા અને પ્રમાણિકતાના આધારે કરવામાં આવેલી હોય, તો પછી મહારાજા સાહેબનો તેમની સાથેનો વર્તાવ વિશ્વાસપૂર્ણ હોવો જોઇએ. મહારાજા સાહેબની આગળ તેઓ કોઇ બાબત અંગે ગેરરજૂઆત કરે એવી વૃત્તિવાળા છે એવો તેમને વિષે સંશય રાખવો એ અન્યાયી અને અપમાનજનક વર્તાવ થશે. કામકાજ પતાવવામાં તેઓ મહારાજા સાહેબને ગેરમાર્ગે દોરશે એવું પણ વિચારાય નહિ. બીજા ઉપર વિશ્વાસ મૂકવાનું જે મહારાજા શીખ્યા નથી તે પોતાની કારકિર્દીમાં બહુ ઓછો યશ મેળવશે. કારણ, આવા રાજકર્તાને હાર્દિક સહયોગ મળશે' નહિ.

**સ્વમાન જાળવો**

(૨) ઉચ્ચ અધિકારીનું સ્વમાન જાળવવું જોઇએ અને તેને ઉત્તેજન આપવું જોઇએ. એ ત્યારે જ થાય જ્યારે મહારાજા સાહેબ તેમના પ્રત્યે સન્માનપૂર્વક અને વિવેકભર્યો વર્તાવ રાખે.

**માનવીય ભૂલ**

(૩) આ દુનિયામાં એવો કોઇ માણસ જડવાનો નથી કે જેનામાં બધા માનવીય ગુણ હોય. જેના ઉપર કુદરતની વધારેમાં વધારે કૃપા થયેલી હોય એવી વ્યકિતમાં પણ કોઇને કોઇ અપૂર્ણતા જોવા મળવાની છે. મહારાજ સાહેબે ઉદારપણે આ પ્રગટ સત્યને સ્વીકારવું જોઇએ. વ્યક્તિના ગુણદોષોને સમગ્રપણે જુઓ; તેના દોષ તરફ આંખમિચામણાં કરો, તેના ગુણોને વિશેષ ઉદારપણે જુઓ.

**મુક્ત ચર્ચા**

(૪). બધા ઉચ્ચ અધિકારીઓને દરેક બાબતમાં મુક્તપણે ચર્ચા કરવા દેવી જોઇએ અને તેમનું મંતવ્ય મહારાજા સાહેબથી અલગ હોય તો પણ વ્યક્ત કરવા પરવાનગી આપવી જોઇએ.

**પીઠ પાછળ નિંદા નહિ**

(૫) એક નિયમ તરીકે કોઇ ઉચ્ચ અધિકારીની પીઠ પાછળ તેના વિષે પ્રતિકૂળ વાતો કરવી નહિ. પ્રત્યેક પ્રતિકૂળ ઉદ્‌ગારની કોઇ નોંધ પણ લેશે અને તે છાપામાં પ્રસિદ્ધ થશે તે બનવાજોગ છે. આ અધિકારીઓ માટે લોકોમાં માન રહેશે નહિ. તે કારણે તે પોતાની ફરજો સારી રીતે અદા કરવામાં પણ સફળ બનશે નહિ.

**અવમાનના અટકાવો**

(૬) સંસ્થાનોના દરબારોમાં ઘણા સામાન્ય માણસો આવ-જા કરે છે. તેઓને સંસ્થાનના ઉચ્ચ અધિકારીની હલકી રીતે અને બેદરકારીથી ટીકા કરતાં અટકાવો.

**તેમની વિરુદ્ધ અરજી નકારો**

(૭) જે અરજીઓમાં ઉચ્ચ અધિકારી અંગે બિનજરૂરી, અપમાનજનક શબ્દો વાપર્યા હોય તેને ધ્યાનમાં લેવી નહિ.

**ટીકા એકાંતમાં કરો**

(૮) કોઇ ઉચ્ચ અધિકારીને કાંઇ અણગમતું લાગે તેવું કહેવાનો પ્રસંગ ઊભો થાય તો બીજા કોઇ હાજર હોય ત્યારે નહિ પણ તેને ખાનગીમાં બોલાવીને તેમ કહેવું.



**રાજવી અને અધિકારીઓની એકવાક્યતા**

(૯) ટૂંકમાં, રાજ્યમાં એવું જોવા મળવું જોઇએ કે મહારાજા સાહેબ અને તેમના ઉચ્ચ અધિકારી બન્ને મળીને એક સુગ્રથિત અને વ્યવસ્થિત માળખું છે. જે એકમનું બળ બન્નેના આશયો; ભાવનાઓ અને કામગીરીમાં એકવાક્યતા હોવાના કારણે છે.

**ઉચ્ચ અધિકારીઓનો કાર્યભાર**

(૧૦) ઉપર મેં સલાહ આપી છે કે મહારાજા સાહેબે વધારે પડતો કામનો બોજ ઉપાડવો નહિ. તેમણે એ પણ જોવું જોઇએ કે એમના ઉચ્ચ કક્ષાના અધિકારીઓને પણ વધુ પડતી કામગીરી કરવી પડતી નથી. તેમને પણ આરોગ્ય, અભ્યાસ, આનંદપ્રમોદ માટે વખત મળવો જોઇએ. આવી કાળજી લેવાશે તો અધિકારીઓ વધારે સારી સેવાઓ આપી શકશે.

# પ્રકરણ-૧૮

## શ્રદ્ધા અને વિશ્વાસ

**વહીવટમાં શ્રદ્ધા જરૂરી**

(૧) જાહેર કામકાજના સંચાલનમાં સદ્ભાવનાની અત્યંત જરૂર છે એમ કહી શકાય. ખાનગી કામ કરતાં જાહેર કામ માટે આવી શુભ નિષ્ઠાની વધુ જરૂરિયાત છે. એવું પ્રતિપાદન કરી શકાય કે સરકાર માટે આ ગુણની વધારે જરૂરિયાત છે, કારણ કે સરકારની કામગીરીની અસર ખૂબ જ વ્યાપક હોય છે.

**વચનો પાળવાં**

(૨) સદ્ભાવનાની બાબતમાં ખાસ કરીને એ જરૂરી છે કે આપેલાં વચનો પૂરા કરવા સંનિષ્ઠ ઇચ્છા હોવી જોઇએ અને આપેલાં વચનો નિષ્ઠાપૂર્વક પાળવાં જોઇએ.

**વચનભંગનું પરિણામ**

(૩) મને કહેતાં દિલગીરી થાય છે કે, " ઘણાં દેશી સંસ્થાનોમાં આ સિદ્ધાંત ઉપર પૂરતું ધ્યાન અપાયું નથી, અને એનું પરિણામ શું આવ્યું ?" દેશી સંસ્થાનોએ આપેલાં વચનો ઉપર કોઇ પૂરતો વિશ્વાસ રાખતું નથી; સ્પષ્ટ અને ગંભીર વચનો હોય તો પણ.

**દૃષ્ટાંતઃ જનતાનું સરકારને આપેલું કરજ**

(૪) દેશી સંસ્થાનોમાં અને બ્રિટિશ હિન્દમાં આ બાબત શી સ્થિતિ છે તેનો ખ્યાલ અને મુલવણી એક દાખલા ઉપરથી થઇ શકશે. માની લો કે, કોઇ એક દેશી સંસ્થાને એક જાહેર કરજ અંગે ઘોષણા કરી છે. આમ કરીને દેશી સંસ્થાનો લોકો પાસેથી વ્યાજ ઉપર નાણાં મેળવવા માંગે છે. માની લો કે, બ્રિટિશ હકૂમતવાળી હિન્દ સરકારે પણ આવા જ પ્રકારના કરજની જાહેરાત કરી છે. આવા પ્રસંગે નક્કી છે કે, લોકો હિન્દ સરકાર તરફથી જાહેર થયેલ પ્રકલ્પમાં નાણાં રોકવા દોડાદોડ કરશે, પરંતુ દેશી સંસ્થાનોને નાણાં ધીરશે નહિ. પછી દેશી સંસ્થાનો ભલે વ્યાજનો ઊંચો દર આપે તો પણ જાહેર જનતા સંપૂર્ણપણે બ્રિટિશ હકૂમતવાળી



સરકારને નીચા વ્યાજના દરે પણ પૈસા ધીરવાનું પસંદ કરશે. આવો મોટો તફાવત શા કારણે છે ? જાહેર જનતાને લાગે છે કે, વિદેશી હકૂમતવાળી સરકાર વફાદારીથી પોતાનાં વચનો પાળશે, જ્યારે દેશી સંસ્થાનો માટે તેમને તેટલા પ્રમાણમાં વિશ્વાસ હોતો નથી.

**બેફામ વચન નહિ**

(૫) પ્રજાના સ્વાસ્થ્ય, સલામતી, વિશ્વાસ, ગતિ અને સમૃદ્ધિ માટે અતિ આવશ્યક છે કે મહારાજા સાહેબે કોઇ ખાનગી વ્યક્તિને અગર પ્રજાને કોઇ વચન આપેલું હોય તો તે પૂરું કરવું જોઇએ. આવાં વચનો બેદરકારીથી ન આપવા અંગે ખાસ કાળજી લેવી જોઇએ. કોઇ પણ વચન આપતાં પહેલાં તે બાબત અંગે સંપૂર્ણ તપાસ અને પૂર્ણ વિચારણા કરવી જોઇએ.

# પ્રકરણ-૧૯

## પુરસ્કાર

(૧) પુરસ્કાર આપવાની બાબતમાં મહારાજા સાહેબે ન તો ઉડાઉ થવું જોઇએ કે ન તો સારાસાર વિવેક તજવો જોઇએ. પરંતુ પુરસ્કાર આપવામાં કંજુસાઇ કે ભેદભાવવૃત્તિ ન હોવી જોઇએ. મહારાજા સાહેબે ન્યાયી અને ઉદાર રહેવું જોઇએ. આ રીતે વર્તવું એ જાહેર ફરજ છે. કારણ કે, તેના કારણે જ જાહેર કલ્યાણ હાંસલ કરી શકાય છે.

**ઉડાઉપણું ને કંજુસાઇ**

(૨) પુરસ્કાર નાણાંના રૂપમાં અપાય, માનદ પદવીઓના રૂપમાં અપાય અથવા તો બન્ને રૂપમાં સાથે અપાય. તે આપવાનો હેતુ શાસનની પ્રસન્નતા દર્શાવવા અને લોકો રાજ્યને ઉપયોગી સેવા આપ્યા કરે તે માટે પ્રોત્સાહન આપવાનો છે. આ ઉપરથી જણાશે કે, પુરસ્કાર આપતી વખતે તેની પાછળના મૂળભૂત હેતુ ધ્યાનમાં રાખવા જોઇએ. એ પણ જોવું જોઇએ કે કોઇ વ્યક્તિને પુરસ્કાર આપવા વિચાર્યું હોય તો તે પુરસ્કાર તેનું મન બહેલાવવા પર્યાપ્ત છે કે કેમ ? અને તેને ઉપયોગી સેવા આપવા માટે પ્રોત્સાહન મળે એટલું વિશિષ્ટ છે કે કેમ ?

**પુરસ્કારથી સેવાનું પ્રોત્સાહન**

(૩) રાજ્ય સેવકોને સામાન્ય સેવાના મહેનતાણા તરીકે પગાર મળે જ છે. સામાન્ય સેવાઓ માટે કોઇ પુરસ્કાર આપવાની જરૂર નથી. સામાન્ય સેવાઓ બદલ ખાસ પુરસ્કાર આપવાની પદ્ધતિ ક્યારેક મુશ્કેલી નોતરશે. જો કે, અપેક્ષા કરતાં ઘણી સારી સેવાઓ કોઇ સેવકે આપી હોય તો એવી સેવા માટે પુરસ્કાર આપવાનો પ્રશ્ન વિચારણામાં લઇ શકાય.

**સામાન્ય સેવા માટે નહિ**

(૪) આ ઉપરથી એટલું સ્પષ્ટ થશે કે, જ્યાં કોઇ જૂજ સેવાઓ હોય અગર કોઇ સેવા અપાયેલ ન હોય તો પુરસ્કાર આપવાની જરૂર નથી. હું એટલા માટે કહું છું કે મને ખબર છે કે, વડોદરામાં એવા લોકોની ખોટ નથી કે જેઓ મોટી રકમની અને વિશિષ્ટ પુરસ્કારોની અપેક્ષા રાખે છે. આવા લોકોનું કારણ એક તો તેઓ કરજના મોટા બોજા હેઠળ હોય છે યા તો પુરાણા પ્રતિષ્ઠિત કુટુંબના હોવાના કારણે તેમને પુરસ્કારની લાલસા હોય છે.

**અલ્પ સેવા માટે નહિ**



(૫) નાણાકીય બક્ષિસના પ્રસંગે મહારાજા સાહેબને કૃપણ કે ઉદાર તરીકે નામના મળશે તે અમુક પ્રમાણમાં જૂજ તફાવત ઉપર આધાર રાખે છે. દા. ત. પોલીસ ખાતાના એક નોકરે કોઇ અસામાન્ય સારી સેવા આપી છે. એને જો ₹ ૭૫/-ની બક્ષિસ આપો તો તે કંજૂસાઇપણું લાગશે અને ₹ ૧૦૦/- ની બક્ષિસ આપો તો ઉદારતા લાગે. તફાવત ₹ ૨૫/- નો છે. બીજો દાખલો લઇએ તો એક અધિકારી સરકારી નોકરીમાંથી નિવૃત્ત થાય છે. તેને નવ મહિનાનો પગાર બક્ષિસ તરીકે આપીએ તો કંજૂસાઇ લાગશે અને ૧૨ મહિનાનો પગાર બક્ષિસ તરીકે આપીએ તો ઉદારતા લાગે. તફાવત માત્ર ૩ મહિનાના પગારનો છે. કોઇને પોશાક આપવાનો હોય અને તે ₹ ૨૦૦/- ની કિંમતનો હોય તો કૃપણતા લાગે અને ₹ ૩૦૦/- ની કિંમતનો હોય તો ઉદારતા લાગે. મહારાજા સાહેબ ઉદાર અંતઃકરણના છે એવી પ્રસિદ્ધિ થાય તે સારુ આવી થોડીક મોટી રકમની બક્ષિસ આપતાં વિચાર કરશે નહિ..

**ઉદારતાના હિતમાં ગૌણ તફાવત અવગણવો**

(૬) કોઇને પ્રશંસા કે તારીફ દ્વારા પુરસ્કૃત કરવાના હોય તો પણ મારો આ જ અભિપ્રાય લાગુ પડે છે. તારીફ કે દાદની અભિવ્યક્તિ પર્યાપ્ત અને ઉદારપણે કરેલી હોવી જોઇએ.

**માન્યતાની અભિવ્યક્તિ**

(૭) પુરસ્કાર પર્યાપ્ત અને કીમતી છે કે કેમ, તેનો નિર્ણય કરવા માટે એ જોવું જોઇએ કે, પુરસ્કાર મેળવનારને તે પુરસ્કાર બીજાને બતાવવામાં શરમ ન આવવી જોઇએ. ઊલટું એ સંતોષ અને અભિમાનથી બીજાને તે બતાવી શકે તેવો હોવો જોઇએ. આવું બને તો તે પુરસ્કાર, બીજાને સેવા આપવા પ્રોત્સાહન આપે છે અને પુરસ્કાર આપવાનો હેતુ સરે છે.

**પુરસ્કારથી ગૌરવ**

(૮) જે રાજવી પુરસ્કાર આપવાનો અધિકાર ન્યાયપૂર્વક વાપરે છે તેમનો પ્રભાવ અને માન કાયમ માટે વધ્યા જ કરે છે.

**વાજબી યોગ**

# પ્રકરણ-૨૦

## માફી આપવાનો અધિકાર

**મનસ્વી પ્રયોગ નહિ**

(૧) મહારાજા સાહેબને માફી આપવાનો અધિકાર છે. આ અધિકાર સામાન્યપણે દયા બતાવવાના વિશિષ્ટ હક તરીકે ઓળખાય છે. પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે કોઇ પણ અધિકારનો ઉપયોગ ધારાધોરણ નક્કી કર્યા વગર કરવો નહિ.

**કેટલાક સિદ્ધાંતો**

(૨) તો પછી મહારાજા સાહેબના દયાના અધિકારના ઉપયોગ પાછળ કયા સિદ્ધાંતો અપનાવવા જોઇએ ?

**સાબિત થયેલ ગુનેગારને જ**

(ક) સંબંધિત વ્યક્તિની સામે કામ ચાલી ગયું ન હોય અને તેને શિક્ષા થઇ ન હોય ત્યાં સુધી મહારાજા સાહેબે કોઇ કિસ્સામાં માફી આપવી જોઇએ નહિ. બીજા શબ્દોમાં કહીએ તો દોષિત ઠરેલા ગુનેગારને'જ મહારાજા સાહેબ માફી આપી શકે. વળી, બીજા શબ્દોમાં કહીએ તો મહારાજા સાહેબ એવું ના કહી શકે કે ''આ માણસ ઉપર કામ ચલાવવું નહિ કારણ કે, મેં એને માફી આપી છે.'' મહારાજા સાહેબ કામ ચાલતું હોય ત્યારે એમ પણ ના કહી શકે કે ''કામ ચલાવવાનું બંધ કરો કારણ કે મેં આ માણસને માફી આપી છે.''

**માફી માટે કારણ**

(ખ) ઉપર કહ્યું તે એક મહત્ત્વની બાબત છે. બીજી મહત્ત્વની વસ્તુ એ છે કે, મહારાજા સાહેબ કોઇ પણ ગુનેગારને ધારાધોરણ વગર તેઓશ્રીની મરજી મુજબ માફી આપી શકશે નહિ. ટૂંકમાં, દયા દાખવવા માટે કેટલાંક દેખીતાં સારાં કારણો હોવાં જોઇએ. દા. ત. કોઇ એક કિસ્સામાં ન્યાયાધીશે પુરાવાને તારવવામાં કોઈ ઠોસ ભૂલ કરેલ હોય અને તે કેદીને ખોટી રીતે દોષિત ઠરાવેલ હોય અગર કામ ચાલી ગયા પછી કોઇ પણ નવો પુરાવો પ્રકાશમાં આવ્યો હોય જેના ઉપરથી



પેલો કેદી નિર્દોષ જણાય. અગર એ દોષી હોવા અંગે કોઇ શંકા ઉપસ્થિત થાય તેવું હોય.

**ન્યાયાધીશની સલાહ**

(ગ) મહારાજા સાહેબ કોઇને માફી આપતાં પહેલાં ન્યાયાધીશની સાથે સલાહ-મસલત કરે તો પ્રત્યક્ષ વહેવારમાં આ ઇચ્છવાયોગ્ય વલણ ગણાય. પણ તે ફરજિયાત નથી. કોઇ કેદી જણાવેલા સંજોગોમાં માફી મેળવવાપાત્ર છે કે કેમ તે અંગે ન્યાયાધીશ મહારાજા સાહેબને પોતાનું મંતવ્ય આપી સહાયરૂપ થશે. ન્યાયાધીશનાં મંતવ્યો ખૂબ વજન આપવાપાત્ર છે. પરંતુ મહારાજા સાહેબને તે બંધનકર્તા નથી.

**સજા હળવી કરવા માટે**

(૩) મહારાજા સાહેબને શિક્ષા ઘટાડવાનો અને શિક્ષામાં રૂપાંતર કરવાનો અધિકાર છે. ઉપર કહેલી વિચારણા આ અધિકારના ઉપયોગ માટે પણ જરૂરી છે જ. હું આ બાબતમાં એટલું જ વધારેમાં કહીશ કે કેદીની જુવાની, જાતિ, પદવી અને એવા પ્રકારના બીજા સંજોગો જોતાં આપેલી શિક્ષા બહુ જ કઠોર અને વધુ પડતી સખત લાગતી હોય તો આ અધિકારનો ઉપયોગ કરવો. ટૂંકમાં, જે કિસ્સાઓમાં મહારાજા સાહેબને અન્યાય થયાની અસામાન્ય સંવેદના થઇ હોય ત્યાં જ આવા અધિકારો વાપરવા જોઇએ.

**ઉત્સવ સંગે ઇચ્છનીય નહિ ; છતાં કાળજી કરવી**

(૪) કોઇ અસામાન્ય જાહેર આનંદ ઉત્સવના પ્રસંગે ક્યારેક ક્યારેક મર્યાદિત સંખ્યામાં કેટલાક ગુનેગારોને શિક્ષાની માફી આપવી અને એમને છોડી મૂકવા, એ ખરેખર શંકાસ્પદ વ્યવહાર છે. એને વારંવાર અખત્યાર કરવો નહિ. મહારાજા સાહેબને આનંદ ઉલ્લાસ માટે કોઇ કારણ હોઇ શકે છે, પણ તેઓશ્રી લોકોની સલામતીના, જાનમાલના રક્ષક છે. તેમણે દોષિત પુરવાર થયેલા ગુનેગારને છોડી પ્રજાની સલામતી નબળી પડે એવું કાર્ય શા માટે કરવું ? આવું કરવું જ પડે તો જવલ્લેજ અને અસામાન્ય પ્રસંગે જ કરવું અને ત્યારે પણ ખૂબ બુદ્ધિપૂર્વક વિચારીને માફ કરવા જેવા ગુનેગારોની પસંદગી કરવી. એ પણ કાળજી લેવી કે આવા ગુનેગારો છુટકારો મેળવ્યા પછી ગુનો કરવાથી દૂર રહે. અતિ દુષ્ટ ગુના અંગે

દોષી ઠરેલા ન હોય, દુર્દૈવને લીધે જેમનાથી ગુનો થયો હોય અને જેમને થયેલી શિક્ષામાંથી ઓછામાં ઓછી અડધી સજા ભોગવી હોય તેવા ગુનેગારને માફી માટે પસંદ કરવા જોઇએ.

**પૂર્વદૃષ્ટાંતો**

(૫) આ બાબતમાં છેલ્લાં છ વર્ષમાં જે સિદ્ધાંતોથી આપણે દોરવાયા છીએ તેનો આધાર લેવો. આવા દાખલાઓની નોંધ કરવામાં આવી છે અને પૂર્વદૃષ્ટાંત તરીકે તેમનો સારો ઉપયોગ થશે.



## પ્રકરણ-૨૧

## બીજાની ભાવનાનો આદર

**બીજાઓની લાગણીને માન**

(૧) પ્રત્યેક રાજ્યકર્તા-બલકે વ્યક્તિ કે જેણે લોકો સાથે કામ લેવું પડતું હોય છે- તેમણે બીજાની ભાવનાનો આદર કરવાની હંમેશા કાળજી લેવી જોઇએ. કોઇને કારણ વગર માઠું લાગે, કડકાઇ લાગે, અપમાન લાગે એવું બોલવું નહિ કે કરવું નહિ, પછી એ બાબત નાની હોય કે મોટી હોય. એ ટેવ બહુ ઉપયોગી અને આવકાર્ય છે. આવી આદત કેળવવા જે શ્રમ લેવો પડે તે લેવો સારો છે. આવી ટેવ પડે તે માટે સતત નિરીક્ષણ અને અભ્યાસની જરૂર છે.

**આપણને આમ કરે તો ?**

(૨) કોઇ વાતમાં, કોઇ કાર્યમાં, કડકાઇ, અપમાનજનક, માઠું લાગે એવું કંઇ છે કે કેમ તે પ્રથમથી સમજવાનો સરળ ઉપાય એ છે કે બીજા આપણા પ્રત્યે આવું વર્તન રાખતા હોય તો આપણને કડકાઇ લાગે કે કેમ, આપણું અપમાન થાય કે કેમ, માઠું લાગે કે કેમ, તે વિચારવું. ઘણા લોકો આ સિદ્ધાંત પ્રમાણે બરાબર વર્તતા નથી તો કેટલાક લોકો વ્યવહારમાં આવા સિદ્ધાંતોને અમલમાં મૂકતા નથી.

**બીજાઓનું જોઇને શીખવું**

(૩) આ ટેવ પડે તે માટે બીજી એક બાબત મદદગાર સાબિત થશે. જે લોકોએ આવી ટેવ પાડી દીધી છે અને પ્રસિદ્ધિ મેળવી છે, તેમનાં વિચારો, પ્રવચનો અને કાર્યોને સારી રીતે નિહાળવાં.

## પ્રકરણ-૨૨

# અખબારમાંનાં મંતવ્યો

**હંમેશા સાચા નહિ**

(૧) કોઇ વર્તમાનપત્રમાં કોઇ અભિપ્રાય છાપેલા જોવા મળે તો એનો અર્થ એવો કરવો નહિ કે તે બધા સાચા અભિપ્રાયો છે. વ્યક્ત થયેલા અભિપ્રાયોની ખરી કિંમત તે વર્તમાનપત્રની અને સબંધકર્તા લેખકની પ્રતિષ્ઠા ઉપર અવલંબે છે. ઘણીવાર આવાં વર્તમાનપત્રો અને લેખકોની ખ્યાતિ ઘણી ઓછી હોય છે. અધકચરા જ્ઞાનવાળી, અપક્વ બુદ્ધિવાળી વ્યક્તિઓ ક્યારેક વર્તમાનપત્રોમાં લખવાનું કામ કરે છે. બહુ પાતળી વિશ્વસનીયતા ધરાવતા લોકો પણ આવું કામ કરે છે. કેટલાક લોકો એવા હોય છે કે તેમને પોતાને અપમાનિત થયાની અગર પોતાને નુકસાન થયાની લાગણી થયેલી હોય છે, તેઓ પોતે જાણે નિઃસ્વાર્થી પ્રેક્ષક અને ટીકાકાર છે તેવો અંચળો પહેરીને આવાં સામયિકોમાં લખે છે. એવા પણ લોકો ઓછા નથી કે જે પોતાના અભિપ્રાયોનો સોદો કરે છે. એટલે મળતાં નાણાંના બદલામાં અભિપ્રાય આપીને પ્રસિદ્ધ કરે છે.

(૨) આવા સંજોગોમાં વર્તમાનપત્રોના અભિપ્રાય અને ટીકાને કેટલું વજન આપવું તે બાબતે આપણે બહુ કાળજી રાખવી જોઇએ.

**વિશેષ પ્રાધાન્ય નહિ**

**પ્રમાણિકપત્રોનો અનાદર નહિ**

(૩) જે વર્તમાનપત્રોનું સારી રીતે સંચાલન થાય છે, જે જાહેર અભિપ્રાયનું પ્રતિનિધિત્વ કરે છે તથા કોઇ બુદ્ધિમાન વિચારકોના વિચારોને વાચા આપે છે, તેવાં વર્તમાનપત્રોનો અનાદર કરવો નહિ. ઊલટું તેવાં વર્તમાનપત્રો વાંચવાં અને તેમાંની હકીકતોનો સારો ઉપયોગ કરવો. સરકારનું કામકાજ સારી રીતે ચલાવવા માટે આવાં વર્તમાનપત્રો સારા સાધનરૂપ હોય છે.



## પ્રકરણ-૨૩

# સ્વાધ્યાય અને અધ્યયન

**સ્વાધ્યાયની ઉપેક્ષા નહિ**

(૧) મહારાજા સાહેબને સત્તા સોંપણી કરવામાં આવ્યા પછી મહારાજા સાહેબ પોતાનું અધ્યયન ચાલુ રાખશે તેવો મને વિશ્વાસ છે. અભ્યાસ-અધ્યયન બહુ મહત્ત્વનાં છે; જુદા જુદા વિષયોનો મહારાજા સાહેબનો અભ્યાસ એક નક્કી કરેલા આયોજન પ્રમાણે ચાલુ રાખવો જોઇએ. મહારાજા સાહેબનો ઘણો મોટો સમય સરકારી કામકાજ માટે જ વાપરવાનો થશે. છતાં તેઓશ્રીએ અંગત અધ્યયન સારુ આશરે ૩ કલાકનો સમય કાઢવો જોઇએ.

**હેતુ**

(૨) આ પાછળ એ હેતુ છે કે (૧) મહારાજા સાહેબના અંગ્રેજી ભાષાના જ્ઞાનમાં ઉમેરો કરવો, (૨) વ્યવહાર-માંના ઉપયોગી અન્ય સિદ્ધાંતોની જાણકારી મેળવી.

**અંગ્રેજી બોલો-લખો**

(૩) અંગ્રેજી ભાષા પારકી છે અને કઠિન પણ છે. આપણે એનો સતત ઉપયોગ કરવો જોઇએ. આમ ન કરીએ તો આપણે તે ભાષાજ્ઞાનમાં કોઇ સુધારો કરી શકવાના નથી અને જે જાણ્યું હોય તે ભૂલી જવાશે. દરરોજ સારા અંગ્રેજીનું ખૂબ વાચન આપણે રાખવું જોઇએ. થોડા પ્રમાણમાં દરરોજ અંગ્રેજીમાં બોલવું જોઇએ, લખવું જોઇએ. અંગ્રેજી ભાષા જાણવા પાછળનો મુખ્ય હેતુ એ છે કે આ ભાષામાં ઘણાં બધાં સારાં ઉપયોગી પુસ્તકો છે અને તેમાં સાચાં તત્ત્વો અને સિદ્ધાંતો આલેખવામાં આવ્યાં છે. તે જાણવા આ ભાષા જ્ઞાનનો સારો ઉપયોગ થશે. સાચા સિદ્ધાંતોની શોધમાં ઉમેરો કરવાના સાધન તરીકે અંગ્રેજી વાચનનો ઉપયોગ કરવો જોઇએ.

**અભ્યાસનું આયોજન**

(૪) આ બધી વાતો સ્પષ્ટ છે. એટલે મારા માન્ય મિત્ર શ્રી ઇલીયટ મહારાજા સાહેબના અધ્યયન અંગે વિગતવાર આયોજન કરી યોગ્ય સૂચના આપશે તેમાં શંકા નથી.

**છાપાંનું વાચન**

(ક) આ યોજનામાં ચોક્કસપણે કોઇ પણ એક સુસંચાલિત વર્તમાનપત્રના વાચનનો સમાવેશ થયેલો હશે. સામાન્ય રીતે જગતમાં હાલ શું ચાલી રહ્યું છે અને વિશેષરૂપે હિન્દમાં અને ઇંગ્લેન્ડમાં શું ચાલે છે તેનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા મહારાજા સાહેબે પ્રયત્ન કરવો. હું એટલા માટે કહું છું કે મહત્ત્વના બનાવો અને હકીકતો બની હોય તેને ખ્યાલમાં લેવાનું ચૂકવું એ બરોબર થશે નહિ.

**મુત્સદ્દીઓનાં પ્રવચનો**

(ખ) મહારાજા સાહેબે શ્રી ગ્લેડસ્ટોન જેવા મહાન મુત્સદ્દીનાં વચનો વાંચવાં જોઇએ. તે વચનો સ્થાનિક મહત્ત્વનાં ન હોય અને વ્યાપક મહત્ત્વનાં હોય તો પણ તેના વાચનથી ફાયદો જ થવાનો છે.

**દેશી રાજ્યોનો ઇતિહાસ**

(ગ) જાહેર બાબતો સબંધી પાર્લામેન્ટમાં ચર્ચા થઇ હોય તેના ઉપર પણ નજર નાંખવાથી ફાયદો થશે. હિન્દમાંનાં દેશી સંસ્થાનો બાબત જે કાંઇ લખાયેલું હોય તે બધું વાંચવું અને તેની નોંધ રાખવી. આવી બાબતમાં વાઇસરોયનાં ભાષણો પણ ધ્યાન બહાર ન જાય તે જોવું.

**બ્લ્યુ બુક્સ**

(ઘ) હિન્દના કારોબાર સબંધે પાર્લામેન્ટની બ્લ્યુ બુક્સ નિયમિત રીતે મેળવવી અને તેમાંનો ઉપયોગી વિભાગ વાંચવો.

**વહીવટી અહેવાલ**

(ચ) મુંબઇ સરકારના વાર્ષિક વહીવટી અહેવાલની મહારાજા સાહેબે જાણકારી રાખવી જોઇએ.

**વિશાળ વાચનથી વિશદ વિચારો**

(૫) મહારાજા સાહેબની જાહેર ફરજો અદા કરવાની કામગીરી સાથે આ બધાં વાચનોનો ગાઢ સંબંધ હોય છે. મહારાજા સાહેબની જાહેર ફરજો અદા કરવાની શક્તિમાં મોટું બળ ઉમેરાશે. ઉદાત્ત વિચારો અને ઉન્નત ભાવનાઓ સાથે મહારાજા સાહેબનું મન જોડાય તેવું વાચન હોવું જોઇએ. રાજમહેલમાં



હંમેશા જે લોકોની સોબત મળે છે, તેનાથી મહારાજા સાહેબની શક્તિ વામણી થાય છે. તેની સામે ટકવા માટે પણ આ વાચનની જરૂર છે, દેશી સંસ્થાનોના અધિપતિઓ ખરાબ સોબતના ભયમાં હંમેશા મુકાયેલા હોય છે. આ સોબતના કારણે મહારાજા સાહેબના વિચારો વામણા ન થાય અને બુદ્ધિ કુંઠિત ન થાય તે જોવાનું હોય છે. આવા માણસોનું વિશ્વ બહુ સાંકડું અને જૂનું પુરાણું હોય છે. તેઓએ પ્રગતિના યુગનો પ્રકાશ જોયેલો હોતો નથી. આ બીમારીની એક જ દવા છે. દેશી સંસ્થાનોના અધિપતિઓએ, જ્ઞાની અને બુદ્ધિમાન એવા માણસોના વિચારોથી માહિતગાર થવું.

**જીવન ચરિત્રો અને નવલ કથાઓ**

(૬) મહારાજા સાહેબના વાચનમાં અવારનવાર આત્મકથાઓ, નવલકથાઓ, વગેરે પુસ્તકો આવશે. આ પુસ્તકો માનવી ઐશ્વર્યનો ઉદાત્ત આદર્શ પૂરો પાડશે.

**જીવનનો ઉચ્ચ આદર્શ**

(૭) ઉચ્ચ સ્થાને બેઠેલી અને મહાન સત્તા ધરાવતી વ્યક્તિઓએ જીવન જીવવા અને ફરજો નિભાવવા કોઇ ઉચ્ચ આદર્શ સેવવો જરૂરી છે. તેમનામાં ગણનાપાત્ર નૈતિક બળ હોવું જોઇએ. આ નૈતિક બળને જ હંમેશા તાજું રાખવાની જરૂર હોય છે. એના માટે ઉપાયો મેં સૂચવેલા જ છે.

## પ્રકરણ-૨૪

# સમાપનની સલાહ

(૧) હું હવે નાની અને સામાન્ય સૂચનાઓનું સમાપન કરીશ. આ સૂચનાઓ મહારાજા સાહેબને કારોબારના પ્રત્યક્ષ અનુભવોમાં વત્તા-ઓછા પ્રમાણમાં ઉપયોગી નીવડશે. હું આશા રાખું છું કે નાના મોટા સદર હેઠળ જે કંઇ સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો છે તેનાથી એક હોકાયંત્રનો હેતુ સરશે. વહાણ કેવી રીતે હંકારવું તેનો એકંદર ખ્યાલ આપશે.

**વ્યવહારમાં સૂચનો ઉપયોગી**

(૨) માનવી માટેની સરકાર ચલાવવા માટે ફક્ત સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતું નથી. આવા જ્ઞાનને હંમેશા વ્યવહારમાં મળેલા સાચા અનુભવનો સહયોગ મળે તે જરૂરી છે. મહારાજા સાહેબ પ્રત્યક્ષ અનુભવની કિંમત ઓછી ન આંકે તે જોવા હું ચિંતિત છું. મહત્ત્વની બાબતોમાં પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓ સાથે પરામર્શ કરવાના લાભને ઓછો આંકે નહિ તે માટે ચિંતિત છું, મને એક દાખલો ટાંકવાની રજા આપશો કે, જેથી સિદ્ધાંતો અને વ્યવહારમાં મહત્ત્વનો તફાવત શું છે તે જાણી શકાશે. પોતાના જમણા હાથે કેવી રીતે લખવું તે મહારાજા સાહેબ જાણે છે. લખવાની બાબતના સિદ્ધાંત તરીકે ડાબો હાથ પણ જમણા હાથ જેટલો જ સમર્થ હોય છે. છતાં મહારાજા સાહેબ જો ડાબા હાથે લખવાનો પ્રયત્ન કરશે તો તેમને જણાશે કે, તેઓ બહુ વ્યવસ્થિત રીતે લખી શકશે નહિ. કારણ બન્ને હાથ સરખા છે તે સિદ્ધાંત બરાબર છે, પરંતુ જમણા હાથને અનુભવનો ફાયદો મળેલ છે, જે ડાબા હાથને મળેલ નથી. આ તફાવત ખાસ જોવા જેવો છે. અનુભવ ન હોય તો શું થઇ શકે ? આમ, વિચાર કરવાથી જ સૈદ્ધાંતિક જ્ઞાન ઉપર વધારે પડતો વિશ્વાસ મૂકવાથી આપણે દૂર રહીશું.

**સૈદ્ધાંતિક સમજ વ્યવહારુ અનુભવ**

(૩) મેં જે સિદ્ધાંતો સમજાવ્યા છે અને જે કાંઇ સૂચનાઓ આપી છે તે ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ. તે સૂચનાઓ અને સિદ્ધાંતો જ જ્ઞાની અને

**સિદ્ધાંતોની અગત્ય**



માહિતગાર રાજકર્તાઓને માર્ગદર્શન આપે છે. તેમના થકી જ રાજકર્તાઓ સુખ, સન્માન અને કીર્તિની ટોચે જઇ પહોંચે છે. તે જ સૂચનાઓ વડે દેશી સંસ્થાનોના રાજાઓ જે સ્વતંત્રતા ભોગવે છે તે ચાલુ રહેવાની શક્યતા છે.

(૪) અંતમાં, બ્રિટનનાં સામ્રાજ્ઞીની સરકારે સને ૧૮૭૯માં એક મૂલ્યવાન જાહેરાત કરી હતી જે મારી દર્શાવેલી ભૂમિકાને અનુમોદન આપે છે, તેને હું ટાંકીશ: ''બ્રિટનની હકૂમતના દેશમાં સરકાર ચલાવવા માટે જે સામાન્ય સિદ્ધાંતોને અનુસરવામાં આવ્યા છે, તેનું દેશી સંસ્થાનોમાં ક્રમે ક્રમે અને ન્યાયપુર:સર અનુકરણ થાય તો દેશી સંસ્થાનોના રાજકર્તાઓની વહીવટી સ્વતંત્રતા ચાલુ રહેવાની છે. આ સિદ્ધાંતોનું અનુકરણ તે માટે પૂરતી અને ખાતરીપૂર્વકની ગેરન્ટી બનશે. સાર્વભૌમ સત્તાની દખલ સામે પણ એક ઉત્તમ ઢાલ બનશે ''

**બ્રિટિશ સરકારના નિયમો દેશી રાજ્યોમાં**

## પ્રકરણ-૨૫

# મૂળભૂત સિદ્ધાંતો

૨૯મી એપ્રિલ, ૧૮૮૧

**આદર્શ રાજવી બનો**

(૧) હિન્દનાં દેશી સંસ્થાનોના રાજ્યકર્તાઓમાં આપ મહારાજા સાહેબ એક ઉત્તમ રાજકર્તા બનો તે માટે અમો બધાં ખૂબ ઉત્સુક છીએ. આપ સાહેબ ખરેખર આદર્શ રાજા બનો, ભવિષ્યના રાજ્યકર્તાઓને માટે એક દૃષ્ટાંત બનો અને દેશી સંસ્થાનોની પ્રજા માટે એક ગૌરવનું પાત્ર બનો તે માટે પણ અમો ઉત્સુક છીએ. મહાન બ્રિટિશ સરકાર દેશી સંસ્થાનોમાં સારી સરકાર રચાય અને તે સારું શાસન કરે તે જોવાની સંનિષ્ઠ ઇચ્છા ધરાવે છે. આપના સંખ્યાબંધ મિત્રો અને હિતચિંતકોને પણ તેવી જ ઇચ્છા છે. આ મહત્ત્વના દેશી સંસ્થાનની પ્રજાના મોટા ભાગના લોકો પણ તે જ ઇચ્છે છે. ટૂંકમાં, આ જ સાર્વત્રિક ઇચ્છા છે.

**લોક-કલ્યાણની ઉત્તમ તક**

(૨) મને સંપૂર્ણ ખાતરી છે કે, આપની પણ એ જ ઇચ્છા છે. લોકોનું ભલું કરવા માટે અને પોતા માટે માન-સન્માન અને વિશિષ્ટતા મેળવવા માટે પરમેશ્વરે આપને એક સુંદર તક આપી છે. મને શ્રદ્ધા છે કે, વડોદરા રાજ્યનો આ પછી થનારો ઇતિહાસ આપ મહારાજા સાહેબે આ તકનો બને તેટલો ઉપયોગ કર્યાની નોંધ લેશે.

**મહારાજાએ કાર્યશીલ થવું**

(૩) દેશી રજવાડાંના રાજકર્તાઓમાંના ઉત્તમ રાજ્યકર્તાઓ પૈકી એક બનવાની ઇચ્છા રાખવી એટલું જ પૂરતું નથી. ફક્ત ઇચ્છા કરવાથી કાંઇ વળતું નથી. આપને તે માટે કામ કરવું પડશે. તે ઇચ્છાને સાકાર કરવા માટે આપને સખત મહેનત કરવી પડશે. આપ મહારાજા સાહેબની બુદ્ધિ અને ઉત્સાહ માટે આ કામ કાંઇ અઘરું હોઇ ન શકે.



સર ટી. માધવરાવ - વડોદરા રાજ્યના દીવાન

સુશાસનના કેટલાક સિદ્ધાંતો

(૪) જે સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી અનુસરવાથી આપ ઉત્તમ રાજ્યકર્તામાંથી એક થઇ શકો તેમ છો, તે સિદ્ધાંતની હારમાળા હવે હું આપ મહારાજ સાહેબની આગળ રજૂ કરીશ. તેમ કરવાની મારી ફરજ પણ છે અને મારો વિશિષ્ટ હક પણ છે. બધી સારી સરકારોએ આ સિદ્ધાંતને માન્ય રાખેલ છે. આ સિદ્ધાંતો બાબતે આપ જાણી લો એટલું પૂરતું નથી. તે સિદ્ધાંતોને પૂરેપૂરા સમજવા જોઇએ અને તેને જીવનમાં વણી લેવા જોઇએ. આ સિવાય તેને હંમેશા નજર આગળ રાખવા જોઇએ અને વહીવટના દરેક કાર્યમાં તે સિદ્ધાંતોએ ચીંધેલા માર્ગ પ્રમાણે જેટલું બને તેટલું વર્તવું જોઇએ. આ સિદ્ધાંત સંબંધી આપ ફક્ત જાણ મેળવો પરંતુ દૈનિક જીવનમાં તે પ્રમાણે અમલ કરવા માટે બેધ્યાન રહો તે વધુ નાદાન, વધુ ગુનાહિત વર્તાવ ગણાય. નાવિક પાસે સારું હોકાયંત્ર હોય પરંતુ જહાજ ચલાવવામાં તેનો ઉપયોગ તે કરતો ન હોય તો જેટલુ નુકસાન થવા સંભવ છે તેના કરતાં પણ વધુ નુકસાન આ જાણેલા સિદ્ધાંત પ્રમાણે ન અનુસરવાથી થાય છે.

જુનવાણી વાંધા

(૫) જૂના વિચારના લોકો કદાચ આપને કહેશે ''આજના ગાયકવાડ મહારાજા સાહેબે આ સિદ્ધાંતો જાણવાની અને તે પ્રમાણે ચાલવાની શી જરૂર છે? પુરોગામી ગાયકવાડ મહારાજા આવું કરતા ન હતા, છતાં તેઓ આ સંસ્થાનની સરકાર વ્યવસ્થિત રીતે ચલાવતા જ હતા. પહેલાંના ગાયકવાડ મહારાજાઓએ જે કર્યું તે જ વર્તમાન મહારાજા સાહેબે કરવું જોઇએ.''

જૂના દિવસો અને નવા

(૬) મને આપ મહારાજા સાહેબને નિખાલસતાથી કહેવા દો કે પહેલાંના ગાયકવાડ મહારાજા સાહેબો ભાગ્યે જ ઉત્તમ રાજ્યકર્તા પૈકી હતા. તેઓ ધારાધોરણ વગર, એશિયાઇ પદ્ધતિ પ્રમાણે રાજ કરતા હતા. લોકોની સુખાકારી પ્રત્યે તેમણે બહુ આદર સેવ્યો નહિ. આમ થોડું ઘણું ધ્યાન આપ્યું હશે, તો પણ લોકોનું સુખ વધારવાના ઉત્તમ ઉપાયો તેઓ જાણતા ન હતા. કેટલીક વાર તેઓએ મોટી મોટી ભૂલો

કરી છે. કેટલાક પ્રસંગે ગંભીર મુશ્કેલીઓમાં તે આવી પડ્યા હતા. ગાદી ઉપરથી કેટલાકને ઉઠાડી મૂકવાની શક્યતા ઊભી થઇ હતી. કેટલાક તેમાંથી બચ્યા અને આપ મહારાજા સાહેબ જાણો છો કે, મલ્હારરાવ કેવી દુ:ખદ પરિસ્થિતિથી ઘેરાયા હતા. તે વખતના ગાયકવાડ મહારાજાએ સાચા સિદ્ધાંતો અનુસાર વર્તન કર્યું હોત, તો આવી બધી મુશ્કેલીઓ તેઓ અટકાવી શક્યા હોત. આપ મહારાજા સાહેબ આજે માર્ગદર્શક સિદ્ધાંતો શીખવા માટે જેમ ભાગ્યશાળી છો તેવું ભાગ્ય પહેલાંના મહારાજા સાહેબોના નસીબમાં હતું નહિ. હવે મોટો ફેરફાર આવી ગયો છે. પહેલાં વડોદરાના ખરાબ શાસન અને ખરાબ કામગીરી માટે બહુ બૂમાબૂમ થતી ન હતી, કારણ કે તે વખતે વડોદરા રાજ્ય મુખ્ય રસ્તા ઉપર ન હતું. હવે વડોદરાને મુંબઇ સાથે અને બીજા મહત્ત્વના ઉત્તર-દક્ષિણ બન્ને બાજુનાં કેન્દ્રો સાથે રેલવે વ્યવહાર ઉપલબ્ધ છે. વડોદરા રાજ્યના દેશમાં જે કાંઇ બને છે તે સર્વત્ર જલદી પ્રસરે છે.

**ખરાબ શાસનની બહારની પ્રજાને અસર**

(૭) વળી, રેલવેના વ્યવહારને લીધે રાજ્ય બહારના લોકો વડોદરા રાજ્યના દેશમાં વધુ ને વધુ અને ઘણી મોટી સંખ્યામાં આવે છે. અહીંના પ્રદેશમાં સરકાર સારી રીતે ન ચાલે તો પહેલાં કરતાં વધારે તેની અસર થાય અને લોકોનો વધુ જોરદાર પોકાર ઊભો થાય એવી વાત થઇ પડે.

**સ્વાભાવિક સરખામણીની ઇચ્છા**

(૮) વધુમાં, આપણા પોતાના લોકોનો મુંબઇ અને બીજાં કેન્દ્રો સાથે સંબંધ છે. બન્ને લોકો વચ્ચે ઘણીવાર અવરજવર અને મુલાકાતો થાય છે, એટલે લોકોને પોતાની સરકાર અને પાસેના દેશની સરકારોના કામકાજની સરખામણી કરવા માટે વધુ સારી તક મળે છે.

**સરકાર માટે ઉચ્ચતર આદર્શ**

(૯) શૈક્ષણિક અને બૌદ્ધિક પ્રગતિને પરિણામે આપણા લોકો સમક્ષ પહેલાં કરતાં સારી સરકાર અંગે બહુ મોટો આદર્શ ઊભો થયો છે. પહેલાંના લોકો તો સરકાર ખરાબ હોય તો ચલાવી લેતા, પણ હવે ખરાબ સરકારને તે સહી લેશે નહિ. પહેલાંના વખતમાં સરકારે ભલે થોડું સારું કામ કરેલ હોય તો પણ લોકો સંતોષ માનતા હતા, પરંતુ હવે તેટલાથી લોકોને સંતોષ થશે નહિ.



**સમય સાથે પ્રગતિ**

(૧૦) પહેલાં મોટા ભાગનાં દેશી સંસ્થાનોમાં થોડે-વત્તે અંશે ગેરવહીવટ ચાલતો. બ્રિટિશની હકૂમતવાળા પ્રદેશમાં પણ ખૂબ પછાત સ્થિતિ હતી. પરંતુ હવે સર્વત્ર ઘણી બધી પ્રગતિ થઇ છે. ભલે એક જગ્યાએ થોડી અને બીજી જગ્યાએ વધારે પ્રગતિ હોય , પણ એનું પરિણામ તો છે જ. જો આપણે સારી રીતે આગળ ન વધીએ તો લોકોના ધ્યાનમાં આ બાબત આવશે અને અસંતોષ પેદા થશે.

**રાજ્યોના ગેરવહીવટથી બ્રિટિશ સરકાર વધુ ચિંતિત**

(૧૧) છેલ્લે આપણે એક વાતની નોંધ લેવી જોઇએ કે, હમણાં હમણાં સાર્વભૌમ સત્તા તરીકે બ્રિટિશ સરકાર પહેલાં કરતાં દેશી સંસ્થાનોના ગેરવહીવટ અંગે વધારે સંવેદનશીલ થઇ છે. દેશી સંસ્થાનોમાંના અતિશય ગેરશાસનને અટકાવવાની તેમની પોતાની જવાબદારી છે એવું બ્રિટિશ સરકાર માને છે. પરિણામ એ આવ્યું છે કે બ્રિટિશ સરકાર દેશી સંસ્થાનોના દરેક રાજ્યકર્તાને કહે છે, '' પહેલાં જો તમોએ તમારી હકૂમતના પ્રદેશમાં અત્યંત ગેરવહીવટ કર્યો હોત તો સ્થાનિક લોકો પાસે અમલમાં મૂકવા માટે એક ઉપાય હતો. આપની પ્રજા બળવો પોકારતી અને જુલ્મગારીને નાબૂદ કરતી હતી. આવું કાંઇ અઘટિત બની જશે એ ભયને લીધે ગેરવહીવટ સામે એક પ્રકારનો રોષ હતો. પરંતુ હવે આપના લોકો બળવાનો હિંસક ઇલાજ ઉપયોગમાં આણે તો અમે તે ચલાવી લેતા નથી, અને ચલાવી લઇશું નહિ. કદાચ આવો બળવો થાય તો અમો જ્યારે જરૂર હોય ત્યારે અમારાં લશ્કરી સાધનોનો ઉપયોગ કરીને બળવો દાબી દેવાની અમારી જવાબદારી સ્વીકારીએ છીએ. આવી જુલ્મગારીને ઠેકાણે લાવવાનો લોકોનો અધિકાર અમોએ ખૂંચવી લીધો છે. હવે જુલ્મગારીનો અંત આવવો તો જોઇએ. તો આ અંત કોણ લાવશે ? હિન્દની સાર્વભૌમ સત્તા તરીકે આ જુલ્મગારી નષ્ટ કરવાની જવાબદારી લોકો વતી અમોએ લીધી છે. એટલે કોઇ પણ દેશી સંસ્થાનમાં અત્યંત ગેરશાસન ચાલે છે એવી લોકોની ફરિયાદ આવશે તો અમો બ્રિટિશ સરકાર આ અંગે તપાસ કરીશું અને પરિસ્થિતિને થાળે પાડીશું. ખરાબ શાસન કરનાર રાજ્યકર્તાને ગાદી ઉપરથી ઉઠાડી મૂકવાનું જરૂરી લાગે તો અમો બ્રિટિશ સરકાર તેમ કરીશું, અને બીજી વ્યક્તિને ગાદી ઉપર બેસાડીશું.''

**ઇતિહાસનું દૃષ્ટાંત**

(૧૨) સાર્વભૌમ સત્તા આ બાબતમાં આવી રીતે વિચારે છે. આ વિચારમાં ખૂબ વજૂદ છે, ન્યાયીપણું છે, દેશી સંસ્થાનના દરેક રાજ્યકર્તાએ સાર્વભૌમ સત્તા આવી રીતે વિચારે છે, તે ધ્યાનમાં રાખવું જોઇએ. કન્યાકુમારીથી હિમાલય સુધીનો હિન્દુસ્તાનનો પ્રદેશ આ સાર્વભૌમ સત્તાના તાબામાં છે. અહીં વડોદરામાં જ મલ્હારરાવને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યાનો તાજો બનાવ થયો છે. બ્રિટિશ સરકારના મનમાં આ બાબત શું ચાલી રહ્યું છે, તેનું આ બનાવ એક ઉદાહરણ પૂરું પાડે છે. ઇતિહાસ બીજા દાખલાઓ પણ પૂરા પાડશે.

**સારો વહીવટ કરો**

(૧૩) એનો અર્થ એવો થાય છે કે હવે સાર્વભૌમ સત્તા સારી અને નરસી સરકાર અંગે નિર્ણય લેવા માટેની એક મહત્ત્વની નિર્ણાયક શક્તિ થઇ છે. દેશી સંસ્થાનોએ આ બાબતે " આંખ આડા કાન" કરવા નહિ. બ્રિટિશ સરકારને આપણે સારી રીતે શાસન ચલાવીએ છીએ, કમસે કમ આપણે ગેરશાસન તો કરતા નથી એ બાબતનો પૂરતો સંતોષ થાય તે માટે આપણે સતત કાળજી લેવી જોઇએ.

**સારા માઠા વહીવટને જાણો**

(૧૪) આ ઉપરથી ફલિત થાય છે કે બ્રિટિશ સરકાર કોને સારી સરકાર ગણશે અને કોને નરસી સરકાર ગણશે; બ્રિટિશ સરકાર પોતે કયા મૂળભૂત સિદ્ધાંતોને માન્ય રાખે છે, આ બાબતોનો આપણે બરોબર અભ્યાસ કરવો જોઇએ.

**આપણે વધારે સંભાળવું જોઇએ**

(૧૫) તો આપ મહારાજા સાહેબને જણાઇ આવશે કે વખત, પરિસ્થિતિ, સંજોગો કેટલા બદલાયા છે. પહેલાં ગાયકવાડ મહારાજાઓએ સરકારના કામકાજ સંબંધે કાળજી લીધી હોય તેના કરતાં વધારે કાળજી આપણે સરકારી કામકાજમાં લેવી જોઇએ. થોડા જ વખતમાં આપના ઉપર મહાન જવાબદારીઓ અને ફરજો આવી પડવાની છે. તેને પહોંચી વળવા સારુ મહારાજા સાહેબે પ્રથમથી ખાસ તૈયારી કરવાની અત્યંત આવશ્યકતા છે.



**લોક-કલ્યાણ રાજવીની પહેલી ફરજ**

(૧૬) રાજ્ય વ્યવહાર સારી રીતે ચલાવવા માટે જરૂરી એવા મહાન મૂળભૂત સિદ્ધાંતો આપની આગળ રજૂ કરવાની હું શરૂઆત કરું છું. મારી વિનંતી છે કે આ તરફ આપ ખૂબ જ નિષ્ઠાથી ધ્યાન આપશો. કારણ આ સિદ્ધાંતોએ ચીંધેલા માર્ગ પ્રમાણે વર્તવાથી જ આપ આપની કારકિર્દી સંમાન્ય અને સમૃદ્ધ બનાવી શકશો, તેની મને ખાતરી છે. વધારેમાં વધારે મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે પ્રજાની સુખાકારી વધારવી એ રાજ્યકર્તાની પહેલી ફરજ છે. લોકોનું સુખ એટલે શું, તે શામાં છે, અને સુખાકારી કઇ રીતે વધારી શકાય તે અંગે આગળ આપણે વિચાર કરીશું. ખૂબ વ્યાપક વિગતોમાં ઊતરવું પડશે, મંતવ્યમાં વિગતો અંગે મતભેદ હોઇ શકે તે કબૂલ કરવું પડશે. પ્રજાની સુખાકારીમાં વૃદ્ધિ કરવી એ રાજ્યકર્તાની પહેલી જવાબદારી છે. એ બાબતમાં કોઇ પણ શંકા હોઇ શકે નહિ. આ બાબતમાં કોઇનું પણ મંતવ્ય જુદું હોઇ શકે નહિ.

**કાયમ આનો અમલ કરો**

(૧૭) આ ઉત્તમ સિદ્ધાંતનું વારંવાર રટણ કરવું જોઇએ. આપની સ્મૃતિમાં એ સારી રીતે રહે તે જોવું જોઇએ. આપને કરવાં પડતાં બધાં જ જાહેર કાર્યો પાછળ આ સિદ્ધાંતોની પ્રેરણા હોવી જોઇએ. દીવાન સાહેબથી માંડીને નીચેની બધી શ્રેણીના આપના નોકરોના મન ઉપર આ સિદ્ધાંતનું મહત્ત્વ ઠસાવવું જોઇએ. તેઓ આ સિદ્ધાંતને દરેક જગ્યાએ દરેક વખતે માન આપે એવો આગ્રહ રાખવો જોઇએ.

**તેને વફાદાર રહો**

(૧૮) આ ઉત્તમ સિદ્ધાંત આપની સલામતી, સુખાકારી, સન્માન અને સમૃદ્ધિનો પાયો છે, એમ જાણી તેને વફાદાર રહો. હિન્દુ ધર્મશાસ્ત્રમાં આ સિદ્ધાંતની ભલામણ કરેલ છે અને હિન્દુ ધર્મશાસ્ત્રોમાં એ સિદ્ધાંતોનો ખાસ આગ્રહ સેવાયો છે. બ્રિટિશ સરકારની આ સિદ્ધાંતોને મક્કમમાં મક્કમ અનુમતિ છે. આપના લોકોની પણ આ માટે અનુમતિ છે. અમો આપના ઉત્તમ મિત્રો અને હિતચિંતકો, જેમાં ઇલીયટ અને હું હોવાનો દાવો કરીએ છીએ, તે સિદ્ધાંતની ભારપૂર્વક ભલામણ કરીએ છીએ. ઘણા રાજ્યકર્તા આ મહાન સિદ્ધાંતનો તુરત સ્વીકાર તો કરે છે, પણ વહીવટની પ્રત્યક્ષ

કામગીરીમાં તે સિદ્ધાંતો પ્રમાણે વર્તવાનું ચૂકે છે. અમો બધાંને શ્રદ્ધા છે કે, આપ મહારાજા સાહેબ એવા રાજ્યકર્તા જેવું કરશો નહિ.

(૧૯) પોતાની પ્રજાની સુખાકારી વધારવી તે રાજ્યકર્તાની પ્રથમ ફરજ છે. આ ઉત્તમ સિદ્ધાંત મહારાજા સાહેબના મન ઉપર અંકિત કરવા માટે હું સંનિષ્ઠ પ્રયત્ન કરું છું. કેટલાંક કાર્યો આ સિદ્ધાંતોની વિરુદ્ધ છે. તેનો દાખલો હું આપીશ જેનાથી સિદ્ધાંતની સાચી સમજ આપવાની મારી ઇચ્છા સફળ થશે.

**તેથી વિરુદ્ધનાં દૃષ્ટાંત**

(ક) એક મહારાજા સાહેબ અંગત ઝવેરાત ખરીદવા માટે વધારે પડતાં નાણાં બાજુએ રાખવાની ઇચ્છા કરીને એ માટે જાહેર તિજોરીમાંથી નાણાંની વધુ પડતી માગણી કરે છે. આ નાણાંની માગણી રાજમહેલના અગર મહારાજા સાહેબના અંગત ખર્ચ માટે જે વાજબી પ્રમાણ હોવું જોઇએ, તેના કરતાં વધુ પડતી આવા કિસ્સામાં ઉપર મેં જે મૂળભૂત સિદ્ધાંતનું વિવરણ કર્યું છે, તેની વિરુદ્ધ મહારાજા સાહેબ વર્તન કરે છે. હું સૂચવી રહ્યો છું તે સિદ્ધાંતની વિરુદ્ધ, એ મહારાજા સાહેબ આ કિસ્સામાં જાહેર નાણાં પોતાના સ્વાર્થી હેતુ માટે પડાવવા માંગે છે. આ જાહેર નાણાં ખરેખર લોકોની સુખાકારી માટે એક યા બીજા માર્ગે વાપરવા જોઇતાં હતાં, પણ ઉતાવળમાં આનો અર્થ એવો કરવાનો નથી કે મહારાજા સાહેબ માટે કોઈ ઝવેરાત ખરીદ કરવા માટે હું મના કરું છું. મહારાજા સાહેબ જરૂરી અથવા ઇચ્છનીય હોય ત્યારે આભૂષણોની ખરીદી કરી શકે, પણ તે વાજબી મર્યાદામાં હોવી જોઇએ. મેં આ પહેલાના પરિચ્છેદમાં જે શબ્દો વાપર્યા છે, એના ઉપર કાળજીપૂર્વક વિચાર કરવામાં આવશે તો આ વાત સ્પષ્ટ થશે.

**પ્રજાનાં નાણાંનો સ્વાર્થી વિનિયોગ**

(ખ) બીજો એક દાખલો લઇ આપણે આગળ વધીએ. એક મહારાજા સાહેબ એક રાજમહેલ પછી બીજો રાજમહેલ એમ ઉપરાઉપરી રાજમહેલો બાંધવાનું કામકાજ ચાલુ રાખે છે. તે વાજબી જરૂરિયાતો જોતા નથી, અને આ કામ માટે જાહેર તિજોરીમાંથી યોગ્ય

**રાજમહેલોનું નિર્માણ**



અને વાજબી પ્રમાણ કરતાં વધુ નાણાંની માંગણી કરે છે. મહારાજા સાહેબને રાજમહેલ યા પોતાના ખર્ચ માટે રાજ્યની આવકમાંથી યોગ્ય અને વાજબી ભાગ મળેલો હોય છે જ. પણ રાજમહેલો બાંધવા ઉપર એ વાજબી નાણાં ખર્ચવામાં આવે તો તે મહાન સિદ્ધાંતની વિરુદ્ધ છે. મહારાજા સાહેબના નિવાસ માટે જોઇતી સુખસગવડોનો રાજમહેલ હોવો ઇચ્છનીય છે. પરંતુ આને પણ મર્યાદા છે. તુર્કીના સુલતાનો અને ઇજિપ્તના ખેદીવો સતત ઇમારતો બાંધતા ગયા અને પોતાની જાતને ગંભીર મુશ્કેલીઓમાં મૂકતા ગયા. ખર્ચાળ રાજમહેલો બાંધવા અને પછી તે મનસ્વીપણે છોડી દઇને વળી નવો કીમતી રાજમહેલ બાંધવો એ ગુનાહિત મૂર્ખાઇ છે.

(ગ) હું બીજો પણ દાખલો આપું છું. એક મહારાજા સાહેબને ચાંદી અને સોનાની તોપો બનાવવાની ઇચ્છા છે. જાહેર જનતાની સુખાકારીના માટે જ રાજ્યનાં નાણાં ખર્ચવાં જોઇએ, એ મહાન સિદ્ધાંતનો ભંગ કરતો આ એક વધુ દાખલો છે. તે જ પ્રમાણે એક મહારાજા સાહેબ રાજ્યની જરૂરિયાત કરતાં લશ્કરની સંખ્યામાં વધારો કરે છે. આ ફક્ત પોતાને ખૂબ મોટા લશ્કરનું દર્શન કરવાનું ગમતું હોય તેવા નિજી સંતોષ માટે છે.

**સોના-રૂપાની તોપો**

(ઘ) આ જ પ્રકારનો ત્રીજો દાખલો એવો હોય કે એક મહારાજા સાહેબ પોતાના સગાં-સંબંધીઓને અને લાડીલાઓને ઉડાઉ રકમોની લહાણી કરે છે અને આ ઉડાઉપણું પોષવા માટે જાહેર તિજોરીમાંથી વધારે પડતાં નાણાં ઉપાડે છે. આ નાણાંનો સંપૂર્ણ ઉપયોગ લોકોની સુખાકારી વધારવા માટે થવો જોઇએ. પરંતુ અહીં વાજબી મર્યાદા ઓળંગવાની ભૂલ થઇ છે. મહારાજા સાહેબ ધાર્મિક, ધર્માદા, પરોપકારી કામ માટે અનુદાન આપવા ઇચ્છતા હોય તો પણ તેની હું તરફેણ કરું છું. તે પણ સિદ્ધાંતને આધીન રહીને જ આપવાની મર્યાદા પાળવી જોઇએ. આવું અનુદાન સર્વસામાન્ય હોવું જોઇએ, નહિ તો લોકોની સુખાકારી વધારવા માટે ઉપયોગમાં લેવાતાં નાણાંનાં સાધનોમાં કાપ આવશે.

**સગાંવહાલાંને અનુદાન**

**આથી વિરુદ્ધનું ખર્ચ નહિં**

(૨૦) ટૂંકમાં, મહારાજા સાહેબ કોઇ પણ વધુ પડતો ખર્ચ કરવા ઇચ્છે, ત્યારે જે સિદ્ધાંત તરફ ધ્યાન ખેંચવા હું પ્રયાસ કરું છું, તે સિદ્ધાંતને નજર આગળ રાખવો જોઇએ. તેમજ પોતાની જાતને પૂછવું જોઇએ કે, આ સૂચિત ખર્ચ કરીને હું મારી પ્રજાની સુખાકારીમાં વધારો કરું છું કે કેમ ? જો અંદરથી આ પ્રશ્નનો હકારમાં ઉત્તર ન આવે તો મહારાજા સાહેબે તે સૂચિત ખર્ચ કરવાનો વિચાર છોડી દેવો જોઇએ.

**અંગત ખર્ચ ખાનગી ખાતે**

(૨૧) ખર્ચ કરવાની આવી કેટલીક બાબતો હોઇ શકે કે જેનો લોકોની સુખાકારી સાથે કોઇ સંબંધ ના હોય અને છતાં મહારાજા સાહેબને પોતાના આનંદ ખાતર કરવાની ઇચ્છા હોય. આવી ઇચ્છા ત્યારે જ પૂરી કરવી જ્યારે જાહેર નાણાંના તેમને આપેલા અંગત ખર્ચના ભાગમાંથી, જેમ કે ખાનગી ખાતામાંથી તે કરી શકાય.

**રાજ્ય જાહેર ટ્રસ્ટ છે**

(૨૨) પ્રસ્તુત સિદ્ધાંતને જે મહારાજા સાહેબ માન આપશે તે પોતાની ઇચ્છા થાય તેમ જાહેર નાણાં વાપરવા પોતે સ્વતંત્ર છે તેમ માનશે નહિ. રાજ્ય એ મહારાજા સાહેબની ખાનગી મિલકત નથી, પરંતુ તે જાહેર અમાનત છે. મહારાજા સાહેબને આ વિશ્વાસથી જ આ નાણાંની સોંપણી થયેલી હોય છે. તેઓએ લોકોના ફાયદા માટે જ આ નાણાં વાપરવાં જોઇએ. એ વાત સતત ધ્યાનમાં રાખવી જોઇએ.

**વિવેકબુદ્ધિ વાપરો**

(૨૩) આ જવાબદારીના કારણે અમુક વાજબી મર્યાદામાં ખર્ચ કરવાની મહારાજા સાહેબની સ્વતંત્રતા લઇ લેવામાં આવે છે, એવું હરગીજ નથી. મેં પહેલાં કહ્યું જ છે કે મહારાજા સાહેબ માટે ખાનગી ખર્ચ. સારુ દા. ત. ખાનગી ખાતા માટે-જાહેર નાણાંનો જે ભાગ નિયત કરેલો હોય તેમાંથી ખર્ચ કરવા તેઓ સ્વતંત્ર છે.*



**પોતાને અને પ્રજાને સુખી કરો**

(૨૪) એના ઉપરથી સ્પષ્ટ થશે કે, મહારાજા સાહેબના અંગત હિતસબંધો અને પ્રસ્તુત મહાન સિદ્ધાંત એ બન્નેનો મેળ પાડી શકાય છે. મહારાજા સાહેબે પોતાની પ્રજાને સુખી કરવી જોઇશે અને સાથે સાથે પોતાને પણ સુખી રાખવા જોઇએ.

**જાહેર સુખનો ભોગ નહિ**

(૨૫) મહારાજા સાહેબે લોકોની સુખાકારીના ભોગે પોતાના અંગત ભોગવિલાસ માટે પ્રયત્ન કરવાથી હંમેશાં દૂર રહેવું જોઇએ. આ મહાન સિદ્ધાંતની સ્પષ્ટતા કરવા માટે હું કેટલાક વધુ દાખલાઓ આપીશ.

**કુશળ પોલીસનો અભાવ**

(ક) એક મહારાજા સાહેબ પોતાના અંગત વિલાસ માટે જાહેર નાણાં વાપરે છે અને લોકોના રક્ષણ માટે પૂરતું અને સક્ષમ પોલીસદળ રાખવાની કાળજી લેતા નથી. ગુના થયા કરે છે. ગુનાહિત પ્રવૃત્તિ વધે છે. ખૂન, લૂંટ, ચોરીઓ વગેરે ગુના ચાલુ રહેવાથી અને વધવાથી પ્રજા દુ:ખી થાય છે.

**ન્યાય કોર્ટોનો અભાવ**

(ખ) માણસ-માણસ વચ્ચેની તકરારોના ન્યાયી નિકાલ કરવા મહારાજા સાહેબ પાસે યોગ્ય તંત્ર હોતું નથી. તે કારણે તકરારો વધે છે, ગુના થાય છે. રાજયમાં હિંસા પ્રવર્તે છે. લોકો ખૂબ જ દુ:ખી થાય છે.

**રાજા અને અધિકારીઓ મનસ્વી**

(ગ) મહારાજા સાહેબ પોતે ધારાધોરણ વિરુદ્ધ વર્તે છે. પોતાના અધિકારીઓને ધારાધોરણો વિરુદ્ધ વર્તવા દે છે. અધિકારીઓ ધારાધોરણ વિરુદ્ધ લોકોને કેદમાં નાંખે છે. લોકોની મિલકત ધારાધોરણ વિરુદ્ધ જપ્ત કરે છે. ગેરકાયદેસર મારી પણ નાંખે છે. લોકોમાં અનિશ્ચિતતા અને ભયનું વાતાવરણ સર્જાય છે. પ્રજા અત્યંત દુ:ખી થાય છે.

(૨૬) આવા માર્ગ સામે આપણું લક્ષ્ય વેધનાર મહાન સિદ્ધાંત ચેતવણી આપવાનું કામ કરે છે. આ સિદ્ધાંત ઉપર મારાં વિચારણાપૂર્વકનાં થોડાં વધુ મંતવ્યો આ પછી રજૂ કરવા માંગું છું. પ્રજાની સુખાકારીમાં વધારો કરવાની રાજ્યકર્તાની પ્રથમ ફરજ છે. એ જ તે મહાન સિદ્ધાંત છે.

(૨૭) "પોતાની પ્રજા" એ શબ્દનો અર્થ બધી પ્રજા, બધા વર્ગના અને પંથના સામાન્ય લોકો એમ હું કરું છું. વ્યવહારમાં જેમ બને તેમ મહારાજા સાહેબે બધા વર્ગના અને પંથના લોકો પ્રત્યે મહેરબાની રાખવામાં કે તેમના માટે કાંઇ કરવામાં સમભાવ રાખવો જોઇએ. કેટલાક વર્ગ અને પંથ તરફ વધુ મહેરબાની રાખીને બીજા વર્ગ અને પંથોને દુ:ખી કરવા નહિ. મહારાજા સાહેબે એમની સમસ્ત પ્રજાની પછી તે હિન્દુ, મુસલમાન કે બીજી કોમની હોય, સુખાકારી વધારવાનું કામ કરવું જોઇએ. શ્રીમંત હોય યા ગરીબ હોય, સરદાર હોય, દરકદાર હોય કે સામાન્ય માણસ હોય, બધાં સમાન છે તેમ સમજવું જોઇએ. ટૂંકમાં, મહારાજા સાહેબે લોકોમાંના કોઇ એક વર્ગના નહિ પણ સમસ્ત પ્રજાના પિતા તરીકે વર્તવું જોઇએ.

**કોઇ વર્ગ કે ધર્મ પ્રત્યે પક્ષપાત નહિ**

(૨૮) આ વલણ માત્ર ન્યાયી અને યોગ્ય છે એટલું જ નહિ પરંતુ ઇચ્છનીય પણ છે. એ એક સારું નીતિધોરણ છે. પોતાની સમસ્ત પ્રજા માટે સમાન વલણ અને સમાન અનુગ્રહ રાખનાર મહારાજા સાહેબને લોકોનું પીઠબળ મળવાનું જ છે. બીજી બાજુ, જે મહારાજા સાહેબ લોકોના એક ચોક્કસ વર્ગ પ્રત્યે જ મહેરબાન રહેશે તે બીજા બધા વર્ગની દુશ્મનાવટ વહોરી લેશે અને નબળા પડશે. રાજ્ય વહીવટ ચલાવતી વખતે આ વિચારને ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

**મહારાજા સર્વના પિતા સમાન**

(૨૯) મેં અત્યારે જે કાંઇ કહ્યું તેના અનુસંધાનમાં એક કામ કરવું પડશે. જાહેર સેવાઓ માટે નિમણૂક કરતી વખતે સમસ્ત પ્રજાના બધા વર્ગો અને પંથોના જરૂરી લાયકાત ધરાવનારાઓને જ પાત્ર ગણવા જોઇએ. ફક્ત

**બધા વર્ગોમાંથી ભરતી**



દક્ષિણી અગર ગુજરાતીને જ નોકરી આપવી ઉચિત નથી. ફક્ત મુસલમાનને અને પારસીઓને જ નોકરી આપવી એ પણ સારું નથી. યોગ્ય પ્રમાણમાં બધી લાયક વ્યક્તિઓને નોકરીમાં લેવી જોઇએ.

(૩૦) મેં જે કહ્યું છે તેના પરિપાકરૂપે એ પણ જોવું જોઇએ કે પ્રજાના કોઇ એક ચોક્કસ વર્ગ ઉપર કરવેરાનો બોજો ન નાંખવો જોઇએ. બીજા ઉપર જે કરવેરો હોય તેના કરતાં વધારે તો ન જ નાંખવો જોઇએ.

**અસમાન કરવેરા નહિ**

(૩૧) સમસ્ત પ્રજાને, વર્ગ કે પંથનો વિચાર કર્યા વગર, સમાન ન્યાય આપવો. એમ માનો કે બ્રાહ્મણ અને મુસલમાન વચ્ચે કોઇ તકરાર છે. આવા પ્રસંગે કોઇ હિન્દુ રાજ્યકર્તાએ બ્રાહ્મણ તરફ તે બ્રાહ્મણ હોવાના કારણે જ પક્ષપાત કરીને ન્યાય કરવો એ બહુ જ ખોટું થશે.

**સૌને સમાન ન્યાય**

(૩૨) કોઇ મુસલમાન રાજા અમુક વ્યક્તિ મુસલમાન છે એટલા જ કારણસર તેના તરફ પક્ષપાત રાખે, તો તે પણ તેટલું જ ખરાબ કૃત્ય છે. તે જ પ્રમાણે મિત્રો, લાડીલાઓ, આશ્રિતો માટે પણ પક્ષપાત વગરનો સમાન ન્યાય અપાય એ સારી સરકારની એક મહત્ત્વની નિશાની છે.

**મિત્રો તરફ પક્ષપાત નહિ**

(૩૩) કેટલાક સરદાર અને દરકદાર લોકોએ પણ મને એમ કહ્યું છે કે તેમના અભિપ્રાય પ્રમાણે આ સંસ્થાન, મહારાજા સાહેબ અને તેમના પોતાના ભલા માટે નિર્માયું છે અને મહારાજા સાહેબે પોતાના અને તેમના સુખસમાધાન માટે શક્ય તેટલી વધુ ને વધુ આવક ભેગી કરવી એ મહારાજ સાહેબની પ્રાથમિક ફરજ છે. એમના મતે પ્રજાના સુખ માટે ઝાઝું અગર બિલકુલ મહત્ત્વ આપવું ન જોઇએ. આ વિચારસરણી મૂર્ખાઇ ભરેલી અને ખોટી છે, એ કહેવાની મારે જરૂર નથી. હું જે કહેતો આવ્યો છું તેનાથી આ તદ્દન વિરુદ્ધ છે. હું જાણું છું કે આ લોકો મહારાજા સાહેબ પાસે આવી જ રીતે અને આવાં જ પગલાં

**કેટલાક સરદારોની માન્યતા**

લેવા માટે કહેશે. આપ મહારાજા સાહેબે અલબત્ત, આવા મૂર્ખાઇભર્યા વિચારોને જરા પણ ઉત્તેજન આપવું જોઇએ નહિ. વડોદરા સંસ્થાનમાં લોકોની જે બૌદ્ધિક પ્રગતિ થઇ છે તે જોતાં આવા પ્રકારની મૂર્ખાઇભરી વિચારસરણી લોકોના મગજમાંથી જલદી દૂર થઇ જશે એવી મને શ્રદ્ધા છે.

**પ્રજાને ખર્ચે તેમને સગવડ નહિ**

(૩૪) સરદારો અને દરકદાર પણ પ્રજાનો એક અંગભૂત, કદાચ એક મહત્ત્વનો અંગભૂત ભાગ છે. રક્ષણ અને વિચારણા મેળવવા તે પણ હકદાર છે. પરંતુ સમસ્ત પ્રજાના મોટા ભાગના લોકોના ભોગે તેમની સુખાકારી માટે પ્રયાસ થાય તો તે હરગિજ ચલાવી લેવું જોઇએ નહિ.

**સાર**

(૩૫) ટૂંકમાં કહીએ, તો પોતાની સમસ્ત પ્રજાની સુખાકારી પક્ષપાત વિના વધારવાની મહારાજ સાહેબની પ્રથમ ફરજ છે. મહારાજા સાહેબ પોતાની શક્તિનો સઘળો ઉપયોગ કરી આ મૂળભૂત જવાબદારી પૂર્ણ કરશે તો તેઓ પ્રજાની પ્રીતિ મેળવશે અને તે કારણે તેમની સત્તા મજબૂત બનશે. તેમને ઓછામાં ઓછી તકલીફો પડશે અને રાજ્યની સરકાર ચલાવવા માટે તેમને કોઇ ચિંતા રહેશે નહિ. એમની પોતાની સુખાકારી પણ ઉત્તમ પ્રકારે જળવાશે. સાર્વભૌમ સત્તા તરફથી પણ તેમને રક્ષણ મળશે, પીઠબળ મળશે અને સન્માન પ્રાપ્ત થશે.

**રાજાથી પ્રજા સુખી**

(૩૬) પ્રજાને આવું કહેવા માટે હંમેશા કારણો હોવાં જોઇએ કે ''તેઓ પ્રજાની સુખાકારી માટે અથાગ લાગણી ધરાવતા મહારાજા સાહેબના શાસન હેઠળ છે. મહારાજા સાહેબ પ્રજા માટે બનતું બધું કરી છૂટે છે. આવા મહારાજા સાહેબ પોતાનાં સંતાનોને પણ પોતાનો સારો દાખલો અનુસરવાનું શીખવશે તેની ખાતરી છે અને આ રાજવંશ હંમેશા માટે ચાલુ રહે તે માટે પ્રજાએ ઇશ્વર પાસે હંમેશા પ્રાર્થના કરવી પડશે.''

**ચિરંજીવી સરકારો**

(૩૭) ઇતિહાસ એ અનુભવોનો ભંડાર છે. આ અનુભવ ઉપરથી જણાશે કે એક નિયમ તરીકે જે સરકારોએ પોતાની પ્રજાની સુખાકારીમાં ખૂબ વધારો કર્યો



છે અને જેઓએ આ ઉત્તમ સિદ્ધાંત પ્રત્યે આદર સે[illegible] શાસન લાંબું ચાલ્યું છે. જ્યાં આવું ધોરણ હોતું નથી ત્યાં શા[illegible] ટક્યું નથી.

**બ્રિટિશ હિંદુસ્તાનની સરકારની સફળતા**

(૩૮) હમણાં આપણી નજરે તુરત ચઢે તેવો એક દાખલો થયો છે. હિન્દમાંની બ્રિટિશ હકૂમત તરફ જુઓ. પારકી સરકાર હોવાના કારણે તેમાં ટાળી ન શકાય એવા ગેરફાયદા છે. પરંતુ તેમની પહેલાંના શાસન કરતાં તે ઘણી શક્તિશાળી છે અને લાંબુ ચાલે એવી છે. આમ કેમ ? આનું મુખ્ય કારણ તે શાસને પ્રજાની સુખાકારી વધારવાની કામગીરી કરવાનો આદ્ય સિદ્ધાંત અમલમાં આણ્યો છે. આ અને બીજા પ્રસંગોએ બ્રિટિશ હકૂમતે ભૂલો કરી હશે, લોકોની સુખાકારી વધારવાની બાબતમાં પણ તેમને યશ મળ્યો નહિ હોય, વળી તે ટીકાનું પણ નિશાન બની હશે. પરંતુ સરવાળે મને અને બધા વિચારવંત લોકોને એવું વિચારવું પડે છે કે હિન્દુસ્તાનને એના કરતાં વધુ સારું શાસન અગર એની તોલે આવે એવું શાસન મળી શકશે નહિ, એવા પ્રકારની ભાવના આજે છે. બ્રિટિશ હકૂમત લાંબો વખત ચાલુ રહેશે. તેની એક અસલ બાંહેધરી આ ભાવના પાછળ રહેલી છે. જ્યાં સુધી તે ટકશે ત્યાં સુધી હિન્દુસ્તાનમાં બ્રિટિશ હકૂમત ચાલુ રહેશે. તે ચાલુ રહે તે ઇચ્છવાયોગ્ય પણ છે. બ્રિટિશ હકૂમત હિન્દુસ્તાનમાં કેટલો વખત ચાલુ રહેશે તેની મર્યાદા બાંધવી શક્ય નથી. બ્રિટિશ સિદ્ધાંતો અને તેમણે ઊભી કરેલી સંસ્થાઓ એવી છે, કે જેમાં આપણે જે મહાન સિદ્ધાંતોની વાત કરીએ છીએ, તેના પ્રત્યે દુર્લક્ષ સેવાશે નહિ કે આ સિદ્ધાંતો છોડી દેવામાં આવશે નહિ. ઊલટું આ સિદ્ધાંત પ્રમાણે અસરકારક રીતે જ શાસન ચલાવવાનું ચાલુ રહેશે. રાષ્ટ્ર પ્રત્યેની ફરજની ઉમદા ભાવનાથી આ શાસન ચાલશે. આ શાસન કરતી વખતે બ્રિટિશ રાષ્ટ્રના હિતસંબંધો એક બાજુ જોવાશે અને બીજી બાજુ લોકોની ઇચ્છા અને આકાંક્ષાની પ્રબળ માગણીને માન અપાશે.

**સુશાસનના પાયાના સિદ્ધાંતનું મૂલ્ય**

(૩૯) જો એક વિશાળ વિદેશી શાસન આ ઉત્તમ સિદ્ધાંતના કારણે શક્તિ, બળ, અને ટકાઉપણું પણ મેળવી શકે છે, તો આપ જે સંસ્થાનના વડા છો તે સંસ્થાનના શાસનના સંબંધમાં તે સિદ્ધાંતનું મૂલ્ય

આપ સારી રીતે સમજી શકશો. આપણે જે સિદ્ધાંત અંગે આજ વાત કરીએ છીએ તે સઘળી સારી સરકારોના પાયા રૂપે છે. એટલે મારી શ્રદ્ધા છે કે આપ આ સિદ્ધાંતને સંપૂર્ણપણે સ્વીકારશો અને તેને જીવનમાં ઉતારશો. આવું કરવામાં આવશે તો આ સિદ્ધાંતમાંથી જ બીજા સિદ્ધાંતની હારમાળા ઊભી થશે, જે આપને વહીવટના કામે અત્યંત મૂલ્યવાન સાબિત થશે.

**વર્તમાન વહીવટી તંત્રની નીતિ**

(૪૦) મારે મહારાજા સાહેબને એ કહેવાની જરૂર નથી કે આ સંસ્થાનના વર્તમાન વહીવટે આ સિદ્ધાંતને અમલી કરવા સંનિષ્ઠ અને કાળજીભર્યો પુરુષાર્થ આદર્યો છે. આ સિદ્ધાંત ધ્યાનમાં રાખી રાજ્યમાં ધીરે ધીરે ઘણી બધી બાબતોમાં ખૂબ જ લાભદાયક પરિવર્તન આણવાનો પ્રયત્ન કર્યો છે. દા. ત. લોકોના જાન અને મિલકતની સલામતી માટે એક સારા પોલીસદળની સ્થાપના કરવાની જોગવાઇ કરી છે. તકરારોનો નિકાલ કરવા અને ગુનેગારોને શિક્ષા કરવા માટે ન્યાયની અદાલતો ઊભી કરી છે. આપણે નિશાળો ઊભી કરી છે. દવાખાનાઓ શરૂ કર્યાં છે. આપણે જાહેર કામો કરવાનું ચાલુ રાખ્યું છે. ઘણા બધા ખોટા વેરાઓ રદ કર્યા છે. આ વેરા લોકો ઉપર વધુ પડતો બોજો નાંખનારા હતા. નવા વેરા નાંખવાનું કે જૂના વેરા વધારવાનું સામાન્યપણે આપણે ટાળ્યું છે. અપવાદમાં જે કાંઇ નવા વેરા નાંખ્યા હશે, તેનો હું યોગ્ય વખતે ખુલાસો કરીશ. લોકોની સુખાકારી સાથે સંબંધ ન હોય અગર બહુ જ થોડો સંબંધ હોય એવી બાબતો ઉપરનો ખર્ચ આપણે ઓછો કરી નાંખ્યો છે અને લોકોની સુખાકારીમાં વધારો થાય તેવી બાબતમાં, ખર્ચમાં વધારો કર્યો છે. હું ઇચ્છું છું કે આપ મહારાજા સાહેબ આપણા વહીવટનો અહેવાલ જોઇ જશો. આપ મહારાજા સાહેબને જે સિદ્ધાંત બદલ સમજાવવાનું ચાલુ રાખ્યું છે તે સિદ્ધાંત નજર સમક્ષ રાખી વહીવટ કરવામાં આવ્યો છે કે કેમ, તે આપ મહારાજા સાહેબ જુઓ એવી મારી વિનંતી છે. કેટલીક ઊણપો અલબત્ત રહી હશે. પણ બધા સંજોગોનો વિચાર કરતાં, આપણે આ સિદ્ધાંતને અનુસર્યા હોવાનું જણાઇ આવશે.



# પ્રકરણ-૨૬

## મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ)

બુધવાર, ૪થી મે, ૧૮૮૧

**મહારાજાની પહેલી ફરજ**

(૧) ગયા બુધવારે આપણે અહીંયા મળ્યા ત્યારે પોતાની પ્રજાની સુખાકારીમાં વધારો કરવાની મહારાજા સાહેબની પ્રથમ ફરજ તરીકેના મહાન સિદ્ધાંત બાબત વિસ્તારથી આપણે જોઇ ગયા હતા. આ પ્રાથમિક સિદ્ધાંતમાંથી બહુ મૂલ્યવાન એવા બીજા સિદ્ધાંતોની હારમાળા નીકળે છે. સારા શાસન માટે આવા સિદ્ધાંતોનું મૂલ્ય ખૂબ જ વધારે છે. આપણે આ સિદ્ધાંત એક પછી એક જોઇશું.

**પ્રજાની સુખાકારી બે પ્રકાર**

(૨) લોકોની સુખાકારી બે ભાગમાં કે બે પ્રકારમાં વિભાજિત કરી શકાય છે. તે સમજવાનું સહેલું છે. (૧) જનસમૂહમાંની વ્યક્તિ પોતે પોતાના પ્રયત્ન આદરી પોતાના માટે જે સુખ મેળવે છે અને (૨) વ્યક્તિ પોતાના પ્રયત્ન વડે પોતે પોતાના માટે જે મેળવી શક્તી નથી અને જે મેળવી આપવા માટે લોકસમૂહનું પ્રતિનિધિત્વ ધરાવતી સરકારે તે વ્યક્તિને સહાય કરવાની જરૂર હોય છે તેવું સુખ.

**કેટલાંક દૃષ્ટાંત**

(૩) બન્ને પ્રકારના સુખના હું દાખલા આપીશ. વ્યક્તિ પોતાના પ્રયત્નથી જે સુખ મેળવે છે તેના નીચે પ્રમાણે દાખલા છે.

**સ્વપ્રયત્ને મળતું સુખ**

(૧) પૂરતું ખાવાનું, પૂરતાં કપડાં વગેરે મળતું હોય ત્યારે થતું સુખ.

(૨) આરામદાયક રહેઠાણના કારણે મળતું સુખ.

(૩) રાચરચીલું, ફર્નિચર, વાહન, ઝવેરાત, હોવાના કારણે મળતું સુખ.

(૪) પુસ્તકો વાંચવાથી મળતું સુખ.

(૫) સદ્‌ગુણી વર્તનના કારણે મળતું સુખ.

(૬) ધર્મના પાલનના કારણે મળતું સુખ વગેરે. હકીકતમાં સુખોનો ઘણો મોટો ભાગ વ્યક્તિના પોતાના પ્રયાસો ઉપર નિર્ભર હોય છે. એના પોતાના ઉદ્યમ ઉપર, કરકસરની વૃત્તિ ઉપર અને અગમચેતી ઉપર નિર્ભર હોય છે.

**તેવી રીતે ન મળતું સુખ**

(૪) પોતાના પ્રયત્નથી પોતે થઇને વ્યક્તિ જે મેળવી શક્તી નથી અને તે મેળવવા માટે સરકારની કામગીરીની જરૂર છે, તે બીજા પ્રકારના સુખનો દાખલો હું હવે આપીશ. (૧) આપણું ચોરાઇ જશે નહિ, લૂંટાઇ જશે નહિ, આપણી મિલકત બળજબરીથી કોઇ છીનવી લેશે નહિ, આપણી મિલકત કોઇ છળકપટથી ઝૂંટવી લેશે નહિ, એવા વિશ્વાસને કારણે ઉદ્‌ભવતું સુખ. (૨) આપણને કોઇ મારી નાંખવાના નથી, જખ્મી કરવાના નથી, આપણી જાતને કોઇ વ્યથા થવાની નથી એવા વિશ્વાસના કારણે થતું સુખ.(૩) બીજાઓ સાથે થતી આપણી તકરારની સારી રીતે તપાસ થશે, તકરારનો ન્યાયી નિકાલ થશે એવી ભાવનાથી ઉદ્‌ભવતું સુખ. (૪) આપણે આપણા પોતાના ભલા માટે મહેનત કરતા હોઈએ ત્યારે કોઈ આપણને ત્રાસ આપશે નહિ અગર આપણી કામગીરીમાં દખલ કરશે નહિ, આવી બાબતમાં મુક્તતાથી આપણે વર્તી શકીએ છીએ એવા વિશ્વાસને કારણે ઉદ્‌ભવતું સુખ. (૫) વેપાર વ્યવસાય, અવરજવર માટે રાજ્યમાં સારા રસ્તાઓ અને વાહન વ્યવહારનાં સાધનો ઉપલબ્ધ હોવાના કારણે ઉદ્‌ભવતું સુખ. (૬) બીમારી અને રોગચાળાને શક્ય તેટલો અટકાવી શકાય એ હેતુથી કસબાઓ, પરાંઓમાં સ્વચ્છતા અંગે સારી વ્યવસ્થા કરવામાં આવેલી છે એ ખ્યાલથી ઉદ્‌ભવતું સુખ. (૭) રોગચાળાના પ્રસંગે રોગનિવારણ અને રોગમુક્તિ માટે નજીકના વિસ્તારમાં જ સારા તબીબની મદદ મળે છે એ ખ્યાલથી ઉદ્‌ભવતું સુખ. (૮) પોતાનાં સંતાનોના શિક્ષણ માટે સારી શાળાઓ ઉપલબ્ધ છે તે ખ્યાલથી ઉદ્‌ભવતું સુખ વગેરે.



**પહેલો પ્રકાર લોકોને આધીન પણ બીજો સરકારને**

(૫) આમ, લોકોનું સુખ બે વર્ગમાં વહેંચી શકાશે : (૧) પહેલા પ્રકારમાં પ્રત્યેક વ્યક્તિ પોતાના માટે સુખ મેળવે છે. (૨) બીજા પ્રકારમાં પ્રત્યેક વ્યક્તિ પોતે થઈને આવું સુખ ન મેળવી શકે પરંતુ તેના માટે સરકારે કાંઈ વ્યવસ્થા કરવી જોઈએ. આ બે પ્રકારો ધ્યાનમાં રાખી હું આગળ વાત કરું છું. પહેલા પ્રકારના સુખની ગતિ માટે લોકોના ઉપર છોડવું. એટલે સરકારે એમાં કોઇ તકલીફ લેવી ન જોઈએ, પરંતુ બીજા પ્રકારનું સુખ લોકો માટે ઉપલબ્ધ કરવું એ આ સરકારની મૂળભૂત ફરજ છે, એમ માનીને સરકારે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. આ વિષય ઉપર હજુ આપણે વધારે વિસ્તારથી વિચાર કરીશું. વ્યવહારમાં આવા સુખનું મોટું મહત્ત્વ છે. તે ઉપલબ્ધ કરાવી સરકારે પોતાની મૂળભૂત ફરજ અદા કરવી જોઈએ. આ વાત ખાસ નોંધમાં લેવાની જરૂર છે. કારણ, સરકારે કરેલી કામગીરીથી બીજા પ્રકારનું સુખ લોકોને મળે છે, એટલું જ નહિ પરંતુ જે પોતાની શક્તિ બહારની વાત છે, એવું લોકોને લાગતું હોય તે સુખ લોકોને મળે તે માટે પ્રયત્ન કરવો એ સરકાર માટે જરૂરી પણ છે. બીજા શબ્દોમાં કહીએ, તો આ ફરજ અદા કરવાનું સરકાર ચૂકશે તો બીજા પ્રકારનું સુખ પ્રજાને પોતાના વ્યક્તિગત પ્રયાસથી મળવાનું નથી, કારણ કે તે તેમની શક્તિની બહાર છે. બીજા શબ્દોમાં કહીએ, તો આ ફરજ અદા કરવામાં સરકાર ચૂકશે તો લોકોમાં સર્વસામાન્ય દુ:ખની ઘેરી અસર નિર્માણ થશે.

**કુશળ પોલીસ તંત્ર નિભાવો**

(૬) લોકો પોતે વ્યક્તિગત રીતે જે સુખ મેળવી શકતા નથી, તે સુખ લોકોને મેળવી આપવું એ સરકારની મોટામાં મોટી બંધનકર્તા ફરજ છે. આ વાત આપણે સમજવી અને ધ્યાનમાં રાખવી જોઈએ. એ મહાન ફરજની વિગતો અંગે હું કહેવાનું ચાલુ કરીશ. સરકારે સમગ્ર રાજ્ય માટે એક સારા પોલીસદળની સ્થાપના કરવી જોઈએ અને તેને નિભાવવું જોઈએ. આમ કરવાનો હેતુ, શક્ય તેટલા ગુના બનતા અટકાવવાનો હોય છે. વળી અટકાવવાનાં પગલાં લીધેલાં હોવા છતાં ગુના બને ત્યારે તે ગુનેગારોને શોધી કાઢવા અને તેમને શિક્ષા થાય તેવી તજવીજ કરવાનો પણ હેતુ હોય છે.

(૭) ઉપરનો હેતુ બર આવે તે માટે આ પોલીસદળ કાર્યક્ષમ હોવું જોઈએ; અથવા બીજા શબ્દોમાં કહીએ, તો આ પોલીસદળમાં રાજ્યનો વિસ્તાર અને લોકવસ્તીના પ્રમાણમાં સિપાઈઓ અને અધિકારીઓની પૂરતી સંખ્યા હોવી જોઈએ. આ પોલીસદળની વર્તણૂક સારી રહે તે માટે પ્રલોભન માટે તેમને સારો પગાર પણ આપવો જોઈએ. સિપાઈઓ અને અધિકારીઓની પસંદગી કરતી વખતે બુદ્ધિમાન, પ્રામાણિક અને કાર્યશીલ એવા માણસો શોધી કાઢવા જોઈએ. રાજ્યના બધા ભાગોને લાભ મળે તે રીતે પોલીસદળની રાજ્યભરમાં કાળજીપૂર્વક વહેંચણી કરવી જોઈએ.

**પોલીસ કાર્યક્ષમ જોઈએ**

(૮) આ પોલીસદળના માર્ગદર્શન માટે સારા નિયમો કરવા જોઈએ. પોલીસદળે શું કરવું અને શું ન કરવું એ અંગે ચોકસાઈથી બધી વિગતો સ્પષ્ટ કરવી જોઈએ. પોલીસદળમાં કોઈ ગેરવર્તણૂક થાય તો તેને પ્રકાશમાં લાવવી જોઈએ. કસૂરદારને યોગ્ય શિક્ષા કરવી જોઈએ. એમ ન થાય તો પોલીસદળ જ લોકો ઉપર જુલ્મ કરતું એક સાધન થઈ પડશે.

**માર્ગદર્શનના નિયમો**

(૯) ખરાબ અને ધનલોભી એવાં દેશી રજવાડાંના રાજવીઓ સારા પોલીસદળની સ્થાપના કરવા અને તે ચાલુ રાખવામાં વત્તા- ઓછા અંશે નિષ્ફળ નીવડે છે. તેમની એવી દલીલ હોય છે કે પોલીસદળની સ્થાપના પાછળ ખૂબ મોટી રકમ ખર્ચવી પડે છે, જ્યારે પોલીસદળ મહારાજાને કોઈ આવક લાવી આપતું નથી. આવા રાજવીઓ નિશ્ચિતપણે ખરેખર મૂર્ખ છે. રાજમહેલના સંરક્ષણ માટે સંરક્ષક માણસો રાખવાનું પોતાને જેટલું જરૂરી લાગતું હશે તેટલું જ જાહેર જનતા માટે પોલીસદળ જરૂરી છે. પોલીસદળ મહારાજા સાહેબના અને તેમના કુટુંબીજનોના જાનમાલ અને મિલકતનું પણ રક્ષણ કરે છે. કોઈ રાજ્યકર્તા એવું કહે કે, ''હું રાજમહેલ માટે સંરક્ષણદળ રાખીશ નહિ કારણ કે તેના કારણે નાણાં ખર્ચવાં પડે છે. વળી, કોઈ પૈસાની આવક કરતું નથી.'' તો તે કેવું મૂર્ખાઈભર્યું લાગે. ? કોઈ મહારાજા સાહેબ એવું કહે કે ''રાજ્ય માટે હું પોલીસદળ રાખવાનો નથી. એમાં પૈસા ખર્ચાય છે અને આવક થતી નથી.'' તો તે પણ એટલું જ મૂર્ખાઈભર્યું ગણાય.

**તે ખર્ચાળ અને બિન-ઉપજાઉ હોવાનો ભ્રમ**



(૧૦) યોગ્ય પોલીસદળ સિવાય લોકોને જાન, જાત અને મિલકત બાબત ખૂબ સહન કરવું પડે છે. હંમેશા ગુના બન્યા જ કરે છે અને સર્વત્ર ખૂન, ઈજા, નાનીમોટી ચોરીઓ, વગેરે ગુના થયા જ કરે છે. આવા ગુનાઓ થાય એટલે લોકોને જ સહન કરવાનું થાય છે. લોકો ભયભીત રહે છે, ચિંતિત રહે છે અને ડરતા રહે છે. અસુરક્ષિત હોવાની લોકોમાં ભાવના જન્મે છે. તે લોકોને દુઃખ આપનારી છે. આ સિવાય તેને લીધે વ્યક્તિનો પોતાનું સુખ વધારવાનો પ્રયત્ન નબળો પડે છે અગર અટકે છે. દા. ત. લોકોને સંપત્તિ ભેગી કરતાં ડર લાગે છે. તેમને લાગે છે કે કોઈ ચોરી કરીને તે લઈ પણ જાય. લોકોને પ્રવાસ કરવાનો પણ ડર લાગે છે. તેમને લાગે છે કે રસ્તામાં કોઈ તેમને મારી નાંખશે, ઈજા પહોંચાડશે અને લૂંટી લેશે.

**ગુનાઓ ડામવા પોલીસ**

(૧૧) મૂળભૂત ફરજ અંગેની આપણે વાત કરીએ છીએ તેને વ્યવહારમાં અમલી બનાવવા વર્તમાન વહીવટે એક સારા પોલીસદળની સ્થાપના કરી છે. આ પોલીસદળે સારી કામગીરી બજાવી છે અને એની સ્થાપના પાછળના હેતુઓ પાર પાડ્યા છે. આ પોલીસદળ પાછળ દર વર્ષે ₹ ૭ લાખનો ખર્ચ થાય છે. રાજમહેલના સંરક્ષણ દળ પાછળ દર વર્ષે પચાસ હજાર રૂપિયાનો ખર્ચ થતો હોય છે. આપ સાહેબના રાજ્યમાંની સમસ્ત પ્રજાના જાન-જાત અને માલ-મિલકતનું સંરક્ષણ કરવા માટે વર્ષના ₹ ૭ લાખ ચોક્કસ વધુ ન કહેવાય. આ ઉપરથી આપ મહારાજા સાહેબને ખ્યાલ આવશે કે આ વર્તમાન પોલીસદળ ચાલુ રહે તે માટે નાણાંની પૂરતી જોગવાઈ કરવી એ આપની અનિવાર્ય ફરજ થઈ પડે છે. ખરેખર આ પોલીસદળમાં આપે વધુ સુધારણા કરવી જોઈએ. હું વિશ્વાસ રાખું છું કે આપ મહારાજા સાહેબ આ પોલીસદળને નાબૂદ કરવા કે ઘટાડવાનો વિચાર કોઈ દિવસે કરશો નહિ.

**વર્તમાન પોલીસતંત્ર જારી રાખવું**

(૧૨) લોકોની સુખાકારી ખૂબ મોટા પ્રમાણમાં સારા પોલીસદળની નિભાવણી પર આધાર રાખે છે. એટલે આપ મહારાજા સાહેબે હંમેશા આ પોલીસદળની

**ક્ષમતા જાળવવી**

કાર્યક્ષમતા ઉપર માઠી અસર થાય નહિ તે માટે ખાસ દ્રઢતા રાખવી. આ પોલીસદળ ફક્ત પોલીસની કામગીરી માટે જ વાપરવું જોઈએ. બીજી કોઈ કામગીરી કરવા આ પોલીસદળ મોકલવું ન જોઈએ.

**પોલીસનો દુરુપયોગ**

(૧૩) દેશી રજવાડાંઓમાં પોલીસદળનો ગેર-ઉપયોગ કરવાનું વલણ સતત ચાલતું આવે છે. પોલીસ ખાતાના સિપાઈઓને ખાનગી વ્યક્તિઓની ચાકરી માટે મોકલાય છે. હું આ બાબતમાં આપ મહારાજા સાહેબને વિનંતી કરું છું કે આવો ગેરઉપયોગ ન થાય તે માટે મહારાજા સાહેબે સાવધાની રાખવી. આ ગેરઉપયોગની શરૂઆત સામાન્યપણે રાજમહેલનાં કોઈ વગદાર સન્નારીથી થાય છે. આ સન્નારી પોલીસદળની કેટલીક વ્યક્તિઓને એના ખાનગી અંગત ઉપયોગ માટે મેળવે છે. પરિણામે દળમાં શિસ્ત રહેતી નથી. હિતસંબંધો ઊભા થાય છે, અને આ પોલીસદળની વ્યક્તિઓને પાછા બોલાવવાનું શક્ય બનતું નથી. ટૂંકમાં, આ લોકો પોલીસની વરદી ઉપર હોય છે, પરંતુ લોકોની સેવામાંથી તેમને ગુમાવેલા જ હોય છે.

**તેનાં માઠાં પરિણામ**

(૧૪) એક મોટો દાખલો બીજા મોટા દાખલા તરફ દોરી જાય છે. આ સન્નારીએ જે કર્યું, તેવું રાજમહેલના પુરુષ સભ્યો પણ કરે છે. રાજમહેલમાં જે થયું તેનું આગળ પછી સરકારી કર્મચારીઓ અનુકરણ કરે છે અને ગેરઉપયોગ વધતો જ જાય છે. પરિણામ શું આવે ? કાગળ ઉપર મોટું પોલીસદળ હોય છે, પણ એમાંનો ગણનાપાત્ર ભાગ ખરેખર ખાનગી અંગત સેવાઓમાં વપરાય છે. આ વિષય સંબંધે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જાહેર સેવાઓમાંથી લઈ લીધેલી, પોલીસદળની પ્રત્યેક વ્યક્તિ લોકોના સંરક્ષણના કામમાં જરાપણ આવતી નથી, સંરક્ષણનું પ્રમાણ ઘટે છે. આ ગેરઉપયોગના એક દાખલાની વાત કરી. બીજો દાખલો પણ હોય છે. પરંતુ હું આ વિષયમાં વધુ વિસ્તારથી વધુ લાંબી વાત કરીશ નહિ, મહારાજા સાહેબને હું એક જ વાત અંગે પુનઃ વિનંતી કરું છું કે સારા શાસન માટે એ અત્યંત જરૂરી છે કે પૂરતું અને કાર્યક્ષમ પોલીસદળ આપ સર્વકાળ નિભાવજો.



**રાજકીય સત્તાનું સ્રોત**

(૧૫) પરંતુ કાર્યક્ષમ પોલીસદળની નિભાવણીની આવશ્યકતાની તરફેણમાં એક વધારે વજનદાર વાત હું આપની આગળ હવે રજૂ કરીશ. તે એ છે કે આવું કાર્યક્ષમ પોલીસદળ આપની પોતાની રાજકીય સલામતી અને શક્તિ માટે સારું સાધન બનશે. આપની હકૂમતના દેશમાં એવી ઘણી તોફાની જમાતો અને વર્ગો છે, જેઓને સહેલાઈથી ઉશ્કેરી શકાય કે ગેરમાર્ગે વાળી શકાય છે. સરકાર વિરુદ્ધની કોઈપણ હિલચાલ ચાલતી હોય તો આવા લોકો તુરત સામેલ થઈ જાય છે. ભૂતકાળમાં આવા લોકોએ વારંવાર એવું કર્યું છે. એવા ઘણા દાખલાઓ છે કે હવે સફળતાની સારી તકો છે એમ લાગે તો આવાં તોફાની તત્ત્વોનો ઉપયોગ કરી લે એવા ઘણા બુદ્ધિવાળા કાવતરાખોરો છે, હવે રાજ્યભરમાં સારી રીતે ગોઠવાયેલું પૂરતું પોલીસદળ હોય તો આવા તોફાની લોકો ઉપર તકેદારી રાખી શકાશે. વળી પોતાની ઉપર દેખરેખ રખાય છે, તેની જાણ થશે તો તેઓ કોઈપણ તોફાન કરતાં અચકાશે. મોટાભાગનું તોફાન પોલીસદળ વડે સંપૂર્ણપણે અટકાવી શકાય છે. દેખરેખ રાખવા છતાં જો કોઈ તોફાન થાય અને શરૂમાં જ જાણ થાય તો તોફાન જોર પકડે તે પહેલાં એને દબાવી પણ શકાશે. આ એક મહત્ત્વની બાબતને ધ્યાનમાં રાખવી જોઈએ કે આવી તોફાની હિલચાલ ઉપર રોજબરોજ દેખરેખ રાખવામાં કસૂર થાય અને તેને અટકાવવામાં ન આવે તો હિલચાલ જોર પકડતી જશે અને વ્યાપક બનશે, તોફાન કરનારાઓનો પોતાની શક્તિમાં વિશ્વાસ વધશે, તેઓ બીજાઓને તેમની સાથે જોડાવવા સમજાવશે અગર ફરજ પાડશે. પોતાની પ્રવૃત્તિ આગળ ધપાવવા લોકો પાસેથી બળજબરીથી પૈસા પણ પડાવશે. તેમના અનુયાયીઓને ગંભીર ગુનાઓ કરવા ઉશ્કેરશે, અને પછી તેમને કહેશે કે, સરકાર તેમના ગુના કોઈ દિવસ માફ કરશે નહિ. ઊલટું તમે જો તાબે થશો તો સરકાર તમોને સખત શિક્ષા કરશે. શિક્ષામાંથી છૂટવા માટે એક જ આશા છે. તમારામાં જ્યાં સુધી શક્તિ છે ત્યાં સુધી સરકારનો સામનો કરો. ખરાબમાં ખરાબ બનશે તો સરકાર વિરુદ્ધ લડતાં લડતાં તમો મરી જશો, પરંતુ શરણાગતિ અને ભૂંડે હાલ ફાંસીએ ચઢવા કરતાં તે વધાર સારું હશે. આ પ્રકારની મામૂલી શરૂઆત પાછળથી ખૂબ મોટું રૂપ ધારણ કરે છે. એક કાર્યક્ષમ પોલીસદળ જો શરૂઆતમાં જ સહેલાઈથી આવું તોફાન દબાવી ન દઈ

શકે તો લશ્કરની પણ જરૂર પડે. ફેલાતા દાવાનળ સાથે આવા તોફાનની તુલના કરી શકાય. જંગલમાં આગની શરૂઆત થઈ છે, એવું પ્રથમથી જ ધ્યાનમાં આવે તો આગ ફેલાતી અટકાવી શકાય છે, પરંતુ તેમ કરવામાં વધુ વખત લાગે તો તે આગ ભયંકર દાવાનળમાં પરિણમે છે.

**સક્ષમ પોલીસ વગર બ્રિટિશ પ્રજાજનોને પણ ખતરો**

(૧૬) કાર્યક્ષમ પોલીસદળની નિભાવણીની તરફેણમાં બધી દલીલો મેં પૂરી કરી નથી. કાર્યક્ષમ પોલીસદળ વિના આપ મહારાજા સાહેબની પ્રજાને જ સહન કરવું પડશે, એવું નથી, પરંતુ બ્રિટિશ સરકારની પ્રજાને પણ સહન કરવું પડશે. હાલમાં વાહન-વ્યવહારની વિપુલ સગવડો ઊભી થઈ છે. બ્રિટિશ હકૂમતમાંની પ્રજામાંથી સંખ્યાબંધ લોકો આપણી હકૂમતમાં આવે છે, જાય છે. આપણે ત્યાં કાર્યક્ષમ પોલીસદળ ન રાખવાથી આપણી હકૂમત હેઠળની પ્રજામાંના માણસો તે લોકોમાંથી કોઈની અવારનવાર હત્યા કરશે, તેમને ઈજા કરશે અને લૂંટશે, તો વળી, ગેરવહીવટના પુરાવા તરીકે આ હકીકતની બ્રિટિશ સરકાર નોંધ પણ લેશે. આપ મહારાજા સાહેબ સારી રીતે જાણો છો કે બ્રિટિશ સરકારને સંતોષકારક સમાધાન થાય એવો વહીવટ ચલાવવો એ આપણા હિતમાં છે.

**બ્રિટિશ પોલીસને મદદ**

(૧૭) વળી આપણી હકૂમતના લોકોને બ્રિટિશ હકૂમતમાં જઈ અને ગંભીર ગુના કરતાં અટકાવવા તે આપણા હિતમાં છે અને આપણી ફરજ છે. આપણે શક્ય તેટલું આ બધું અટકાવવું તો જોઈએ જ, પરંતુ જો આપણી પ્રજામાંનો કોઈ માણસ બ્રિટિશ હકૂમતમાં ગુનો કરી આપણી હકૂમતના દેશમાં નાસી આવે તો આપણે બધા ઉપાયો યોજી તેને પકડી પાડવો જોઈએ અને તેની ઉપર કામ ચલાવી તેને શિક્ષા કરવા બ્રિટિશ સરકારને સોંપવો જોઈએ. પણ આ બધું આપણી પાસે કાર્યક્ષમ પોલીસદળ ન હોય તો કેવી રીતે કરી શકાશે ?

**અને તેમની મદદની અપેક્ષા**

(૧૮) આપણી હદમાં ગુનો કરીને બ્રિટિશ હકૂમતમાં નાસી જઈ આશ્રય લેનાર ગુનેગારને પકડી પાડવા અને આપણને સોંપવા માટે બ્રિટિશ પોલીસદળના હાર્દિક સહકારની આપણને હંમેશા જરૂર રહેવાની છે. જો આપણે આવા ગુનેગારોને શિક્ષા



કરીશું નહિ તો આપણી હકૂમતના પ્રદેશને ભયંકર સહન કરવું પડશે, પરંતુ આપણી પાસે કાર્યક્ષમ પોલીસદળ ન હોય અને આપણે પણ બ્રિટિશ પોલીસદળને આવી પરસ્પર મદદ ન કરી શકીએ તો બ્રિટિશ પોલીસદળ પાસેથી આપણે પણ હાર્દિક સહકારની અપેક્ષા કેવી રીતે રાખી શકીએ ?

**અન્ય દેશો સાથે માનભરી સરખામણી**

(૧૯) બ્રિટિશ હકૂમતના દેશ બાબતે મેં જે કહ્યું તે વત્તાઓછા અંશે બીજાં પડોશી રાજ્યોના પ્રદેશો માટે પણ લાગુ પડે છે. મને લાગે છે કે લોકોના રક્ષણ માટે પૂરતું અને કાર્યક્ષમ પોલીસદળ રાખવું કેટલું બધું આવશ્યક છે તે બાબતની ઊંડી છાપ આપ મહારાજા સાહેબના મન ઉપર પડી હશે. આપણે ત્યાં આવા પોલીસદળની સ્થાપના કરી દીધી છે, એ સારું કામ કરે છે અને વડોદરા રાજ્યની હકૂમતના પ્રદેશમાં જાહેર સુલેહ-શાંતિ અને સલામતીની બાબતમાં બીજા કોઈની તુલનામાં આપણે અભિમાન લઈ શકીએ એવું સારું કામ કરીએ છીએ. થોડાં વર્ષો પહેલાં શાંતિ અને વ્યવસ્થા અંગે વડોદરાની હકૂમતના પ્રદેશમાં ભારે ખરાબ પરિસ્થિતિ હતી. આપણી પાસે આ પોલીસદળ છે જ. આપે ફક્ત તેને ચાલુ રાખવાનું છે. આ પોલીસદળની અસર ઘટાડવા માટે કોઈપણ વ્યક્તિ આપને પ્રવૃત્ત ના કરે એ હું ઈચ્છું છું. તેમાં વધારો-સુધારો આપ મહારાજા સાહેબ કરી શકશો.

**કેટલાકના નકામા અભિપ્રાય**

(૨૦) અહીં કેટલાક માણસો (જે ઓછા હોવાનો મને આનંદ છે) આપને કદાચ કહેશે કે, વર્તમાન વહીવટે પોલીસદળની સ્થાપનાનું કામ કર્યું છે તે બરાબર નથી. એને લીધે જાહેર ખર્ચમાં વધારો થાય છે. કોઈ પ્રસંગે આપને એવું કોઈ કહેશે તો મારી સલાહ છે કે, આપ મહારાજા સાહેબે આપની નોંધમાં તે વ્યક્તિનું મંતવ્ય જાહેર કારોબાર બાબતમાં નિરુપયોગી છે, એવી નોંધ કરવી. આપણે વિચાર કરીએ છીએ, એ વિષય સંબંધી આપણે સને-૧૮૭૮-૭૯ના આપણા વહીવટી અહેવાલના પરિચ્છેદ ૮૨-૮૩-૮૪ ( પાન નં. ૫૨) વાંચીએ. (અહીં આ પરિચ્છેદો વાંચી તેની સમજૂતી આપવી) આ જ વહીવટી અહેવાલમાં બીજા ઘણા પરિચ્છેદો હશે જેમાં પણ આ વિષય અંગે સમજૂતી આપી છે તે પણ વાંચી

જવાની અને સમજવાની જરૂર છે. આપણે ૯૮ થી ૧૦૬ના પરિચ્છેદો (પાન. ૫૫) તરફ હવે વળીએ. (આ પરિચ્છેદો પણ વંચાણમાં લેવા અને સમજૂતી આપવી).

**સરદારોનો કોઈ સંબંધ નહિ**

(૨૧) આથી સમજાશે કે એક નિયમ તરીકે, સરદારો અને શીલેદારોને પોલીસદળ સાથે કોઈ નિસ્બત ન હોવી જોઈએ. જ્યાં સુધી આ પહેલાં સમજાવેલી મુશ્કેલીઓ ચાલુ છે ત્યાં સુધી તો નહિ જ. મહારાજા સાહેબને હું ખાતરી આપું છું કે સરદારો અને શીલેદારો જે અત્યારે કરે છે, તે જ કામકાજ કરે તે વધુ સારું છે. એમને પોલીસદળમાં દાખલ થવાની ફરજ પાડવી નહિ. એવું થશે તો પોલીસદળમાં ગેરશિસ્ત વધશે અને કાર્યક્ષમતા ઘટશે, અને તે લોકોને પણ મુશ્કેલીમાં આવવું પડશે. ટૂંકમાં, કરકસર કરવાની દૃષ્ટિએ સરદારો અને શીલેદારોની સેવાઓનો ઉપયોગ તેમને પોલીસદળમાં મોકલીને કરવાની ઈચ્છા કરવી નહિ કે આવી આશા રાખવી નહિ. પોલીસદળમાં દાખલ થવાની તેમની ઈચ્છા હોય તો પણ તે પૂરી કરવાની ચિંતા રાખવી નહિ. તેમને પોલીસદળમાં દાખલ કરાય તો સરકારને પૂરતું અને કાર્યક્ષમ પોલીસદળ રાખીને પ્રજાનાં જાન, જાત, મિલકતનું રક્ષણ કરવાની સરકારની મૂળભૂત ફરજ સંતોષકારક રીતે અદા કરવામાં દખલ થશે.

**પ્રાથમિક ફરજ**

(૨૨) હિન્દુ ધર્મશાસ્ત્રો એવું વારંવાર પ્રતિપાદન કરે છે કે રાજાઓએ તેમની પ્રાથમિક ફરજ અદા કરવી જોઈએ. હવે, આજના વક્તવ્યના અંતમાં હું ભારપૂર્વક કહીશ કે જે રાજા પોતાની આ મહાન ફરજ અદા કરવાનું ચૂકશે તે પોતાના મહાન સ્થાન માટે યોગ્ય ગણાશે નહિ અને રાજકર્તા તરીકે કહેડાવવા પણ યોગ્ય ગણાશે નહિ.



## પ્રકરણ-૨૭

## મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ)

૧૧મી મે, ૧૮૮૧

**શાસનની ફરજ**

(૧) લોકોની સુખાકારીમાં વધારો કરવો એ રાજ્યકર્તાની પ્રથમ ફરજ છે. આ મહાન અને મૂળભૂત સિદ્ધાંતનું પ્રતિપાદન કરીને આપણે શરૂઆત કરી. આ સિદ્ધાંતમાંથી બધી સરકારોએ લોકોનાં જાન, જાત, અને મિલકતના રક્ષણ માટે જરૂરી પગલાં લેવા અંગેની સૌથી અગ્રિમ એવી જવાબદારી આપણે તિપાદિત કરી.

**કાર્યક્ષમ પોલીસ**

(૨) આપણે એ પણ જોયું કે જે કાંઈ પગલાં લેવાનાં છે, તેમાંનું એક પગલું એ છે કે પૂરતું અને કાર્યક્ષમ પોલીસદળ સમસ્ત રાજ્ય માટે સ્થાપવું અને નિભાવવું.

**પોલીસનાં દ્વિમુખી કાર્યો**

(૩) હવે, પોલીસદળ બે પ્રકારે કામ કરે છે : (૧) શક્ય હોય ત્યાં સુધી ગુનાઓ અટકાવવાનું કામ કરે છે. (૨) ગુનાઓ અટકાવવા પગલાં લેવા છતાં જો ગુનાઓ બને તો પોલીસદળ ગુનેગારને પકડવા અને તેમને શિક્ષા કરવાની મોટી જવાબદારી અદા કરવાનું કામ કરે છે.

**રાજવીના ભૌતિકબળનું તિનિધિત્વ**

(૪) આ બન્ને બાબતમાં શારીરિક બળનો ઉપયોગ કરે છે યાને તે કરવો પડે છે. આ બળનો ઉપયોગ પોલીસદળનો સામનો થાય તો તે દાબી દેવા માટે કરવો પડે છે. ગુનેગારો ચૂપચાપ હુકમો માની પોતાની જાતને પોલીસને હવાલે કરે એવી અપેક્ષા રાખી શકાય નહિ. સામાન્ય સામનો થાય તો તેને દાબી દેવા જેટલી પોલીસદળમાં શક્તિ હોવી જોઈએ.આ ઉપરથી એ સ્પષ્ટ દેખાશે કે પોલીસ-દળ એ રાજ્યકર્તાનું સામાન્ય ભૌતિક બળ છે. પોલીસદળ વગરનું રાજ્ય એ શારીરિક બળ વગરની

વ્યક્તિ સમાન છે. એ રાજ્યકર્તા બોલશે, લખશે, હોંશિયારીથી હુકમો કાઢશે, પરંતુ ખરી કામગીરી કરી શકવાના નથી. પોતાને લોકો માન આપે અને પોતાની આજ્ઞા પાળે તેવી ફરજ પાડી શકવાના નથી.

**બળવત્તર દળ જરૂરી**

(૫) મેં આ પહેલાં કહ્યું છે કે પોલીસદળ એ રાજ્યકર્તાનું સામાન્ય ભૌતિક બળ છે. રાજ્યકર્તાની શક્તિ તેના વડે વ્યક્ત થાય છે. પરંતુ બધા અણધાર્યા પ્રસંગો માટે પોલીસદળની હસ્તી પૂરતી ઉપયોગી થઈ પડતી નથી. સામાન્યત: ભલે ન થાય. પણ કોઈ પ્રસંગે એવું જણાશે કે મોટી સંખ્યામાં ગુનેગારો ભેગા થયા છે અને પોલીસદળનો જબરો સામનો કરે છે. આવો જબરો સામનો દાબી દેવા માટે પોલીસદળ પાસે પૂરતું બળ હોતું નથી. દા. ત. પોલીસદળને કોઈ એક ભીલ ગુનેગારને પકડવો હતો ત્યારે સેંકડો ભીલો તે ગુનેગારની મદદ કરવા ભેગા થઈ ગયા અને તેમણે પોલીસદળને તે ગુનેગારને પકડતા અટકાવ્યું. માની લો કે એકઠા થયેલા ભીલોની સંખ્યા આટલી બધી મોટી હોય અને ઘાતક હથિયારોથી તે સજ્જ હોવાથી તે એટલા બધા શક્તિશાળી હોય કે જગ્યા ઉપરનું પોલીસદળ, પડોશના પોલીસદળની મદદ લઈને પણ, તેમનો સામનો દાબી દેવા સમર્થ નથી. બીજો દાખલો લઈએ તો હિન્દુઓના એક જૂથ અને મુસલમાનોના એક જૂથ વચ્ચે કોઈ ઉત્તેજના કે તકરાર થઈ છે, એકમેકની ઉપર હુમલો કરવા માટે નીકળી પડ્યા છે. ત્રીજો પણ દાખલો લઈએ. કેટલાક વખત પહેલાં પારસીઓ અને મુસલમાનો વચ્ચે એક તકરાર ઊભી થઈ હતી. એ તકરાર નવસારીમાં થઈ, તાબૂતના સરઘસના માર્ગ અંગે ઊભી થઈ હતી. મેં તે બાબતમાં તપાસ કરી અને નિર્ણય લીધો કે મુસલમાનો વર્ષોથી જે માર્ગ પરથી તાબૂત લઈ જતા આવ્યા છે, તે પ્રમાણે તેમને તે લઈ જવા પરવાનગી આપવી. પારસીઓને મારો નિર્ણય ગમ્યો નહિ. પરંતુ તેમને આ હુકમને માન આપવું પડ્યું. મને કહેતાં, જો કે આનંદ થાય છે કે આ કોમ સદ્ભાવનાના તેમના ગુણના કારણે બીજાઓથી જુદી પડે છે. તે સદ્ભાવનાના કારણે તેઓએ વાત માન્ય રાખી; પરંતુ માની લો કે, પારસીઓ સરકારના હુકમો ન માનવાની મૂર્ખાઈ કરત અગર તો સરકારના હુકમોનો સામનો કરવાનું ધારત અને માની લો કે મોટી સંખ્યામાં પારસીઓનું ટોળું જમા થાત અને હાથમાં હથિયારો લઈ સરકારે ઠરાવેલા માર્ગે જતા તાબૂતના સરઘસને



આગળ વધતું અટકાવવા પ્રયત્ન કરવાનું નક્કી કરત તો સરકારને શાંત રહેવાનું પાલવત નહિ. એક વખત આવો ગેરકાયદેસરનો સામનો થવા દો, એક વખત સરકારની સત્તાને પડકારવાનું કે સત્તા સામે થવાનું તમો ચલાવી લો તો સામે થવાના ફરી વાર પ્રસંગો થવાના જ છે, અને આ એટલે સુધી ચાલુ રહેશે કે સરકારની સત્તા જોખમાશે અને અરાજકતા ફેલાશે.

**લશ્કરી દળની જરૂર**

(૬) સરકારની સત્તા અને આણ પ્રસ્થાપિત કરવી બહુ જરૂરી છે. સરકારના ન્યાયી હુકમો લોકો માને તેવી ફરજ પાડવાની જરૂર છે અને એને માટે સામાન્ય પોલીસદળ કરતાં ઘણું બલિષ્ઠ હોય એવા કોઈ ભૌતિક બળની જરૂર છે. હું પર્યાપ્ત લશ્કરીદળનો નિર્દેશ કરું છું. આવા પ્રસંગો માટે સરકારના ઉપયોગ સારુ લશ્કરી દળની જરૂર છે. એટલે રાજ્ય સરકારે એક લશ્કરી દળ પણ નિભાવવું જોઈએ. આ ફરજ બરાબર રીતે નિભાવવામાં જ લોકોની સુલેહશાંતિ, વ્યવસ્થા અને સલામતીનું હિત સમાયેલું છે.

**પોલીસ-લશ્કરનું પૂર્ણ બળ**

(૭) સરકારની સામાન્ય ભૌતિક શક્તિનું પ્રતિનિધિત્વ પોલીસદળ કરે છે, પણ પોલીસદળ અને લશ્કરીદળ બન્ને મળીને સરકારનું સંપૂર્ણ ભૌતિક બળ બને છે. આ બળ સારી સ્થિતિમાં હશે તો સરકાર તેના હુકમોનું પાલન કરાવવાની શક્તિ ધરાવશે. સરકારના આ હુકમો લોકોના ભલા માટે, લોકોની સુખાકારી માટે જ હોય છે. એટલે આ હુકમોને માન આપવાનું જરૂરી છે જ.

**લશ્કરની ક્ષમતાનું માપ**

(૮) સંસ્થાનના લશ્કરીદળ અંગે કેટલાક વધુ મહત્ત્વના મુદ્દાઓ છે. તે હું હવે આપની આગળ મૂકીશ. એ દેખીતું છે કે આ લશ્કરીદળ જરૂરી સક્ષમતા ધરાવનારું હોવું જોઈએ. આની સક્ષમતાનું પ્રમાણ કેટલું હોવું જોઈએ તેનો હવે વિચાર કરીએ. તેણે જે હેતુ પ્રસિદ્ધ કરવાનો છે, એના અનુસંધાનમાં તે દળની સક્ષમતાનું પ્રમાણ નક્કી કરી શકાય.

**પોલીસથી વધુ કાર્યક્ષમ**

(૯) મેં આ પહેલાં કહ્યું છે કે જ્યારે પોલીસદળ તેનો વિરોધ દબાવી દેવા પૂરતું શક્તિમાન ન હોય ત્યારે જ લશ્કરીદળનો ઉપયોગ કરવો. એનો અર્થ એવો થાય કે પોલીસદળ કરતાં લશ્કરીદળ વધારે કાર્યક્ષમ હોવું જોઈએ. બીજા શબ્દોમાં કહું, તો લશ્કરી વિભાગના ૧૦૦ માણસો, પોલીસ વિભાગના ૧૦૦ માણસો કરતાં વધારે કાર્યક્ષમ હોવા જોઈએ. આમ પોલીસની ઊતરતી દરજ્જાની અને લશ્કરની ચઢતી દરજ્જાની કાર્યદક્ષતાની વાત થઈ. લશ્કરીદળની સક્ષમતાની લઘુતમ મર્યાદા પોલીસદળની ગુરુતમ મર્યાદાથી શરૂ થાય એ દેખીતું છે.

**બ્રિટિશદળ જેટલું નહિ**

(૧૦) બીજી બાજુ એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણા લશ્કરીદળને બ્રિટિશ ફોજની જેમ, અફઘાનો, રશિયનો વગેરે સાથે લડવાનો પ્રસંગ આવશે નહિ. એટલે એ પણ સ્પષ્ટ થશે કે આપણા લશ્કરીદળે બ્રિટિશ લશ્કરીદળ જેટલા કાર્યક્ષમ હોવાની જરૂર નથી. એટલે સક્ષમતાની ઉપલી મર્યાદા કેટલી હોવી જોઈએ, તેની પણ આથી ખબર પડશે. એટલે આપણા લશ્કરી દળની સક્ષમતાનું પ્રમાણ પોલીસદળની સક્ષમતા કરતાં ઊંચું અને બ્રિટિશ ફોજોની સક્ષમતા કરતાં નીચું હોવું જોઈએ. આ વિશાળ અને સ્પષ્ટ મર્યાદાનો ખ્યાલ કરીએ તો આપણા લશ્કરી દળની સક્ષમતાનું ખરેખર પ્રમાણ નક્કી કરતાં થોડી ભૂલ થાય તો કાંઈ ફરક પડે નહિ.

**હાલની ક્ષમતા પર્યાપ્ત**

(૧૧) આપ મહારાજા સાહેબને મારે જણાવવું જોઈએ કે મારા માનવા મુજબ આપણા નિયમિત દળોની આજની ક્ષમતા ચાલુ રખાય તો આપણી કામગીરી સારી રીતે ચાલશે. એટલે આપ મહારાજા સાહેબે આ સક્ષમતાનું સ્તર ચાલુ રાખવું જરૂરી છે.

**અનિયમિત દળ બિનજરૂરી**

(૧૨) આગળ મેં સમજાવ્યું છે તે ઉપરથી આપ મહારાજા સાહેબ તુરત સમજશો કે આપણે બીજા કોઈ અનિયમિત દળની જરૂર નથી. અહીં હું જૂના શિલેદારી અશ્વદળ અને પાયદળની વાત કરું છું. સક્ષમતાની મહત્ત્વની શરત પૂરી કરવાનો વિચાર કરતાં, આવા દળનો કોઈ ઉપયોગ



નથી. સામાન્ય પોલીસદળ કરતાં પણ તેની કાર્યક્ષમતા ઓછી છે. ટૂંકમાં, શિલેદારી દળ જૂના કાટ ચઢેલા લગભગ નિરુપયોગી શસ્ત્ર જેવું છે.

**હાલની ક્ષમતામાં ઉમેરો નહિ**

(૧૩) મેં જે કાંઈ કહ્યું છે તેના ઉપરથી બીજો નિષ્કર્ષ કાઢવાનો હોય તો એ કે આપ મહારાજા સાહેબે આપણા નિયમિત લશ્કરીદળની સક્ષમતા બ્રિટિશ લશ્કરીદળની સક્ષમતાની સપાટીએ વધારવાના પ્રલોભનોથી દૂર રહેવું જોઈએ. વ્યક્તિગત મહાનતાનું પ્રદર્શન કરવાની ફક્ત ઈચ્છાથી અથવા આપણા અધિકારીઓએ યા તો બ્રિટિશ અધિકારીઓએ ઉતાવળમાં કરેલી અને વગર વિચારની ભલામણને કારણે આ પ્રલોભન જાગતું હોય છે. લશ્કરી અધિકારીઓની પોતાની સેનાની ગુણવત્તા ઉચ્ચતમ વધારવાની સ્વાભાવિક અને ક્ષમાપાત્ર ઈચ્છા હોય છે. આમાં આવું કરવાની જરૂરિયાત બાબત વિચાર કરેલો હોતો નથી કે થનારા ખર્ચનો ખ્યાલ કરેલો હોતો નથી.

**અત્યારની ક્ષમતા નિભાવવી**

(૧૪) બીજી બાજુનો વિચાર કરીએ તો વિદ્યમાન સક્ષમતામાં ઘટાડો ન થાય તેની પણ કાળજી લેવી જોઈએ. બેદરકારી અગર બેધ્યાનપણાના કારણે દેશી સંસ્થાનોમાં શિથિલતા તુરત પેસી જાય છે. આવી શિથિલતા પેસી ન જાય તે માટે હંમેશા જાગૃત રહેવાની જરૂર છે.

**ભૌતિકબળની ઉપયોગિતા**

(૧૫) મને લાગે છે કે અહીં સને ૧૮૭૮-૭૯ના વહીવટી અહેવાલના લશ્કરી વિભાગના સદર હેઠળના અભિપ્રાયો જોઈ જવા જોઈએ. અત્યાર સુધી હું જેના ઉપર ભાર મૂકતો આવ્યો છું તેનો ટૂંક સાર એ છે કે વિદ્યમાન લશ્કરીદળ અને પોલીસદળ બન્ને મળીને સરકારની ભૌતિક તાકાત બને છે અને આ તાકાત પ્રજાનાં જાન, જાત, માલ અને મિલકતનું રક્ષણ કરવાની મૂળભૂત ફરજ અદા કરવા માટે અત્યંત જરૂરી છે. સરકારની આણ હેઠળ આવી ભૌતિક તાકાત હોય તો જ સરકાર પોતાના હુકમોનું પાલન કરાવી શકશે, પછી એ હુકમો કાયદાના રૂપમાં હોય અગર વખતોવખત કરેલા આદેશો હોય.

**ન્યાયના વહીવટ માટે યોગ્ય તંત્ર**

(૧૬) હવે આગળ વધીએ. લોકોનાં જાત, જાન, અને મિલકતનું રક્ષણ કરવા પોલીસદળ અને લશ્કરીદળ સિવાય બીજી પણ વ્યવસ્થા હોવાની જરૂર છે. ન્યાયના વહીવટ માટે એક યોગ્ય તંત્ર એટલે ફોજદારી ન્યાયાધીશોની અદાલતો, મુનસીફોની દીવાની અદાલતો, જિલ્લા ન્યાયાધીશની અદાલતો, વરિષ્ઠ અદાલત એમ એક એકથી વધુ સત્તા ધરાવતી, ચઢતી શ્રેણીની અદાલતોનું બનેલું તંત્ર એટલું જ અગત્યનું છે. આ અદાલતો દીવાની દાવાઓ અને ફોજદારી તકરારો સાંભળી ન્યાય આપશે. લોકો વચ્ચે અંદરોઅંદર સતત ચાલતી તકરારોનો નિકાલ કરી યોગ્ય ન્યાય આપવાની આ અદાલતોની ફરજ રહેશે.

**અસંખ્ય તકરારોનો અંત**

(૧૭) લોકો એટલે વ્યક્તિઓનો સમૂહ છે: વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે હંમેશા મતભેદ રહેવાના છે અને તકરારો થવાની જ છે. આ મતભેદો અને તકરારોની ન્યાયપૂર્વક તપાસ અને નિકાલ કરવામાં ન આવે તો ખૂબ ગંભીર સ્થિતિ પેદા થશે. વ્યક્તિ-વ્યક્તિ સાથે લડશે, કુટુંબ-કુટુંબ સાથે લડશે, લોકોનો એક સમૂહ બીજા સમૂહ સાથે લડશે. નાની બાબતો મોટું સ્વરૂપ પકડશે. લાગણીઓના આવેગમાં લોકો ઉશ્કેરાશે. સુલેહશાંતિનો હંમેશા ભંગ થશે. હત્યા, ઈજા, લૂંટ વગેરે ગુના સર્વસામાન્ય બનશે. શાંતિથી અને મક્કમપણે ઉદ્યોગ કરવા લોકોમાં કોઈ ઉત્સાહ રહેશે નહિ યા ઘટશે. સંપત્તિ વધારવા માટે પ્રયાસ કરવા કોઈ પ્રેરાશે નહિ. ટૂંકમાં, એક પ્રકારનો મોટો સંભ્રમ પેદા થશે અને લોકોની સુખાકારી નષ્ટ થશે.

**ન્યાય કોર્ટની સ્થાપના**

(૧૮) હવે લોકોની સુખાકારીમાં વધારો કરવો એ રાજ્યકર્તાની પ્રથમ ફરજ હોવાના મૂળભૂત સિદ્ધાંતોથી આપણે શરૂઆત કરી છે. લોકોની સુખાકારીનો નાશ થાય તે પરિસ્થિતિ જે રાજ્યકર્તા ચલાવી લેતા હોય તે રાજ્યકર્તાની જરૂર પણ શું છે ? આ વિવરણથી એવું જણાશે કે સારા શાસન માટે ન્યાય પ્રદાન કરતી અદાલતો હોય તે અત્યંત જરૂરી છે. ન્યાય દાનનું કામ કરતી અદાલતોની સ્થાપના કરીને સરકાર લોકોને કહે છે કે '' તમો આપસ-આપસમાં લડતા ઝગડતા નહિ. જો કોઈ વ્યક્તિને એવું લાગે કે બીજી વ્યક્તિએ તેની જાતને અગર મિલકતને



કંઈ નુકસાન કર્યું છે, અગર તેના પ્રત્યે બીજી કોઈ ગેરવર્તણૂક કરી છે તો તેણે તે બાબત ન્યાયની અદાલતમાં ફરિયાદ કરવી જોઈએ. આ અદાલત જે તે બાબતમાં ચકાસણી કરશે અને તકરારનો ન્યાયી નિકાલ કરશે. જેણે ખોટું કરેલું હોય તેની પાસેથી નુકસાનનો બદલો સખ્તાઈ કરીને અપાવશે અને જરૂરી હોય તો ખોટું કરનારને તે બદલ શિક્ષા પણ કરશે ''

**કોર્ટના ડરથી અનિષ્ટ ઉપર અંકુશ**

(૧૯) લોકોના મોટા ભાગના વિભાગને આવી વ્યવસ્થા ગમે છે. આવા પ્રકારની વ્યવસ્થાની હસ્તીથી જ ઘણાં મોટાં કામો, ઘણી તકરારો થતી અટકે છે. દરેક વ્યક્તિ પોતાની જાતને કહેશે '' મારા પડોશી પ્રત્યે મારે કોઈ ખરાબ વર્તન કરવું જોઈએ નહિ, જે કોઈ ન્યાયથી તેનું છે, તે મારે તેની પાસેથી લેવું જોઈએ નહિ, કારણ હું એવું કરું તો મારું મેળવેલું મારી પાસેથી લઈ લેવાશે અને મને શિક્ષા થશે. '' ઘણા લોકો આ જ રીતે વિચાર કરશે અને ખોટું કરતાં અટકશે. મહારાજા સાહેબ, સમાજ માટે આ એક મહાન અને અણમોલ લાભ છે. આવો લાભ યોગ્ય પ્રમાણમાં પ્રાપ્ત થાય એ માટે થોડો વધુ વિચાર કરવો જોઈશે. હું આપને ખાતરી આપું છું અને આપને પણ વિચારને અંતે સમજાશે કે ન્યાયતંત્રનો પ્રત્યક્ષ ઉપયોગ ન કરનારા મોટા ભાગના લોકોને, ન્યાયતંત્રનો આશરો લેનારા પ્રમાણમાં ઓછા લોકો કરતાં ખરેખર વધુ લાભ થાય છે. મોટા ભાગના લોકો આ તંત્રનો આશરો કેમ લેતા નથી? તેનું કારણ એ છે કે તેમના પ્રત્યે કોઈએ ખરાબ વર્તન કર્યું ન હોય. પણ તે લોકોના પ્રત્યે ખરાબ વર્તન કેમ ના થયું ? એનું પણ કારણ છે જ. ખરાબ વર્તન કરનારા લોકો ન્યાય કચેરીઓને કારણે બીને ખરાબ વર્તન કરતાં અટકે છે. આ હકીકતને સ્પષ્ટ કરવા માટે આપણે દાખલા સારુ કેટલાક આંકડા લઈએ. આપણી પ્રજાની વસ્તી આશરે ૨૦ લાખની છે. એમાંથી અડધો લાખ લોકો અદાલતોનો આશરો લે છે. મારે આપ મહારાજા સાહેબને બતાવવાનું છે કે અડધા લાખ લોકો અદાલતોનો આશ્રય લઈ લાભ મેળવે છે. તેમને તેમની ફરિયાદના કારણે દાદ મળે છે. તેમની તકરારનો નિકાલ થાય છે. સાથે સાથે બાકીના સાડા ઓગણીસ લાખ લોકો તે અદાલતનો આશરો લીધા વિના પણ લાભ મેળવે છે. ૧૯ લાખ લોકોને ઈજાઓ થવાથી રક્ષણ મળે છે. અદાલતોના અસ્તિત્વના કારણે જ આ રક્ષણ મળતું હોય છે.

**સમસ્ત પ્રજાને લાભ**

(૨૦) આમ આપ મહારાજા સાહેબ જોઈ શકશો કે સમસ્ત પ્રજાને અદાલતોને કારણે મોટો લાભ મળે છે. લોકોનાં જાન, જાત અને મિલકતનું રક્ષણ કરવા માટે અદાલતો એક મોટું સાધન બને છે. રાજ્યકર્તાની મૂળભૂત ફરજ લોકોનું રક્ષણ કરવાની છે એ તો આપણે માન્ય રાખેલું છે.

**શાંતિ, પ્રજાની સુખાકારી**

(૨૧) અદાલતો અને કોર્ટની કામગીરીના કારણે તાકાતવાન લોકો સામે કમજોરને રક્ષણ મળે છે. ખરાબ માણસો સામે સારા માણસોનું રક્ષણ થાય છે. ન્યાયની અદાલતોની કામગીરીના કારણે શાંતિ અને વ્યવસ્થા જળવાય છે અને લોકો મુક્તપણે સુખ-સગવડનો ઉપભોગ કરી શકે છે. બીજાની કનડગત વગર તેમને પોતાના સુખ માટે મહેનત કરવાનું શક્ય બને છે. આ જ અદાલતોની કામગીરીને કારણે સમાજ સુગઠિત રહે છે. લોકોના ભલા માટે કામ કરનારી શક્તિઓ મુક્તપણે તેવું કામ કરે છે. પોતાના વર્તનથી એક બીજાને કામ કરતાં અટકાવતાં તત્ત્વોને તે વારે છે અને તેમને નાકામિયાબ બનાવે છે. જે તત્ત્વો સમાજનું સુખ વધારવાની વૃત્તિ ધરાવે છે તેઓને એક માર્ગે લાવે છે અને સમાજને માટે ઉત્તમ અને મહત્ત્વનાં પરિણામો લાવી શકે છે. બાકીની બાબતોમાં સરખાં એવાં બે સંસ્થાનોના દાખલા લઈએ. એકની પાસે સારું ન્યાયતંત્ર છે અને બીજા પાસે એવું ન્યાયતંત્ર નથી. એ ખાતરીપૂર્વકની વાત છે કે જ્યાં ન્યાયતંત્ર છે ત્યાંના લોકો આબાદ થયા હશે. આ લોકો ચોક્કસ સમૃદ્ધ થયા હશે. લોકોની સુખાકારી વધારવાનો સરકારનો સ્તુત્ય હેતુ સાધ્ય કરવા માટે ન્યાય અંગેના વહીવટની કેટલી જરૂરિયાત છે અને કેટલી કિંમત છે તે આપણે જોઈ શકીએ છીએ.

**હાલનું ન્યાયતંત્ર જાળવવું**

(૨૨) આપણે આપણી હકૂમતમાં અદાલતો અને કોર્ટોની શ્રેણી ઊભી કરવા યશસ્વી થયા છીએ. રાજ્યની જરૂરિયાત પ્રમાણે અદાલતો સ્થાપવામાં આવી છે. આ અદાલતો અને કોર્ટો સારી રીતે કામ કરે છે અને તેમની સ્થાપના પાછળનો હેતુ બર લાવે છે. મેં મહારાજાની આગળ જે કાંઈ કહ્યું છે, તેના ઉપરથી મહારાજા સાહેબના મન ઉપર પૂરતી છાપ પડશે, (મને આ બદલ કોઈ



શંકા નથી) તો આપ મહારાજા સાહેબ આવા વિદ્યમાન ન્યાયતંત્રને નિભાવશો અને એને અનુમોદન આપશો. એના વિરુદ્ધ કોઈ કાર્ય થાય તો લોકો માટે અને રાજ્યકર્તા માટે પાયમાલી સર્જવા જેવું થશે, તેની મને ખાતરી છે. હું એક વધારાની વાત કહું છું કે જે ઠેકાણે આવા પ્રકારનું ન્યાયનું સારું વહીવટીતંત્ર સારી રીતે ન્યાય પ્રદાનનું કામ કરે છે તે તંત્ર કોઈ છીનવી લે તો લોકોને જરાપણ ગમશે નહિ અને તેના પરિણામે ઘણી મોટી મુશ્કેલી ઊભી થશે. મારી પ્રાર્થના છે, કે આપ એક વધારાના સંજોગને ધ્યાનમાં રાખશો કે એક વખત લોકોએ સારા ન્યાયતંત્રનો લાભ મેળવ્યો અને અનુભવ્યો હોય તો તે ન્યાયનો વહીવટ તે સમાજ પાસેથી છીનવી લેવાથી ઘણું વધારે નુકસાન અને જોખમ થવાનો સંભવ છે.

**મહારાજા જાતે ન્યાયનું કામ કરી ન શકે**

(૨૩) ન્યાયના વહીવટ અંગે હું ઈચ્છું છું કે આપ મહારાજા સાહેબે એક હકીકત સમજવાની જરૂર છે. કોઈપણ મોટા સંસ્થાનના મહારાજા માટે નિયમિતપણે ન્યાય પ્રદાનનું કામ જાતે કરવું તદ્દન અશક્ય વાત છે. મહારાજા સાહેબ માટે એ બહુ ભારરૂપ થશે. ન્યાયદાન કરવા સારુ પોતે કાયદાનું જ્ઞાન અને અનુભવની લાયકાત મેળવી શકે એ દરેક રાજવી માટે સંભવિત નથી. આ લાયકાત મેળવવા માટે કદાચ જિંદગીનો ખાસ્સો એવો મોટો ભાગ-ઘણાં વર્ષો વ્યતીત કરવાં પડે. આ ઉપરથી સ્પષ્ટ દેખાશે કે વ્યવસ્થિત રચેલું એવું એક અલગ ન્યાયતંત્ર હોવું જોઈએ. હાલ આપણે ત્યાં એવું તંત્ર વિદ્યમાન છે. મહારાજા સાહેબને પોતાને તકલીફ ન લેવી પડે તે રીતે આ તંત્ર દરરોજ ન્યાયદાનનું કામ ધીરજથી કરતું રહેશે. મહારાજા સાહેબ પોતે ન્યાયદાન કરતા હોય તો પોતે કોઈ વિધિમાં રોકાયેલા હોય, કોઈ ઉત્સવમાં વ્યસ્ત હોય કે પરિશ્રમથી થાકેલા હોય કે અસ્વસ્થ હોય અગર બીજું કોઈ કારણ હોય તો ન્યાયદાનના કામમાં વિલંબ થશે. આ વિલંબ લાકોના હિતમાં હશે નહિ.

**તે નિષ્ફળ જાય**

(૨૪) મને જણાવવા દેશો કે મારા અભ્યાસ અને અનુભવના પરિણામે આવું મને સ્પષ્ટ જણાયું છે કે જે રાજવી જાહેર ન્યાયદાનનું કામ પોતાના હાથમાં લેશે તે નિશ્ચિતપણે નિષ્ફળ થશે.

**તાલીમ પામેલ ન્યાયાધીશો**

(૨૫) વિદ્યમાન ન્યાયતંત્ર ચાલુ રાખવાના પક્ષમાં હજુ બીજાં ઘણાં સબળ કારણો છે તે આપ મહારાજા સાહેબ આગળ મારે મૂકવાં જોઈએ. જે ન્યાયાધીશોએ કાયદો અને ન્યાય અંગે વિશિષ્ટ અભ્યાસ કરેલો છે, જેઓએ ન્યાય પ્રદાન કરવાની શરતે જ અધિકાર ગ્રહણ કરેલ છે તેઓ તેમની જવાબદારી અંગે સતત જાગૃત છે, જેઓ પોતે ગેરનિર્ણય કરવાથી ઉદ્‌ભવતાં અપયશ, ભય અને બદનામીથી હંમેશા ડરે છે, તેવા જ ન્યાયાધીશો જાહેર ન્યાયપ્રદાન કરવાની બાબતમાં લોકોનો વિશ્વાસ માગી શકે છે અને સંપાદન કરી શકે છે. મહારાજા સાહેબ દ્વારા ન્યાયપ્રદાન થાય તેના કરતાં પણ તેઓ વધુ વિશ્વાસ મેળવે છે. વિચારશો તો આ વાત સ્પષ્ટ થશે. તાલીમ પામેલ અને ઘડાયેલ ન્યાયાધીશોએ જાહેર ન્યાયનું કામ કરવું અને મહારાજા સાહેબે પોતે આ કામ હાથ ઉપર લેવું નહિ એ લોકોના વધુ ને વધુ હિતમાં છે. આપ મહારાજા સાહેબને સ્પષ્ટપણે કહેવું જોઈશે કે મારો કોઈ મહત્ત્વનો દાવો હોય તો તે દાવાનો નિકાલ મહારાજા સાહેબ કરે તેના કરતાં કોઈ ન્યાયાધીશ કરે તે વધારે સારું અને સલામતીભર્યું હું માનું, આપ ખૂબ સારી કેળવણી લીધેલા રાજ્યકર્તા હોવા છતાં. એવો જ એક બીજો પ્રકાર લઈએ. હું કોઈ ગંભીર માંદગીમાં પટકાઉં તો મહારાજા સાહેબ મારો ઉપચાર કરે તેના કરતાં કોઈ તાલીમ પામેલા ડૉક્ટર મારો ઉપચાર કરે તે હું વધારે પસંદ કરીશ. વળી મારે આગગાડીમાં બેસી પ્રવાસ કરવાનો હોય તો પણ તાલીમ પામેલા ડ્રાઈવરને હું પસંદ કરું, નહિ કે શિખાઉ મહારાજા સાહેબને. આપ જોઈ શકો છો કે મહારાજા સાહેબ ન્યાયાધીશની કામગીરી કરે તે પસંદ કરનારા બહુ ઓછા હશે, મહાસાગરના ટીપા જેટલા. વળી આ લોકોએ આ પસંદગી દાખવી હશે, તે શુદ્ધ ન્યાય મેળવવાની ઈચ્છાથી નહિ; ઊલટું તેમની ઈચ્છા એવી જ હશે કે મહારાજા સાહેબ તેમના ઉપર મહેરબાની કરે અને તરફેણમાં ન્યાય આપે. આ મહેરબાનીની પદ્ધતિ ખરેખર વાંધાપાત્ર જ છે.

**મહારાજાએ જાતે કેમ ન કરવું**

(૨૬) બીજી પણ વાત છે. જો મહારાજા સાહેબ જાતે ન્યાય આપવાનું કામ કરશે તો થોડાં વરસોમાં જ સંખ્યાબંધ લોકો ચોક્કસ તેમનો દ્વેષ કરશે અને તેમના પ્રત્યે બૂરી લાગણી ધરાવશે. કારણ સ્પષ્ટ છે. જેની વિરુદ્ધમાં એ ફેંસલો આપશે તેમને તે નક્કી નારાજ કરવાના જ છે. આ દ્વેષ અને બૂરી લાગણીનાં શક્ય



પરિણામોની મર્યાદા નક્કી કરી શકાય નહિ. મારે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર નથી. પરંતુ મહારાજા સાહેબે પોતાની જાતે આવાં દ્વેષ અને બૂરી ભાવનાની સામે જવાની શી જરૂર છે ? ખરેખર કાંઈ જ જરૂર નથી. આવી પરિસ્થિતિમાં પોતાની જાતને મૂકવાનું કોઈપણ રાજવી માટે ડહાપણભર્યું નથી.

**પક્ષકારો વિવાદ દાખલ કરશે**

(૨૭) વળી નારાજ થયેલા પક્ષકારો એજન્ટ પાસે અથવા ગવર્નર જનરલ પાસે વિવાદ દાખલ કરશે. વાઈસરોય આગળ પણ વિવાદ દાખલ કરશે. અખબારોના માધ્યમોનો ઉપયોગ કરી લોકો આગળ પણ તેમની નારાજી રજૂ કરશે. મહારાજા સાહેબ જો જાતે ન્યાય આપવાની કામગીરી કરે તો આ બધા વિવાદોનો રોષ મહારાજા સાહેબ વિરુદ્ધ જ હશે. આ બધા વિવાદોમાં મહારાજા સાહેબ કાયદાનું જ્ઞાન ધરાવે છે, તે અંગે પુછાશે. મહારાજા સાહેબના નિષ્પક્ષપાતીપણા અંગે શંકા સેવાશે. મહારાજા સાહેબની કામગીરી અને ખંત અંગે પૃચ્છા થશે. મહારાજા સાહેબ માટે કાયદાનું અજ્ઞાન, પક્ષપાતીપણું, નિષ્કાળજીપણું અને એવા ઘણા બધા કઠોર શબ્દો વપરાશે. આપ મહારાજા સાહેબને આ બધું સારું લાગશે ? આપ મહારાજા સાહેબના મોભાની સાથે શું આ અનુરૂપ છે? આપ મહારાજા સાહેબ માટે જે માન અને પૂજ્યભાવની અપેક્ષા રખાય છે, તે સાથે આ સુસંગત છે ? મહારાજા સાહેબનું નામ આવી રીતે ખરડાય તે મહારાજા સાહેબને પણ ગમશે નહિ અને આ અણગમો કેવો આકાર લે, તે કહેવાય નહિ. બચાવ કરી શકાય નહિ એવું કોઈ પણ પરિણામ આવી જાય અને મહારાજા સાહેબને નાની મોટી ગંભીર મુશ્કેલીઓમાં પણ ઘડાવું પડે. આ બધું જોખમ શા માટે ખેડવું ?

**મહારાજાનો નિર્ણય ફેરવાય તે ઠીક નહિ**

(૨૮) આપણે આ વિષય જરા આગળ ધપાવીએ. માનો કે નારાજ થયેલા લોકોએ કરેલા કેટલાક વિવાદોમાં મહારાજા સાહેબનો નિર્ણય ખોટો હોવાનો નિર્ણય લેવામાં આવે. એટલે મહારાજા સાહેબના પોતાના નિર્ણયને ફેરવી નાંખવો પડે. આનું શું પરિણામ આવે ? મહારાજા સાહેબને કેટલાક અંશે સ્વમાન હણાયા જેવું લાગે. આ વાત તેમના માટે દુઃખદ

છે. આ વાત તેમની ઊંઘ, ભૂખ, પણ હરામ કરી નાંખે. મહારાજા સાહેબની વિરુદ્ધ વિવાદ કરનાર અને મહારાજા સાહેબ માટે ખરાબ શબ્દો વાપરનારની તરફેણમાં પોતાનો નિર્ણય પોતાને હાથે રદ કરી નવેસરથી નિર્ણય કરવાની મહારાજા સાહેબને ફરજ પડશે ત્યારે તો આ ખાસ થવાનું છે. આવી પરિસ્થિતિમાં લોકોની નજરમાં મહારાજા સાહેબની શી કિંમત રહેશે ?

**રુશવતખોરીનો સંભવ**

(૨૯) એક બીજી વાત છે. મહારાજા સાહેબ ન્યાયદાનનું કામ કરે તો તેઓશ્રીને કોઈ કારકુનો કે અધિકારીની મદદ લેવી પડશે. પક્ષકારો મહારાજા સાહેબ પાસે મુક્તપણે ના જઈ શકે, પરંતુ અધિકારી વર્ગને લોકો ખુલ્લી અગર ગુપ્ત રીતે નિવેદનો તૈયાર કરવા, ખુલાસા કરવા માટે રોકશે. પરિણામે લાંચરુશવત પેસે અને તેનાં મૂળિયાં નંખાય તેવી પણ શક્યતા છે. હારનારા પક્ષકારો એવું કહેશે કે એમનો કિસ્સો નબળો ન હતો. પરંતુ સામા પક્ષકારે લાંચ આપી એટલે એ હાર્યા. ભ્રષ્ટાચારના ખરાખોટા આક્ષેપો થશે. આવા આક્ષેપોની તપાસ કરવી પડશે. એક નિયમ તરીકે આવી તપાસને નકારાય નહિ. ફોજદારી ફરિયાદ દાખલ કરવા પણ આદેશ આપવો પડશે. ફોજદારી ફરિયાદમાં એકલો આ અધિકારીવર્ગ સંડોવાશે એટલું જ નહિ પણ મહારાજા સાહેબના મિત્રો, સગાસબંધીઓ, માનકરીઓ વગેરે જેવી ઉચ્ચ વ્યકિતઓ પણ સંડોવાશે. આ બધું થતાં કોઈને દોષી ઠરાવવામાં આવે અને શિક્ષા કરવામાં આવે તો બહુ જ દુ:ખદાયક બનશે.

**બ્રિટિશ સરકાર દ્વારા અવલોકન**

(૩૦) પહેલાં કરતાં અત્યારે ન્યાયના વહીવટમાં ઘણી બધી મુશ્કેલીઓ આવતી હોય છે. લોકોના સંબંધો ખૂબ ગૂંચવણભર્યા થયા છે. લોકો ન્યાય મેળવવા માટે વધુ પડતા આગ્રહી છે. રેલવેને કારણે બ્રિટિશ હકૂમતના અને બીજા લોકો આવ-જા કરે છે અને તેમની તકરારોનો પણ ન્યાય કરવો પડે છે. આ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. બ્રિટિશ સરકાર દેશી સંસ્થાનોમાં પોતાની પ્રજાના લોકોને કયા પ્રકારનો ન્યાય મળે છે, તેની ઉપર દેખરેખ રાખે છે. મહારાજા સાહેબે ન્યાયદાનના કામનો ભાર પોતાની જાત ઉપર ન લેવાનું આ એક મહત્ત્વનું કારણ છે.



**તંત્રની પ્રતિષ્ઠા**

(૩૧) વર્તમાન ન્યાયતંત્ર ચાલુ રાખવા અને તેને આપનો હાર્દિક ટેકો આપવા કયાં વજનદાર કારણો છે, તે આપ મહારાજા સાહેબ જોઈ શકશો. આપણે ત્યાં ખૂબ ઉચ્ચ પ્રકારનું ન્યાયતંત્ર છે. તેને માટે લોકોમાં ઘણું ઊંચું માન છે. એ આપણું એક મોટું ગૌરવનું સાધન છે. આ ગૌરવને મહારાજા સાહેબ હંમેશા શોભાવે એમ હું ઈચ્છું છું.

**અન્યત્ર ન્યાયતંત્ર ઉપેક્ષિત**

(૩૨) મને કહેતાં શરમ આવે છે કે દેશી સંસ્થાનોમાં ન્યાયાલયના વહીવટ પાછળ ખાસ ધ્યાન અપાતું નથી. કારણ એમને લાગે છે કે સરકારમાં એનાથી કોઈ ખાસ આવક થતી નથી અને જે કાંઈ આવક આવે છે, તે ન્યાયતંત્રના કામ કરનારાઓને પગાર આપવા માટે પૂરતી હોતી નથી. બધાં દેશી સંસ્થાનોની બાબતે હું આ કહેતો નથી. મને ખબર છે કે આવાં કેટલાંક અપવાદરૂપ સંસ્થાનો છે, જ્યાં ન્યાયાલયના વહીવટની બહુ સારી પદ્ધતિઓ છે, પરંતુ પોતાની મહત્ત્વની અને મૂળભૂત ફરજો શું છે, તે જાણનારા મહારાજા સારું ન્યાયતંત્ર નિભાવવાનું ચૂકશે નહિ. એ જાણે છે કે એનાથી એની પ્રજાને સુખ-સમૃદ્ધિ મળે છે.

**ફી અને દંડથી અંશતઃ ખર્ચ મળે**

(૩૩) અણીશુદ્ધ ન્યાયતંત્ર નિભાવવાની પ્રાથમિક જરૂરિયાત બાબત મહારાજા સાહેબના મન ઉપર ઠસાવવા હું જેટલો પ્રયત્ન કરું તેટલો ઓછો છે. તેના વગર જુદી જુદી ભાવનાઓ અને લાગણીઓવાળા માણસો લાંબો વખત ભેગા રહી શકે નહિ અને તેમના કામધંધામાં સમૃદ્ધિ મેળવી શકે નહિ. ગમે એટલો ખર્ચ કેમ ન આવે પણ અદાલતો હાલ છે તે મુજબ ચાલુ રાખવી જોઈએ. તંત્ર માટે કરવા પડતા ખર્ચનો સારો એવો ભાગ લાગત અને દંડની રકમોમાંથી મળી આવશે.

**સરદારો માટે ખાસ અદાલતો**

(૩૪) મહારાજા સાહેબ જાણે છે કે વિદ્યમાન અદાલતોમાં સરદારો વિરુદ્ધના દાવાઓના નિકાલ કરવા એક ખાસ અદાલત છે. સરદારોની એવી ભાવના અને ઈચ્છા છે કે તેમની વિરુદ્ધના દાવાઓ સામાન્ય અદાલતોમાં ચાલવા જોઈએ નહિ. સરદારોની આ ભાવના અને ઈચ્છાના સંદર્ભમાં ખાસ અદાલતોની

રચના કરવામાં આવી છે. સરદારોમાં આવી ભાવના અને ઇચ્છા જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી આ ખાસ અને જુદી અદાલતો નિભાવવી જોઇએ. પણ પોતે જાહેર ન્યાયની કક્ષા બહારના છે એવો દાવો સરદારોને ઘડીભર પણ કરવા દેવો જોઇએ નહિ. તેમને કે કોઇપણ માણસને કે મહારાજા સાહેબને પોતાને એવું કહેવાની છૂટ હોવી ન જોઇએ કે, ''અમને ગમે તેવું અન્યાયી વર્તન અમો કરીશું.'' આ સ્થિતિ સ્વયંસ્પષ્ટ છે. તેને માટે કોઇ દલીલો કરવાની જરૂર નથી. સરદારોને તેમના મોભા બદલની વિશિષ્ટ ભાવનાના સંદર્ભમાં ખુશ રાખવા ગમે તે કરો, બધું કરી છૂટો પરંતુ જનસમૂહના બીજા સભ્યોની જેમ તેઓ પણ જાહેર ન્યાયને આધીન છે એ મહાન સિદ્ધાંત સાથે સુસંગત હોવું જોઇએ.

**યોગ્ય ન્યાયતંત્ર નિભાવવું**

(૩૫) ન્યાય કરવા માટેની જુદી જુદી અદાલતોની રચના, અધિકાર અને કર્તવ્યની વિગતો ઘડવાની અને સમજાવવાની જવાબદારી મિ. ખરશેદજીની રહેશે. તેઓ આપ મહારાજા સાહેબને આ બધું સમજાવશે. પરંતુ સુશાસનના મૂળભૂત સિદ્ધાંતોનું વિવરણ કરતી વખતે યોગ્ય, કાયમી, સ્વતંત્ર રીતે ચાલતા ન્યાયતંત્રની અત્યંત જરૂરિયાત છે, એ વાત મહારાજા સાહેબના મન ઉપર ઠસાવવાની મારી ફરજ છે. આપના એક સંનિષ્ઠ હિતચિંતક તરીકે, એક વિશ્વાસુ અને અનુભવી જાહેર સેવક તરીકે હું આપને ખાતરીપૂર્વક કહું છું કે રાજ્યકર્તા તરીકે આપની સત્તા કાયમ રહે તે માટે કાર્યક્ષમ ન્યાયતંત્ર નિભાવવું અત્યંત જરૂરી છે.

**નિંદનીય નજરાણાની પ્રથા**

(૩૬) નજરાણાની એક ઘૃણાજનક પદ્ધતિ ચાલતી હતી. ન્યાયના વહીવટ અંગે વાત કરતાં મારે એનો નિર્દેશ કરવો ઘટે છે. વસ્તુસ્થિતિ એવી હતી કે દાવામાંના પક્ષકારો તેમની તરફેણમાં નિર્ણય આપવા માટે, મહારાજા સાહેબને નાણાં આપવાનો મુક્તપણે પ્રસ્તાવ કરતા હતા. જે પક્ષકારો વધારેમાં વધારે પૈસા આપે તેમની પૂર્ણ તરફેણમાં નિર્ણય આવતો હતો. ખરેખર વધુમાં વધુ પૈસા આપવાની દરખાસ્ત કરનારને ન્યાય વેચવા જેવું જ આ હતું. કોઇ પણ રાજ્યકર્તામાં આ લોભીપણાના દોષ કરતાં બીજો કોઇ દોષ વધારે ખરાબ ગણાય નહિ. જે રાજ્યકર્તા ન્યાય વેચીને પૈસા મેળવે છે, તે



પોતાનાં બાળક વેચીને પૈસા પેદા કરનાર વ્યક્તિથી પણ વધુ નીચ છે. હું આશા રાખું છું કે, હું વાત કરું છું, તે નજરાણા પદ્ધતિને હવે મરણતોલ ફટકો પડયો છે અને હવે ફરીથી તેનું ભયંકર માથું ઊંચું થશે નહિ.

**રુશવતખોરીનો નાશ કરો**

(૩૭) ન્યાયતંત્ર સંબંધમાં રાજ્યકર્તા ન્યાય કરવામાં નજરાણાં કે લાંચ ન લે તેટલું પૂરતું નથી, તેમણે એક વાતથી પણ ચેતતા રહેવું જોઇએ કે તેમના મિત્રો, સંબંધીઓ, આશ્રિતો વગેરે પ્રત્યક્ષ યા પરોક્ષ, ઉઘાડેછોગ યા ગુપ્તપણે આવું કરે નહિ. રાજમહેલમાં ઘેટાના સ્વાંગમાં ઘણાં બધાં ભૂખ્યાં વરુ ભમતાં હોય છે, અને વડોદરાનો રાજમહેલ તેનો અપવાદ નથી. હું જાણું છું કે સાધનસંપન્ન, ઉપર ઉપરથી માનનીય અને સદ્ગૃહસ્થ લાગતી કેટલીક વ્યક્તિઓ લાંચ લે છે, તેમને મહારાજાની સારી કીર્તિની કોઇ પરવા હોતી નથી. લાંચ લેવા તે હંમેશા તૈયાર જ હોય છે. લોકોના કલ્યાણની તો તેમને પરવા હોતી જ નથી. આવા લુચ્ચાઓ સામે મહારાજા સાહેબે સતત સાવધ રહેવું જોઇએ. જ્યારે મહારાજા સાહેબને સત્તાનાં સૂત્રો સોંપાય ત્યારે તેમની આજુબાજુના માણસોને આ વાતની સ્પષ્ટ રીતે જાણ કરવી જોઇએ કે કોઇપણ લાંચ લેનાર વ્યક્તિ માટે કોઇ દયા રાખવામાં આવશે નહિ, પરંતુ તેને આપ મહારાજા સાહેબ રાજમહેલ-માંથી કાઢી મૂકશો, તેની નિમણૂક બંધ કરશો, તેના અધિકારો લઇ લેવામાં આવશે, તેના વિશિષ્ટ હક લઇ લેવામાં આવશે અને ન્યાયની દૃષ્ટિએ જરૂર પડે તો તેના ઉપર ફોજદારી ફરિયાદ દાખલ કરી જરૂરી શિક્ષા પણ કરવામાં આવશે. આ પ્રમાણે કહ્યા છતાં અને ચેતવણી આપ્યા છતાં કોઇ વ્યક્તિ ગેરવર્તણૂક કરે તો તેના પ્રત્યે મહારાજા સાહેબ સખ્ત નારાજ છે, એવું બતાવવું પડશે. પ્રત્યક્ષ વ્યવહારમાં આવા એક કે બે દાખલાઓ થશે, તો આ પાપને જાકારો મળશે. જે કોઇ મિત્ર, સબંધી કે આશ્રિત આવી રીતે ઉઘાડો પડશે અને તેને શિક્ષા થશે તો આપને દુ:ખ જરૂર થશે, પરંતુ રાજ્યકર્તા તરીકે આપની પ્રજા પ્રત્યે જે જવાબદારીનું બંધન છે તેની સાથે આ સુસંગત છે. મહારાજા સાહેબની પ્રતિષ્ઠા માટે તે વ્યક્તિને કોઇ કાળજી ન હોય તો મહારાજા સાહેબે એના માટે કોઇ કાળજી ન રાખવી જોઇએ. આ વિષય સંબંધે આપણે હંમેશા યાદ રાખવું જોઇએ કે મુખ્યત્વે લાંચ અને ભ્રષ્ટાચારને કારણે જ મલ્હારરાવની પડતી થઇ હતી.

(૩૮) મેં આ પહેલાં કહ્યું છે અને દોહરાવ્યું પણ છે કે અણીશુદ્ધ

**ચારિત્ર્યવાન અધિકારીઓ**

ન્યાયતંત્ર લોકોના કલ્યાણ માટે અતિ આવશ્યક છે. વહીવટ અણીશુદ્ધ છે કે કેમ તેની ખાતરી કરવા માટે બીજી ઘણી શરતો છે. આપણે તેમાંની મુખ્ય શરતો તરફ હવે લક્ષ દોરીએ. ન્યાયદાન કરવા માટે નિયુક્ત કરેલા અધિકારીઓ ખૂબ જ સારી ચાલચલગતવાળા અને ન્યાયની કામગીરી માટે જરૂરી લાયકાત ધરાવનારા હોવા જોઈએ. આ ઘણી મહત્ત્વની વાત છે. ખરેખર સરકારના મુખ્ય મુખ્ય વિભાગોમાં કામ કરવા પ્રામાણિક અને લાયકાત ધરાવતી વ્યક્તિઓ ના હોય તો કોઈપણ સરકાર સારી રીતે ચાલે નહિ. આવા લોકો કેવી રીતે શોધી કાઢવા અને મેળવવા એ એક મહત્ત્વનો વિષય છે. આ સંબંધે હું પછી અલગ વાત કરીશ. અહીં હું એટલું જ કહીશ કે, મેજિસ્ટ્રેટ, મુનસફો, ન્યાયાધીશોને પસંદ કરવામાં ખૂબ જ કાળજી લેવી જોઈએ. પણ આ બધામાં વરિષ્ઠ કોર્ટ માટે અગર તો હજૂર અદાલતો માટે તો શક્ય તેટલા ઉત્તમોત્તમ માણસોની નિયુક્તિ કરવી જોઈએ. એક વખત આવી લાયક વ્યક્તિઓ શોધી કાઢી નિયુક્તિ કરવામાં આવશે તો બાકીનું બધું ન્યાયનું કામ બરાબર ચાલવાનું જ છે.

(૩૯) ન્યાય ખાતાના અધિકારીઓને (વસ્તુતઃ બધા

**સારો પગાર**

અધિકારીઓને) સારો પગાર આપવો જોઈએ. આ વિષય ઉપર પણ હું એક અલગ વાર્તાલાપમાં આ પછી વાત કરીશ.

(૪૦) ન્યાય ખાતાના અધિકારીઓને ( આમ તો બધા જ

**ગુણવત્તા મુજબ ભરતી**

અધિકારીઓને ) તેમની ગુણવત્તા અને જાહેર સેવામાંની તેમની સારી કામગીરી ધ્યાનમાં લઈ બઢતી આપવી જોઈએ.

(૪૧) ખાસ કરીને ન્યાય ખાતાના અધિકારીઓને એવો વિશ્વાસ

**મનસ્વી રીતે રુખસદ નહિ**

થવો જોઈએ કે જ્યાં સુધી તેઓ સારું કામ કરશે ત્યાં સુધી તેમને ચાલુ રાખવામાં આવશે. જ્યાં સુધી તેમનું આરોગ્ય સારું હશે અને તેમનામાં કામ કરવાની શક્તિ હશે ત્યાં સુધી તેઓને ચાલુ રાખવા જોઈએ. ધારાધોરણ વગર તેમને નોકરીમાંથી કાઢી નાંખવામાં આવશે એવો ભય પણ ન હોવો જોઈએ. આ સિવાય વધારામાં એ પણ જોવાનું કે પક્ષપાત



વગર ન્યાયદાનનું કામ કરવાને કારણે કોઈની નારાજગી વહોરવી પડે અને તે કારણે તેમને કોઈ શારીરિક ઈજા થાય એવા ભય માટે પણ કારણ ન હોવું જોઈએ.

(૪૨) કોઈ ચોક્કસ મુકદ્દમામાં ન્યાયખાતાના અધિકારીઓને

**તટસ્થતા જરૂરી**

એક યા બીજી રીતે નિર્ણય બદલવાનું કહેવાનું મહારાજા સાહેબે નિષ્ઠાપૂર્વક ટાળવું જોઈએ. કોઈ એક પક્ષકારને ફાયદો થવાથી તેમને સારું લાગશે, એવું પણ દર્શાવવું નહિ. તેઓશ્રીએ કોઈપણ એક બાજુ ખાસ રસ હોવાનું દર્શાવવું નહિ. મહારાજા સાહેબ પક્ષપાત વગરના ન્યાયદાનનો વહીવટ ઈચ્છે અને જે અધિકારી ભય વગર, મહેરબાનીનો વિચાર કર્યા વગર ન્યાયદાનનું કામ કરશે તેને તેઓશ્રી મક્કમ ટેકો આપશે, એવું તેમના વલણથી સ્પષ્ટપણે દર્શાવવું જોઈએ. આવું વલણ સતત ચાલુ રાખવું હોય તો મહારાજા સાહેબે મિત્રો, સબંધીઓ, આશ્રિતોની આજીજીઓનો દૃઢતાથી સામનો કરવો પડશે. આ લોકોએ આપને એવી રીતે ત્રાસ ન આપવો જોઈએ. આમ છતાં જો કોઈ આપ મહારાજા સાહેબને આજીજી કરી ત્રાસ આપે તો મહારાજા સાહેબે એવો જવાબ આપવો જોઈએ કે, " મેં સારા ન્યાયાધીશની નિયુક્તિ કરી છે અને તે ન્યાયદાનનું કામ કરવાના છે. તેમનાથી જો આપ નારાજ હશો તો ઉપલા ન્યાયાલયમાં આપ વિવાદ કરી શકશો. આ પ્રમાણે ન્યાય મળવા જેવો કિસ્સો હશે તો તમને સાચો ન્યાય મળશે જ." આવો કોઈ જવાબ દૃઢતાથી દોહરાવાય તો આજીજીઓ અસરકારક રીતે બંધ કરી શકાશે; નહિ તો કેટલાક થોડા કિસ્સાઓમાં આપ આજીજીને વશ થશો તો આજીજીઓનું પ્રમાણ વધશે, અનેક ગણી થશે. આપને આપની જિંદગીની દરેક ક્ષણ સતત ચિંતામાં ગાળવી પડશે. ન્યાયદાનનું કામ અવળા રસ્તે જશે અને રાજ્યકર્તા તરીકે આપની કીર્તિને પણ ઝાંખપ લાગશે.

(૪૩) બીજી પણ એક વાત છે. જ્યારે જ્યારે અદાલતોને

**રાજમહેલના સેવકોને ખાસ છૂટછાટ નહિ**

રાજમહેલના સેવકો અને અધિકારીઓની હાજરીની જરૂર પડે ત્યારે ત્યારે ન્યાયાધીશોને તે માટે મદદ કરવી જોઈએ. આથી મહારાજા સાહેબ ન્યાયદાન માટે કેટલું માન ધરાવે છે, તે દેખાશે અને સારું દેખાશે. અદાલતોની આ

બાબત માગણી સાચી અને યોગ્ય હોય તો તેને તાત્કાલિક પૂરી કરવી જોઈએ. સેવકો અને અધિકારીઓને એવું લાગવું જોઈએ કે તેઓ ન્યાયથી પર નથી, ન્યાયના કામમાં તેમની પણ કોઈ જવાબદારી છે. તેઓએ લોકોની જેમ બીજાના હકને માન આપવું જોઈએ, તેમની તરફેણમાં કાયદાની બાબતમાં કોઈ ખાસ છૂટછાટ મળશે નહિ એવું તેમને લાગવું જોઈશે. અર્થાત્ તેઓ સારી રીતે વર્તશે તો તેમને રક્ષણ પણ આપવું જોઈશે. આ બધી વ્યક્તિઓ ચકોર હોય છે. તેઓ મહારાજા સાહેબનું વલણ અને ધોરણ જોશે અને તે અનુસાર વર્તશે.

**દીવાની-ફોજદારી કેસો અદાલતને મોકલવા**

(૪૪) મહારાજા સાહેબે પોતે એક સારો દાખલો બેસાડવો જોઈએ. પોતે હંમેશા સતત અને અંતઃકરણપૂર્વક ન્યાયને માન આપવું જોઈએ. દા. ત. મહારાજા સાહેબે કોઈ વ્યક્તિગત જોરજબરીનું કૃત્ય કરવું નહિ, એમના સેવકો પ્રત્યે અંગત ગેરવ્યવહાર કરવો નહિ, મહારાજા સાહેબે કોઈને આપખુદીથી કેદમાં નાખવો નહિ, ધારાધોરણ વગર કોઈ જપ્તી કરવી નહિ કે કોઈની મિલકતને ખાલસા કરવી નહિ, વગેરે. મહારાજા સાહેબે જે કોઈ ગુના અને દાવાઓ અંગે તેમની પાસે તકરારો આવે તે બધાંને ન્યાયાધીશો તરફ મોકલવા. તે ન્યાયાધીશો જરૂર પ્રમાણે યોગ્ય તે કરશે. આ સિવાય મહારાજા સાહેબ પાસેથી કોઈને નાણાં લેવાનાં થતાં હોય તો તેઓશ્રીએ તરત આપી દેવાં જોઈએ. બીજી ખાનગી વ્યક્તિની જેમ બીજાના ન્યાયી દાવાનું સમાધાન કરવું જોઈએ. શક્ય બને તો આવા દાવાઓમાં બીજાઓને દાવો પડતો મૂકવાની ફરજ પાડ્યા વગર યા તો ન્યાયની અદાલતમાં ધકેલ્યા વગર દાવા અંગે સમાધાન કરવું જોઈએ. આવી રીતે મહારાજા સાહેબ વર્તશે તો તેમનો કોઈ અંગત શત્રુ રહેશે નહિ. તેમની લોકપ્રિયતા વધશે અને ન્યાયના કાર્યને બળ મળશે.

**અદાલતો તેમની ફરજ બજાવે**

(૪૫) મેં જે કહ્યું છે એના ઉપરથી એવું માનવાનું નથી કે મહારાજા સાહેબે ન્યાયની અદાલતોની બાબતમાં કાંઈ જ કરવું નહિ અને ન્યાયાધીશોની બાબતમાં ઉદાસીન અને બેપરવા પ્રેક્ષક તરીકે વર્તવું. મહારાજા સાહેબે કોર્ટને જેમ વર્તવું હોય તેમ વર્તવા દેવું એવું પણ નથી. મહારાજા સાહેબ માટે બંધનકર્તા હક અને



ફરજ છે કે તેમણે ન્યાયતંત્ર ચલાવવું એટલું જ માત્ર નહિ પરંતુ આ તંત્ર પોતાનો હેતુ સારી રીતે સાધ્ય કરે છે કે કેમ તે પણ બરોબર જોવું જોઈએ.આ બધું કેવી રીતે કરવું તે સમજાવવા માટે હું બીજી તક લઈશ. વહીવટના દરેક વિભાગમાં મહારાજા સાહેબે આ બધું કેવી રીતે કરવું તે બાબતમાં સમજૂતી આપવા ખરેખર હું ઈચ્છું છું. એટલે મહારાજા સાહેબને આ મહત્ત્વના વિષય અંગે સંપૂર્ણ અને વ્યાપક ખ્યાલ આવશે.

**મહારાજાની સાર્વભૌમ ફરજ**

(૪૬) એક મોટી વાત તો એ છે, કે મહારાજા સાહેબે નીચેના અધિકારીઓની ઓછી મહત્ત્વની કામગીરી અને બધી કામગીરી ઉપર દેખરેખ રાખવાની પોતાની ઉચ્ચ અને મહત્ત્વની ફરજો વચ્ચેનો ભેદ સારી રીતે જાણવો જોઈશે. મહારાજાની મહત્ત્વાકાંક્ષા સર્વોચ્ચ ફરજો બજાવવાની હોવી જોઈએ, નહિ કે અધિકારીઓ અને કારકુનો જેવી ગૌણ કામગીરી કરવાની. મારે કહેવું છે, કે પોતાની સર્વોચ્ચ ફરજો અંગે જ્ઞાન ન ધરાવનારા અગર તો ફરજો બજાવવાની યોગ્ય ક્ષમતા ન ધરાવનારા મહારાજા સાહેબ પોતાની સર્વોચ્ચ ફરજો ત્યજી દે છે અને પોતાનો વખત અને શક્તિ અધિકારીઓ અને કારકુનો કરી શકે તેવી નાની નાની ફરજોમાં ગુમાવે છે. આ નાની ફરજો અધિકારીઓ કે કારકુનો વધુ ચોકસાઈથી અને વધુ સારી રીતે કરી શકવાના છે.

**ફેનેલોનનો બોધપાઠ**

(૪૭) મહારાજા સાહેબનું ધ્યાન હવે ફેનેલોન નામની એક મહાન ફ્રેન્ચ વ્યક્તિએ લખેલા બે સ્વંયસ્પષ્ટ પરિચ્છેદોના અધ્યયન તરફ દોરીને હું વિષયનું સમાપન કરીશ. આ ફ્રેન્ચ વ્યક્તિએ આપ મહારાજા સાહેબને હું જે ખાસ મહત્ત્વની બાબત કહેવા માંગું છું તેના સિદ્ધાંતો એક રાજવંશી શિષ્યને સમજાવવા લખ્યા હતા. આ મહાન ફ્રેન્ચ વ્યક્તિની બાબતમાં સવિસ્તર વાત કરવાનું હું શ્રી ઈલીયટ ઉપર છોડું છું, પરંતુ આ પરિચ્છેદમાંના આગળ પડતા વિચારો સાથે મને મુખ્યત્વે નિસ્બત છે. ખાસ કરીને ન્યાયના વહીવટ અંગે અને સામાન્યપણે રાજ્યના સમસ્ત વહીવટ અંગે જે કંઈ મેં મહારાજા સાહેબને કહ્યું છે, તેને આ વિચારો સમર્થન આપે છે. જેનો હું નિર્દેશ કરું છું, તે બે પરિચ્છેદો નીચે મુજબ છે :

**ટેલિમેક્સ પા. ૪૦૦**
**હક અંગેના સવાલો ; મિલકત અંગેના નહિ**

• ''ઈડોમેનીસે ખાનગી વ્યક્તિઓ વચ્ચેના સંખ્યાબંધ કિસ્સાઓના કારણે ઉદ્‌ભવતી મૂંઝવણ અંગે તકરાર કરી હતી, કારણ તેમના ઉપર ખાનગી વ્યક્તિઓએ અમુક રીતે નિર્ણય લેવા આજીજીપૂર્વક દબાણ કર્યું હતું. ગુરુએ તેમને કહ્યું 'હક બાબતના બધા પ્રશ્નોનો એવી રીતે નિકાલ કરો કે જેને કારણે ન્યાયશાસ્ત્રનાં કેટલાંક સામાન્ય પ્રમાણો નક્કી થાય, અથવા વર્તમાન કાયદાની સ્પષ્ટતા થઈ શકે તેવા અગ્રિમ દાખલાઓ મળે. પરંતુ ખાનગી મિલકત બાબતના બધા પ્રશ્નોનો નિકાલ કરવાની જવાબદારી પોતાના માથા ઉપર લેશો નહિ કારણ પ્રશ્નોની વિવિધતા અને સંખ્યાના કારણે તમો કામના ભારણ હેઠળ દબાઈ જશો અને મૂંઝવણમાં પડશો. તમો એકલા કામનો નિકાલ કરશો તો સમય જશે અને ન્યાયમાં જરૂર વિલંબ થશે. તાબાના ન્યાયાધીશોનું અસ્તિત્વ નિરર્થક રહેશે. નકામી ક્ષુલ્લક બાબતોનું નિયમન કરવા જતાં મહત્ત્વના કામકાજ કરવા માટે તમોને વખત મળશે નહિ કે મહત્ત્વનું કામ કરવાનો વિચાર આવશે નહિ. વળી ક્ષુલ્લક બાબતોનું છેવટે નિયમન પણ થશે નહિ. આવી હાનિકારક અને મૂંઝવણભરી પરિસ્થિતિ ટાળો. તાબાના ન્યાયાધીશોને આવી ખાનગી તકરારોનો નિકાલ કરવાનું સોંપો. બીજા તમારા માટે જે કાંઈ કરી શકવાના છે, તે આપ કરો નહિ, તો જ રાજા તરીકેની તમારી ફરજો બજાવી શકશો.' ...................... ''

**ટેલિમેક્સ પા. ૩૯૦-૩૯૨.**

**બધું જ પોતે ન કરવું. મહાન કામો માટે મુક્તિ અને શાંતિ. સંગીતની સંવાદિતા અને સ્થાપત્યની સપ્રમાણતા**

'' રાજા એ સર્વોચ્ચ નિયામક છે પણ તેની આવડત બધું પોતે કરવામાં સમાતી નથી. આવું કરવાનો પ્રયત્ન એ મહત્ત્વાકાંક્ષાનું દારિદ્ર્ય છે. આપ એવું કરી શકશો એમ લોકો માનશે એ આશા ખોટી છે. કોઈપણ શાસનમાં રાજા આત્મા જેવા છે. તે શરીર નથી. રાજાના ભાવ અને દોરવણી નીચે બધાંએ શું કરવું જોઈએ તેની કલ્પના રાજાએ કરવી જોઈએ, પરંતુ તે કરવા માટે રાજાએ બીજાની નિયુક્તિ કરવી જોઈએ. એનાં નિયોજન અને સાધનોની પસંદગી ઉપરથી રાજાની કાર્યક્ષમતા દેખા દેશે. તાબેદારો જે કામ કરી શકે તેવું કામ કરવા રાજાએ નીચું નમવું ના જોઈએ અને તાબાના લોકો રાજાનું કામ પોતે



કરવા ઈચ્છે એવી વૃત્તિ તેમનામાં પેદા થવા દેવી ન જોઈએ. તાબાના નોકરો બધું બરોબર કરશે એવો પૂર્ણ વિશ્વાસ ન જ રાખવો જોઈએ. એમની કાર્યવાહી રાજાએ તપાસવી જોઈએ અને તેમની પ્રામાણિકતા અને નિર્ણય કરવાની શક્તિમાં કોઈ ઊણપો હોય તો તે શોધી કાઢવાની રાજાની શક્તિ પણ હોવી જોઈએ. વ્યક્તિઓની વિવિધ વિશિષ્ટતાઓ અને હોશિયારી સારી રીતે પારખી શકનારો રાજા જ શાસન કરી શકે છે. આમ પરખ કરીને તે રાજા પોતાના શાસન હેઠળના વિભાગોમાં વહીવટ કરવા તેમની નિયુક્તિ કરે છે અને નિયુક્તિ કરતી વખતે તેમની અક્કલ હોશિયારી જોઈને તે મુખ્ય ખાતા માટેની તેમની યોગ્યતા ઠરાવે છે. નિયમન કરનારાઓ ઉપર સંપૂર્ણ નિયમન કરવામાં જ સર્વોચ્ચ શાસનની શ્રેષ્ઠતા હોય છે. અધ્યક્ષ સ્થાને બેસનારે તાબાના લોકોની ચકાસણી કરવી જોઈએ, તેમને ખોટું કરતાં અટકાવવા જોઈએ અને તેમની કાર્યશૈલી સુધારવી જોઈએ. રાજાએ તાબાના નોકરોને પ્રોત્સાહન આપવું જોઈએ. તેમને આગળ લાવવા જોઈએ, વખત આવ્યે બધાંને હંમેશા પોતાની નજરમાં અને હાથ ઉપર રાખવા જોઈએ. પરંતુ શાસનના ગૌણ વિભાગોમાંની નાની નાની વિગતો ઉપર અંગત ધ્યાન આપવું નહિ. આવું કરવું હલકાપણાની અને શંકાશીલતાની નિશાની છે. એવી વિગતો ઉપર ધ્યાન આપવાથી મનમાં નકામી ચિંતા રહે છે અને રાજાએ જે તરફ લક્ષ આપવું જોઈએ તેવાં કામ કરવા માટે કે સારું આયોજન કરવા માટે સમય કે અવકાશ રહેતો નથી. મોટી મોટી યોજનાઓ ઘડવી હોય તો મોકળાશ જોઈએ અને શાંતિ જોઈએ. રાજાને કામકાજની ઊંડી ગૂંચને કારણે મૂંઝવણ કે તકલીફ ન પડવી જોઈએ. ગૌણ વિષયને કારણે એનું લક્ષ વહેંચાઈ જવું ન જોઈએ. નાની વિગતોમાં મોહિત થતું મન સોડમ કે સ્વાદ વગરના આસવ જેવું છે. જે રાજા પોતાના તાબાના નોકરોની ફરજો અદા કરવામાં વ્યસ્ત રહે છે, તે સારાં કામો કરવાથી ખરેખર દૂર રહે છે અને તેની નજર ભવિષ્ય સુધી પહોંચતી નથી. જે દિવસ જાય છે તે દિવસનું જ કામ કરવામાં જ તે હંમેશા રચ્યાપચ્યા રહે છે અને આવું કરવું એ જ ફક્ત પોતાનો હેતુ હોવાનું માને છે. તે નાની બાબતોને જ વધુ પડતું મહત્ત્વ આપે છે. પરિણામે તેને નુકસાન થાય જ છે. રાજાને એક જ વાત ઉપર ધ્યાન આપવાનું હોતું નથી. સમસ્ત બાબતો ઉપર રાજાએ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એક હેતુ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી મન સંકુચિત થાય છે અને પછી કોઈપણ કામકાજનો નિર્ણય કરવાનો હોય તો અન્ય બાબતોનો વિચાર આવતો

નથી. એક બાબતની, બીજી બાબત સાથે સરખામણી થતી નથી અને કયા ક્રમમાં વિચારણા કરવી જોઈશે, તેની ગોઠવણ થતી નથી. જુદી જુદી બાજુઓનો એકબીજા સાથે શું સંબંધ છે, તેનો પણ ખ્યાલ આવતો નથી. આ પ્રમાણે તો ન જ થવું જોઈએ. બધી બાજુનો વિચાર કર્યા વગર, એક બાજુને બીજી બાજુ સાથે સરખાવ્યા વગર અને સંબંધિત મહત્ત્વ પ્રમાણે કોઈ ક્રમ ગોઠવ્યા વગર શાસન અંગેની આ વાત તરફ જે દુર્લક્ષ કરે છે, જે વ્યક્તિ શાસનમાં આ નિયમને અવગણે છે તેની ગતિ એવા સંગીતકાર જેવી થાય છે જે મધુર સૂર સિદ્ધ કરે છે પણ જે તેમને કર્ણપ્રિય અને હૃદયંગમ સૂરીલા સંગીતમાં જોડી શકતા નથી. આવી વ્યક્તિની સરખામણી, બાંધવા ધારેલી ઈમારતનું પ્રમાણ જોયા વગર અથવા તેની શોભા કેવી રીતે વધે તેનો વિચાર કર્યા સિવાય, ફક્ત મોટામોટા થાંભલાઓના અવનવી કોતરણીવાળા પથ્થરોને એકબીજા ઉપર ખડકી ઢગલો કરવામાં પોતાની કલાશક્તિની પૂર્તિ થાય છે, એવું દિવાસ્વપ્ન જોનાર સ્થપતિ સાથે કરી શકાય. આવો કલાકાર કક્ષ બાંધતી વખતે એવો વિચાર કરવાનો નથી કે યોગ્ય જગ્યાએ એક દાદરો મૂકવો જોઈએ અને ઈમારતનો ઢાંચો ઊભો કરવાનું કામ કરતો હોય ત્યારે ક્યાં પ્રાંગણ જોઈશે અને ક્યાં મુખ્ય દ્વાર જોઈશે તેનો પણ એ વિચાર કરશે નહિ. એનું કામ તો ફક્ત એકબીજા સાથે અસંબંદ્ધ અને એકબીજાને જોડીને કોઈ પૂર્ણ પ્રકાર બનતો ના હોય એવા ભાગ ભેગા કરવા સિવાય બીજું કાંઈ હશે નહિ. આવી કામગીરીથી તેને કોઈ ખ્યાતિ મળશે નહિ, પરંતુ આવું કામ તેની બદનામીનું કાયમી સ્મારક બનશે. એની કામગીરી એવી લાગશે કે તેના આયોજનમાંના બધા ભાગનો એક સાથે સમાસ કરવા જેટલી તેની વિચારશક્તિ નથી. તેનું મન સંકુચિત છે અને તેની પ્રતિભા નહિવત્ છે. જે વ્યક્તિ એક એક ભાગનો વિચાર કરે છે તે બીજાની યોજના અનુસાર કામ કરવા માટે લાયક છે. પ્રિય ટેલિમેક્સ, રાજ્યશાસનમાં એક વાત અંગે ખાતરી રાખો કે સંગીતની જેમ એક પ્રકારની સંવાદિતા હોવી જોઇએ અને વાસ્તુશાસ્ત્રની જેમ યોગ્ય પ્રમાણ હોવું જોઇએ. સંગીત અને વાસ્તુશાસ્ત્રની કલાઓ અને શાસન વચ્ચેની સરખામણી આગળ વધારવા દેશો તો હું આપને સહેલાઇથી સમજાવી શકીશ કે જે લોકો એક એક ભાગનો વિચાર કરીને શાસનનો વહીવટ કરે છે અને સમગ્ર શાસનનો ખ્યાલ રાખતા નથી તેમનું શાસન કનિષ્ઠ દરજ્જાનું છે. સંગીતના જલસામાં અમુક એક વિભાગમાં ગાનારાનો અવાજ ભલે મધુર હોય, ગાવામાં



તે ભલે ખૂબ હોશિયાર હોય છતાં તેને ગાયક જ કહેવાય છે. પરંતુ જે જલસાનું સંચાલન કરે છે, તેને ઉસ્તાદ કહેવાય છે. તે જ પ્રમાણે જે વ્યક્તિ થાંભલાઓ બનાવે છે અને ઇમારતની દીવાલો ચણે છે, તે કડિયો છે, પરંતુ જેણે આખા મકાનોનો નકશો તૈયાર કર્યો છે અને જેનું મન તે ઇમારતના એક એક વિભાગના એક બીજાના સંબંધ સાથે કામ કરતું હોય છે તે સ્થપતિ છે. એટલે જે લોકો સતત કાર્યરત રહે છે અને વધુમાં વધુ કામોનો નિકાલ કરે છે એટલા ઉપરથી તે શાસન કરે છે, એમ ન કહેવાય. તેઓ નિમ્ન કક્ષાના કારીગર છે. બીજાના ઉપર પ્રભાવક અને સંસ્થાનનું સારી રીતે શાસન કરનાર પ્રતિભાશાળી વ્યક્તિ કશું જાતે કરતી નથી, પરંતુ બધું કરાવે છે. જે પુખ્ત વિચારણા કરે છે, ભવિષ્યનો વિચાર કરે છે, ભૂતકાળમાં શું થયું તેનો ખ્યાલ રાખે છે, અને કોઇપણ બાબતમાં એક બાજુનો બીજી બાજુ સાથે શું સંબંધ છે તે જુએ છે, બધી વસ્તુઓને વ્યવસ્થિત ગોઠવે છે અને ભવિષ્યમાં આવનારી અણધારી આફતોનો સામનો કરવાની જોગવાઇ કરે છે તે જ તિભાશાળી રાજ્યકર્તા કહેવાય છે. .............''

## પ્રકરણ-૨૮

# મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ)

૧લી જૂન, ૧૮૮૧

**પાછલા પ્રકરણનો સાર**

(૧) રાજ્યકર્તાની પહેલી ફરજ લોકોની સુખાકારીમાં વધારો કરવાની છે એવું કહીને આપણે શરૂઆત કરી છે. લોકોની સુખાકારી વધારવા માટે લોકોનાં જાન, જાત, સ્વતંત્રતા અને મિલકતનું રક્ષણ કરવાના ઉપાયો યોજવા તે રાજ્યકર્તાની પહેલી કામગીરી બની રહે છે. આ ઉપાયોમાંનો પહેલો ઉપાય પર્યાપ્ત અને કાર્યક્ષમ પોલીસદળની સ્થાપના અને નિભાવણીનો છે. આ પોલીસદળને પૂરતી શક્તિ અને શિસ્ત ધરાવતા લશ્કરીદળના ટેકાની પણ જરૂર છે. આ બે મળી સરકારની ભૌતિક યા બાવડાની તાકાત બને છે. એને કારણે સરકાર લોકોને કાયદાને માન આપવાની ફરજ પાડી શકે છે. બીજું તુરત લેવાનું પગલું સુયોગ્ય ન્યાયની અદાલતોની સ્થાપનાનું છે. આ અદાલતો લોકોની તકરારોનો નિકાલ કરશે, લોકોને ન્યાય આપશે. કોઇને ઇજા, નુકસાન થયેલ હોય તો તેમને રાહત અપાવશે અને જ્યાં યોગ્ય હોય ત્યાં ગુનેગારોને સજા કરશે.

**અદાલતોનું માર્ગદર્શન**

(૨) આપણે ન્યાયનો વહીવટ યોગ્ય રીતે ચલાવવાનું કેટલું મહત્ત્વ છે, તે પણ જોઇ ગયા છીએ, પરંતુ આ માટે જે ન્યાયાલયો ઊભાં થશે, તેમને રાજ્ય તરફથી યોગ્ય માર્ગદર્શન આપવાની પણ દેખીતી જરૂર છે. એ સ્પષ્ટ છે કે આટલા બધા જજો અને મેજિસ્ટ્રેટો-કામ કરતા હોય ત્યારે તેમને જેમ યોગ્ય લાગે તેમ તેઓ ન્યાય આપે તેવી પરિસ્થિતિ બરાબર નથી. તેઓના માર્ગદર્શન માટે કોઇ સિદ્ધાંતો અને નિયમો હોવા જ જોઇએ. આ સિદ્ધાંતો અને નિયમોને જ આપણે રાજ્યના કાયદાઓ તરીકે ઓળખીએ છીએ.

**તે માટે યોગ્ય કાયદા**

(૩) આ ન્યાયાધીશોના માર્ગદર્શન માટે રાજ્ય સરકારે કાયદાઓ કરવા જોઇએ. આ કાયદાઓ એટલે જે તે રાજ્યોએ પૂર્ણ વિચારણાને અંતે કરેલા હુકમો



જ છે. ન્યાયાધીશોનાં જાણ, અમલ અને માર્ગદર્શન માટે જ આવા બધા હુકમો એક સાથે કરેલા હોય છે. રાજ્યના સ્થાયી અને કાયમી હુકમોને જ કાયદો કહેવાય છે. આ કાયદાઓ સારા હોવા જોઇએ. એટલે લોકોની સુખાકારીનો વધારો કરવાની ગણતરીથી થયા હોવા જોઇએ. લોકોની સુખાકારી એ જ આ કાયદાનો અંતિમ અને પ્રધાન હેતુ હોવો જોઇએ.

**લાંબા અનુભવનું પરિણામ**

(૪) કોઇ પણ લોકસમૂહ અંગેની બધી બાબતોને આવરી લેતા કાયદાઓ ઘડવાનું કામ એ માનવી શ્રમની ખરેખર પરાકાષ્ઠા છે. માણસ-માણસ વચ્ચેનો વર્તાવ અને વ્યવહાર વિવિધ પ્રકારનો અને કેટલીક વખત ઘણો અટપટો હોય છે. વળી અનેક વ્યવહારોમાંથી ક્યા વ્યવહારનું શું પરિણામ આવે છે, ક્યા વ્યવહારથી લોકોની સામાન્ય સુખાકારી ઉપર અસર પડે છે એ નક્કી કરવા માટે ખૂબ બહોળા અનુભવની અને કાળજીપૂર્વકના નિરીક્ષણની જરૂર હોય છે. સારા કાયદાઓ બહોળા અનુભવ અને કાળજીભર્યા નિરીક્ષણના અંતે ઘડાયેલા હોવા જોઇએ. તે માટે ખૂબ મોટા માણમાં બુદ્ધિયુક્ત પરિશ્રમની જરૂરિયાત છે.

**સભ્ય સમાજને અનુરૂપ સામાન્ય સિદ્ધાંતો**

(૫) આપણે વડોદરાના લોકોએ એવો તો ઢોંગ ન કરવો જોઇએ કે આપણા લોકોના વર્તન-વ્યવહારનું નિયમન કરવા માટે જરૂરી એવા બધા કાયદાઓ આપણી અક્કલથી ઘડી કાઢી શકીશું. આવું કરવું શક્ય નથી. મેં જે કહ્યું છે તે વધુ સ્પષ્ટ કરવા માટે આપણે એક દાખલો લઇએ. માની લો કે આપણા લોકોમાં જે કોઇ બીમારી છે, તે બધી દૂર કરવાની આપણી ઇચ્છા છે. હવે માંદગીના હજારો પ્રકાર છે. તેમાંથી કેટલાક તો બહુ અટપટા હોય છે. હવે સંગ્રહ કરેલા જ્ઞાનને આપણે બાજુએ રાખી ન શકીએ. જગતમાં જે કાંઇ અનુભવ પ્રાપ્ત થયેલ છે. તેને પણ અવગણી ન શકીએ. કેટલાક વિશિષ્ટ દેશોમાં આવો અનુભવ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આપણે જાતે આ બધું તો ન જોઇ શકીએ. આપણે પોતે આ બધી બીમારીનો અભ્યાસ પણ ન કરી શકીએ. આપણે બધી બીમારીઓ માટે દવાદારૂ શોધી કાઢી ન શકીએ. દીવાની અને ફોજદારી કાયદા સંબંધે પણ આ જ વાત છે. કાયદા સંબંધે આપણે

શું કરવું જોઇએ, તે પ્રશ્નનો હું ટૂંકમાં જવાબ આપીશ. આપણી પાસે જે કોઇ થોડા કાયદાઓ છે, તેની નોંધ લેવી જોઇએ. ન્યાય અંગે કેટલાક સિદ્ધાંતો છે, તેની નોંધ લેવી જોઇએ. સુધરેલા જગતને જ્ઞાત થયેલા મહાન અને જગમાન્ય ન્યાયના સિદ્ધાંતોને આપણે પ્રત્યક્ષ પ્રમાણ અથવા સર્વમાન્ય સિદ્ધાંતો તરીકે માન્ય રાખવાની કાળજી લેવી જોઇએ. પડોશી સરકારો જે સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી, શાસન ચલાવે છે તેને પણ આપણે ધ્યાનમાં લેવા જોઇએ. આપણી હકૂમતવાળા દેશમાં જે સારા રીતરિવાજો અને રૂઢિઓ ચલિત છે તેની આપણે નોંધ લેવી જોઇએ. આ બધાંની ભેગી વિચારણા કરી આપણે આપણાં ન્યાયાલયોને આપવાની સૂચનાઓ ઘડી કાઢવી જોઇએ.

**હાલમાં તંત્રની નીતિ**

(૬) વર્તમાન વહીવટે આ જ માર્ગ ખરેખર અપનાવ્યો છે. શરૂઆતમાં આના કરતાં વધારે સારો વ્યવહારુ પ્રયત્ન થઇ શકે તેમ નથી. આપણા બધા જ કાયદાઓનો એક આગવો સંપૂર્ણ સંગ્રહ તૈયાર કરી શરૂઆત કરવાનું શક્ય ન હતું. માણમાં આટલી ટૂંકી મુદતમાં વર્ષોની કામગીરી પૂરી કરવી શક્ય નથી.

**વરિષ્ઠ ન્યાયાધીશોને માર્ગદર્શન**

(૭) આપણા વરિષ્ઠ ન્યાયાધીશોએ વત્તાઓછા પ્રમાણમાં કાયદાનો એક શાસ્ત્ર તરીકે અભ્યાસ કરેલો છે. ન્યાયના જગતમાન્ય અને મહત્ત્વના સિદ્ધાંતોથી તેઓ માહિતગાર છે. આ સિદ્ધાંતો તેમને ન્યાયના ધોરી માર્ગ ઉપર રહેવા મદદ કરે છે અને તે સિદ્ધાંતોથી ચલિત થતા અટકાવે છે. આમ આ સિદ્ધાંતોથી ન્યાયાધીશો સાવધાન રહે છે. આ સિદ્ધાંતોના કારણે આ પ્રકારે તેમને સાવધાની બક્ષે છે. આપણી પાસે હાલ આપણા પોતાના કાયદાનો સંગ્રહ ઉપલબ્ધ નથી. અને ન્યાયાધીશોની મુનસફી ઉપર ઘણું બધું છોડી દેવું પડે છે. તેવા સંજોગોમાં આ સિદ્ધાંતોના આ કવચની આપણે મોટી જરૂરિયાત છે.

**બ્રિટિશ કાયદાઓ અપનાવો**

(૮) વળી, આપણા લોકો પડોશની બ્રિટિશ હકૂમતના લોકો કરતાં કાંઇ જુદા નથી. એ બે લોકો વચ્ચેનું અંતર ખાસ નથી. એટલે પડોશના લોકો માટે બ્રિટિશ સરકારે જે કાયદો ઘડ્યો છે અને જે સારું કામ આપતા જણાયા છે તે આપણા લોકો માટે પણ



સામાન્યપણે લાગુ પાડી શકાય છે. એક બાબત ધ્યાનમાં રાખવાની છે કે બ્રિટિશ હકૂમતમાં કાયદાઓ ખૂબ જ કુશળ અને અનુભવી માણસોએ ઘડ્યા છે. આપણા ન્યાયાધીશો આ કાયદાઓ જાણે છે અને તે કાયદાઓનો ઉપયોગ કરી શકે છે. આ ન્યાયાધીશોના માર્ગદર્શન માટે વધુ સારું સાધન ન હોય ત્યાં આ જ કાયદાઓને અનુસરી આપણા ન્યાયાધીશોએ કામ કરવું યોગ્ય થશે.

**સ્થાનિક રૂઢિઓને માન**

(૯) વળી, આપણે ત્યાં ઘણા વખતથી પ્રસ્થાપિત થયેલી એવી સ્થાનિક રૂઢિઓ છે. આપણા લોકોએ આ રીતરિવાજોને માન્યતા આપી છે અને તે અનુસાર લોકો વ્યવહાર ચલાવે છે. આપણા ન્યાયાધીશો આવા રિવાજને ન્યાયના વહીવટના મહત્ત્વના અંગ તરીકે માન આપે છે.

**હિન્દુ-મુસ્લિમ કાયદા ; અન્ય રિવાજો**

(૧૦) વળી, આપણે ત્યાં હિન્દુ અને મુસલમાનોના પ્રમાણભૂત કાયદાઓ છે. આ કાયદાઓમાં જે તે કોમોના લગ્ન, દત્તકવિધિ, મિલકતની વારસાઇ અને મિલકતની વહેંચણી વગેરે અંગે જોગવાઇઓ છે. બ્રિટિશ હકૂમતવાળા હિન્દુસ્તાનમાંના ન્યાયાધીશોની જેમ આ પ્રમાણભૂત ગ્રંથો આપણને પણ માર્ગદર્શન આપશે. આ ગ્રંથોમાં જે રિવાજોનો નિર્દેશ નથી અને અમુક દેશમાં અમુક જાતના લોકો માટે જે રિવાજો પ્રચલિત છે, તેનું પણ આપણા ન્યાયાધીશોને માર્ગદર્શન મળશે. આપણા ન્યાયાધીશોએ વખતોવખત આવા રિવાજો શું છે, તેની ખાતરી કરી લેવી જોઇએ, લોકોને નક્કર અને સાચો ન્યાય આપવાનું કામ કરતા આપણા ન્યાયાધીશોને આ જરૂર ઉપયોગી થશે. આ પહેલાં વડોદરા સંસ્થાનના ઇતિહાસમાં ન્યાયદાનના કામમાં વધુ સારું કામ થયું ન હતું. ન્યાયદાનના કામમાં વિશિષ્ટતાઓ નથી, પરિશ્રમપૂર્વક તૈયાર કરેલી કોઇ પદ્ધતિ નથી, એવી લોકોની ફરિયાદ છે. આ વાતાવરણમાં આપણા ન્યાયાધીશો આવા માર્ગદર્શનથી ન્યાયદાનનું નક્કર કામ કરી શકશે એ હકીકત હું અહીં ઉમેરું છું.

**સુધારાને પૂરતો અવકાશ**

(૧૧) ન્યાયના વહીવટ અંગે આપણે પ્રાપ્ત સંજોગોમાં જેટલું કરી શકીએ તેટલું આ રીતે કર્યું છે. આ બાબતમાં લોકોને સંતોષ છે. જે લોકો ન્યાયનો

માર્ગ જ ટાળવા માંગતા હતા અને જે લોકોને ન્યાયી વહીવટને નાછૂટકે માન આપવું પડે છે, તે આનાથી ભલે નાખુશ હોય. બાકી બધા આપણા ન્યાયના વહીવટથી ખુશ છે. આજની પરિસ્થિતિને થોડા વખત માટે ચાલુ રાખવાની જરૂર છે, પરંતુ ધીમે ધીમે વધુ ને વધુ સુધારો કરવાનો પુષ્કળ અવકાશ છે, આપણે ક્રમેક્રમે આપણા પોતાના કાયદાઓ ઘડવા જોઇએ. આ કાયદા ઘડવાની બાબતમાં હું ટૂંકમાં અને બહુ ઊંડે ગયા વગર થોડું કહીશ.

**ઇન્ડીઅન પીનલ કોડ માટે ભલામણ**

(૧૨) બ્રિટિશ હકૂમતના હિન્દુસ્તાનમાં જે ફોજદારી કાયદો અમલમાં છે. તે આપણા રાજ્ય માટે પણ લાગુ કરવા હું જોરદાર ભલામણ કરું છું. તેમાં ભલે થોડા ફેરફાર કરવા પડે કે કેટલીક વાતો છોડી દેવી પડે. પણ હું મહારાજા સાહેબને ખાતરી આપું છું કે ફોજદારી કાયદા તરીકે તે એક બહુ સારો અધિનિયમ છે. દુનિયાના સૌથી તર્કશુદ્ધ કાયદાઓ પૈકીનો આ એક છે.' ખુદ ઇગ્લેન્ડમાં જે ફોજદારી કાયદાનો અમલ ચાલુ છે તેના કરતાં પણ તે વધુ સારો છે. રશિયા, યુરોપ, અમેરિકાના મોટા મોટા કાયદાશાસ્ત્રીઓના અનુભવ અને વિચારણાને અંતે તે ઘડાયેલ છે. સામાન્ય ગુના સર્વત્ર બને છે. તે આ કે તે રાજ્યમાં જ ગુના ગણાય છે, એમ નથી; પણ બધાં સુધરેલાં રાજયમાં તે ગુના ગણાય છે. હિન્દુસ્તાનનો ફોજદારી કાયદો આ બધા ગુનાને આવરી લે છે. એટલે આખા હિન્દુસ્તાનને તે લાગુ પડે છે. હિન્દુસ્તાનના બીજા બધા ભાગોને તે લાગુ પડે છે. ખરેખર આ કાયદો આખા હિન્દુસ્તાન માટે ઘડાયેલો છે. હાલ તે બ્રિટિશ સલ્તનતના તાબાના હિન્દુસ્તાનના વિસ્તૃત દેશોને લાગુ પડે છે અને તે ઘણો અસરકારક છે. હું નિશ્ચયપૂર્વક માનું છું કે તે કાયદાને આપણે સ્વીકારવો જોઇએ. આના કરતાં બીજી કોઇ સારી વાત નથી. મેં કહ્યું છે તેમ જરૂરી ફેરફાર અને બંધબેસતા સુધારાની જરૂર છે. આ સુધારાવધારા પણ જૂજ જ કરવા પડશે.

**ક્રિમિનલ પ્રોસીજર કોડ માટે પણ**

(૧૩) કાયદાનું કામ ચલાવવાની રીતના કાયદાની બાબતમાં આપણે આ જ માર્ગ અખત્યાર કરવાનું યોગ્ય થશે. તેમાં કેટલીક સરળતાઓ કરવાની જરૂર પડશે. ટૂંકમાં કહું તો મારી આ સામાન્ય ભલામણ છે. આપણો હાલ જે વહીવટ છે તે ચાલુ રાખવો અને વખતોવખત જેમ જરૂર પડે તેમ ક્રમેક્રમે આપણા કાયદાઓ ઘડવાનું શરૂ કરવું.



**વિધિસર કાયદા બનાવવામાં ધૈર્ય**

(૧૪) કાયદાઓ અને ન્યાયદાન એ સામાન્યપણે અને હકીકતમાં શ્રી ખરશેદજીનો વિષય છે. તેઓ મારા કરતાં તે વિષયને વધારે ન્યાય આપી શકશે. તેમના ક્ષેત્રમાં હું અતિક્રમણ કરીશ નહિ. પરંતુ હું મારા સામાન્ય વિચારો જે રજૂ કરવા માંગુ છું, તે સુશાસન માટેના મૂળભૂત સિદ્ધાંતના ક્ષેત્રમાં જ આવી જાય છે અને તે સિદ્ધાંતોની જ આપ મહારાજા સાહેબને સમજૂતી આપવા હું માગું છું. મેં ઉપર કહ્યું છે કે આપણે ક્રમે ક્રમે વખતોવખત જરૂર પડે તેમ કાયદાઓ ઘડવાની શરૂઆત કરવી જોઇએ. આ એક મહત્ત્વનું અંગ છે અને તે બાબતમાં ધ્યાનમાં રાખવા જેવા કેટલાક મુદ્દાઓ હું સૂચવીશ. આ મુદ્દાઓ નીચે મુજબના છે.

**સારા રિવાજ રદ ન કરવા**

(૧૫) જે રિવાજ ઘણા સારા છે અને જેને લોકો તરફથી માન્યતા મળી છે અને જે અનુસાર લોકો વ્યવહાર કરે છે, તેવા રિવાજને તજવો નહિ કે બદલવો નહિ. જો તેમ કરવાનું જ હોય તો તે માટે સબળ અને નક્કર કારણો બતાવવાં જોઇએ. કોઇ રિવાજમાં કોઇ દોષ છે તેવું લાગતું હોય તો તે દોષ શું છે અને તે કેમ સુધારી શકાય તે સ્પષ્ટપણે નક્કી કરવાનું રહેશે. આ દોષ સ્પષ્ટપણે શો છે, તેનું સ્વરૂપ શું છે, કેટલા લોકો તેની અસર હેઠળ છે, લોકોએ કદી એના સામે ફરિયાદ કરી છે કે કેમ, લોકોની સુખાકારી, જે સુરાજ્યનો મહત્ત્વનો હેતુ છે તેમાં તેનાથી કમી થાય છે કે કેમ, આ બધું બતાવવું જોઇએ. ટૂંકમાં, ખુદ લોકોને અથવા બુદ્ધિમાન લોકોને આ દોષ કાઢવાનું યોગ્ય લાગતું હોય અને તેઓ ઇચ્છતા હોય કે સરકારે આ દોષનો ઉપાય કરવો જોઇએ તો જ સર્વમાન્ય એવા રિવાજને બદલવો અને રદ કરવો; નહિં તો તેને જેવો છે તેવો રહેવા દેવો જોઇએ.

**અનિષ્ટ રિવાજનો ઉપાય**

(૧૬) પરંતુ આવો દોષ ખરેખર સુધારવા જેવો છે, એવી માન્યતા નિઃશંક રીતે પુરવાર થતી હોય તો તે દોષ સુધારવા જરૂરી પગલાં લેવાં જોઇએ. આ સિવાય કોઇ પ્રગતિ કે કોઇ સુધારો થશે નહિ. ચાલતા આવેલા રૂઢિગત કાયદાને રદ કરવા અને તેમાં ફેરફાર કરવાની બાબતમાં મેં જે કહ્યું છે તે કાગળ ઉપરના લેખિત કાયદાના સંબંધમાં સરખી રીતે લાગુ પડે છે.

**નવાં કાયદામાં ઉતાવળ નહિ**

(૧૭) કોઇ કાયદો ઉતાવળમાં પસાર કરવો નહિ. કોઇપણ નવો કાયદો પસાર કરતાં પહેલાં વધુમાં વધુ વિચારણા કરવી જોઇએ. પહેલાં તો એ જોવું જોઇએ કે આ સૂચિત કાયદો કરવાથી સભ્ય સમાજે માન્ય રાખેલા મૂળભૂત સિદ્ધાંતોનો ભંગ થતો નથી. જો તે સૂચિત કાયદો વિશિષ્ટ પ્રકારનો હોય અને સાંપ્રતના કોઇ પણ સભ્ય સમાજમાં આવા પ્રકારનો કોઇપણ કાયદો ન હોય તો તે વાજબી હોવા બાબત શંકા સેવો.

**સૂચિત કાયદાની ચર્ચા**

(૧૮) સૂચિત કાયદાની જોગવાઇ અંગે મુખ્ય અધિકારીઓ, મુખ્ય ન્યાયાધીશો અને લોકસમૂહમાંના મુખ્ય બુદ્ધિમાન સભ્યો સાથે ચર્ચા કરો, અને બધાંનાં મંતવ્યો મેળવો, તેનાથી લોકોના જે વર્ગને અસર થતી હશે તેમનામાંના બુદ્ધિશાળી લોકો સાથે મસલત કરો. લોકો મુક્તપણે વાંધાઓ જાહેર કરે તેવું કરો. આમ થાય તો વાંધાઓ શું છે, તે જાણી શકાશે અને તેમની યોગ્ય તુલના કરી શકાશે.

**બહુમતીને સંમતિ**

(૧૯) એક નિયમ તરીકે, જેમની સાથે ચર્ચા કરી તેઓના મોટાભાગના લોકો સૂચિત કાયદાનો વિરોધ કરે તો તે કાયદાઓ પસાર થવા દેવા નહિ. ખરેખર તો આ સાવ બિનસલામત છે. કોઇપણ મહારાજા માટે પોતાના કેટલાક ઉપલા અધિકારીઓ અને કેટલાક ન્યાયાધીશોની સંપૂર્ણ સંમતિ મેળવ્યા સિવાય કાયદો કે તેનો કોઇ ખંડ પસાર કરવો એ તદ્દન જોખમકારક છે. તેઓ કાયદા સામે વિરોધ ઊભો થાય તો તેનો બચાવ કરવા તૈયાર થશે અને તે કાયદાની ગુણવત્તા અંગે પોતાને જવાબદાર ગણશે.

**બ્રિટિશ ઉદાહરણ સ્વીકારો ; બીજાનું સારું અપનાવો**

(૨૦) સામાન્યપણે બ્રિટિશ હકૂમતવાળા હિન્દુસ્તાનના પ્રદેશોમાં અમલમાં હોય તેવા સરખા કાયદાને સ્વીકારો, સિવાય કે તે ન સ્વીકારવા માટે સબળ કારણો હોય. જે કાયદા બ્રિટિશ હકૂમતના હિન્દુસ્તાનમાં લાગુ છે તેના કરતાં પોતાના કાયદામાં કોઇ નવીનતા છે તેવું બતાવવાની ગેરવાજબી ચેષ્ટા માટે કાયદામાં ફેરફાર ન કરવો. આવી વૃત્તિ છીછરી અને અવિચારી



ગણાશે. કેટલાક લોકો કહે કે આપણે ફક્ત નકલ કરીએ છીએ, તો ફિકર કરવી નહિ. જો કાયદાની જોગવાઇને કારણે કાયદો સારો લાગતો હોય અને આપણા લોકો માટે લાગુ કરવામાં હરકત ન હોય તો નકલ કરવામાં કોઇ દોષ નથી. એક રાજ્ય બીજા રાજ્યમાં કાંઇ સારું ચાલતું હોય તે અપનાવે તો ઘણું સારું કહેવાય. સ્વાભિમાની અને સંપૂર્ણપણે સ્વતંત્ર એવાં રાષ્ટ્રો પણ આ જ માર્ગ અખત્યાર કરે છે. આમ ન કરે તો એક દેશના જ્ઞાન અને અનુભવનો લાભ બીજા કોઇ દેશને ઉપયોગી થઇ પડે નહિ.

**"કાયદાનો સંઘર્ષ" અનિચ્છનીય**

(૨૧) આપણા કાયદાઓ શક્ય હોય તો પડોશની હકૂમતના કાયદાઓ કરતાં જુદા ન પડવા જોઇએ, તેવી ભલામણ પાછળ એક વધુ જોરદાર કારણ છે. જોડેના દેશમાં અને સરખા લોકસમૂહ માટે મહત્ત્વના કાયદાઓ છે અને તેવા જ કાયદા આપણા દેશમાં છે. આ કાયદાઓમાં ગણનાપાત્ર ફરક હશે તો "કાયદાના સંઘર્ષ" જેવી પરિસ્થિતિ ઊભી થશે. તેને કારણે ઘણી મુશ્કેલીઓ અને મૂંઝવણો ઊભી થશે. આ મુશ્કેલીઓ અને મૂંઝવણો ઘણી મોટી સંખ્યામાં અને ઘણી બધી ગંભીર હોય છે. ઉત્તમ કાયદાશાસ્ત્રીઓને આવી બાબતો અંગે કેટલાક મોટા ગ્રંથો લખવા પડ્યા છે.

**ધર્મમાં કાયદાની ડખલ નહિ**

(૨૨) વળી, સૂચિત કાયદો ધર્મની બાબતમાં દખલ કરે નહિ અને અવળી અસર પાડે નહિ, તે જોવું જોઇએ. કોઇ પણ કોમની ધાર્મિક બાબતોમાં દખલ કરવી બરોબર નથી. રાજ્યે ધર્મની બાબતમાં નિષ્પક્ષપાતી અને તટસ્થ રહેવું જોઇએ. રાજ્યની નીતિ હોવી જોઇએ કે પ્રત્યેક વ્યક્તિને પોતાના ધર્મઅનુસાર વર્તવા સ્વતંત્રતા હોય. બીજા કોઇને અન્યાય કર્તા ન હોય તો તેને તેની રીતે ધર્મનું પાલન કરવા દેવું જોઇએ. કોઇએ કોઇના અધિકાર ઉપર તરાપ મારવી ન જોઇએ.

**વિશેષ લાભ મળવો જોઇએ**

(૨૩) સામાન્યપણે પ્રત્યેક સૂચિત કાયદાને કારણે લોકોની સ્વતંત્રતા ઉપર અથવા લોકોની મિલકત બાબતમાં વત્તા-ઓછા પ્રમાણમાં અસર થાય છે. દરેક કાયદાથી સ્વતંત્રતા ઉપર

કાપ આવે છે અને મિલકત ઉપરના હક ઘટે છે. આવા કાયદાઓમાં આમ દોષ છે જ. પરંતુ આવો કાયદો પસાર કરવાનો હોય તો પહેલાં એ જોવું જોઇએ કે તે કાયદાથી જે કાંઇ નુકસાન થવાનું છે એના કરતાં ફાયદો વધારે થવો જોઇએ. જો નુકસાન કરતાં ફાયદો વધારે ન હોય તો સૂચિત કાયદો એ સારો કાયદો ન ગણાય.

**સરળ અને તટસ્થ**

(૨૪) પ્રત્યેક કાયદો તેના હેતુને સુસંગત રહીને સરળ અને લોકો સમજી શકે તેવો હોવો જોઇએ. લોકોના અમુક વર્ગને બીજા વર્ગના લોકોના ભોગે કોઇ વધારે પડતો ફાયદો આપતો હોય તેવો કાયદો ન જ હોવો જોઇએ. કાયદો લોકોના બધા વર્ગો માટે પક્ષપાત વિનાનો હોવો જોઇએ.

**વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર કાપ નહિ**

(૨૫) સૂચિત કાયદો કરતી વખતે કોઇનું પણ સુખ ઘટતું નથી, અંશતઃ પણ ઘટતું નથી તે જોવું. દરેકને તેની ઇચ્છા પ્રમાણે અને દરેક પ્રકારે પોતાને સુખી કરવા સ્વતંત્રતા છે. તેણે એટલું જ જોવું જોઇએ કે આમ કરતી વખતે તે બીજાને કોઇ નુકસાન કરતો નથી. એક નિયમ તરીકે સમાજમાંની દરેક વ્યક્તિ પોતાના કલ્યાણમાં ખૂબ જ રસ ધરાવે છે. વ્યક્તિ પોતાના ભલા તરફ ક્યારેય પણ બેધ્યાન હોતી નથી. પોતાને સંપૂર્ણ સુખી કરવા એનું સ્વાભિમાન તેને પ્રોત્સાહિત કરે છે. રાજ્યે આ વસ્તુસ્થિતિ વિરુદ્ધ કોઇ ગંભીર ચેષ્ટા કરવાનો ભાર ઉઠાવવાની બિલકુલ જરૂરિયાત નથી. દરેક વ્યક્તિને પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે પ્રકારે પોતાને સુખી કરવા સ્વતંત્રતા આપવી એ સારામાં સારી નીતિ છે. કયા પ્રકારે પોતે સુખી થવું એ દરેક વ્યક્તિ જાણે છે. ફક્ત આવું કરતાં તેણે બીજાને નુકસાન કરવું સારું નથી અને કોઇ પણ અન્ય વ્યક્તિને તેની ઇચ્છા મુજબ પોતાના સુખ માટે પ્રયત્ન કરવા દેવો જોઇએ. આ સિદ્ધાંત ધ્યાનમાં રાખીને તે પ્રમાણે વર્તન કરીએ તો વ્યક્તિગત પ્રયત્ન કરી વ્યક્તિએ મેળવેલા સુખમાં ખૂબ મોટો વધારો થશે અને વ્યક્તિના સુખની સાથે સાથે લોકસમૂહના સુખનું પ્રમાણ વધુમાં વધુ મોટું થશે.



**ખરાબ કાયદા ટાળો**

(૨૬) મેં આપ મહારાજા સાહેબને થોડી સામાન્ય સૂચનાઓ આપી છે, જે સામાન્યપણે ખરાબ અને વાંધાજનક કાયદાઓ કરતાં અટકાવવામાં આપને મદદરૂપ થશે. કદાચ આ બધી સામાન્ય સૂચનાઓ આપ સ્મૃતિમાં રાખી શકો, પણ આપ આપની નોંધવહીમાં આ બધાંની નોંધ લો છો તે મેં જોયું છે. હવેથી કોઇ નવા કાયદાની દરખાસ્ત આપની પાસે આવે તો તેના ઉપર વિચારણા કરવાના પ્રસંગે આ નોંધો તરફ આપે ખાસ નજર રાખવી જોઇએ.

**વિધિસરના કાયદા**

(૨૭) મારે હજુ કેટલીક અનુભવની વાતો કરવી જોઇએ. અત્યાર સુધી કેટલાંક ખાતાંઓમાંથી પરિપત્રો, આદેશો, જાહેરનામાંઓ, અધિસૂચનાઓ વગેરે કાઢવાનું ઘણું બધું કામ થયું છે. આ તબક્કે એવું કરવાની જરૂર પણ હતી. આ રાજ્યમાં જે અંધકાર અને અનિશ્ચિતતા વર્તાતાં હતાં, તેને શક્ય તેટલી ત્વરાથી દૂર કરવાનો તેમાં આશય હતો. તુરત આવા તૈયાર ઉપાયો યોજી કારોબાર વ્યવસ્થિત કરવાનો તેમાં હેતુ હતો. વધુ નવરાશ મળે તો તેમાં સારો એવો ફેરફાર કરી શકાય. હવે મહારાજા સાહેબને સત્તા સુપ્રત કરાશે ત્યારથી લોકોનાં જાત, માલ, અને મિલકતને મહદ્અંશે અસર કરનારાં પગલાં મહારાજા સાહેબના નામે, તેમણે પોતે પસાર કરેલા કાયદાઓના નિયમિત ભાગ રૂપે હોય તે જોવું જોઇશે. એને કારણે રાજ્યમાં ઘણી ચોકસાઇ અને એકસરખાપણું આવશે. તે કાયદાઓ માટે લોકોને ભારે માન રહેશે. તેનાથી કયા કાયદાઓને માન આપવાનું છે, તે લોકોને ખબર પડશે અને માન ન આપવાથી કયાં પરિણામો આવશે તેનો પણ ખ્યાલ આવશે; આ કાયદાઓનો અમલ કરનારા અધિકારીઓ માટે પણ એક મોટી અનુકૂળતા થશે.

**કાયદા વિરુદ્ધ આદેશ નહિ**

(૨૮) આપ મહારાજા સાહેબને હું વિનવું છું કે પુખ્ત વિચારણાના અંતે કરેલા રાજ્યના નિયમ રૂપે આ આદેશો છે એ વાત આપે ધ્યાનમાં રાખવી જોઇએ. મહારાજા સાહેબે પોતાના અંગત જીવનમાં પણ આ કાયદા વિરુદ્ધ કોઇપણ વર્તન ન કરવું જોઇએ. આ કાયદાની વિરુદ્ધ મહારાજા સાહેબે કોઇ હુકમો ન કરવા જોઇએ. કોઇ દીવાની કે ફોજદારી ન્યાયાધીશોને આ કાયદાઓ વિરુદ્ધ

કોઈને લાભ આપવા કે ગેરલાભ કરવા ખાનગીમાં કહેવું ન જોઈએ કે, સૂચન પણ ન કરવું જોઈએ. આ વાત હું ખાસ અને ભારપૂર્વક કહું છું, કારણ ઘણા મહારાજાઓને જે કાંઈ તેમને કરવું જોઈએ નહિ તેવું કરવાનું ખોટું પ્રલોભન થાય છે. કોઈ મહારાજા જાહેર કાયદાના સ્વરૂપમાં હેતુપૂર્વક હુકમો બહાર પાડે અને પછી દીવાની કે ફોજદારી ન્યાયાધીશોને ખાનગીમાં તે કાયદાનો ભંગ કરવાનું કહે તે ખોટું છે જ, એ વિશ્વાસઘાત પણ છે.

**કાયદાને વિશેષ માન**

(૨૯) કાયદાને જેમ જેમ માન આપશો તેમ તેમ લોકોની સુખાકારીમાં વધારો થશે. લોકોની સુખાકારી એ રાજ્યકર્તાની પહેલી ફરજ છે. રાજ્યકર્તાએ લોકોને દાખલો બેસાડવા પોતે બધા કાયદાઓને માન આપવું જોઈએ.

**બેવકૂફોની અસરમાં ન આવો**

(૩૦) આપશ્રીને કાયદા વિરુદ્ધ કરવા કે બીજાઓ પાસે કામ કરાવવા મૂર્ખ અને સ્વાર્થી લોકો હંમેશા કહેશે, આગ્રહ પણ કરશે. તે લોકો એવું પણ કહેવાનું સાહસ કરશે કે, '' આપ મહાન મહારાજા છો, તો પછી આપને જેમ કરવાની ઈચ્છા હોય તેમ કરવા આપ સમર્થ નથી ? મહારાજા સાહેબને પોતાને કાંઈ કરતાં રોકે એવી કોઈપણ સત્તા નથી. અને આવી સત્તા હોય તો મહારાજા સાહેબ પોતાના રાજ્યમાં સર્વોચ્ચ નથી,પણ ભીરુ-નબળા મહારાજા છે. '' એવી બધી વાતો હંમેશા આ લોકો કરશે. એક યા બીજા કારે આવું સતત આપના કાન ઉપર આવશે. આપે આપના ઉપર આની જરા પણ અસર થવા દેવી જોઈએ નહિ. એવું કંઈ આપને કહે તેનાથી આપે જરા પણ ઉત્તેજિત થવું ન જોઈએ. ઠંડકથી અને શાંતિથી આ બધું સાંભળી લેવું જોઈએ; તો આપ રાજાને શોભે એવું સ્મિત કરી એમને જવાબ આપશો કે, '' મને જે શિક્ષણ મળ્યું, મેં જે વિચારણા કરી છે તેથી મને ખાતરી થઈ છે કે જે મહારાજા લોકોના ભલા માટે કરેલા કાયદાને સતત માન્યતા આપે છે તે જ ખરેખર મહાન છે. આ દૃઢ માન્યતા પ્રમાણે કામ કરવાનું મેં નક્કી કર્યું છે. '' આપ આ માર્ગે ચાલશો તો ખરેખર મહાન થશો. આપ આપની પ્રજાના સર્વોચ્ચ હિતકર્તા બનશો. આપના રાજ્યના ઈતિહાસમાં આપનું સ્થાન બહુ ઊંચું હશે.



**કાયદા વિષે હિંદુ શાસ્ત્ર**

(૩૧) મારે હવે એટલું જ કહેવાનું રહ્યું છે કે હિંદુ શાસ્ત્ર પણ સતત ભાર દઈને આ જ વાત ઠસાવવા માંગે છે. આ શાસ્ત્રમાંની એક વધુમાં વધુ આનંદ આપનારી એક કહેવત છે કે, '' કાયદો એ રાજાનો રાજા છે.'' આ એક મૂલ્યવાન કહેવત છે અને રાજ્યકર્તાઓએ તેમની સ્મૃતિમાં તેને કંડારી રાખવી જોઈએ.

# પ્રકરણ-૨૯

## મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ)

બુધવાર, ૮મી જૂન, ૧૮૮૧

**મહારાજા સર્વસત્તાધીશ; લોક-કલ્યાણનો આદર્શ**

(૧) જે મહાન અને મૂળભૂત સત્યનો સ્વીકાર કરવા આપ મહારાજા સાહેબને હું આગ્રહ કરું છું અને જે કરતાં હું પોતાની જાતને ભાગ્યવાન સમજું છું, તે મારી સંનિષ્ઠ અને દૃઢ માન્યતાના પરિણામ સ્વરૂપે કર્યું છે. મેં છેલ્લાં ૨૦ વર્ષથી એક પછી એક દેશી સંસ્થાનોમાં મુખ્ય મંત્રીનું સ્થાન શોભાવ્યું છે અને જાહેર કામકાજની કામગીરી સંભાળી છે. આ સત્યોએ જ મારું માર્ગદર્શન કર્યું છે. આ મહાન સત્યોનું માર્ગદર્શન સ્વીકારીને મેં સંબંધકર્તા લોકોનું કલ્યાણ વધારવા માટેની કામગીરી કરવા સંસ્થાનોને મદદરૂપ થવા મારાથી બનતું બધું કર્યું છે. શબ્દોમાં જેનું વર્ણન કરી ન શકાય એવો અંતરનો સંતોષ મને મળ્યો છે. મને ખાતરી છે કે એના જેવું જ સમાધાન આપ મહારાજા પોતે પણ મેળવી શકશો. માનવીય સુખોમાં કદાચ આ એક અતિ શુદ્ધ અને ઉદાત્ત એવું સુખ છે. આ સુખ જિંદગીભર ટકે છે. વેદોમાં એક મહાન ઉક્તિ છે કે ''જે બીજાના ભલા માટે જીવે છે તે જ ખરેખર જીવે છે.'' લોકસમૂહના શાસક અને રાજ્યમાં સૌથી મોટી સત્તા અને વિપુલ સંપત્તિ ધરાવનાર રાજા સિવાય લોકોનું વધુ ભલુ કરનાર કોણ હોઈ શકે ? હું મારી જાતનું દૃષ્ટાંત આપું છું તે મારી પોતાની પ્રશંસા કરવા માટે નહિ, પણ મારી એક જ ઈચ્છા છે કે મહારાજા સાહેબ ઉપર આની અસર વધુ બળવત્તર બને. મારા જેવો એક અદનો ખાનગી માણસ લોકોની સુખાકારી વધારવા માટે શ્રદ્ધાયુક્ત પ્રયત્ન કરે અને તેના પરિણામે જો તેને એટલું બધું માન અને અકરામ બદલામાં મળે તો આપ જો પોતાની જાતને જાહેર જનતાના ભલા માટે ઘસી નાંખો તો આપને ઇનામમાં ઉજ્જવળ અને અમર કીર્તિ મળવાની જ છે. પણ આ દુન્યવી કીર્તિ અને પ્રશંસા કરતાં એક બહુ મોટું ઉજ્જવળ ઇનામ આપને મળવાનું છે. આપને માટે આ ઉચ્ચ સ્થાન અને ઉજ્જવળ તકો નિયત કરી આપનાર મહાન દૈવી શક્તિ તરફ મારો આ નિર્દેશ છે.



**વાથેલના વિચારો**

(૨) સુશાસનના હિતમાં હિતોપદેશ કરતાં, સમસ્ત માનવ જાતના અને વિશેષ કરીને રાજવીઓના એક ગુરુની હું મદદ લઉ છું. હું મિ. વાથેલનો અહીં નિર્દેશ કરું છું. તેઓ યુરોપના એક ખ્યાતનામ લેખક હતા. તેઓ ગયા શતકમાં થઇ ગયા. જે વિષયો અંગે હું આપ મહારાજા સાહેબને નિવેદન કરતો આવ્યો છું તેને લગતા તેમના કેટલાક વિચારો છે. તે હું અહીં ટાકું છું.

**પોતાનું જ સુખ ન જોવું**

''એક સારા રાજવીએ, ડહાપણથી સમાજનું સંચાલન કરનારે, તેના માનસ ઉપર આ મહાન સત્યની છાપ ઠસાવવી જોઇએ કે તેને રાજ્યની સુરક્ષિતતા માટે અને પોતાની સમસ્ત પ્રજાની સુખાકારી માટે જ સર્વોચ્ચ સત્તા સુપરત કરેલી છે, કારોબારીના વહીવટમાં પોતે કેન્દ્ર સ્થાને છે એવું માનવા તેને પરવાનગી આપેલ નથી, તેને પોતાનું સમાધાન શોધવાનું નથી, તેને કોઇ ખાનગી લાભ મેળવવાનો નથી અને તેના બધાં વિચારો અને પગલાંઓ રાજ્યના અને તેના આધીન એવા લોકોના મહત્તમ ભલા માટે જ વાળવાં જોઇશે.

* * * *

**ગુનાહિત ખુશામત ; પક્ષપાત ; ગુણવત્તાની ઉપેક્ષા**

''પરંતુ મોટા ભાગનાં રાજ્યોમાં આ બધાં મહાવાક્યોને ભુલાવે તેવી ગુનાહિત ખુશામતખોરી પ્રવર્તે છે. ગુલામી માનસવાળા હજૂરિયાઓ, દરબારો, નોકરો, કોઇ પણ અભિમાની રાજાને એવું માનવા પ્રવૃત્ત કરે છે કે રાષ્ટ્ર રાજા માટે છે, રાજા રાષ્ટ્ર માટે નથી. પછી આ રાજા થોડા વખતમાં જ પોતાના રાજ્યને પોતાની અંગત મિલકત સમજે છે અને પોતાના લોકોને ઢોરઢાંખર તરીકે ગણવા લાગે છે, જે દ્વારા એ સંપત્તિ મેળવી શકે અને જેને પોતાની ઈચ્છાઓ સંતોષવા અને પોતાની વાસનાઓ પૂરી કરવા વેચી દઇ શકે. આમાંથી રાક્ષસી મહત્ત્વાકાંક્ષાઓ, અજંપો, દ્વેષ, દુરાભિમાન જન્મે છે, અને વિનાશક મુદ્દા હાથ ધરાય છે. આ જ કારણે દમનકારી વેરાઓ નંખાય છે, જેમાંથી આવેલી આવક એશ-આરામ કરવામાં અને ઉપવસ્ત્રો રાખવામાં, લાડીલાઓ ઉપર ખર્ચ કરવામાં વેડફાય છે. એના જ કારણે લોકોની ગુણવત્તાને ધ્યાનમાં લીધા વગર મહત્ત્વની જગ્યાઓ ઉપર માનીતાઓને મૂકવામાં આવે છે. આ જ કારણે રાજવીને જેમાં તાત્કાલિક રસ હોતો

નથી, તેવાં બધાં કામો મંત્રીઓ અને નીચેના અમલદારો ઉપર છોડી દેવામાં આવે છે. લોકોને દુઃખી કરનારા આવા શાસનમાં લોકોના કલ્યાણ માટે સ્થપાયેલી સરકાર ક્યાં શોધવી ? રાજવીએ તો ખરેખર પોતાના ગુણોની બાબતમાં પણ સાવધ રહેવું જોઇએ. કેટલાક લેખકો કહે છે તેમ આપણે કહેવું ના જોઇએ કે વ્યક્તિગત સદ્‌ગુણ એ રાજવી માટે સદ્‌ગુણ નથી. આવા વિચાર ઉપરછલ્લા રાજકારણી પુરુષોના છે અથવા વિચારોની અભિવ્યક્તિની બાબતમાં સાવ ખોટી એવી વ્યક્તિઓના છે. સારાપણું, મૈત્રીભાવના, કૃતજ્ઞતા-આ બધા સિંહાસન ઉપર બેઠેલા માટે પણ સારા જ ગુણો છે. ઇશ્વરને આપણે પ્રાર્થના કરીએ કે આવા ગુણો સિંહાસન ઉપર બેઠેલામાં હંમેશા ચાલુ રહે, પરંતુ સારા રાજવીએ પોતાના ગુણોના ઉદ્રેકને અયોગ્ય રીતે તાબે થવું ન જોઇએ. આવા ગુણો તેમના અંગત જીવનમાં તે ભલે ઝંખે, ભલે કેળવે પરંતુ જ્યારે તેમને રાજ્યની કામગીરી કરવાની હોય ત્યારે ન્યાય અને નિશ્ચિત ધોરણને જ માન આપવું જોઇએ. કારણ, તે સમજે છે કે રાજ્યનું સંચાલન સમાજની સુખાકારી માટે જ તેને સોંપવામાં આવેલું છે. પોતાની સત્તા વાપરતી વખતે તે પોતાના સુખદુઃખનો વિચાર કરતો નથી. તેની ભલમનસાઇને ડહાપણથી મર્યાદિત કરે છે. તેની મૈત્રીભાવના પોતાના કૌટુંબિક અને ખાનગી જીવનમાં લાભ આપવા પૂરતી જ છે, એવું માને છે. કોઇને અધિકારવાળી જગ્યા આપવાની હોય કે રોજગારી આપવાની હોય તો ગુણવત્તા જોઇને જ આપે છે. કોઇને બક્ષિસ આપવાની હોય કે રોજગારી આપવાની હોય તો તે વ્યક્તિએ રાજ્યની શી સેવા કરી છે તે જોઇને આપે છે. એક શબ્દમાં કહીએ તો તે રાજવી જાહેર સત્તાને ફક્ત જનકલ્યાણને નજર સામે રાખીને જ વાપરે છે.

* * * *

**કાયદાનો રક્ષક**

"સત્તાની રૂએ તો કાયદાનો પાલક અને સંરક્ષક છે. જો બીજાને કાયદો ભંગ કરતા અટકાવવાની તેની ફરજ હોય તો શું તેણે તે કાયદાઓને પગ તળે કચડી નાંખવા જોઇએ ?"

* * * *

**પોતે કાયદાને આધીન થવું જોઇએ**

"પરંતુ આ કાયદાઓની હસ્તી છે ત્યાં સુધી સાર્વભૌમ રાજનો પોતાનો તેમને ચાલુ રાખવાનો અને પાળવાનો ધર્મ છે, એમ સમજવું જોઇએ. આ



કાયદાઓ જાહેર શાંતિનો પાયો છે અને સાર્વભૌમ સત્તા પાછળનું મજબૂત બળ છે. જે દમનશીલ રાજ્યોમાં સિંહાસન ઉપર બેઠેલાને અનિયંત્રિત અધિકારનું ભૂત વળગ્યું છે ત્યાં વાતાવરણ અનિશ્ચિત રહે છે, ત્યાં હિંસા થવાનો ભય રહે છે અને બળવાની પરિસ્થિતિ ઊભી થઇ શકે છે. એટલે કાયદો ચાલુ રાખવામાં અને તેને માન આપવામાં અને પોતે કાયદાને આધીન રહેવામાં જ રાજવીનું હિત સમાયેલું છે. એવું કરવાની તેની ફરજ છે. યુરોપ ખંડમાં રાજ્ય કરનારાઓમાં સૌથી સર્વસત્તાધીશ રાજા લુઇ ચૌદમાએ પ્રસિદ્ધ કરેલા નીચેના કથનથી આ સત્ય પ્રસ્થાપિત થયેલ છે. "સાર્વભૌમ સત્તા ધરાવનાર રાજવી રાજ્યના કાયદાને આધીન નથી, એવું કહેવું ન જોઇએ. જો કે, રાષ્ટ્રોના કાયદાના મહાન સત્ય ઉપર ખુશામતિયાઓએ ઘણે ઠેકાણે પ્રહારો કર્યા છે, કારણ તેઓ એનાથી વિરુદ્ધ મત ધરાવે છે. પરંતુ સારા રાજવીએ કાયદો જાણે રાજ્યનો ઇષ્ટ દેવ છે તેમ માનીને કાયદાઓનો બચાવ કરવો જોઇએ".

* * * *

**મનુ-રાજાઓના ધર્મ વિષે**

(૩) હવે આપણને હિન્દુ કાયદો આપનારા મનુના, આવો જ આશય ધરાવતા એક-બે ફકરાનું અવતરણ હું રજૂ કરીશ. મનુએ કહ્યું છે કે " રાજાએ એની પ્રજાના પિતા તરીકે વર્તન કરવું જોઇએ" એમણે એ પણ કહ્યું છે કે, "રાજાએ સારા કામ માટે યોગ્ય બદલો આપી અને ખરાબ કામ યોગ્ય શિક્ષા કરી ન્યાયી વર્તાવ રાખવો જોઇએ. ન્યાય કરવામાં તેણે માર્ગ ભૂલવો ન જોઇએ." એમણે એમ પણ કહ્યું છે કે, " જે રાજા શિક્ષાપાત્ર વ્યક્તિને છોડી દે છે અને શિક્ષાપાત્ર ન હોય તેને શિક્ષા કરે છે, તે બન્ને બાબતોમાં સરખો અન્યાયી છે. કાયદાના આદેશ પ્રમાણે જે તે વ્યક્તિને કાયદા મુજબ શિક્ષા કરનારો રાજા જ ન્યાયી ગણાય છે."

**રાજાઓની મોટી ફરજો, જવાબદારીઓ**

(૪) આ બધાં અવતરણો સ્પષ્ટ દર્શાવે છે કે રાજાઓની ફરજો અને જવાબદારીઓ બહુ ઉચ્ચ પ્રકારની છે. તેઓએ પ્રાણીઓની માફક વગર વિચાર્યે અને જંગલી રીતે વર્તવાનું નથી. તેઓએ મહાન સિદ્ધાંતોને અને નિયમોને માન આપવાનું છે. સર્વશક્તિમાન પરમેશ્વરે પ્રજાને તેમના શાસન હેઠળ મૂકી છે. તેની સુખાકારી વધારવાની રાજાની ફરજ છે.

(૫) લોકોની સુખાકારીમાં વધારો કરવાનો આ હેતુ સ્થૂળ ભાવથી સમજવો બહુ સહેલો છે; પરંતુ એ હેતુ સિદ્ધ કરવા ખૂબ અભ્યાસ અને પરિશીલનની અને તેમાં પોતાની જાતને ભૂલી જવાની પણ જરૂર પડે છે. આજના જમાનામાં લોકોના કારણે હિતસંબંધોની વ્યાપ્તિ બહુ જ વિશાળ થઇ છે. લોકોનું હિત શામાં છે તે સમજાવું પણ અટપટું થયું છે. સારી શાસન-પ્રણાલીની કલા અને શાસ્ત્ર વ્યવસ્થિતપણે શીખવાં જોઇએ. સારા શાસનના સિદ્ધાંતો અને નિયમોને સતત માન આપવું જોઇએ, પાળવા જોઇએ; બીજા શબ્દોમાં કહીએ, તો મહારાજા એટલું જ કહે તે પૂરતું નથી કે, ''હું જાણું છું કે મારે લોકોના પિતા તરીકે કાર્ય કરવું જોઇએ.'' એમ કહી વ્યવહારમાં પોતાના તરંગો, આવેશ, અનુસાર વર્તવાનું ચાલુ રાખવું એ તો બિનકેળવાયેલી સામાન્ય બુદ્ધિનું લક્ષણ છે. સાચી વાત એ છે કે મહારાજા સાહેબને પોતાની ઉચ્ચ કામગીરીની પૂરેપૂરી જાણ હોવી જોઇએ. આ ઉચ્ચ કામગીરી અંગે શું કરવું જોઇએ તેની પણ જાણ હોવી જોઇએ. મહારાજાએ મહાન કાયદાઓ અને નિયમોને સુસંગત આ કામગીરી બજાવવી જોઇએ. જે મહારાજા આ નિયમો અને કાયદાઓને માન આપતા નથી અને તે અનુસાર વર્તન કરતા નથી તે હોકાયંત્ર અને નકશા હોવા છતાં તેનો ઉપયોગ ન કરનારા મોટા જહાજના નાવિક જેવા અણઘડ ગણાશે.

**સુશાસન એક વિજ્ઞાન અને કળા**

(૬) મેં અગાઉ કેટલાંક મહત્ત્વનાં અવતરણો ટાંક્યાં છે. સુશાસન બાબત કહેવાનો અધિકાર ધરાવનારા માહિતગાર પુરુષોએ કહેલા તે શબ્દો છે. આમ કરવામાં મારે આપના ઉપર આ બાબતની વિશેષ છાપ ઉપસાવવાની છે. હું બીજાં કેટલાંક અવતરણો તરફ આપ મહારાજા સાહેબનું ધ્યાન દોરવાની રજા લઉં છું. એક મોટું અને મહત્ત્વનું એવું અવધ સંસ્થાન તાજેતરમાં ખાલસા થયાની ઘટનાને લગતા કાગળોમાંથી આ અવતરણો લીધેલાં છે. લોકોનાં જાન, માલ, મિલકત અને સ્વતંત્રતાના રક્ષણ અંગે રાજ્યકર્તાની જવાબદારી ઉપર મેં ઘણો ભાર મૂક્યો છે, અને આ હેતુ કેવી રીતે સિદ્ધ કરી શકાય તે માટેના ઉપાયો પણ દર્શાવ્યા છે. ઔધ (અવધ)ના રાજ્યકર્તાઓ આ હેતુ સિદ્ધ કરવામાં નિષ્ફળ નિવડ્યા હતા, અને આ જ હકીકત તે રાજ્યનો મુલક ખાલસા કરી બ્રિટિશ સામ્રાજ્યમાં સામેલ કરવા માટે

**ઔધ (અવધ) કેમ ખાલસા થયું**



એક સબળ કારણ બન્યું. અવધના કાગળોમાંથી જ કેટલાક જરૂર પૂરતા કાગળો હું રજૂ કરું છું. તે ઉપરથી આ બધું જોઇ શકાશે.

(ક) અવધના રેસિડેન્ટે એવી મતલબનો અહેવાલ મોકલાવેલો કે, ''ઔધ (અવધ)ના મહારાજાને મેં ઘણી વિનંતીપૂર્વક રજૂઆત કરી હોવા છતાં આ રાજ્યના વહીવટનું સંચાલન કેટલાક કિંમત વગરના અને કાર્યક્ષમતા વગરના લોકોના હાથમાં રહેવા દેવાનું ચાલુ છે. તેઓ પોતાનો બધો વખત અંગત ભોગવિલાસમાં અને આછકલા મનોરંજનમાં વિતાવે છે. પોતાની ફરજો અને મહત્ત્વની જવાબદારીઓની અવગણના કરવાનું ચાલુ રાખે છે. રાજ્યના બધા વિસ્તારમાં લોકોનાં જાન, માલ, મિલકત અને સુખાકારી બાબતે અસલામતી પ્રવર્તે છે. તેવો જ ગેરવહીવટ અને અંધેર બધા સરકારી વિભાગોમાં ચાલે છે''.

**અધિકારીઓ નબળા અને રાજવીની ઉદાસીનતા**

(ખ) અહેવાલના બીજા ભાગમાં રેસિડેન્ટ કહે છે : '' જુવાન નવાબ સત્તા ઉપર આવ્યા ત્યારથી એમની આજુબાજુ નીચલી કક્ષાના લોકો હતા, દેશી સંસ્થાનોના રાજાને જે કાંઇ શિક્ષણ સામાન્ય રીતે મળે છે, તેટલું જ તેમને શિક્ષણ મળ્યું હતું. આવા સંજોગોમાં એ નવાઇ જેવું નથી કે તેઓ દુન્યવી પરમ સુખના શિખરે પહોંચેલા છે અને હવે કોઇ બંધન કે નિયમો એમને અટકાવે તેમ નથી, એમ એ માને છે.''

**નવાબની હલકી સોબત; કેળવણીનો અભાવ**

(ગ) વળી, રેસિડેન્ટે ગવર્નર જનરલને અહેવાલમાં નિવેદન કર્યું હતું કે, ''રાજધાની સિવાય રાજ્યમાં એક પણ ન્યાયની અદાલત નથી અને રાજધાનીમાં જે અદાલતો જાળવી રાખેલી છે તેની કોડીની પણ કિંમત નથી''.

**ન્યાય અદાલતોનો અભાવ**

(ઘ) એના પરિણામરૂપ અવધનો ન્યાય વહીવટ એકદમ ખરાબ હતો. અહીંયા એ જોવાનું, શીખવાનું મળે કે હિન્દુસ્તાન સરકારે આવા એક કિસ્સાની કયા અર્થમાં નોંધ લીધી. તે કિસ્સામાં એક વ્યક્તિએ

**વહીવટની દુર્દશા**

ખૂનનો ગુનો કર્યો હતો એવું સાબિત કરતો પૂરતો અને સ્પષ્ટ પુરાવો હોવા છતાં તેને લાગવગને કારણે છોડી મૂકવામાં આવ્યો હતો. હિન્દુસ્તાનની સરકારે આ પ્રસંગે લખનૌમાં રહેતા રેસિડેન્ટને લખેલા પત્રમાં નીચેના શબ્દો હતા. ''રાજાની મુલાકાત મેળવવાનો તમારે આગ્રહ રાખવો, તેમને તમો સ્પષ્ટપણે કહેશો કે લખનૌના કિસ્સામાં એક વ્યક્તિનો ગુનો સાબિત કરવા માટે પૂરતાં અને સ્પષ્ટ કારણો હોવા છતાં તેને છોડી મૂકવાનું એક નિંદનીય કૃત્ય થયું છે, અને આવા ગેરઇન્સાફના પ્રદર્શનથી ગવર્નર જનરલને રોષ થયો છે. તમારે એમ પણ ઉમેરવું કે, આવાં કૃત્યોથી નવાબ સાહેબના ગેરવહીવટના પાપોનો ઘડો જલદીથી ભરાશે. ગેરવહીવટ બદલ નવાબ સાહેબને આ પહેલાં ચેતવણી આપી છે. પરંતુ હવે આ કૃત્યો તેમની બધી જ સત્તા નષ્ટ કરી નાંખવાનું પરિણામ લાવશે.''

**બ્રિટિશ જાને અગવડ**

(ચ) રેસિડેન્ટે એવી પણ ફરિયાદ કરી કે, ઔધમાં ન્યાયના વહીવટનો અભાવ હોવાના કારણે ઔધના પ્રદેશમાંના બ્રિટિશ સરકારના પ્રજાજનોને પણ સહન કરવું પડે છે. બ્રિટિશ સરકાર પોતાના પ્રજાજનોને ઔધમાંના ન્યાય વિભાગના ગેરવહીવટના કારણે સહન કરવું પડે છે તે તરફ ઉદાસીન રહી ન શકે.

**સક્ષમ પોલીસ નથી**

(છ) રેસિડેન્ટે એ પણ ફરિયાદ કરી હતી કે ઔધના પ્રદેશમાં કાર્યક્ષમ પોલીસદળ અસ્તિત્વમાં નથી. ઔધના કાગળોમાંથી હું ફરીથી ટાંકું છું કે, '' પ્રવર્તમાન રાજ વહીવટમાં ઔધના લોકોનાં જાન, મિલકત માટે સલામતીની છાયા પણ હોય એવું લાગતું નથી. આ રાજ્યના કેટલાક ભાગોમાં લોકો માટે પ્રવાસ કરવો પણ અશક્ય છે, સિવાય કે તેઓ માણસોની મોટી ફોજ સાથે લઇ જાય''.

**સલામતીનો અભાવ, રાજ્યનો વિનાશ**

(૭) મને આશા છે કે હવે હું ઘણું બધું કહી ગયો છું અને ઘણું બધું ટાંક્યું છે; અને તેથી આપ મહારાજા સાહેબના માનસ ઉપર ઊંડી અને દૃઢ છાપ પડશે કે લશ્કરી સેનાના પીઠબળવાળું કાર્યક્ષમ પોલીસદળ રાજ્યમાં હોવું અત્યંત મહત્ત્વનું છે, તેમજ ન્યાયદાન માટે કાર્યદક્ષ વહીવટ હોવો પણ



તેટલો જ મહત્ત્વનો છે. આ ન હોય તો લોકોનાં જાન, જાત, સ્વતંત્રતા અને મિલકતની કોઇ સલામતી રહી શકે નહિ. હું ભારપૂર્વક કહું છું કે આવી સલામતી ન હોય તો તે રાજ્યનો વિનાશ થવાનું નિશ્ચિત છે. એવો વિનાશ ક્યારે થશે એ ફક્ત વખતનો જ પ્રશ્ન રહેશે. તેની પડતી વહેલી મોડી થશે તે નક્કી છે.

**ભાવિ પેઢી માટે**

(૮) દેશી સંસ્થાનોના કલ્યાણ માટે હૂંફ અને ચિંતા રાખનારાઓમાંનો હું એક છું. વિદ્યમાન દેશી સંસ્થાનો હંમેશા માટે ચાલુ રહે તેવી સંનિષ્ઠ ઇચ્છા ધરાવનારાઓમાંનો હું એક છું. જેથી આપ મહારાજા સાહેબ, મેં મારી દૃઢ માન્યતા અંગે પહેલાં જે કહ્યું છે તે માન્યતા સેવો અને એને માન આપો એટલેથી જ મારું સમાધાન થવાનું નથી, મારી આપ મહારાજા સાહેબને વિનંતી છે કે આપે આ દૃઢ માન્યતાને આપનાં સંતાનો સુધી પહોંચાડવા માટે ખૂબ પરિશ્રમ લેવો જોઇએ. અને આપનાં સંતાનોને પણ આવાં સૂચનો આપવાં જોઇએ કે તેઓ પણ આ દૃઢ માન્યતા તેમનાં સંતાનોના પણ ગળે ઉતારે. આનાથી ગાયકવાડ વંશમાં આ દૃઢ માન્યતા અનુસાર વર્તન કરવા સાતત્ય રહેશે. તે સાતત્યમાં કદી પણ ભંગ પડશે નહિ. વડોદરા રાજ્યના દરેક રાજ્યકર્તાએ પછી તે સારો હોય, નરસો હોય, મંધ્યમ પ્રકારનો હોય, એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે હકૂમતના પ્રદેશમાં લોકોનાં જાન, માલ અને સ્વતંત્રતાની સંતોષકારક જાળવણી કરવી આવશ્યક છે. આમ થશે તો હું ખાતરી આપું છું કે વડોદરા રાજ્ય સદાકાળ ટકી રહેશે.

**સલામતી વગર સત્તાનો હ્રાસ**

(૯) બીજી બાજુનો વિચાર કરીએ તો જે દેશી સંસ્થાનોમાં જાન, માલ અને મિલકતની સલામતી ન હોય તે રાજ્યકર્તાનું શાસન વહેલું મોડું નષ્ટ થવાનું જ છે. હું આ ભવિષ્ય ભાખું છું કે તે રાજ્યકર્તા પોતાની સર્વોચ્ચ સત્તા ગુમાવશે અને ફક્ત એક શ્રીમંત જમીનદાર તરીકે નીચલી કક્ષાની સ્થિતિમાં રહેશે. આવી શક્યતાનો વિચાર કરીએ તો પણ દુઃખ થાય એવું છે. પણ આવું થઇ શકે છે એવો વિચાર આવે તો પણ તે શક્યતા ટાળી શકાય તેમ છે. કહેવત છે કે ''પહેલેથી ચેતવું એ પહેલેથી શસ્ત્રસજ્જ થવા જેવું છે''.

**સૌથી અગત્યની સેવા**

(૧૦) આપની સગીર અવસ્થામાં જે વહીવટની વ્યવસ્થા કરવામાં આવી છે, તેમાં આ જ વિચાર કરેલો છે, અને તે વિચારણાને પરિણામે જ સક્ષમ પોલીસદળની સ્થાપના કરવાનું એક જોરદાર પગલું લીધેલું છે. સાથેસાથે ન્યાયદાન માટે એક સક્ષમ પદ્ધતિ ઊભી કરેલ છે અને તે છે, લોકોનાં જાન, માલ, મિલકત, સ્વતંત્રતાની સલામતીના રક્ષણની વ્યવસ્થા. અમોને લાગે છે કે આ, જાહેર સેવાઓનું એક અતિ મહત્ત્વનું અને અતિ જરૂરી એવું અંગ છે. આ પગલું લીધા બદલ અમો ગૌરવ લઈએ છીએ.

**દેશી રાજ્યોના વિનાશકો**

(૧૧) આપને અજ્ઞાની અને કજિયાખોર વ્યક્તિઓ એવું કહેશે કે આ બાબતમાં અમોએ જે કર્યું છે તે બરાબર નથી; પોલીસદળ અને ન્યાયતંત્રની સ્થાપના કરીને અમોએ શાસનનો ખર્ચ વધારવાની ભૂલ કરી છે. તેઓ આ બધું કાઢી નાંખવાની અને પહેલાંની જૂની સ્થિતિમાં પાછા જવાની સલાહ આપશે. આપ મહારાજા સાહેબે આવા પ્રસંગે એવું સમજવું જોઇએ કે તે વ્યક્તિ કોઇ પણ પરામર્શ માટે અયોગ્ય છે. આવી જ વ્યક્તિઓએ ઘણાં દેશી સંસ્થાનોને જાણ્યે-અજાણ્યે પાયમાલ કર્યાં છે અને આવા જ લોકો બાકીનાં સંસ્થાનોને તે જ રીતે પાયમાલ કરશે.

**અગાઉની ભૂલો**

(૧૨) આપણે જે વિષય હાથ ઉપર લીધો છે તે સંબંધમાં તે વખતના વડોદરા રાજ્યના ભૂતપૂર્વ રાજવી મલ્હારરાવ ગાયકવાડ વિરુદ્ધ મેન્ડીસ કમિશન જે ગંભીર તારણો ઉપર આવ્યું હતું તેમાંના એક તારણ તરફ આપ મહારાજા સાહેબનું ધ્યાન દોરવું જરૂરી છે. કમિશને આ શબ્દો કહ્યા ''ન્યાય વિભાગ અને ન્યાય વહીવટમાં સર્વાંગી સુધારણાની જરૂર છે. ન્યાયદાનની બાબતમાં જે ખોટું થાય છે તે બંધ થવું જોઇએ. કાયદો લાગુ કરવા બાબતની અનિયમિતતા અને અનિશ્ચિતતા દૂર થવાં જોઇએ. કોર્ટો અને કચેરીઓમાંની કાર્યવાહીઓમાં લોકોને વિશ્વાસનો અભાવ છે. તે વાતાવરણ પણ દૂર કરવું જોઇએ.''



**ન્યાયતંત્રનો સંગીન પાયો**

(૧૩) કમિશને સૂચવેલ બધા સુધારાઓનો વિશેષ કરીને તેના મુખ્ય મુખ્ય ભાગોનો સારી રીતે અમલ કરવામાં આવ્યો છે. તેની સાબિતી ગવર્નર જનરલના એજન્ટે હિન્દુસ્તાન સરકારને તાજેતરમાં જે અહેવાલ મોકલ્યો છે, તેમાંથી લીધેલા નીચેના ભાગ ઉપરથી જોવા મળશે. '' સંસ્થાનનો ન્યાય વિભાગ, હવે મક્કમ પાયા ઉપર ઊભો કરવામાં આવેલ છે. કામગીરીનું પ્રમાણ જોતાં તે પૂરતો છે. વિભાગના મહેકમને સારો પગાર આપવામાં આવે છે. સારા અધિકારીઓની નિયુક્તિ થયેલી છે. આ વ્યક્તિઓ પૂરી લાયકાત ધરાવે છે. નીચલી શ્રેણીની જગ્યામાં થોડી ઊણપો છે. સામાન્ય રીતે સંતોષકારક કામ થાય છે. વરિષ્ઠ ન્યાયાલય અને જિલ્લા ન્યાયાલયના ન્યાયાધીશો કોઇ પણ ન્યાય અંગેની સેવાને શોભા આપે તેવા બાહોશ છે. જો કે, કામના નિકાલ અને ચોકસાઇ માટે હજુ સુધારાને અવકાશ છે. લોકોને જાહેર વહીવટમાં સૌથી વધુ સંતોષ ન્યાય વિભાગમાં જ મળે છે.''

**વિકાસ ચાલુ રાખવો**

(૧૪) આ ઉપરથી શંકા વગર જોઇ શકાશે કે અત્યાર સુધી થયેલી પ્રગતિને આગળ ધપાવવાની અને તેમાં બને તેટલી વધુ સુધારણા કરવાની હવે આપ મહારાજા સાહેબની અતિ મહત્ત્વની ફરજ છે. હું આપ મહારાજા સાહેબને વિનંતી કરું છું કે જે સામાન્ય અને વિશિષ્ટ મુદ્દાઓ અંગે આપના મન ઉપર છાપ પાડવાનો હું પ્રયત્ન કરતો આવ્યો છું, તેને આપ બરાબર સમજી લેશો અને આત્મસાત્ કરશો.

## પ્રકરણ-૩૦

# મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ)

બુધવાર, ૨૨મી જૂન, ૧૮૮૧.

**સુશાસનનો પ્રથમ ઉદ્દેશ**

(૧) લોકોનાં જાન, જાત, સ્વતંત્રતા અને મિલકતની સલામતીના વિષય ઉપર મેં જરા વધારે લંબાણથી વાત કરી છે. કારણ, લોકોના કલ્યાણ માટે તે એક અતિ મહત્ત્વની શરત છે. લોકોનું કલ્યાણ એ સારા શાસનનો પ્રાથમિક હેતુ છે. જે શાસન આવી સલામતી ઊભી કરતું નથી અને તેને જાળવતું નથી તેને સારા શાસન કહેવડાવવાનો કોઇ હક નથી. આવા રાજ્યનો રાજવી એવો દાવો કરી ન શકે કે તેની પ્રજા પ્રત્યેની ફરજ તેણે અદા કરી છે.

**બીજી ફરજ - આરોગ્યરક્ષા**

(૨) શાસનની બીજી મહત્ત્વની ફરજ લોકોનું આરોગ્ય સારું રહે તે માટે શક્ય તે કરવાની છે. લોકસમૂહની પ્રત્યેક વ્યક્તિનું આરોગ્ય મોટા ભાગે એ વ્યક્તિ ઉપર જ આધાર રાખે છે. તેનો કેવો આહાર છે, તે કેવાં કપડાં પહેરે છે, કેવી કસરત, વ્યાયામ કરે છે, તબીબી ઉપચાર કરાવે છે કે કેમ, વગેરે ઉપર આધાર રહે છે. કુદરતી રીતે દરેક માણસને સારા આરોગ્યનું વરદાન મેળવવાની અને નીરોગી જીવન જીવવાની પ્રબળ ઇચ્છા હોય છે, અને તેથી તે પોતાના આરોગ્યની પૂરતી કાળજી લેશે એવી અપેક્ષા સેવાય છે, પરંતુ જાહેર આરોગ્ય સંબંધી એવી ઘણી મહત્ત્વની બાબતો છે, જેમાં વ્યક્તિ કાંઇ ના કરી શકે. તે બાબતો અંગે સરકાર જ વ્યવસ્થા કરી શકે છે. શાસન જો આવી બાબતો હાથ ઉપર ન લે તો તે માટે કોઇ વ્યવસ્થા થવાની જ નથી. એટલે આવી બાબતોમાંની મુખ્ય બાબતો સંબંધે હું આગળ કહીશ.



**સફાઇ**

(૩) જ્યાં જ્યાં વસ્તીનું પ્રમાણ ખૂબ છે અને જ્યાં ગીચ વસ્તી છે.-દા. ત. શહેર, કસબાઓમાં- ત્યાં ત્યાં સ્વચ્છતા રાખવી એ જાહેર આરોગ્યની એક મહત્ત્વની બાબત બની રહે છે. રસ્તાઓ ઉપરનો કચરો સાફ કરવો પડે છે, ગટરોને સારી હાલતમાં રાખવી પડે છે. લોકોને તાજી હવા મળે એવી વ્યવસ્થા કરવાની હોય છે. આવી ઘણી વ્યવસ્થા જાહેર આરોગ્ય માટે સરકારે કરવાની હોય છે. આ બધું સફાઇની કામગીરીમાં આવી જાય છે. સાથે સાથે લોકો માટે બીજી ઘણી સુખસગવડોની જોગવાઇ અને કુદરતી આફતોથી સંરક્ષણ વગેરે વ્યવસ્થા કરી શકાય છે. દા. ત. સ્વચ્છતા સાથે સારા રસ્તાઓની જરૂર હોય છે. તે રસ્તાઓ ઉપર પાણી છંટાવવું જોઇશે. રસ્તા ઉપર દીવાબત્તીની જરૂર હોય છે. આગ ફાટી નીકળે તો તેને ઓલવવા માટે અગ્નિશામક સાધનો પણ હંમેશા કામગીરી માટે તૈયાર રાખવાનાં હોય છે.

**પર્યાપ્ત શુદ્ધ પાણી**

(૪) જાહેર આરોગ્ય માટે લોકોના દૈનિક વપરાશ માટે પૂરતા અને ચોખ્ખા પાણીનો પુરવઠો એ બીજી એક મહત્ત્વની બાબત છે. ઉષ્ણ આબોહવાના પ્રદેશોમાં આ ઉપાયની ખૂબ મોટી કિંમત અંકાય છે અને મોટી આશિષ સમો ગણાય છે. આવા વરદાન આપનારા મહારાજા કૃતજ્ઞ પ્રજાની સ્મૃતિમાં કાયમ માટે અવશ્ય રહે છે.

**ખુલ્લાં મેદાન**

(૫) જાહેર આરોગ્ય સુધારવા માટે એક વધુ પગલું છે. ગીચ ભાગોમાં રહેતા માણસો માટે શહેરમાં આનંદ પ્રમોદ કરવા અને તાજી હવા મેળવવા જઇ શકાય તેવા ઉદ્યાનોની વ્યવસ્થા કરવી જોઇએ. લોકો ત્યાં ગાડીઓમાં બેસીને જશે, ઘોડા ઉપર બેસીને જશે, અગર ચાલતા જશે. પણ નવરાશનો કેટલોક વખત સાંજે કે સવારે ત્યાં પસાર કરી શકશે. લોકોના આરોગ્ય માટે આવી વ્યવસ્થા લાભદાયી છે. વડોદરા શહેરમાં રેસકોર્સ છે, સાર્વજનિક ઉદ્યાન (કમાટી બાગ) છે. આવી આનંદ-પ્રમોદની જગ્યાના દાખલા છે.

**રસી**

(૬) લોકોને રસી મુકાવવાની વ્યવસ્થા એ જાહેર આરોગ્ય સુધારવાનો વધુ એક ઉપાય છે. આવી વ્યવસ્થા થશે તો બળિયાના ભયંકર હુમલાઓથી લોકોનો બચાવ થશે.

(૭) જાહેર આરોગ્ય સાચવવા માટે એક વિશેષ પગલું લોક-વસ્તીના જુદા જુદા વિસ્તારોમાં રુગ્ણાલયો અને દવાખાનાંની સ્થાપના કરવાનું છે, જ્યાં બીમાર વ્યક્તિઓ પોતાને માટે તબીબી સલાહ, તબીબી ઉપચાર તથા જરૂરી દવાઓ મેળવી શકશે.

**રુગ્ણાલયો**

(૮) લોકોની સુખાકારી માટે ચિંતા રાખનારી કોઇ પણ સરકાર આ અને આવાં બીજાં કાર્યો પ્રત્યે નિષ્ઠાપૂર્વક ધ્યાન આપશે. આવાં કાર્યો પાછળ ખર્ચેલાં નાણાંનો સારો ઉપયોગ થયો છે એમ કહેવાય. સરકારે આરોગ્યની બાબતે લોકોની રક્ષા કરવી જોઇએ. નિ:શંક એ લોકોનો હક છે. જે મહારાજા લોકોના પિતા તરીકે વર્તાવ રાખે છે, તેણે તે લોકોના આરોગ્ય માટે યોગ્ય વ્યવસ્થા કરતાં આનંદ માનવો જોઇએ.

**જાહેર આરોગ્યને અગ્રિમતા**

(૯) આપ મહારાજા સાહેબની સગીરાવસ્થામાં વર્તમાન વહીવટી તંત્રે આ મહત્ત્વની દિશામાં કેટલાંક પગલાં લીધાં છે. આપની રાજધાની વડોદરા શહેર પહેલાં કરતાં ખૂબ સ્વચ્છ રખાય છે. શહેરમાં સારા રસ્તાઓ છે, પાણીનો છંટકાવ સારી રીતે થાય છે, દીવાબત્તીની પણ બહુ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. આગનિવારણ માટે અસરકારક વ્યવસ્થા કરી શહેરને વધુ સુરક્ષિત રાખ્યું છે. તાજી હવા મેળવવા લોકો રેસકોર્સ અને નવા જાહેર ઉદ્યાનનો લાભ લે છે. રસી મૂકવાના કામ ઉપર વધારે ધ્યાન અપાય છે. સારી તબીબી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે અને તેની સારી જાળવણી પણ થાય છે. તાલુકાઓ અને શહેરોમાં પણ આ બાબતમાં વધુ ધ્યાન અપાયું છે. અત્યાર સુધી જે જે કરાયું છે, તેની વિગતવાર માહિતી મેળવવા હું આપ મહારાજા સાહેબને વહીવટી અહેવાલ જોઈ જવા વિનંતી કરીશ.

**સંપન્ન કામગીરી**

(૧૦) પરંતુ જાહેર આરોગ્યની દિશામાં આપણે આપણી પૂરી ફરજ પૂર્ણપણે અદા કરી શક્યા નથી, તે વાત નિશ્ચિત છે. વધુ પગલાં લેવા ખૂબ અવકાશ છે. આપ મહારાજા સાહેબ આપની બીજી મહત્ત્વની કામગીરીઓ કરતી વખતે આ કામગીરી તરફ પણ લક્ષ આપશો, એવી

**હજુ અવકાશ**



મને શ્રદ્ધા છે. ઘણું બધું કરવાનું બાકી છે, અને શું કરવાનું છે, તે વિગતો સાથે આપના ધ્યાન ઉપર લાવવામાં પણ આવશે, પરંતુ તેમાંથી એક બે મુખ્ય બાબતોનો હું અહીંયા નિર્દેશ કરીશ.

(૧૧) આપણને વડોદરા શહેર માટે સ્વચ્છ પાણીપુરવઠાનું સાધન ઊભું કરવાની ઘણી ચિંતા હોવા છતાં તે હજી શક્ય બન્યું નથી. આ દુર્ભાગ્યની વાત છે. પાણીપુરવઠાના આ કામ માટે ખૂબ મોટી અને ખર્ચાળ એવી કામગીરી કરવી પડશે, જે કામગીરી કરતાં પહેલાં ખૂબ કાળજીપૂર્વકની તપાસની જરૂરિયાત છે. આમ કામ કરવાથી જ મોટી ભૂલો થતાં અટકાવી શકાય અને નુકસાન ન થાય. એક સામાન્ય તપાસ હાથ ઉપર લીધી હતી અને પાણી પુરવઠા માટે કઈ વૈકલ્પિક યોજનાઓ કરી શકાય તેનો ક્યાસ કાંઢવામાં આવ્યો હતો. આ તપાસ કરવા માટે ક્રોસથવેટ નામના બંગાળના એક અધિકારીની સેવાઓ મેળવવામાં આવી હતી. આ અધિકારીને શહેર અને કસબાઓમાં પાણી પુરવઠાનાં કામો બાબત વિશેષ જ્ઞાન છે. તેની તપાસનાં પરિણામો ટૂંકમાં આમ કહી શકાય : નર્મદા નદીમાંથી શહેર સુધી પાણી લાવી શકાશે નહિ, નર્મદાને મળતી નાની નદી ઓરસંગ નદીમાંથી પણ પાણી લાવી શકાશે નહિ. મહી નદી કે પાવાગઢ કે સાવલી નજીકનાં તળાવોમાંથી પણ પાણી લાવી શકાશે નહિ. તપાસના અંતે એક જ શક્યતા દેખાઈ આવી છે કે રેલવે સ્ટેશન પાસે બે અગર ત્રણ ખૂબ મોટા કૂવા ખોદાવી, શક્તિશાળી વરાળ યંત્રથી તેમાંથી પાણી ખેંચવું અને પાણીનો સંગ્રહ કરી મેળવેલા પાણીની શહેરમાં વહેંચણી કરવી. આ યોજના ઘણા સમયથી પડતર સ્થિતિમાં છે. આ યોજનામાં કેટલુંક જોખમ છે અને કેટલીક અનિશ્ચિતતા છે. આ બધું આ બાબતમાં વિચારણામાં લેવાશે તો જ બધું વધારે સારી રીતે સમજી શકાશે. આપને ફક્ત એટલું જ કહીશ કે આપ મહારાજા સાહેબ વડોદરા શહેર માટે એક પાણી પુરવઠાની વ્યવસ્થાનું સાધન આપી શકશો તો ફક્ત આ જ કારણે લોકોના એક સારા હિતેચ્છુ તરીકે આપને લોકો યાદ કરશે.

**વડોદરાનો પાણીપુરવઠો**

**ગટર**

(૧૨) વડોદરા શહેરમાં ગટરની વ્યવસ્થામાં સુધારો કરવાનો બીજો મહત્ત્વનો પ્રશ્ન છે. ખરેખર ઘણા અઘરા અને મૂંઝવણમાં મૂકતા પ્રશ્નો પૈકીનો આ એક પ્રશ્ન છે.

**અન્ય ગામોમાં સુધારા**

(૧૩) તાલુકાનાં બીજાં શહેરોમાં આપણે હજુ સફાઈની બાબતમાં જ ફક્ત કોઈ કામ કર્યું છે. જાહેર આરોગ્યની કામગીરીમાં આ બાબતે આપણે મર્યાદિત કામગીરી કરી છે અને તે પણ ઉપલક જ છે. આની તુલનામાં નવસારી કસબામાં ઘણું બધું કરવામાં આવેલું છે. લોકોને પાણી પૂરું પાડવા કૂવાઓ કરવા માટે કેટલાક લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. નવસારી જિલ્લાના પ્રદેશમાં ઘણાં ગામડાંઓમાં પાણીની વ્યવસ્થા કરવા ધારેલું છે અને હું માનું છું કે આ કામ શરૂ પણ થઈ ગયું છે. પણ તે કામ પૂરું થતાં સુધી તેની પાછળ પડવાનું રહેશે. રુગ્ણાલયો અને દવાખાનાંઓ અને રસી મૂકવાની વ્યવસ્થા ત્યાં સારી રીતે ફેલાઈ છે. આ વિષય સંબંધે હું મહત્ત્વની વાત કહેવાની રજા લઉં છું. લોકોનું આરોગ્ય સુધારવા માટે, અને પીડા નિવારવા અથવા હળવી કરવા માટે જ કાંઈ કરવામાં આવે તેની ખૂબ કદર થવાની જ છે. કારણ સારા શાસનના પ્રત્યક્ષ લાભોમાંનો આ એક અગત્યનો લાભ છે. પરોપકારી રાજાએ જાહેર આરોગ્યનો વધારો કરવા ખૂબ જ વધારે ધ્યાન આપવાનું હોય છે. જાહેર આરોગ્યના કારણે જાહેર સુખાકારી વધે છે. ખરેખર તો જાહેર સુખાકારીનો આ એક અંગભૂત ભાગ જ છે. જાહેર સુખાકારી શાસનનો મુખ્ય હેતુ હોય છે.

**વ્યક્તિગત સ્વાતંત્ર્યને દખલ નહિ**

(૧૪) જાહેર આરોગ્યમાં વધારો કરવાની ચિંતામાં આપણે વ્યક્તિની સ્વતંત્રતામાં દખલ કરતા નથી તે જોવાની ખાસ કાળજી રાખવી જોઈશે. સ્વતંત્રતા એ માણસોને મળેલા ઉત્તમમાં ઉત્તમ વરદાનોમાંનું એક વરદાન છે. વ્યક્તિને અમુક જ આહાર લેવાની, અમુક જ દવાઓ લેવાની કે અમુક જ પ્રકારની કસરત કરવાની જબરજસ્તી કરી શકાય નહિ. આ બાબતમાં વ્યક્તિ પોતે જ ઉત્તમ નિર્ણય લઈ શકે છે. જાહેર આરોગ્યમાં સરકારની કામગીરી સમસ્ત સમૂહને સ્પર્શે તેવી બાબત પૂરતી જ મર્યાદિત રહેવી જોઈએ. દા. ત. સામાન્ય સ્વચ્છતા, ગટરની સારી વ્યવસ્થા, સારો પાણી



પુરવઠો, સારાં રુગ્ણાલયો, દવાખાનાંઓ, રસી મૂકવાની કાર્યક્ષમ વ્યવસ્થા વગેરે બાબતમાં સરકારે લોકોના પ્રતિનિધિ તરીકે કામ કરવું જોઈએ. લોકોના ભલા માટે આ બધું થવું જોઈશે.

**જાહેર આરોગ્ય અને વિરોધ**

(૧૫) આવું કરતી વખતે પણ લોકોનું સારું કરવાની હોંશમાં સરકાર અતિરેક ન કરે તેની કાળજી લેવી જોઈએ. લોકોનું શું મંતવ્ય છે, લોકોની શી ઈચ્છા છે, તે જાણી લઈ લોકોની ઈચ્છાથી ખૂબ આગળ જઈને કાંઈ કરવું ન જોઈએ. અત્યારની લોકોની સમજણ અને તેમના શિક્ષણનાં સંદર્ભમાં એવી કામગીરી હાથ ઉપર લેવી જોઈએ. સરકારે કેટલે સુધી જવું અને ક્યાં અટકવું, એ જે તે કિસ્સાઓમાં મળેલા અનુભવ ઉપરથી નક્કી કરવાનું છે. પ્રસંગોપાત્ત સરકારે વિચારેલાં પગલાંઓથી લોકોનું કેટલું ભલું થાય છે અને તે પગલાંની સામે લોકોનો કેટલો વિરોધ આવશે તેની સારી રીતે તુલના કરી આગળ પગલાં લેવાં જોઈએ.

**સરકારની ઉપયોગી સલાહ**

(૧૬) મેં ઉપર કહ્યું છે કે આરોગ્યની બાબતે વ્યક્તિની સ્વતંત્રતાનો ખ્યાલ રાખવો જોઈએ. તેમાં બિન-જરૂરી માથું મારવું જોઈએ નહિ, પરંતુ સરકારે માથું માર્યા વગર લોકોને સલાહ આપવાનું કામ જારી રાખવું જ જોઈએ. દા. ત. સરકારનો તબીબી વિભાગ લોકોને એવું જાહેર કરી શકે કે કોલેરાનો ઉપદ્રવ અટકાવવા માટે અમુક સાવચેતીનાં પગલાં લેવાં જોઈએ, રોગોનો હુમલો થાય તો અમુક દવાઓ અસરકારક હોવાનું માલૂમ પડ્યું છે, રોગોને અટકાવવાના માટે અમુક પગલાં લેવાં જોઈએ વગેરે.

**રોગ નિવારણ-ખાસ પગલાં**

(૧૭) જ્યારે કોલેરા, જ્વર, શીતળા જેવો કોઈ રોગ વ્યાપક પ્રમાણમાં ફાટી નીકળે, તો સરકારે રોગ નિવારણનાં અને રોગ મટાડનારાં ખાસ પગલાં લેવાં જોઈએ. દા. ત. અસરગ્રસ્ત ભાગોમાં કામગીરી માટે વધારાના તબીબો મોકલવા જોઈએ, સંબંધિત લોકો માટે દવાઓનો પુરવઠો પૂરો પાડવો જોઈએ, જરૂરી પગલાંઓ લેવા અંગે તબીબી વિભાગની દરખાસ્તને બનતી ત્વરાએ મંજૂર કરવાની દરકાર રાખવી જોઈશે.

**તબીબી વિભાગ**

(૧૮) જાહેર આરોગ્યની બાબતમાં તબીબી વિભાગ સરકારને શ્રેષ્ઠ સલાહ આપનારો વિભાગ છે.

**તબીબી સંસ્થાઓની નિભાવણી**

(૧૯) જાહેર આરોગ્યની બાબતમાં આ બધું કહેવાથી અમોને ખાતરી છે, કે આપ મહારાજા સાહેબ લોકોના માટે લાભ આપતી જે તબીબી સંસ્થાઓ કામ કરે છે, તેને નિભાવવા માટેની પોતાની ફરજ સમજશો અને આ સગવડોમાં કોઇ કાપકૂપ મૂકશો નહિ. આ બધી સગવડો આપની સગીર અવસ્થામાં અમોએ ઊભી કરેલ છે, અને તેના કારણે લોકોના આરોગ્યમાં સારો સુધારો થયો છે. લોકોના જાન બચ્યા છે, અને તેમનાં દર્દ અને દુઃખ ઓછાં થયાં છે. આપ પ્રજાના પિતા છો, આપે કોઇ દિવસ એવું કહેવું ના જોઇએ કે લોકો બીમાર પડે તો હરકત નથી, દુઃખ સહન કરે તો હરકત નથી, મરે તો પણ હરકત નથી, મારે તો પૈસા બચાવવાના છે. એટલે તબીબી સંસ્થાઓને કાં તો બંધ કરવી જોઇએ, કાં તો એની સંખ્યામાં ઘટાડો કરવો જોઇએ. હું આશા રાખું છું કે, ગાયકવાડના આ મહાન વંશમાં કોઇ લોભી અને દુષ્ટ પ્રજાપિતા અવતરશે નહિ.

**શાસનની ફરજોની યાદી**

(૨૦) અત્યાર સુધી જે કહેવાયું છે, તેને નજરમાં રાખી હવે હું આ વિષયનું ટૂંકમાં નીચે પ્રમાણે સમાપન કરીશ.

(૧) લોકોની સુખાકારી વધારવી એ સરકારની પ્રથમ ફરજ છે એવું કહીને આપણે શરૂઆત કરી છે.

(૨) લોકોની સુખાકારી માટે જાન, જાત, સ્વતંત્રતા અને મિલકતની સલામતી હોવી આવશ્યક છે; આ વસ્તુસ્થિતિને આપણે માન્ય રાખી છે.

(૩) આ મહત્ત્વના હેતુ માટે જ પર્યાપ્ત અને કાર્યદક્ષ પોલીસદળની નિભાવણી કરવી, એક મર્યાદિત પરંતુ કુશળ લશ્કરી દળ નિભાવવું, સુસંગઠિત અને કાર્યક્ષમ ન્યાય તંત્ર સ્થાપિત કરવું, તેમજ લોકો કાયદાને માન આપે અને કાયદાનો કડક અમલ થાય તે દૃષ્ટિએ દૃઢતાપૂર્વક અને પક્ષપાત વિના કામ કરવું એ કેટલું જરૂરી છે તે આપણે જોયું.



(૪) અને આજે આપણે જોયું કે લોકોની સુખાકારી માટે શહેર અને કસબામાં સ્વચ્છતા રાખવી અને તેમાં સુધારણા કરવી, સાંપ્રતમાં કામ કરતી જુદી જુદી તબીબી સંસ્થાઓને નિભાવવી અને તેમાં સુધારણા કરવી, એ લોકવસ્તીના આરોગ્યની જાળવણી અને સુધારણા માટે અત્યંત જરૂરી છે.

આપણે જે માર્ગદર્શક સિદ્ધાંતો બાબત વિચારણા કરી છે, તેનું પ્રસંગોપાત્ત સંક્ષિપ્ત અવલોકન કરવું, આપણે માટે ઉપયુક્ત થશે. એને કારણે આપણા પર અંકિત થયેલી છાપ મજબૂત બનશે. આ અવલોકનથી સરકારની મહાન ફરજો શું છે તે સંક્ષિપ્ત રીતે જોઇ શકાય છે. સરકારે ક્યા ક્રમમાં જે તે બાબતને મહત્ત્વ આપવું તેમજ જુદી જુદી કામગીરીનો પરસ્પર શું સંબંધ છે, તે પણ આવા અવલોકનથી જોઇ શકાશે.

## પ્રકરણ-૩૧

# મૂળભૂત સિદ્ધાંતો (ચાલુ)

બુધવાર, ૩૦મી જૂન, ૧૮૮૧.

**અનાજ પુરવઠો**

(૧) આપણે છેલ્લે જ્યારે મળ્યા ત્યારે લોકોના આરોગ્યમાં વધારો કરવાની સરકારની ફરજ અંગે આપણે વિવરણ કર્યું હતું. એ માટે કઇ મુખ્ય બાબતો હાથ ધરવી તેની પણ આપણે નોંધ લીધી. હવે આપણે સરકારની એક બીજી અતિ મહત્ત્વની ફરજ બાબતે વાત કરીશું. લોકોને પૂરતો અને મબલખ અન્ન પુરવઠો મળે તે માટે બધું કરી છૂટવાની સરકારની ફરજ છે. એ સ્પષ્ટ છે કે અનાજ ન હોય તો લોકો સુખી થવાના નથી.

**વ્યક્તિગત પ્રયાસ**

(૨) શરૂઆતમાં જ હું કહીશ કે આ બાબતમાં સરકાર બહુ કરી શકશે નહિ; અને લોકોના પ્રયાસો ઉપર જ ઘણું બધું છોડી દેવું જોઇએ. પ્રજામાંની દરેક વ્યક્તિએ પોતાને માટે અને કુટુંબ માટે કામ કરવું જોઇએ અને જીવન-નિર્વાહ માટે ઉપાયો શોધી કાઢવા જોઇએ. દરેક વ્યક્તિ માટે અન્નની નિતાન્ત આવશ્યકતા હોય છે, આ કુદરતનું કરવું છે. બહારના કોઇ અનુરોધ વગર લોકો તેમનાથી બને તેટલું અનાજ મેળવી લેશે તેવી અપેક્ષા છે. ટૂંકમાં અનાજ મેળવવા બાબતમાં કુદરત જ તેમનું મોટું પ્રેરકબળ થાય છે.

**નિરંકુશ કુંદરતી પ્રેરકબળ**

(૩) આ કુદરતી પ્રેરકબળને કારણે વ્યક્તિઓ ફક્ત અનાજ જ નહિ, પરંતુ તેમના સુખ માટે જરૂરી એવાં ઘણાં સાધનો પેદા કરે છે. સરકારની મુખ્ય ફરજ છે કે આ પ્રેરક બળ વાજબી રીતે ઉપયોગમાં લઇ શકાય તેવી કામગીરી કરવી. લોકોની સ્વતંત્રતામાં દખલ કરવી નહિ. કોઇ અકુદરતી કારણોને લીધે તે પ્રેરક બળની શક્તિ ઘટાડવી નહિ કે તે શક્તિને કામ કરતી અટકાવવી નહિ. અન્ન ઉત્પાદનની બાબતમાં સરકારની



આ ફરજ સ્પષ્ટપણે સમજવી જોઇએ અને ધીરે ધીરે તે ફરજ બરાબર અદા કરવા માટે કામગીરી કરવી જોઇએ.

**અર્થોપાર્જન માટે સલામતી આવશ્યક**

(૪) આ કુદરતી પ્રેરણા બળ સારી રીતે કામ કરે અને એનાં સારાં પરિણામો આવે તે માટે સરકારે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ તેની આપણે વિચારણા કરીશું. મેં આ પહેલાં કહ્યું છે કે લોકસમૂહની દરેક વ્યક્તિને પોતાના સુખનાં સાધનો ઊભાં કરવા યા મેળવવામાં કુદરતી બળો મદદ કરે છે. આવાં પ્રેરક બળોના કારણે વ્યક્તિ સંપત્તિ મેળવવા એનાથી બનતો શ્રેષ્ઠ પ્રયાસ કરે છે. સરકારે લોકોનાં જાત, જાન, સ્વતંત્રતા અને મિલકતની સલામતીની વ્યવસ્થા કરીને લોકો એ પ્રેરણા બળને કારણે ખૂબ મહેનત કરે તેવી પરિસ્થિતિ ઊભી કરવાની છે. એટલે લોકોને બનતા બધા પ્રયાસો કરવા પૂરતો અવકાશ રહે, લોકોનાં જાન, જાત, સ્વતંત્રતા, મિલકતની સલામતી ઓછી હોય અગર બિલકુલ ના હોય તો શું થાય ? લોકો સ્વગત એવું કહેવા લાગશે '' જો કોઇ પણ વખતે મારું ખૂન થવાની શક્યતા હોય, મને ઇજા થવાની શક્યતા હોય અગર તો મને જેલમાં નાંખવાની શક્યતા હોય યા તો મારી સંપત્તિ લૂંટાઇ જવાની હોય તો મારે શા માટે ધન સંપાદન કરવું જોઇએ, અને શા માટે નાણાં બચાવવાં જોઇએ ?'' આ ઉપરથી સ્પષ્ટ થશે કે, જાન, જાત, મિલકત અને સ્વતંત્રતાની સલામતી, સંપત્તિની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે આવશ્યક છે. ખરેખર લોકોને ઉપર કહ્યો તેવો કોઇ ભય હોવો જ ન જોઇએ. આ અંગે હું જરા વધારે વિગતથી કહીશ. પોતે લૂટાંશે એવો કોઇને ભય ન હોવો જોઇએ, પછી તે શહેરમાં રહેતો હોય કે ગામડામાં રહેતો હોય, યા તો તે ધોરી માર્ગ ઉપર જતો હોય. પોતાની પાસેનું ધન સલામત છે તેવું શાહુકારને લાગવું જોઇએ, ખેડૂત પાસેના અનાજનો જથ્થો તેના કબજામાંથી કોઇ લઇ લેશે નહિ, તેવો તેને વિશ્વાસ હોવો જોઇએ. બજારમાં માથે શાકભાજીની ટોપલી લઇને જતી બાઇને પણ એવું લાગવું જોઇએ કે, તે સુરક્ષિત છે. ટૂંકમાં, ગરીબ હોય યા શ્રીમંત હોય એને પાકી ખાતરી થવી જોઇએ કે પોતાની નાનીમોટી મિલકત પોતે ધરાવી શકે છે અને તેનો ઉપભોગ કરી શકે છે. તેને એવી ખાતરી થવી જોઇએ કે તેને કોઇ ઇજા કરશે નહિ કે તે દગાબાજીનો ભોગ બનશે નહિ કે તેને કોર્ટ-કચેરીમાં અન્યાયપૂર્વક

ઘસડી જશે નહિ અને શાહુકારો ગેરકાયદેસર તેનું અનાજ કે ધન લઇ લેશે નહિ.

**તેના ઉપાય**

(૫) મેં જે ઉપાયો સમજાવ્યા છે, તેનાથી આ સલામતીની પરિસ્થિતિ સર્જાશે. મેં કહ્યું છે જ કે કસબાઓ અને ગામડાંઓમાં એક સારું પોલીસદળ નિભાવવું જોઇએ, કાર્યક્ષમ ન્યાયતંત્ર નિભાવવું જોઇએ અને સારા કાયદાઓનો અમલ થવો જોઇએ. સંપત્તિમાં વધારો કરવા માટે સરકારે બીજા ઘણા ઉપાયો યોજવા પડશે, જેમાંથી કેટલાક ઉપાયો બાબત હું આગળ કહીશ.

**સંપત્તિનો મુક્ત ઉપભોગ**

(૬) સરકારે લોકોને પોતાની સંપત્તિનો સ્વતંત્ર ઉપભોગ કરવા દેવો જોઇએ. તેના ઉપર કોઇ નિયમન ન નાંખવા જોઇએ. લોકોને સંપત્તિનો ઉપયોગ કરતાં ડર લાગવો ન જોઇએ. દા. ત. કોઇ ગાડી કે બગીમાં બેસીને જતો હોય તેને અટકાવવો ન જોઇએ. વળી, કોઇ ધોરી માર્ગોની બાજુમાં પાકાં અને મજબૂત મકાનો બાંધતો હોય તો તેને અટકાવવો ન જોઇએ. કોઇ કીમતી પોશાક યા મૂલ્યવાન દાગીના પહેરે તો તેને તેમ કરતાં અટકાવવા ન જોઇએ. ટૂંકમાં, લોકોને પોતાની સંપત્તિનો ઉપભોગ કરવા અને સંપત્તિનું પ્રદર્શન કરવા સંપૂર્ણ છૂટ હોવી જોઇએ. મહારાજાની પ્રજા આવી રીતે વધારે સુખમાં રહે તો મહારાજા સાહેબ પોતે પણ વધુમાં વધુ સુખી થશે.

**મહેસૂલી વહીવટની અગત્ય**

(૭) હવે, આપણે બીજી એક મહત્ત્વની બાબત તરફ આગળ વધીશું. લોકવસ્તીનો ખૂબ મોટો ભાગ જમીન ખેડીને પોતાનો નિર્વાહ કરે છે. સંપત્તિ પેદા કરવા માટે જમીન એક મોટું સાધન છે. ખેડૂત જમીન ઉપર મહેનત કરે છે, અને જમીન બદલામાં તેને અનાજ આપે છે. આ ઉપરથી સમજી શકાય કે ખેડૂત અને તેની જમીન બાબતના વહીવટને આપણી પ્રજાના સુખની દૃષ્ટિએ બહુ જ મહત્ત્વનો એવો સંબંધ છે. આ ખેડૂતો એક વ્યવસાય તરીકે ખેતી કરે છે, અને દેશમાં કાયમી વસવાટ કરનારી મોટા ભાગની પ્રજા ખેડૂતોની બનેલી છે એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ. આ પ્રજા જમીન ઉપર એક જગ્યાએ જ રહેઠાણ કરીને રહે છે. તે ખેડે છે તે જમીન એક જગ્યાએ જ રહે



છે, ફરતી નથી, અને ખેડૂતો પણ મોટા ભાગે એક જગ્યાએથી બીજી જગ્યાએ ન જનારા સ્થાયી નિવાસીઓ છે. એક સમુદાય તરીકે તેમના ઉપર સતત અને આકરો જુલ્મ કોઇ આદરે નહિ, ત્યાં સુધી તેઓ જમીન છોડી જવાનો વિચાર પણ કરી શકવાના નથી, ખેડૂતો કાયમી પ્રસ્થાપિત થયેલી લોકવસ્તીનો એક મહત્ત્વનો ભાગ છે. તેમના પ્રયાસથી દર વર્ષે તે જમીનમાંથી પેદાશ મેળવે છે. તે રાજ્યની સંપત્તિનો એક બહુ મહત્ત્વનો ભાગ હોય છે. એટલે ખેડૂતો અને તેમની જમીન અંગેના સરકારી વહીવટનું ખૂબ મહત્ત્વ છે.

**કરવેરાની મર્યાદા**

(૮) રૈયતને સુખી રાખવી અને જમીનમાંથી મળતા ધનની વૃદ્ધિ કરવી એ સરકારની ફરજ છે. તેથી જમીન ઉપરનો સરકારનો વેરો બહુ મર્યાદિત હોવો જોઇએ. એટલો મર્યાદિત કે જમીનની આવકમાંથી તેઓ પોતાનો તેમજ પોતાના કુટુંબનો આરામથી નિર્વાહ કરી શકે. ઘણાં દેશી સંસ્થાનોમાં કમનસીબે જુદા જ સિદ્ધાંતોનો અમલ વ્યવહારમાં થતો હોય છે. કેટલાંક સંસ્થાનોમાં ખેડૂતોને જેટલા નીચોવી શકાય તેટલા નીચોવાય છે. એના કારણે પ્રજાનો બહુ ઉપયોગી વર્ગ ગરીબાઇમાં ધકેલાઇ જાય છે. લોકોની સુખાકારી વધારવી એ સરકારની ફરજ છે, સુશાસનનો આ પહેલો હેતુ છે, આવી જે મૂળભૂત વાત આપણે શરૂઆતમાં કરી તેની સાવ વિરુદ્ધ આ પરિસ્થિતિ છે.

**ખેડૂતના કબજા હક**

(૯) ખેડૂતને સુખી કરવા અને જમીનમાંથી તેમને મળતી આવક વધારવા બીજી એક મહત્ત્વની બાબત જરૂરી છે. ખેડૂતની જમીનનો કબજો, ભોગવટો સતત ચાલુ રહે તે માટે જમીનનો સત્તાપ્રકાર ઠરાવવાની આ બાબત છે. ખેડૂતોને વિશ્વાસ હોવો જોઇએ કે જ્યાં સુધી તે સરકારનો વેરો ભરતા હોય ત્યાં સુધી તેમની જમીન સરકાર છીનવી લેશે નહિ. ખેડૂતને લાગવું જોઇએ કે જો તેઓ નિયમિત રીતે સરકારનો વેરો ભરશે તો તેઓ પેઢીઓ સુધી જમીનનો કબજો ધરાવી શકશે. વિચારણાને અંતે સાબિત થયું છે અને અનુભવ પણ એ જ દર્શાવે છે કે જમીન ઉપર કબજો ચાલુ રહેવાની અનિશ્ચિતતા ખેતીની સમૃદ્ધિને સૌથી વધુ હાનિકર્તા છે.

**વેરો વધારવો નહિ**

(૧૦) ખેડૂતને સુખી કરવાનો અને તેમની આવકમાં વધારો કરવાનો એક વધુ ઉપાય છે. કોઇ ખેડૂત પોતાના શ્રમથી અને મૂડીરોકાણથી પોતાની જમીનની આવક વધારે તો સરકારે જમીન ઉપરનો વેરો વધારવો નહિ, અને ખેડૂતે પોતાના શ્રમથી અને નાણાંથી જે કાંઇ વધારાનો લાભ મેળવ્યો છે તે છીનવી લેવો નહિ. જો સરકાર એથી વિરુદ્ધ ધોરણ અપનાવશે તો વધુ શ્રમ કરવા કે મૂડી રોકવા ખેડૂતોને કોઇ પ્રલોભન રહેશે નહિ. પરિણામે ન જમીનમાં સુધારો થશે કે ન પેદાશ વધશે. બલકે, કદાચ ઘટશે.

**વચેટિયા નહિ**

(૧૧) ખેડૂતને સુખી કરવા અને જમીનમાંથી આવતી તેની આવક વધારવા માટે બીજો એક ઉપાય છે. કોઇ પણ ઇજારદાર કે સરકારને જમીન મહેસૂલની રકમ ઊચક આપનાર દલાલોને સરકાર અને ખેડૂત વચ્ચેના વચેટિયા તરીકે નીમવા નહિ. આવા વચેટિયા પહેલાંના વખતમાં ખૂબ મોટા પ્રમાણમાં નીમાતા હતા. તેઓ ખેડૂતને ત્રાસ આપતા હતા અને તેમને નિચોવીને ગરીબાઇમાં ધકેલી દેતા હતા. રૈયતવારી પદ્ધતિ જમીન બાબત સારામાં સારી પદ્ધતિ છે. આ પદ્ધતિમાં સરકાર વ્યક્તિગત ખેડૂત સાથે સીધો સંબંધ રાખે છે. આ પદ્ધતિથી ખરેખર ખેડૂતને ખૂબ લાભ થાય છે. એના લીધે ખેડૂતને ઉત્તમ ન્યાય મળે છે. ખેડૂતની આર્થિક સ્થિતિની સરકાર વિચારણા કરે છે. તેમનું સ્વાભિમાન અને તેમની સ્વતંત્રતા વધે છે. એમાં એક વાત છે કે આ પદ્ધતિના અમલ માટે એક વ્યાપક વ્યવસ્થાની જરૂર રહે છે. આ વ્યવસ્થામાં કામ કરનારા માણસો જમીન સંબંધી માહિતી અને અનુભવ ધરાવનારા, જમીનની ગુણવત્તાની પરખ કરનારા અને પ્રામાણિક હોવાની જરૂર છે. આ વ્યવસ્થા પાછળ કરવો પડતો ખર્ચ રૈયત પાસેથી મળતા વેરામાંથી કરી શકાશે, કદાચ ખાસ્સી એવી રકમ સરકારને અન્ય કામોમાં ઉપયોગ કરવા માટે રહેશે. ઇજારદારની પદ્ધતિ હતી ત્યારે ઇજારદારો પોતાનાં ખિસ્સા ભરતા હતા, તે વધારાનાં નાણાં સરકારની તિજોરીમાં આવશે. આ પદ્ધતિમાં વધુ મહત્ત્વનો ફાયદો એ છે કે ખેડૂતને ભારે અને આપખુદી શોષણથી રક્ષણ મળશે.



**ભાગબટાઇ ઇષ્ટ નથી**

(૧૨) આપ મહારાજા સાહેબના મન ઉપર બીજું એક સત્ય અંકિત કરવાની હું રજા લઉં છું. કાઝી સાહેબે આપને ભાગબટાઇની પ્રથા અવશ્ય સમજાવી હશે જ. આ ભાગબટાઇનું મુખ્ય અંગ એ છે કે સરકાર જમીનના પાકનો ચોક્કસ ભાગ સરકારના વેરા તરીકે લે છે, એ રોકડમાં લેવાતો નથી. મેં આ પદ્ધતિ વિષે ખૂબ વિચારણા કરી છે અને મને એવું લાગ્યું છે કે કેટલાંક નાનાં સંસ્થાનો માટે આ ઉપયોગી હશે, પરંતુ વડોદરા જેવા મોટા સંસ્થાન માટે આ પદ્ધતિ ઉપયોગી નથી. આ પદ્ધતિ આપણા પ્રદેશમાંથી કાઢી નાંખવામાં આવી છે અને તેનો યશ કૈલાસવાસી મહારાજા ખંડેરાવને જાય છે. હું આશા રાખું છું કે તે મહારાજા સાહેબે જે મહાન અને લોકોપયોગી ફેરફાર કર્યો છે તેને સંપૂર્ણપણે જાળવવામાં આવશે. અમરેલી જિલ્લાના તાલુકાઓમાં આ ભાગબટાઇ પદ્ધતિ હજુ ચાલુ છે. ત્યાં પણ આ બાબતમાં સુધારાંનાં પગલાં લેવામાં આવ્યાં છે.

**વિધિસરની મોજણી-આકારણી**

(૧૩) જમીન ઉપરનો વેરો ખૂબ હળવો હોવો જોઇએ, તે વાતનું મહત્ત્વ આપ મહારાજા સાહેબની નજરે આણ્યું છે જ. જમીનનો વેરો નક્કી કરતી વખતે તેનું પ્રમાણ હળવું છતાં ન્યાયી રાખવા માટે વિધિસરની માપણી અને ફેરઆકારણીની અત્યંત જરૂર છે. આ એક ખૂબ મોટું અને ખર્ચાળ કામ છે, પરંતુ તદ્દન જરૂરી છે, તેમ હું દોહરાવું છું. વિદ્યમાન વહીવટી તંત્ર પાસે આ કામગીરી હાથ ધરવા પૂરતો અવકાશ હતો, પરંતુ હું આશા રાખું છું કે આવું જરૂરી પગલું લેવામાં હવે બહુ વાર લાગશે નહિ, કારણ ખેડૂતોના એક મોટા સમુદાયનું કલ્યાણ એના ઉપર આધાર રાખે છે.

**મનસ્વી કરવેરા નહિ**

(૧૪) મેં નિર્દિષ્ટ કરેલી કામગીરી હાથ ઉપર લઇ જમીન ઉપર એક વખત ન્યાયી અને સામાન્ય વેરો નાંખ્યા પછી કોઇ આપખુદી અને અન્યાયી લાગાઓ ખેડૂતો ઉપર લાદવાથી મહારાજા સાહેબે દૂર રહેવાનો નિશ્ચય કરવો જોઇએ. આ લાગતો, ગાદી નજરાણાં, રાજમહેલ નજરાણાં, વિવાહ નજરાણાં વગેરે સ્વરૂપમાં નંખાતી આવી છે.

**વિશિષ્ટ હકો વાંધાજનક**

(૧૫) આપ મહારાજા સાહેબ આગળ એક બીજા અનિષ્ટ સામે હું આંગળી ચીંધું છું. એવું બન્યું છે, કે કેટલાક ધાર્મિક અગર બીજા વગદાર માણસોએ મહારાજા સાહેબ પાસે આવીને વર્ષાસન બાંધી આપવા માટે વિનંતી કરી છે. આ બાબતનો સામાન્ય રીતે નિકાલ કરવાને બદલે એવું કેટલીક વાર બન્યું છે કે મહારાજા સાહેબે આવી વ્યક્તિને કોઇ એક ગામના અથવા જૂથનાં દરેક ખેડૂત ઉપર કે દરેક ખેડૂતના હળ ઉપર વેરો નાંખવા અધિકાર આપતી એક સનદ આપી છે. હક અને અધિકાર રૂપે આપેલી આ બક્ષિસ અત્યંત વાંધાજનક છે કારણ ખેડૂતોનું તે નુકસાન કરે છે. હું આશા રાખુ છું કે આ પછી આવા પ્રકારની બક્ષિસ કોઇને પણ આપશો નહિ. જે સિદ્ધાંતો બાબત આપને હું કહેતો આવ્યો છું તેનું પાલન થશે, તો ખેડૂતો સુખી થશે અને આપણા રાજ્યની જમીનનું ધીમે ધીમે પણ ખૂબ મોટા પ્રમાણમાં ઉત્પાદન વધશે. આ જ વિષયમાં એક-બે બીજી બાબતો તરફ હું આપ મહારાજા સાહેબનું ધ્યાન દોરવા ઇચ્છું છું.

**ખેત-પેદાશની નિકાસ પર વેરો નહિ**

(૧૬) ખેતીની પેદાશ રાજ્ય બહાર મોકલવામાં આવે ત્યારે તેના ઉપર કોઇ ભારે કરવેરા નાંખવા નહિ. ખેતીની સમૃદ્ધિ માટે આવું વલણ અત્યંત જરૂરી છે. ખેતીની પેદાશ રાજ્ય બહાર મોકલવાના પ્રસંગે વેરાની સંપૂર્ણ મુક્તિ હોય તો બહુ જ સારું પરંતુ સંજોગોવશાત્ આવું કરવું શક્ય ના હોય તો આ નિકાસ વેરો પણ બહુ હળવો રાખવો. હું એમ કહીશ કે સામાન્યપણે તે વેરો જે તે ચીજવસ્તુની કિંમતના ૫ ટકા જેટલો જ હોવો જોઇએ. જો કે, અફીણ વગેરે ખાસ ચીજવસ્તુઓ માટે આમાં અપવાદ છે.

**અનાજ ઉપર વેરો નહિ**

(૧૭) લોકો માટે ખાસ કરીને ગરીબ વર્ગો માટે અન્ન સસ્તું હોવું જોઇએ, એ ઇચ્છવા યોગ્ય છે. એટલે હું માનું છું કે, બધા પ્રકારના અનાજને વેરામાંથી તદ્દન બાકાત રાખવા જોઇએ.

**ઉત્પાદનમાં વધારો**

(૧૮) બીજી પણ વાત છે. જમીનની પેદાશ વધે અને વધેલી પેદાશના કારણે વધુ ને વધુ પૈસા મળે એવાં પગલાં લેવાથી ઘણો ફાયદો થાય છે. હવે આ



પેદાશ વધારવા વધુ સારી ખેડ, વધુ સારાં ખાતરો, નિંદામણની વધુ સારી કામગીરી વગેરે આવશ્યક હોય છે. કીમતી પાક ઉગાડવાથી અથવા પિયતનાં સાધનો ઊભાં કરવાથી અગર વિદ્યમાન સાધનોમાં સુધારો કરવાથી પાકમાંથી મળતાં નાણાંમાં વધારો થાય છે. આવા પ્રકારે ઓછી કિંમતવાળા પાકને બદલે શેરડી જેવા કીમતી પાકનું ઉત્પાદન લઇ શકાશે. એકરદીઠ ₹ ૩૦/- ની કિંમતના પાકને બદલે ₹ ૨૦૦/- ની કિંમતનો પાક લઇ શકાય છે. આમ વ્યક્તિગત રીતે ખેડૂતને મોટો ફાયદો થાય છે, ઉપરાંત સામાન્યપણે લોકોને પણ ફાયદો થાય છે. આ આશયથી સરકારે વધુ ને વધુ કૂવાઓ ખોદવામાં ખેડૂતોને પ્રોત્સાહન આપવા બનતું બધું કરવું જોઇએ. લોકોને પિયતનાં બીજાં સાધનો ઊભાં કરવા પણ પ્રોત્સાહન આપવું જોઇએ.

**વાહતુક ખર્ચ ઘટાડો**

(૧૯) હવે ખૂબ મોટા જથ્થામાં થતી ખેતીની પેદાશનો માલ બજારપીઠમાં વેચાણ સારુ લઇ જવો પડે છે. આ માલની હેરફેર માટે વ્યક્તિગત કિસ્સામાં ભલે ઓછો ખર્ચ થતો હોય પણ બધા માલનો વિચાર કરીએ તો આ ખર્ચ ખૂબ મોટો થાય છે. આ ઉપરથી સમજી શકાશે કે આ હેરફેરનું ખર્ચ ઓછું થાય તેવાં પગલાં લેવાય તો ખેડૂત સમુદાયને ખૂબ ફાયદો થવાનો છે. સરકારે હેરફેરની સરળતા માટે જુદી જુદી સ્થાનિક જરૂરિયાતો અને પ્રાપ્ત સાધનોનો વિચાર કરી, જુદા જુદા પ્રકારના રસ્તાઓ બાંધવા જોઇએ. જ્યાં જ્યાં અનુકૂળતા હોય ત્યાં ત્યાં રેલવેના પાટા નાંખવા જોઇએ. એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ખેતીની પેદાશ મજૂરના માથા ઉપર લઇ જવાય તો હેરફેરનો ખર્ચ ખૂબ વધે છે. બળદ ઉપર લાદીને લઇ જવામાં તેના કરતાં ઓછો ખર્ચ આવે છે. ગાડામાં ભરી વિશેષતઃ પાકા રસ્તા ઉપર લઇ જવાય, ત્યારે હેરફેરનો ખર્ચ તેના કરતાં ઓછો થાય છે અને જો આ જ પેદાશની હેરફેર રેલવેમાર્ગે થાય તો એ સૌથી સોંઘું પડે છે.

**પડતર જમીન ખેડૂતોને**

(૨૦) રાજ્યમાંની જમીનની પેદાશ વધારવા માટે એક બીજો ઉપાય છે. રાજ્યના ખેડૂતોને સરકારની માલિકીની પડતર જમીન ખેડવા મળે તે માટે નિયમો કરવા જોઇએ. સરળ શરતો ઉપર અને સલામત સત્તાપ્રકારથી આવી જમીન ખેડૂતોને આપવી જોઇએ.

**ઉદ્યોગોને પ્રોત્સાહન**

(૨૧) જમીન સિવાય સંપત્તિનાં બીજાં સાધનો છે. તેમાં ઉદ્યોગ એક અતિ મહત્ત્વનું સાધન છે. વળી, કારખાનાંઓને કારણે વસ્તીના એક વિભાગને નિર્વાહનું સાધન સાંપડે છે. એટલે બધા કાયદેસર માર્ગો વડે ઉદ્યોગોની સ્થાપનાને ઉત્તેજન આપવું જોઇએ. લોકવસ્તીમાં વધારો થતો જ રહેવાથી આ વાત બહુ મહત્ત્વની બને છે. સમગ્ર વસ્તીને કામધંધો આપી શકે એટલી જમીન આપણી પાસે નથી તે હકીકત છે. લોકવસ્તીના જે વિભાગને ખેડવાની જમીન મળતી નથી, તેમને કારખાનાંઓનો આધાર હોવો જરૂરી છે. આ ઉપરથી સમજી શકાય છે કે, સરકારે રાજ્યમાંના ઉદ્યોગો ઉપર વેરો નાંખવો જોઇએ નહિ. કદાચ સરકારને થોડા પ્રમાણમાં વેરો નાંખવો પડે તો પણ તે ખરેખર હળવો હોવો જોઇએ. એ એટલો માફકસરનો હોવો જોઇએ કે ઉત્પાદન ઉપર મોટા પ્રમાણમાં દબાણ કે અંકુશ આવે નહિ.

**કાચા માલ-મશીનરી ઉપર વેરો નહિ**

(૨૨) આ સિવાય સરકારને રાજ્યના ઉદ્યોગો આગળ લાવવા હોય તો તેમાં જે કાચો માલ વપરાય છે, તેના ઉપર પણ તેણે વેરો નાંખવો જોઇએ નહિ. કારણ, કાચામાલ ઉપર વેરો નાંખવાને પરિણામે ઉત્પાદન ઉપર આડકતરો બોજો પડે છે. તે જ પ્રમાણે રાજ્યમાં વધુ ને વધુ ઉદ્યોગો થાય તે દૃષ્ટિએ કારખાનાંઓમાં જે યંત્રસામગ્રીનો ઉપયોગ થાય છે, તેના ઉપર પણ સરકારે વેરો નાંખવો જોઇએ નહિ. આ યંત્રો ચલાવવા માટે કોલસાની જરૂર પડે છે. એટલે કોલસા ઉપર પણ વેરો નાંખવો જોઇએ નહિ. વિશેષતઃ કાંતણ અને વણાટની મિલો સંબંધમાં હું આ વાત કરું છું. કારણ, આવા પ્રકારની મિલો આ પ્રદેશમાં દાખલ કરવાની શક્યતા છે.

**નફાકારક વ્યવસાયમાં અવરોધ નહિ**

(૨૩) લોકો પોતાની મેળે રોજગારી મેળવી શકે તે નજરે સરકારે બનતી બધી સવલતો આપવી જોઇએ. એ તરફ હું નિર્દેશ કરું છું. ઉદરનિર્વાહ માટે લોકો પાસે સાધન હોવું જોઇએ. સંપત્તિ મેળવવા કોઇ માર્ગ હોવો જોઇએ. સરકારે આ દિશામાં સવલતો આપવાની છે. આ સંબંધે હું એક વધારાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને બોલું છું. તે સિદ્ધાંત એવો છે કે



લોકો પોતે થઇને જે કોઇ ધંધો, વ્યવસાય કરે તેવા કોઇપણ ધંધામાં સામાન્ય પરિસ્થિતિમાં સરકારે પડવું નહિ. સરકાર આવો કોઇ કામધંધો હાથ ઉપર લે તો લોકોના હાથમાંનો કામધંધો છીનવાઇ જાય છે અને આવા ધંધામાંથી તેમને મળતો નફો પણ ઝૂંટવાઇ જાય છે. હકીકતમાં લોકો પાસેથી નિર્વાહનું સાધન જ ઝૂંટવી લેવા જેવું આ કામ છે. આ વધુ સ્પષ્ટ કરવા માટે હું એક દાખલો આપું . માની લો કે, સરકાર લોકોને વ્યાજ ઉપર નાણાં ધીરવાનું કામ હાથ ઉપર લે છે. બીજા શબ્દોમાં કહું, તો સરકાર શાહુકારનો વ્યવસાય અપનાવે છે. સરકાર આવું કરે તો એ દેખીતું છે કે સરકાર, કેટલાક શાહુકારોના હાથમાંથી તેમના ગુજરાનનું સાધન ઝૂંટવી લે છે.

**વેપારનું સરકારીકરણ નહિ**

(૨૪) આ જ હકીકત ધ્યાનમાં લઇ લોકો ખાનગીમાં ચલાવે છે, એવો ઉદ્યોગ સરકારે હાથ ધરવો નહિ. કેટલાંક દેશી સંસ્થાનોનાં રાજવીઓ લોભી અને નાસમજ છે. તેઓએ લોકોના ઉપર છોડી દઇ શકાય એવા ઘણા રોજગાર ધંધા શરૂ કર્યા છે. આપણે જે વિચાર કરી રહ્યા છીએ તેની સાવ વિરુદ્ધનું આ કામ થાય છે. આવા રાજવીઓને રોજગારીનાં સામાન્ય સાધનો ઊભાં કરવાથી વધુ નાણાં જરૂર મળે છે, પરંતુ તે તેમની પ્રજાના ભોગે જ મળે છે.

**સાર**

(૨૫) અત્યારસુધી કહ્યું તેનો સારાંશ જોઇએ. લોકો પોતે થઇ ગુજરાનનાં સાધનો ઊભાં કરે અને રાજ્યમાં સંપત્તિનું સર્જન કરે એવી વૃત્તિ લોકોમાં વધારવા માટે નીચની મુખ્ય શરતોનું પાલન કરવું જોઇએ :

(૧) જાન, જાત, સ્વતંત્રતા અને મિલકતની સલામતી જાળવવી જોઇએ.

(૨) લોકોને તેમની સંપત્તિનો મુક્તપણે ઉપભોગ કરવા દેવો જોઇએ.

(૩) સંપત્તિ મેળવવાનું મુખ્ય સાધન જમીન હોવાથી સરકારે જમીન ઉપર હળવો કર નાંખવો જોઇએ.

(૪) જમીન ઉપરના કબજા ભોગવટાનો સત્તાપ્રકાર સલામત હોવો જોઇએ.

(૫) ખેડૂતોએ તેમના શ્રમ અને તેમની મૂડીના ભોગે કરેલી જમીન સુધારણા ઉપર સરકારે અમુક વખત સુધી કોઇ વેરો નાંખવો જોઇએ નહિ.

(૬) જમીનના વહીવટમાં રૈયતવારી પદ્ધતિ ઉત્તમ છે અને ઇજારદારો નીમીને જમીન મહેસૂલ વસૂલ કરવા દેવાની પદ્ધતિ બહુ જ વિનાશક છે.

(૭) ભાગબટાઇ પદ્ધતિ વડોદરા જેવાં મોટાં સંસ્થાનો માટે ખરાબ પદ્ધતિ છે.

(૮) જમીનની માપણી અને ફેરઆકારણી નિયમાનુસાર કરવી જોઇએ.

(૯) ગાદી નજરાણાં, વગેરે જેવા આપખુદ વેરાઓ નાંખવા જોઇએ નહિ.

(૧૦) પૂજારી, કર્મકાંડી વગેરેને હળ ઉપર લાગા નાંખવાનો અધિકાર બક્ષિસ તરીકે આપવો નહિ.

(૧૧) ખેત-પેદાશની નિકાસ ઉપર વેરો નાંખવો નહિ. કમમાંકમ આવા વેરા ખૂબ જ હળવા હોવા જોઇએ.

(૧૨) લોકોના પોષણ માટે જરૂરી એવા અનાજ ઉપર જરાપણ વેરો નાંખવો જોઇએ નહિ.

(૧૩) સારી ખેડ, સારું ખાતર, નીંદણ વગેરે માટે ખેડૂતોને વધુ સગવડો મળે તે પ્રમાણે કરવું.

(૧૪) કૂવાઓ ખોદવા અને પિયતનાં અન્ય સાધનો ઊભાં કરવા પ્રોત્સાહન આપવું.

(૧૫) પેદાશની હેરફેરનો ખર્ચ ઓછો કરવા માટે રસ્તાઓ બાંધવા અગર રેલવેનાં સાધનો ઊભાં કરવાં.

(૧૬) રાજ્યમાંના ખેડૂતોને ખેડવા માટે સરકારે પડતર જમીન સરળ શરતે અને સલામત સત્તા-પ્રકારથી આપવી.



(૧૭) ઉદ્યોગોની સ્થાપના માટે ઉત્તેજન આપવું.

(૧૮) રાજ્યના ઉદ્યોગો ઉપર કોઇ વેરો નાંખવો નહિ. જો નાંખવો જ પડે તો તે ખરેખર બહુ હળવો હોવો જોઇએ.

(૧૯) ઉદ્યોગોમાં જે કાચામાલની જરૂર પડે તેના ઉપર પણ વેરો નાંખવો જોઇએ નહિ.

(૨૦) ઉદ્યોગોમાં જરૂરી એવા કોલસા અને યંત્રસામગ્રી વગેરે ઉપર પણ વેરો નાંખવો નહિ.

(૨૧) સરકારે ખાનગી વ્યક્તિઓ કરી શકે એવો કામધંધો અગર વેપાર હાથ ધરવો નહિ. આવા કોઇક કિસ્સામાં સરકારની પહેલ વગર તે વ્યવસાય કરવા કોઇ આગળ આવી શકે તેમ ના હોય ત્યાં જ સરકારે થોડા વખત માટે આવો વ્યવસાય કરવા આગળ આવવું.

**વહીવટી તંત્રનું કાર્ય**

(૨૬) ઉપરની યાદી સંપૂર્ણ નથી. પરંતુ તેથી સામાન્યપણે શું ધોરણ રાખવું જોઇએ, અને આવું ધોરણ રાખવા પાછળ ક્યાં કારણો છે, તેનો નિર્દેશ જરૂર થશે. આપણે જે બાબતનો અત્યારસુધી અભ્યાસ કરેલો છે, તે ઉપરથી બીજા પણ ઘણા ઉપાયો એની મેળે સૂઝશે. આપણે આ વિશાળ સિદ્ધાંતો સમજીશું, તો ભવિષ્યમાં વિચારણા માટે આવનારા કોઇપણ નવાં પગલાંના ગુણદોષ બાબત ચર્ચા કરવી બહુ સહેલી થઇ પડશે. વિદ્યમાન વહીવટે આ સામાન્ય સિદ્ધાંતોને પોતાની નજર આગળ રાખ્યા છે અને એમાંથી ઘણાં સિદ્ધાંતો અનુસાર થોડેવત્તે અંશે કામ પણ કર્યું છે. છતાં આ દિશામાં હજુ ઘણું બધું હાંસલ કરવાનું બાકી છે.

# પ્રકરણ-૩૨

## જાહેર બાંધકામ ખાતું

બુધવાર, ૧૩મી જુલાઈ, ૧૮૮૧

**ખાતાનું અવલોકન**

(૧) જાહેર બાંધકામ ખાતા અંગે મારા કેટલાંક અવલોકનો હું આપ મહારાજા સાહેબ આગળ સાદર કરીશ. આ ખાતાનો લોકોના કલ્યાણ સાથે ઘણો બધો સંબંધ છે.

**નિષ્ણાત ઇજનેર ખાતાના વડા**

(૨) જાહેર બાંધકામો જેવાં કે રાજમહેલ, જેલ, નિશાળો, રુગ્ણાલયો, દવાખાનાંઓ, લશ્કરી દળ માટેની ઇમારતો, રસ્તાઓ વગેરેનું બાંધકામ અને દુરસ્તીનું કામ આ ખાતું કરે છે, એટલે એ જરૂરી છે કે આ ખાતાના વડા તરીકે કોઇ નિષ્ણાત એન્જિનિયર હોવા જોઇએ.

**ઉપયોગી જાહેર સેવા**

(૩) આ ખાતું મહત્ત્વનું ખર્ચ કરતું ખાતું છે. પ્રત્યેક વર્ષમાં લાખ્ખો રૂપિયાનું ખર્ચ આ ખાતું કરે છે. બદલામાં ઉપર કહેલાં જાહેર બાંધકામો અંગેની કામગીરી બજાવે છે. રાજ્યની જરૂરિયાત પ્રમાણે અને સરકારી આવકમાંથી ફાજલ પડી શકે તેટલા પ્રમાણમાં નાણાં ખર્ચે છે. વડોદરા જેવા સંસ્થાનને જાહેર બાંધકામ ખાતા વગર ચાલે જ નહિ; કારણ કે અહીંયા ઘણાં કીમતી જાહેર બાંધકામો છે, જેની જાળવણી અને મરામત ન કરવામાં આવે તો તે ઇમારતનો વહેલા-મોડો નાશ થવા સંભવ છે, વળી નવા પુલો બાંધવાના હોય છે. બીજું પણ ઘણું કામ કરવાનું હોય છે.

**શરૂઆતમાં વિભાગ નહોતો**

(૪) જ્યારે વિદ્યમાન વહીવટકારોએ કામ કરવાની શરૂઆત કરી ત્યારે અમોને દેખાયું કે જરૂરી મહત્ત્વનાં જાહેર બાંધકામો હતાં જ નહિ. દીવાન સાહેબ માટે કચેરી પણ ન હતી. રાજ્યના વિભાગોના વડાઓ માટે પણ કચેરીઓ ન હતી. કોર્ટો માટે ઇમારતો ન હતી. જેને જેલ કહી શકાય તેવું કાંઇ ન હતું. નિશાળોની



ઇમારતો ન હતી. ન તો દવાખાનાં કે રુગ્ણાલયો હતાં. જે કાંઇ હતાં તે અપૂરતાં હતાં અને તેમાં ઘણું બધું કરવાનું બાકી હતું. રસ્તાઓનો તો પૂર્ણ અભાવ હતો. મને ખબર નથી કે કેટલાં વર્ષોથી આ ચાલતું આવ્યું હતું. સુચારુ શાસન માટે જરૂરી એવાં જાહેર બાંધકામો તરફ તદ્દન બેદરકારી સેવાયેલી. અનેક ગંભીર મુશ્કેલીઓનો અમારે સામનો કરવો પડેલો. એટલે અમોએ જાહેર બાંધકામ ખાતું શરૂ કર્યું અને તે કામ કરતું થયું છે. ઘણાં જાહેર બાંધકામો પૂરાં થયાં છે. ઘણાં ચાલુ છે અને કેટલાંક વિચારણા હેઠળ છે. આપણા વહીવટી અહેવાલમાંથી તેની વિગતો જાણવા મળી શકશે.

**સામાન્ય નિયમો**

(૫) આ મહત્ત્વના ખાતા સંબંધે જે કેટલાક સામાન્ય સિદ્ધાંતો નજર આગળ રાખવા જોઇએ, તે હવે હું આપ મહારાજા સાહેબ આગળ રજૂ કરું છું.

**તાલીમ પામેલ અધિકારી**

(ક) આ મહત્ત્વના ખાતા માટે વ્યવસાયી તાલીમ લીધેલા, લાયકાત ધરાવતા વડાની હંમેશા જરૂર રહેશે. આમ તો દરેક મહત્ત્વના ખાતા માટે આવી જરૂરિયાત છે. જૂના ઇમારત કારખાનાના ગુલામઅલી જેવા માણસો હવે ચાલશે નહી.

**હિસાબ અને અન્વેષણ વિભાગ**

(ખ) જાહેર બાંધકામ ખાતામાં એક સારો હિસાબ અને અન્વેષણનો વિભાગ હોવો જોઇએ, જે ખર્ચાતા એક એક રૂપિયાની નોંધ કરશે અને દરેક ખર્ચ ઉપર દેખરેખ રાખશે. આ ખાતાને જરૂરી નાણાં સહેલાઇથી પૂરાં પાડવાં જોઇએ. આ બાબતમાં જો કરકસરના નામે નાણાં ફાળવવાનું ચૂકાશે, તો તે ખોટું થશે.

**ઉત્તમ સ્થપતિ**

(ગ) કોઇ મોટી, ખર્ચાળ અને ભવ્ય ઇમારત ઊભી કરવાનો સંગ આવે, ખાસ કરીને રાજધાનીમાં, ત્યારે આલેખન અને નકશા બનાવવા માટે સારામાં સારા ઉપલબ્ધ એવા સ્થપતિની નિયુક્તિ કરવી જોઇએ. આ અત્યંત મહત્ત્વનું છે.

આવી જો સાવચેતી લેવામાં ન આવે તો લાખો રૂપિયાનું નુકસાન થશે. ખરેખર નુકસાન કરતાં પણ વધુ ખરાબ વાત તો એ છે કે, આવો સારો સ્થપતિ ન હોય તો કદરૂપાં, ઢંગધડા વગરનાં મકાનો ઊભાં થશે અને આવાં મકાનો બાંધનારની બેવકૂફીનાં જાણે કે સ્મારક જ ન હોય તેવી સ્થિતિ પેદા થશે.

**આંધળું અનુકરણ નહિ**

(ઘ) આવાં મકાનો માટે યુરોપની ઢબ પસંદ કરવી જોઇએ નહિ. યુરોપની ઢબ યુરોપ માટે ઉત્તમ છે. હિન્દુસ્તાનમાં, હિન્દુસ્તાનને અનુકૂળ હોય એવી સારી ઢબ સ્વીકારવી જોઇએ. હિન્દુસ્તાનમાં વર્ષોથી જે ઢબ ચાલતી આવેલ છે, તે જ આપણા માટે સારી. આ સંબંધમાં આપણે હમણાં જે રીત કેટલાંક બાંધકામો માટે અખત્યાર કરી છે, તે સારી છે. નવો રાજમહેલ, નવી કોલેજની ઇમારત, જમનાબાઇ દવાખાનું વગેરે ઇમારતો આ માટે સારા દાખલારૂપ છે. ભવિષ્ય માટે આ દાખલાઓ મુજબ કામ કરવું જોઇએ.

**નકશા-અંદાજો અગાઉથી**

(ચ) એક નિયમ તરીકે કોઇ પણ જાહેર બાંધકામ, નકશા અને અંદાજી ખર્ચ નક્કી કર્યા વગર કરવું નહિ. આ નકશો અને અંદાજી ખર્ચ પ્રથમથી જ તૈયાર રાખવાં જોઇએ અને સરકાર પાસે મંજૂરી માટે સાદર કરવાં જોઇએ. જે કોઇ જાહેર બાંધકામ હાથ ઉપર લેવામાં આવે તેનું કામ આ પદ્ધતિથી જ થવું જોઇએ. થનારું બાંધકામ મજબૂત હોવું જોઇએ. ખૂબ ટકાઉ હોવું જોઇએ. ભવિષ્યની પેઢીની નજરમાં તેને માટે સારી છાપ પડે તેવું નવું બાંધકામ હોવું જોઇએ. આ કામ એવું હોવું જોઇએ કે, ભવિષ્યની પેઢી તેની કદર કરે. આ મહાન હેતુ સિદ્ધ કરવા મહેનત અને ખર્ચની બાબતમાં કોઇ કચાશ રાખવી નહિ.

**કોન્ટ્રાક્ટ દ્વારા કામ**

(છ) બને ત્યાં સુધી આવાં કામો કોન્ટ્રાક્ટથી કરાવી લેવાં જોઇએ. કોન્ટ્રાક્ટ પદ્ધતિમાં ઘણા ફાયદાઓ હોય છે. ખાતાની રૂએ કામ કરવાની પદ્ધતિમાં એટલા ફાયદા નથી.



**સ્થાનિક મજૂરોને પસંદગી**

(જ) શક્ય હોય ત્યાં સુધી જાહેર બાંધકામો મજૂરો અને કારીગરોને આજીવિકા આપવામાં ઉપયોગી થવાં જોઇએ. બહારના માણસો કરતાં સ્થાનિક માણસોને પસંદગી આપવી. વિદેશી માલસામાન મંગાવવાને બદલે સ્થાનિક માલસામાનનો ઉપયોગ કરવો જોઇએ.

**જરૂરી સમારકામ**

(ઝ) ઇમારતો, પુલો, રસ્તા, વગેરેની જરૂરી મરામત કરવામાં જે કાંઇ ખર્ચ થાય તેની પરવા કરવી નહિ. મહારાજા સાહેબ જાહેર ઇમારતોમાં ભલે ઉમેરો ન કરે, પરંતુ તેમને જે ભૂતકાળના વારસામાં બાંધકામો મળેલાં છે તેની જાળવણી તો ઓછામાં ઓછી કરવી જોઇએ. મરામત ન થાય તો જાહેર ઇમારતો બિસ્માર હાલતમાં રહે છે, અને આવી ઇમારતો સરકારને બેઆબરૂ કરે છે.

**સમારકામ માટે કાયમી મંજૂરી**

(ટ) જ્યાં જ્યાં મરામત માટેનાં વાર્ષિક ખર્ચમાં ઝાઝો તફાવત ન પડવાનો હોય ત્યાં મરામત માટે ખર્ચ કરવા સ્થાયી અને કાયમી સ્વરૂપની પરવાનગી આપી દેવી. આમ કરવાથી વખત અને શ્રમનો બચાવ થશે અને જે તે મરામત યોગ્ય વખતમાં થઇ જશે. દાખલા તરીકે વડોદરા શહેરથી રેસિડેન્સી કેમ્પ સુધીના અને વડોદરા શહેરથી મકરપુરા સુધીના માર્ગ માટે આવી સ્થાયી પરવાનગી આપી દેવી.

**મૂળ યોજનામાં ફેરફાર નહિ**

(ઠ) મોટી અને કીમતી ઇમારતો યોજનાબદ્ધ આલેખન કરીને વિશિષ્ટ ઢબથી બાંધવામાં આવેલી હોય છે, તે ઇમારતોનું મરામત કામ કરવાનું હોય કે તેમાં સુધારો-વધારો કરવાનો હોય ત્યારે ધારાધોરણ વગર કામ કરવું નહિ. જૂનું આલેખન અને જૂની ઢબની રચનાને માઠી અસર ન થાય તેની ખાસ કાળજી લેવી. દેશી સંસ્થાનોમાં આ બાબતે સતત ભૂલો થતી આવી છે.

**જાહેર બાંધકામો પર ખાસ ધ્યાન**

(૬) કચેરીઓ, અદાલતોનાં મકાનો, જેલ, નિશાળો વગેરે જાહેર બાંધકામો કોઇ પણ શિષ્ટ શાસનમાં ખરેખર જરૂરી છે, પરંતુ આ બધાં બાંધકામો કોઇ ઊપજ વધારનારાં નથી. આ એવાં કામો નથી કે જે પૂરાં કર્યા પછી લોકોની સંપત્તિમાં પ્રત્યક્ષ કોઇ વધારો થશે. છતાં તે કામો અત્યંત મહત્ત્વનાં છે અને તેના ઉપર ખાસ ધ્યાન આપવું યોગ્ય થશે.

**ઉપજાઉ કામોને પ્રોત્સાહન**

(૭) કચેરી બાંધવી એ કોઇ ઉપજાઉ કામ નથી. તેનાથી રાજ્યની સંપત્તિમાં વધારો-ઘટાડો થતો નથી કે બચત થતી નથી. સિંચાઇનું કામ એ ઉપજાઉ બાંધકામ છે. કારણ તેને લીધે જમીનને સિંચાઇની સગવડ પ્રાપ્ત થાય છે અને પરિણામે પાકની પેદાશ વધે છે. મારી નજરે રસ્તાનું બાંધકામ પણ એક ઉપજાઉ કામ જ ગણાય. કારણ કે, રસ્તાને કારણે ચીજ-વસ્તુઓની હેરફેરના ખર્ચમાં ઘટાડો થાય છે અને બચત થાય છે. એટલે સંપત્તિમાં વધારો કરનારાં જાહેર બાંધકામો નિષ્ઠાથી હાથ ઉપર લેવાં જોઇએ. આવું કામ જેટલું વધારે હાથ ઉપર લેવામાં આવશે તેટલું રાજ્ય માટે વધુ સારું. હવે ગાયકવાડ મહારાજા સાહેબને બીજો કોઇ મુલક જીતવાનો નથી, પરંતુ પોતાના કબજામાંના દેશનું મૂલ્ય વધારવાની કામગીરી કરવાનું તેમના અધિકારમાં જ છે. સંપત્તિમાં વધારો કરનાર જાહેર બાંધકામોથી આવી રીતે સંપત્તિ વધારી શકાય જ છે.

**કૂવા અને રસ્તા વધારો**

(૮) આપણા આ દેશમાં સિંચાઇ માટેના કૂવાઓની સંખ્યામાં વધારો કરવાનું અને ઉપયોગી રસ્તાની સંખ્યામાં વધારો કરવાનું એક મુખ્ય કામ કરવાનું છે.

**મોસમી રસ્તા**

(૯) માઇલદીઠ ઓછો ખર્ચ આવે એવા, ખુલ્લી મોસમમાં કામ આપે તેવા સંખ્યાબંધ રસ્તાઓ બનાવવા જોઇએ, એટલે ચોમાસા સિવાયની ઋતુમાં બળદ ગાડીઓ, માણસો અને ચીજવસ્તુઓની હેરફેર થઇ શકશે.



**મેટલ રસ્તા ઓછા**

(૧૦) ગુજરાતની માટી એવી છે કે પાકા રસ્તાઓ કરતાં ભારે ખર્ચ કરવો પડે છે. કારણ, રસ્તા માટેના જરૂરી પથ્થરો લાંબા અંતરથી લાવવા પડે છે. તેથી ખર્ચો વધે છે. આ રસ્તા ઉપર દર વર્ષે મરામત કરવી પડે છે. તેનો પણ ખર્ચ ભારે હોય છે. એટલે આવા રસ્તા બનાવવા બાબત ખૂબ કસર રાખવી. પાકા રસ્તા બનાવવા મોટો ખર્ચ કરવાનું જ્યાં વાજબી હોય અને તેનું સમર્થન કરી શકાય એમ હોય ત્યાં જ પાકા રસ્તા બનાવવા.

**રેલ-રસ્તો ઉત્તમ**

(૧૧) આજે ડભોઇ કસબો, વડોદરા શહેર, બહાદરપુર, ચાંદોદ અને મિંયાગામ સાથે રેલ રસ્તાથી જોડાયો છે. આવા નાના રેલ રસ્તાઓ અવરજવર અને હેરફેર અને વાહનવ્યવહાર માટે ઉત્તમ માર્ગ છે. પાકા રસ્તા બાંધવા કરતાં તે ખરેખર સોંઘો માર્ગ છે અને વળી તેમાં ખૂબ જ સગવડો પણ છે. પાકા રસ્તા કરતાં આવા રેલ માર્ગના અનેક ફાયદાઓ છે. તેને ટૂંકમાં નીચે ગણાવીશ.

(૧) રેલ માર્ગ તૈયાર કરવા પાછળનો ખર્ચ અને તેનો મરામત ખર્ચ પ્રમાણમાં ઓછો આવે છે.

(૨) માલની હેરફેર કે ઉતારુઓને લઇ જવા-લાવવાના દર નિયત અને સ્પષ્ટ હોય છે.

(૩) પ્રવાસ વધુ સગવડભર્યો અને વધુ સુરક્ષિત હોય છે.

(૪) હવામાનની સ્થિતિ ગમે તે હોય, બધી ઋતુઓમાં પ્રવાસ શકાય છે.

(૫) રેલમાર્ગ ઉપર રોકેલી મૂડીનો રેલ દરોના રૂપમાં બદલો મળે છે. પાકા રસ્તા ઉપર કરેલા ખર્ચનો કોઈ બદલો મળતો નથી.

**રેલવે વધારો**

(૧૨) એટલે વડોદરા રાજ્યે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં આવા પ્રકારના રેલવે માર્ગોની સંખ્યા વધારવી જોઇએ.

**તળાવોનું સમારકામ**

(૧૩) હિન્દુસ્તાનમાં સામાન્યપણે અને ગુજરાતમાં વિશેષતઃ લોકો માટે જળાશયો અને તળાવો ખૂબ ઉપયોગી છે. પાણીનો સંગ્રહ કરતાં આવાં જળાશયો સારી હાલતમાં રહે તે જોવાની બાંધકામ ખાતાએ કામગીરી કરવી જોઈએ.

**જમીન સુધારણાં**

(૧૪) આ ખાતાએ કાદવાળ નકામી થયેલી જમીનના મોટા વિસ્તારને નવસાધ્ય કરવાની કામગીરી કરવી જોઈએ. જ્યાં શક્ય હોય અને વાજબી ખર્ચ કરીને થતું હોય તો જ આ કામ કરવું.

**મંદિરો તરફ ધ્યાન**

(૧૫) મંદિરો, ધર્મશાળા અને એવી જ બીજી સાર્વજનિક ઈમારતોની મરામતની બાકી જવાબદારી સરકારની હોય તો તે તરફ પણ યોગ્ય ધ્યાન આપવું.

**મહેસૂલની બચતનો વિનિયોગ**

(૧૬) સમાપનમાં મને કહેવા દો, (જો કે કદાચ આવું કહેવાની જરૂર પણ ના હોય) કે રાજમહેલમાં આજે મોટા પ્રમાણમાં ઝવેરાત છે. તેમાં ઉમેરો કરવા કરતાં આવી ઉપયોગી જાહેર ઇમારતો પર સરકારી આવકમાંથી ફાજલ પડતાં નાણાં ખર્ચ કરવા નિઃશંક વધારે સારું છે. આપની પાસે અંગત ઉપયોગ માટે ખૂબ આભૂષણો છે. રાજ્યની પ્રજા માટે જાહેર ઇમારતો જ મહારાજા સાહેબનું નામ અમર કરશે અને એમને માટે ખ્યાતિ લાવશે.

**સિંચાઇ યોજના વિષે બર્ક**

(૧૭) ઈંગ્લેન્ડના રાજા ત્રીજા જ્યોર્જના વખતમાં એડમંડબર્ક નામના એક મહાન વક્તા થઇ ગયા. મેં જે વિષય અંગે હમણાં જ કહ્યું તેને લગતો એક અર્થપૂર્ણ પરિચ્છેદ તે મહાન વક્તાના પુસ્તકમાંથી વાંચવા માંગું છું. દુનિયાદારીના વ્યવહારમાં વેશ કરવાના ટાણે મારી યુવાનીમાં મેં આ પરિચ્છેદ વાંચ્યો હતો, પરંતુ આજે પણ મને તે સ્પષ્ટપણે યાદ આવે છે. મદ્રાસ પ્રાન્તના એક ભાગમાંનાં સિંચાઇનાં કામ અંગે બોલતાં બર્ક સાહેબે કહ્યું :-



''આ કામો પ્રજાના પિતા તરીકે વર્તેલા સાચા રાજાઓના સ્મારક તરીકે ઊભાં થયાં છે. તે રાજાઓએ અપનાવેલી આ કામગીરીથી ભાવિ પેઢીને માટે તેઓ જાણે આ વસિયતનામું મૂકી ગયા છે. મહત્ત્વાકાંક્ષી માણસોએ બાંધેલી આ મહાન સમાધિઓ છે. આ મહત્ત્વાકાંક્ષા પણ કેવી? લોકોનું કલ્યાણ કરવાની અદમ્ય ઇચ્છાવાળા રાજાઓની તે મહત્ત્વાકાંક્ષા હતી. તે રાજાઓને લોકોની સુખાકારી વધારવા માટે માનવજીવન ખૂબ ટૂંકુ લાગ્યું હતું. ટૂંકા સમયમાં કરેલી આ કામગીરીથી તેમને સંતોષ ન હતો. આવા રાજાઓની તે મહત્ત્વાકાંક્ષા હતી. તે રાજાઓનું ચપળ મન લોકોની સુખાકારી માટે સતત ઝંખતું અને યોજના કરતું હતું. કારણ, તેમને કુદરતી સીમાની પેલી પારની સમૃદ્ધિ લોકો માટે હાંસલ કરવાની ઇચ્છા હતી, તે માટે તેમણે સતત પરિશ્રમ કર્યો હતો. પેઢીઓની પેઢીઓ સુધી આવા રાજાઓની કીર્તિ અમર થઇ ગઇ. તેઓ મનુષ્ય જાતિના ખરેખર પાલક પિતા, માતા અને પોષણકર્તા હતા.''

# પ્રકરણ-33

# કેળવણી

બુધવાર, ૨૦મી જુલાઈ, ૧૮૮૧

**બૌદ્ધિક અને નૈતિક વિકાસ**

(૧) લોકોની સુખાકારી વધારવાની સરકારની સર્વ પ્રથમ ફરજ છે, એવી વાતથી આપણે શરૂઆત કરી. આ સુખાકારી વધારવા અનેક ઉપાયો યોજવા સંબંધે આપણે વિચારણા કરતા આવ્યા છીએ. લોકોનાં ભૌતિક સુખો અંગે મુખ્યત્વે આપણે વિચાર કરતા આવ્યા છીએ, હવે લોકોના બૌદ્ધિક અને નૈતિક વિકાસ અંગે વાત કરવાનો સમય આવ્યો છે. આપણી સરકારની આ એક મહત્ત્વની ફરજ છે. આ ફરજ પાછળ ભાવના સ્વયંસ્પષ્ટ છે. મહારાજા સાહેબ, પ્રજાના પિતા છે અને પિતાની ઇચ્છા પોતાનાં સંતાનોને ફક્ત સ્વસ્થ અને સુખી રાખવા પૂરતી મર્યાદિત હોતી નથી. તેમને શાણા કરવાની પણ તેમની ઇચ્છા હોય છે.

**શાસનનો સક્રિય પાઠ**

(૨) પ્રજાના શિક્ષણના ક્ષેત્રે સક્રિય અને આગળ પડતો ભાગ લેવાની રાજ્યની ફરજ દેખીતી છે. કમમાંકમ હિન્દુસ્તાનમાં આની આવશ્યકતા છે. લોક-શિક્ષણ ક્ષેત્રમાં રાજ્ય કાંઇ ના કરે તો લોકો પોતે કાંઇ ઝાઝું કરી શકશે નહિ.

**સુધારા**

(૩) આપ મહારાજા સાહેબની સગીર અવસ્થામાં છેલ્લાં છ વર્ષમાં વિદ્યમાન વહીવટી તંત્રે સરકારની આ મહાન ફરજ અદા કરવાની દિશામાં કયાં કયાં પગલાં લીધાં છે તેની માહિતી છાપીને સિદ્ધ કરેલા વાર્ષિક અહેવાલોમાંથી ભેગી કરી શકાશે. આ દિશામાં અત્યાર સુધી થયેલી પ્રગતિને મહારાજા સાહેબે જાળવી રાખવા ઉપરાંત તેમાં સારો એવો વધારો પણ કરવો પડશે.

**સામાન્ય સિદ્ધાંત**

(૪) રાજ્યના શિક્ષણ વિભાગને લાગે વળગે છે, તેવા કેટલાક સામાન્ય સિદ્ધાંતો અંગે હું હવે મહારાજા સાહેબ સમક્ષ વાત મૂકીશ.



**અંગ્રેજી શિક્ષણ**

(૧) ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવનાર વ્યક્તિઓ માટે અંગ્રેજી ભાષાના માધ્યમ વડે ઉચ્ચ શિક્ષણ સહેલાઇથી મળે તેવી વ્યવસ્થા થવી જોઇએ. અંગ્રેજી માધ્યમ વડે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારાઓ સંભવતઃ લોકસમૂહના માહિતગાર અને બુદ્ધિમાન લોકો તરીકે તરી આવશે. આવા લોકો રાજ્યના વિકાસમાં અસરકારક પ્રગતિ કરશે. અજ્ઞાન અને વહેમના કારણે થતી ભૂલોને સુધારવા તે અગ્રિમ ભાગ ભજવશે. ભદ્ર સમાજમાંનાં જે તત્ત્વોનો મેં નિર્દેશ કર્યો છે, તેવાં તત્ત્વો સાંપ્રત હિન્દુસ્તાનના સમાજમાં ના હોય તો સર્વત્ર જડતા આવશે, એમ હું માનું છું. ખરેખર આજ મારી દૃઢ માન્યતા છે.

**રાજધાનીમાં શાળા**

(૨) રાજ્યની રાજધાનીમાં આજે છે તેમ ઊંચામાં ઊંચી અને શ્રેષ્ઠ અંગ્રેજી નિશાળ હોવી જોઇએ. મને ખાતરી છે કે થોડા જ વખતમાં આ નિશાળ હિન્દુસ્તાનમાંની માન્ય કોલેજમાંની એક બનશે. વડોદરાનું માન વધારે એવી એક ઇમારતની આ માટે અમો જોગવાઇ કરીએ છીએ.

**અંગ્રેજ અધ્યાપકો**

(૩) અંગ્રેજી સાહિત્ય, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન ઉત્તમ રીતે શીખવાડવા માટે અંગ્રેજ અધ્યાપકોની જરૂર છે, જેથી રાજધાનીમાંની આપણી મધ્યવર્તી નિશાળોમાં પ્રાધ્યાપકો તરીકે હંમેશાં અંગ્રેજી ગૃહસ્થો હોવા જોઇએ. રાષ્ટ્રભક્તિ અને કરકસરની નજરે, સ્થાનિક લોકોની નિયુક્તિ કરવાનું પ્રલોભન દૃઢપણે ટાળવું જોઇએ. અંગ્રેજ પ્રાધ્યાપકોના મદદનીશ તરીકે સ્થાનિક લોકો ઉપયોગી થશે. ખાસ કરીને ગણિત અને પ્રાકૃતિક વિજ્ઞાનના વિષયોમાં સારા મદદનીશો તરીકે તેઓ કામમાં આવશે.

**દ્વિભાષી શાળાઓ**

(૪) ઉપર વર્ણવ્યા પ્રમાણે રાજધાનીમાં એક જ મધ્યવર્તી નિશાળ હોય તે પૂરતું નથી. રાજધાનીમાં અને જિલ્લાઓમાં અંગ્રેજી અને દેશી ભાષામાં શિક્ષણ આપનારી મધ્યવર્તી નિશાળોને વિદ્યાર્થીઓ પૂરા પાડનારી કેટલીક નિશાળો હોવાની જરૂર છે. આજે આવી નિશાળોની જે સંખ્યા છે તેમાં ક્રમે ક્રમે વધારો કરવો જોઇએ.

**અભ્યાસક્રમ**

(૫) આવા જ પ્રકારની બ્રિટિશ હિન્દુસ્તાનમાંની નિશાળોમાં જે અભ્યાસક્રમ છે, તે જ ઉપર નિર્દેશ કરેલી બધી નિશાળોમાં હોવો જોઇએ. તેનું કારણ આ છે. આપણો અભ્યાસક્રમ અને આપણી અભ્યાસ અંગેની યોજના જુદી હોય તો આપણા જુવાન વિદ્યાર્થીઓ મુંબઇ વિશ્વવિદ્યાલયની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ શકશે નહિ. આપણા જુવાનો આપણા દેશ બહાર નોકરી મેળવી શકશે નહિ. આપણે આપણા જુવાનોને એવું શિક્ષણ આપવું જોઇએ કે તે વડે તેમને ફક્ત આપણા દેશમાં જ નહિ પણ બ્રિટિશ હિન્દુસ્તાનના વધુ મોટા ક્ષેત્રમાં પણ નોકરી મળશે. આવું કરવું ખૂબ જ ઇચ્છનીય છે.

**ઉપયોગી નાગરિકો તૈયાર કરો**

(૬) બ્રિટિશ હિન્દુસ્તાનમાં અભ્યાસક્રમ બાબત જે યોજના છે, તેવી યોજના આપણી પણ હોવી જોઇએ; એ ખરું, પણ હું આપણા પ્રાધ્યાપકોને આગ્રહ કરીશ કે તેમણે આપણા જુવાનોને વ્યવસ્થિત અને ઉપયોગી નાગરિકો બનાવવા ઉપર પણ ધ્યાન આપવું જોઇએ. સમજ્યા વગરની ગોખણપટ્ટીને ઉત્તેજન આપવું નહિ. વિચાર કરવાની અને નિર્ણય ઉપર આવવાની મૂલ્યવાન શક્તિનો વિકાસ થાય એ જોવું વધુ સારું થશે.

**ધર્મવિશેષનું શિક્ષણ નહિ**

(૭) શિક્ષણમાં ધર્મ સંબંધી વિચારોને અને તત્ત્વોને જ મહત્ત્વ આપવું ; એટલે કે, બાહ્ય ધાર્મિક વિધિઓ અને રિવાજો અંગે કોઇ શિક્ષણ આપવું નહિ.

**નીતિનું શિક્ષણ**

(૮) છતાં, માનવ માત્રને આવરી લેનારા સામાન્ય નીતિ ધોરણો અંગે આપણી નિશાળોમાં શિક્ષણ આપવા મારી જોરદાર ભલામણ છે. આ માટે એક નાનો પણ સારી રીતે પસંદ કરેલો ગ્રંથ લેવો જોઇએ. તે જ પ્રમાણે આપણા ફોજદારી કાયદામાં જે નીતિમત્તાનાં ધોરણો એકત્રિત



કરેલાં છે અને જેના ભંગ માટે આપણે શિક્ષા અને દંડની જોગવાઇ કરેલી છે, તેનું પણ શિક્ષણ આપવું. આવું શિક્ષણ આપવામાં ખાસ વખત જશે નહિ. ઊલટું આપણા ઘણા જુવાનોને ફોજદારી સજાનેપાત્ર અને અનૈતિક કૃત્યો કરતાં બચાવી શકાશે.

**વર્નાક્યુલર શાળાઓ**

(૯) રાજધાનીમાં અને લોકવસ્તીનાં બીજાં કેન્દ્રોમાં સ્થાપેલી દેશી ભાષાની નિશાળો થકી પ્રજાના મોટા સમુદાયને પ્રાથમિક શિક્ષણ આપવાનું કાર્ય કરવું પડશે.

**શહેરો અને ગામડાંની શાળાઓ**

(૧૦) શહેરોની નિશાળો સરકારની સંપૂર્ણ માલિકીની હોવી જોઈએ. ગામડાંઓમાંની નિશાળોને સરકારે મદદ તરીકે અનુદાન આપવું જોઈએ. મદદમાં અનુદાન આપીને ગામડાંમાંની નિશાળો ચલાવવાની આ ન્યાયોચિત પદ્ધતિથી લોકશિક્ષણના કાર્ય ઉપર પ્રમાણમાં ઓછા ખર્ચે વ્યાપક સરકારી અંકુશ રાખી શકાશે.

**કન્યાશાળાઓ**

(૧૧) ઉપર દેશી ભાષાની નિશાળો બાબત જે નિર્દેશ કર્યો છે, તેમાં કન્યાશાળાઓ માટે જ્યાં જ્યાં માગણીઓ હોય ત્યાંની કન્યા-શાળાઓનો પણ સમાવેશ થાય છે.

**કેન્દ્રીય વર્નાક્યુલર શાળા**

(૧૨) રાજધાનીમાં ઉચ્ચ શિક્ષણ આપવા માટે એક દેશી ભાષાના માધ્યમવાળી મધ્યવર્તી નિશાળ સ્થાપવી યોગ્ય થશે. સાયન્સનું શિક્ષણ આપનારી એક દેશી કોલેજ આપણે ત્યાં છે. રાવ બહાદૂર વિનાયકરાવ, રાવ- બહાદૂર જનાર્દન ગાડગીલ, ભાલચંદ્ર અને બીજા સદ્‌ગૃહસ્થોએ કરેલી મક્કમ ભલામણ ઉપરથી એક અખતરા તરીકે અજમાવવા માટે આ કોલેજ કાઢી છે. આ અખતરો મહત્ત્વની બાબતોમાં સારી રીતે સફળ પુરવાર થયો છે, એ કહેતાં મને આનંદ થાય છે. વધુ અનુભવ મેળવ્યા બાદ

આ બાબતમાં શા ફેરફારો કરવા જોઈએ, તેની વિગત સમજાશે, અને કદાચ તે અનુભવના કારણે આ કોલેજ પાછળ થતા ખર્ચમાં ઘટાડો કરવાનું આપણા માટે શક્ય બનશે.

**યુરેપિયનો માટે શાળા**

(૧૩) મૂળ યુરોપમાંના પણ હાલ હિન્દુસ્તાનમાં રહેતાં બાળકો માટે એક ખાસ નિશાળ રાજધાનીમાં મોજૂદ છે. આને ચાલુ રાખવી જોઈએ.

**સંસ્કૃત શિક્ષણની ઉપેક્ષા નહિ**

(૧૪) સંસ્કૃત ભાષા શીખવતી કેટલીક નિશાળો છે. દેશી સંસ્થાનોમાં આવી નિશાળો લોકપ્રિય હોય છે. સંસ્કૃત ભાષાના અભ્યાસ તરફ દુર્લક્ષ કરીને સંસ્કૃત ભાષાનો લય થવા દેવો ના જોઈએ. પરંતુ ગુજરાન ચલાવવા પૂરતા જ સંસ્કૃત ભક્તો સંસ્કૃત ભાષાને શીખવા લલચાય નહિ તેની પણ કાળજી લેવી જોઈએ. આ સંસ્કૃત શાળાઓ પ્રમાણમાં સારું વર્ષાસન અને આવક ધરાવતાં હિન્દુ મંદિરો સાથે જોડાયેલી હોય અને તેમના ખર્ચે ચાલતી હોય તે વધુ પસંદ કરું.

**ફીનું ધોરણ**

(૧૫) શરૂઆતમાં, નિશાળોમાં ફીનું ધોરણ ખૂબ નીચું રાખવું જોઈએ. આથી શિક્ષણની સગવડ વધુમાં વધુ પ્રમાણમાં ઉપલબ્ધ થઈ શકશે. જેમ જેમ કેળવણીની કિંમત લોકોમાં વધશે અને કેળવણી માટે લોકોની માંગ વધશે, તેમ તેમ ક્રમે ક્રમે ફીનું ધોરણ વધારી શકાશે.

**સરદારોનાં બાળકોને પ્રેરણા**

(૫) પોતાનાં સંતાનોને નિશાળ જવા મોકલવા મહારાજા સાહેબે સરદારો, શીલેદારો, દરકદારો, શાહુકારો વગેરે ઉપર પોતાની બહોળી લાગવગનો ઉપયોગ કરવો. આ વર્ગો દાખલો લે તે માટે મહારાજા સાહેબે પોતાના સંબંધીઓ અને મિત્રોનાં સંતાનોને નિશાળમાં મોકલવાં જોઈએ.

**સેવાઓમાં શિક્ષિત લોકો**

(૬) રાજ્યાશ્રય આપવામાં, કેળવણી પામેલા માણસોને નિશ્ચિતપણે અગ્રતા આપવાથી શિક્ષણના કાર્યને વધુ ઉત્તેજન મળે છે, એ વાત યાદ રાખવી જોઈએ. જાહેર



સેવાના જુદા જુદા વિભાગોમાં ખાલી જગ્યાઓ પૂરતી વખતે સંબંધિત સેવાની કાર્યક્ષમતાને સુસંગત રહીને આવી કેળવણી પામેલી વ્યક્તિઓને અગ્રતા આપવા ખાતાના વડાને આદેશ આપવો જોઈએ.

**ઉચ્ચ શિક્ષણને ઉત્તેજન**

(૭) આપણી નિશાળોમાં ભણી અભ્યાસક્રમ પૂરો કરનારા પૈકી કેટલાક વિદ્યાર્થીઓને મુંબઈમાં કે પૂણેમાં ઉચ્ચતમ ધોરણનું શિક્ષણ લઈ આગળ અભ્યાસ કરવા શિષ્ટવૃત્તિઓ આપી શકાય. જો કે આવી શિષ્યવૃત્તિ પાત્રતા જોઈને અને કેટલીક ન્યાયી શરતો ઉપર આપવી જોઈએ.

**શૈક્ષણિક સમારંભો**

(૮) મહારાજા સાહેબે મુખ્ય મુખ્ય પરીક્ષાઓના સંચાલનના કામે અગર ઈનામ વહેંચણીના સમારંભમાં અધ્યક્ષ સ્થાનેથી વિદ્યાર્થીઓને ઉત્સાહ-વર્ધક સંબોધન કરવાં જોઈએ અને આમ કેળવણીના ક્ષેત્રમાં પોતાને કેટલો રસ છે તે દર્શાવવું જોઈએ. મહારાજા સાહેબના જાહેર કાર્યક્રમમાંનો આ એક ભાગ છે.

**પુસ્તકાલયોને પ્રોત્સાહન**

(૯) સાર્વજનિક પુસ્તકાલયો, વાચનાલયો સ્થાપવામાં, સારાં સારાં વ્યાખ્યાનો ગોઠવવામાં અને આવા પ્રકારની કેળવણીવિષયક કામ કરતી સંસ્થાને સહાયભૂત થવામાં મહારાજા સાહેબે પોતે ભાગ લેવો જોઈએ.

**નૈતિક ધોરણનો દાખલો બેસાડો**

(૧૦) આગળ સૂચિત કરેલી દિશાએ ચાલીને લોકોના બૌદ્ધિક અને નૈતિક કલ્યાણમાં ધીમે ધીમે પણ અસરકારક રીતે વધારો કરી શકાશે અને રાજ્યની આ એક મહત્ત્વની ફરજ અદા થઈ શકશે. મહારાજા સાહેબ આ રાજ્યની એક સર્વોચ્ચ અને સત્તાધીશ વ્યક્તિ હોવાથી લોકોના નૈતિક સ્તરને સુધારવા ઘણું કરી શકશે. મહારાજાનું પ્રતિદિન અને પ્રતિપળનું વર્તન લોકો માટે દૃષ્ટાંતરૂપ હોવું જોઈએ. મહારાજા સાહેબના કેવળ શબ્દો, વાક્યો, સંભાષણ અનેક સારાં પરિણામો સર્જવા સમર્થ હોવાં જોઈએ.

(૧૧) આથી મહારાજા સાહેબ તેમની કારકિર્દીમાં આવનારા સંખ્યાબંધ પ્રસંગોનો ઉપયોગ કરી પોતાનો સદ્દગુણ માટેનો અનુરાગ અને દુર્ગુણ માટેનો દ્વેષ જાહેર કરે તે અતિશય ઈચ્છવાજોગ છે. પ્રત્યેક પ્રસંગ અનુસાર યોગ્ય ઈશારા કરી યા પોતાનું મંતવ્ય જાહેર કરી તે આવું સહેલાઈથી કરી શકશે, દા. ત. મહારાજા સાહેબ એવું કહે કે, " મને ખોટું બોલનારાઓ ગમતા નથી. " અથવા "લાંચ લેનારા સરકારી નોકરોને હું ધિક્કારું છું." અથવા "કાનાકુસી કરનારાઓ માટે મને તિરસ્કાર છે. " અથવા "કાવતરા કરવાથી ફાવશે એવું કોઈએ માનવું ન જોઈએ. " અથવા " જે કાયદાનો ભંગ કરશે તેને શિક્ષા થશે. " વગેરે. આ જ નિર્દેશ જુદા શબ્દોમાં કહી શકાય છે. જેમ કે, " સત્યપ્રિય માણસો માટે મને ભારે ચાહના છે." "પ્રામાણિક સરકારી નોકરોથી હું રાજી છું." વગેરે. સંખ્યાબંધ લોકો મહારાજા સાહેબના મુખમાંથી નીકળતા આ પ્રત્યેક ઉચ્ચાર પર બારીકાઈથી ધ્યાન આપશે અને તેનો રાજ્યભરમાં બહોળો પ્રચાર કરશે. મહારાજા સાહેબનું માનસ અને વલણ દર્શાવતું દરેક અવલોકન ખૂબ જ આવકારદાયક પરિણામ લાવશે અને તેના કારણે સારા લોકોને ઉત્તેજન મળશે અને ખરાબ લોકો સુધરશે. બધાઓ માટે એ ચેતવણીનું કામ કરશે. મને ખરેખર લાગે છે, કે, આમ કરતાં કરતાં મહારાજા સાહેબ એક પ્રભાવશાળી કેળવણીકાર બનશે. થોડાં જ વર્ષમાં લોકોનું સામાન્ય માનસિક સ્તર સુધારનાર તરીકે તમને ખ્યાતિ મળશે. એ વાત યાદ રાખવાની જરૂર છે કે જેમ જેમ લોકોનું નૈતિક સ્તર સુધરશે તેમ તેમ સરકારનું કામ પણ વધુ સારું થશે, પરિણામે લોકોની સુખાકારી વધવા પામશે. ટૂંકમાં કહીએ, તો પોતાની સત્તા અને લાગવગનો ઉપયોગ સદ્દગુણને ઉત્તેજન આપવા અને દુર્ગુણોને નાથવા માટે કરવો, એ મહારાજા સાહેબની એક મહાન ફરજ છે. એમના શબ્દો, એમનાં કૃત્યો, એમનો અનુગ્રહ, એમણે બક્ષેલી મહત્ત્વની નિમણૂકો આ બધાંની પાછળ, ફરજ અદા કરવાની એક મહાન અને લોકોપયોગી નેમ હોવી જોઈએ.

> સદ્દગુણોને ઉત્તેજન, દુર્ગુણો પર અંકુશ

# પ્રકરણ-૩૪

## રાજમહેલ વિભાગ

૨૭મી જુલાઈ, ૧૮૮૧

(૧) આજે રાજમહેલ સંબંધે વાત કરવાની મારી ઈચ્છા છે. આ એક બહુ મહત્ત્વનો વિભાગ છે. કારણ, સંસ્થાનના રાજ્યકર્તા મહારાજા સાહેબનો તે અંગત વિભાગ છે. રાજમહેલના કામકાજ સંબંધે આ વિભાગમાં યોજના અને વ્યવસ્થા થાય છે. તેનો મુખ્ય હેતુ મહારાજા સાહેબ અને કુટુંબને સંપૂર્ણ સુખ-સગવડમાં રાખવાનો છે. અને લોકોની દૃષ્ટિએ આવશ્યક એવી યોગ્ય રાજવી સન્માનભરી રહેણીકરણી તેઓશ્રી ભોગવે તેવી વ્યવસ્થા કરવાનો છે.

> અગત્યનો વિભાગ

(૨) *આ હેતુ માટે જે કાંઈ ખર્ચ કરવો પડે તે કરવો અનિવાર્ય છે અને સમર્થનીય પણ છે. યુરોપના કોઈ રાજ્યમાં આવાં કામ પાછળ ખર્ચ થતો હોય તેના કરતાં એશિયા ખંડમાંના આપણા રાજ્યમાં આ ખર્ચ ઊંચા પ્રમાણમાં હોવો જોઈએ. કારણ, બન્નેના સંજોગો જુદા છે. બન્નેની આદતો, રિવાજો અને વિચારોમાં તફાવત છે. હિન્દુસ્તાનના લોકોને યુગોથી સત્તા સ્થાનને વૈભવ તથા દોરદમામ સાથે જોડવાની ટેવ પડી છે. વસ્તુતઃ સંપત્તિના દર્શન ઉપરથી જ લોકો સત્તાનું માપ કાઢે છે.

> પ્રભાવ માંટે ખર્ચ અનિવાર્ય

(૩) સાથે સાથે એ પણ સ્પષ્ટ છે કે, રાજમહેલ માટેનો ખર્ચ રાજ્યની આવકના પ્રમાણમાં વાજબી હોવો જોઈએ. આ ખર્ચ તે વાજબી પ્રમાણ કરતાં વધે તો શું થશે? લોકોની સુખાકારીમાં વધારો કરવા માટેનાં નાણાકીય સાધનો તેટલા પ્રમાણમાં ઓછાં થશે. બીજા શબ્દોમાં કહીએ તો લોકોની સુખાકારી માટેનાં કેટલાંક કામોનો ભોગ લેવાશે. એ વાતનું હંમેશા સ્મરણ રાખવું જોઈએ કે લોકોને શક્ય તેટલા સુખી કરવાની રાજ્યકર્તાની સર્વ પ્રથમ ફરજ છે.

> પણ પ્રમાણસર

**રાજસ્વના ૧૦ ટકા**

(૪) વડોદરા રાજ્ય જેવા સંસ્થાનનો, આવકના પ્રમાણમાં રાજમહેલનો કેટલો ખર્ચ વાજબી ગણી શકાય તે ચોક્કસ ઠરાવી શકાય નહિ. આ ખર્ચ પ્રમાણસર હોવા બદલ દરેકની સંમતિ પણ મેળવી શકાય નહિ, પરંતુ તે ખર્ચનું પ્રમાણ અનિશ્ચિત હોવું પણ ના જ જોઈએ. મારા અનુભવના જોરે અને મારી સામાન્ય બુદ્ધિથી મને લાગે છે કે, પ્રાપ્ત સંજોગોમાં આ ખર્ચ રાજ્યની કુલ આવકના ૧૦ ટકાથી વધવો ન જોઈએ, એટલે આવકના દસમાં ભાગ જેટલો હોવો જોઈએ.

**યોગ્ય પ્રમાણ ઠરાવો**

(૫) મહારાજા સાહેબ આ વાજબી પ્રમાણ પોતે ઠરાવે અને રાજમહેલના સંબંધિત અધિકારીઓને આ મર્યાદાની અંદર રહીને ખર્ચનું પ્રમાણ રાખવા આદેશ આપે તે ખૂબ જ ઈચ્છનીય છે. આ મહત્ત્વની બાબતમાં તે અધિકારીઓ મહારાજા સાહેબના હુકમોને માન આપે તેવું દૃઢતાપૂર્વકનું વલણ અખત્યાર કરવું જોઈએ. મહારાજા સાહેબ આ બાબતમાં પોતે સંનિષ્ઠ હોય, તો ખર્ચની આ મર્યાદા જાળવવામાં તેમને કાંઈ મુશ્કેલી જણાશે નહિ.

**પેટા-વિભાગના અંદાજ**

(૬) રાજમહેલના વહીવટના દરેક પેટા-વિભાગ માટે એક અંદાજપત્ર હોવું જોઈએ, જેમાં જે તે વિભાગ માટેના ખર્ચનું માણ દર્શાવેલું હોય. મહારાજા સાહેબે આ અંદાજપત્ર અનુસાર ખર્ચ થાય તે જોવું જોઈએ. એક મહત્ત્વની વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે ખર્ચની નાનામાં નાની બાબતની પણ મર્યાદા બાંધવી. કારણ કોઈ બાબત મર્યાદા વગરની રાખી હોય તો આવી બાબતો વર્ષોવર્ષ વધતી જ જવાની વૃત્તિ ચાલુ રહેશે.

**ખાસ બાબતો અનામત**

(૭) છતાં પણ એવી તો કેટલીક બાબતો રહેવાની જ કે જેમને માટે કોઈ મર્યાદા બાંધવી શક્ય બનશે નહિ. આવી બાબતોના ખર્ચ ઉપર મહારાજા સાહેબે પોતે અંકુશ રાખવો. આવા ખર્ચને વખતોવખત મંજૂરી આપવાની સત્તા મહારાજા સાહેબે પોતાની પાસે અનામત રાખવી.



**અલગ તિજોરી વિભાગ**

(૮) રાજમહેલ માટે હંમેશા એક અલગ તિજોરી જેવી વ્યવસ્થા હોવી જોઈએ. રાજ્યની મધ્યવર્તી તિજોરીમાંથી આ તિજોરી વખતોવખત નિયત કરેલી રકમ ઉપાડશે. આ બે તિજોરીઓની કામગીરી બાબત કોઈ ભ્રમણા હોવી ન જોઈએ. રાજમહેલની આવકની તથા રાજમહેલ અંગેના ખર્ચની દરેક બાબત, રાજમહેલ માટેની તિજોરી ખાતે અનુક્રમે જમા અને ઉધાર કરવી. આમ કરવાથી, રાજમહેલની તિજોરીના હિસાબો ઉપરથી રાજમહેલની આવક અને જાવકના આંકડાનું ચિત્ર જોવા મળશે.

**લેખિત હુકમો**

(૯) નાણાંની બાબતોમાં આપવાના હુકમો શક્ય ત્યાં સુધી લેખિત હોવા જોઈએ. મૌખિક હુકમો આપવાનું કામ લપસણું અને બિનસલામત હોય છે. વળી તેના કારણે વખત પસાર થતાં બધી શંકાઓ અને મુશ્કેલીઓ ઊભી થાય છે. જ્યારે ખાસ અથવા મોટા પ્રમાણમાં આકસ્મિક ખર્ચ કરવાનો સંગ આવે ત્યારે લેખિત હુકમો કરવા ખાસ જરૂરી છે.

**નિયમિત પગાર**

(૧૦) માસિક પગાર અને અન્ય ચુકવણી નિયમિત રીતે અને જલદી વહેંચાય તે જોવું. આમ કરવું સંખ્યાબંધ નાનામોટા નોકરો માટે તેમજ વ્યાપારી વર્ગ માટે આશીર્વાદરૂપ થશે.

**ધિરાણ નહિ**

(૧૧) રાજમહેલની તિજોરીમાંથી નાણાંનું ધિરાણ કરવાનું સંપૂર્ણપણે ટાળવું. તિજોરી એ કોઈ બેન્ક નથી. આ સિદ્ધાંતને અનુસરવામાં ખૂબ દૃઢતાની જરૂર છે, નહિ તો ખૂબ જ હાનિકારક અને અનિષ્ટ પદ્ધતિ ઊભી થશે.

**છ માસના પગાર સુધી પેશગી**

(૧૨) રાજમહેલના મદદપાત્ર નોકરને મુશ્કેલીમાં મદદ કરવા છ માસનો કે વધુમાં વધુ એક વર્ષનો પગાર યા ભથ્થું પેશગી તરીકે આપી શકાય. તેને મદદ કરી શકાય તેવી આ વધારેમાં વધારે મદદ છે, આવી પેશગી આપવા માટે મહારાજા સાહેબની ખાસ મંજૂરીની આવશ્યકતા રાખવી.

આ પેશગીની રકમ નિયત કરેલી મુદતમાં કડકાઈથી વસૂલ કરવી.

**વિશ્વાસપાત્ર હિસાબનીસ**

(૧૩) રાજમહેલના હિસાબો નિયમિત અને વ્યવસ્થિત રાખવા એક કાર્યક્ષમ અને વિશ્વાસુ અવલ કારકુનને જવાબદારી સોંપવી. આ બાબતમાં કોઈ શિથિલતા દાખવે અથવા વિલંબ કરે તો દ્રઢતાપૂર્વક તેને રોકવો. દરેક ખર્ચને હિસાબના ચોપડા ઉપર ચઢાવવો. વાર્ષિક હિસાબમાં જે તે વર્ષમાં કરેલા પ્રત્યેક ખર્ચની રકમનો સમાવેશ થાય છે કે કેમ તે શક્ય તેટલા પ્રમાણમાં જોવું. બીજા શબ્દોમાં કહીએ, તો ચાલુ વર્ષમાં થયેલ ખર્ચની રકમ ભવિષ્યમાં બીજા વર્ષના હિસાબમાં બતાવવી નહિ. ફક્ત આમ કરવાથી કોઈ એક વર્ષમાં થયેલા ખર્ચની બીજા વર્ષના ખર્ચ સાથે સાચી અને ઉપયોગી સરખામણી કરવાનું શક્ય બનશે.

**હિસાબ અન્વેષણ**

(૧૪) હજૂર કચેરીના હિસાબ અન્વેષણ કરનારે રાજમહેલના હિસાબનું નિયમિત અન્વેષણ કરવાનું ચાલુ રાખવું જોઇએ. આમ ન થાય તો રાજમહેલમાં ખર્ચ ઉપર બહુ થોડો અંકુશ રહેશે અને પરિણામે હિસાબમાં ગરબડ થશે.

**જાહેર નાણાંમાંથી અંગત ખર્ચ નહિ**

(૧૫) મહારાજા સાહેબનો અંગત ખર્ચ, એટલે રાજમહેલના સદર હેઠળ પડતા ખર્ચનાં નાણાં, જાહેર તિજોરીમાંથી લેવાનો અગર આવા ખર્ચને જાહેર તિજોરીમાંથી બતાવવાનો હુકમ કરવો નહિ. રાજમહેલનો ખર્ચ ઓછો બતાવવા માટે પહેલાં મોટા ભાગે આવું કરાતું હતું. તે પદ્ધતિ ખરેખર છેતરામણી હતી. હવે આવું ફરીથી થાય નહિ તે જોવું.

**ખર્ચનો મનસ્વી વધારો નહિ**

(૧૬) એક સામાન્ય નિયમ તરીકે, બીજે ક્યાંક બચતના કારણે નાણાં ઉપલબ્ધ હોય તે સિવાય કોઇ પણ એક બાબત ઉપરના ખર્ચમાં વધારો કરવો નહિ. એક ઠેકાણે વધુ ખર્ચ કરવો હોય તો બીજે ઓછું ખર્ચ કરી સરખું કરી શકાય. આ સામાન્ય સિદ્ધાંતને દ્રઢતાથી નજર આગળ રાખવામાં આવશે અને તે પ્રમાણે કામ કરાશે તો રાજમહેલનો સમગ્ર ખર્ચ યથાવત્ રહેશે અને ખર્ચનું પ્રમાણ હંમેશાની સપાટી



ઉપર રહેશે. દાખલા તરીકે, એક ચોબદાર પગાર વધારવા માટે માગણી કરે છે. કાંઇ જોયા વિચાર્યા વગર આ માગણી માન્ય કરવી નહિ. આવા ચોબદારો તો ઘણા છે. તેમાં કોઇની જગ્યા ખાલી પડે ત્યારે એક તો તે જગ્યા કાઢી નાંખો અગર તો જગ્યાનો પગાર ઓછો કરી અને સંબંધિત ચોબદારના પગારમાં વધારો કરવા નાણાંની સગવડ કરો. ટૂંકમાં, જ્યારે કોઇને કાંઇ વધારામાં આપવાનું હોય તો જોગવાઇનાં ન ખર્ચાયેલાં નાણાં ઉપલબ્ધ છે કે કેમ, તેની તપાસ કરીને એવાં ફાજલ પડેલાં નાણાંમાંથી પેલો ઇજાફો મંજૂર કરો. આ કામ માટે રાજમહેલના મુખ્ય હિસાબનીશ સાથે આવા સંગોએ હંમેશા સલાહ મસલત કરવી અને થયેલા ખર્ચના માણ અંગે મહારાજા સાહેબને વાકેફ રાખવા સૂચના આપવી.

**માસિક ચકાસણી**

(૧૭) રાજમહેલની તિજોરીમાં ખરેખર બાકી સિલક રકમ કેટલી રહી છે તેની માસિક ચકાસણી થવી અત્યંત જરૂરી છે. રાજમહેલમાંના બે કે ત્રણ મુખ્ય અધિકારીઓએ જાતે આ તપાસણી કરવી અને હિસાબ સાથે સરખાવતાં મોજૂદ સિલક રકમ બરાબર છે, એવું લેખિત પ્રમાણપત્ર પોતાની સહી કરી મહારાજા સાહેબ સમક્ષ સાદર કરવું. આવાં પ્રમાણપત્રો નિયમિત રીતે એક નોંધવહીમાં દાખલ કરવાં અને આવી નોંધવહી, રાખવાના કાગળ તરીકે દફતર રાખવી.

**પૂર્વદૃષ્ટાંતો**

(૧૮) પુરોહિતો, જ્યોતિષીઓ અને આવા પ્રકારના બીજા લોકો ખર્ચમાં વધારો કરાવવા હંમેશા ઇચ્છતા હોય છે. આવા લોકો ઉપર ચાંપતો અંકુશ રાખવાની જરૂર છે. તેમની સારી રીતે સરભરા કરવી, પરંતુ તેમને તેમની મર્યાદા ઓળંગવા દેવી નહિ. આવું કરવા માટેનો શ્રેષ્ઠ ઉપાય જૂના સાધારણ દાખલાઓ મેળવી રાખવાનો છે. આવા દાખલાઓમાં નાણાં આપવા બાબત જે રિવાજ જોવા મળે છે તેના કરતાં કાંઇ વધુ આપવાનું ધોરણ રાખવું નહિ.

**મહિલાઓ દ્વારા ખર્ચ**

(૧૯) રાજમહેલમાંની મહિલાઓ જાહેર નાણાં અંગે ખાસ કોઇ ચિંતા સેવતી નથી અને એક યા બીજા પ્રકારે ખર્ચ સતત વધતો રહે તેવી દરખાસ્ત કરવાની તેમની વૃત્તિ હોય છે. આ વૃત્તિને અટકાવવા

સાધારણ ખર્ચના થોડા દાખલાઓ મેળવી રાખવા જોઇએ. દેશી સંસ્થાનોને દાખલાઓ માટે ઘણું માન હોય છે અને દાખલાઓ આપી જો કાંઇ કહેવામાં આવેલું હોય તો ધાર્યું પરિણામ આવે છે. વળી, દાખલાઓના આધાર ટાંકવાથી નારાજી પણ દૂર થાય છે.

**તેમને નામે દુકાનો**

(૨૦) પહેલાં આવી મહિલાઓ અને બીજા સંબંધીઓને નામે અને તેમના વતી દુકાનો કે બેન્કો ખોલવાનો ચાલ હતો. એનાથી ઘણી હાનિ થતી હતી, એટલે આ ચાલ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે. કોઇ પણ હિસાબે, આ ચાલ પુનઃ ચાલુ થવા દેવો ન જોઇએ.

**તેમને ખાનગી કરજમાં સહાય નહિ**

(૨૧) આ મહિલાઓને અને આવી જ બધી સંબંધિત વ્યક્તિઓને સ્પષ્ટપણે સમજ આપવી જોઇએ, કે તેઓ ખાનગી દેવાં કરે તો રાજમહેલ વિભાગ તેમને કોઇ મદદ કરી શકશે નહિ. ખરેખર તેમણે આવાં ખાનગી દેવાં કરવાં નહિ અને કદાચ કરે જ તો તેમને મળતાં ભથ્થાંમાંથી જ આ દેવું ચૂકવવું જોઇએ.

**અંગત ભંડોળ વધારવું નહિ**

(૨૨) મહારાજા સાહેબે કોઇ દિવસ રાજમહેલમાં અંગત નાણાં તરીકે સંપત્તિનો સંચય કરવાનું કદી પણ વિચારવું નહિ. આમ કરવાની કરવાનું કદી પણ વિચારવું નહિ. આમ કરવાની તેઓશ્રીને કાંઇ જરૂર પણ નથી. ખાનગી સંચય કરવાની મહારાજા સાહેબની કોઇ પણ ઇચ્છા તેમને ખોટા માર્ગે જ લઇ જશે. આવી ઇચ્છાને કારણે જાહેર દૂષણોના ઘણા દુખદાયક દાખલાઓ છે.

**અપવ્યય ઘટાડો**

(૨૩) રાજમહેલમાં બિનજરૂરી, બિન-ઉપયોગી અને નકામો એવો ખૂબ ખર્ચ થાય છે. મહારાજા સાહેબે તેમાં ઘટાડો કરવો જોઇએ. આવા ખર્ચથી મહારાજા સાહેબને આરામ કે સુખ મળતું નથી જ, પરંતુ તેમના ગૌરવ અને મોભાને નુકસાન પહોંચે છે. આવાં નકામાં નાણાં ન ખર્ચવામાં આવે તો ફાજલ પડેલાં



નાણાં જરૂરી સુધારો કરવા અને વિદ્યમાન ઊણપો દૂર કરવા વાપરી શકાશે. ઉપરાંત કેટલીક સિલક રકમ પણ રહેશે. છતાં પણ ખર્ચમાં ઘટાડો કે કપાત કરતી વખતે કોઇ વ્યક્તિઓને એકાએક અને ગંભીર મુશ્કેલીઓ પડે એવું કાંઇ કરવું નહિ.

**'કોઠી'નો વહીવટ**

(૨૪) રાજમહેલના વિભાગમાં એક કોઠી શાખા છે. આ શાખાને મહારાજા સાહેબે દ્રઢતાથી દાબી દઇને અંકુશ હેઠળ લાવવી જોઇએ. તે શાખામાં અનિયમિતતા અને દોષોની મક્કમ પકડ છે. તે શાખાની વર્તમાન સ્થિતિ અને કામગીરી અંગે કાળજીપૂર્વક તપાસ હાથ ધરવી જોઇએ. તેમાંના કેટલાક દોષો તરત દૂર કરવા જોઇએ. તેમાં કામ કરતી વ્યક્તિઓની બદલી થયાના કે જગ્યા ખાલી પડવાના સંગે બાકીના દોષો ક્રમે ક્રમે દૂર કરી શકાશે.

**નવાં 'સીધાં'ના લેખિત હુકમ**

(૨૫) નવાં 'સીધાં' શરૂ કરવા માટે હુકમો કરવાની સત્તા મહારાજા સાહેબ સિવાય બીજા કોઇને હોવી જોઇએ નહિ. વળી, મહારાજા સાહેબ કોઇ નવાં 'સીધાં' શરૂ કરવા માટે હુકમ કરે, તો તે હુકમ લેખિત હોવો જરૂરી છે. આ 'સીધાં' કેટલા સમય માટે ચાલુ રાખવાં તે પણ હુકમમાં સ્પષ્ટપણે દર્શાવવું જોઇએ. આ સાવચેતીની ખાસ જરૂર છે. કારણ, એક વખત શરૂ કરેલા મોટા ભાગનાં હંગામી 'સીધાં' વર્ષો સુધી ચાલુ રહ્યાં છે અને વંશપરંપરાગત ચાલતાં આવ્યાં છે.

**ધર્માદા ખર્ચ વધારો નહિ**

(૨૬) ધાર્મિક અને ધર્માદા બાબતો ઉપરનો ખર્ચ હમણાં પણ ખૂબ મોટો છે. તેમાં નવો ઉમેરો ન થાય તેની હરપ્રકારે કાળજી લેવી જોઇએ. જરૂરી હોય અગર ઇચ્છનીય હોય તે માણે યોગ્ય વિનિયોગ કરીને આ સદર ઉપરનો ખર્ચ સરભર કરવો.

**વર્ષાસન શરૂ ન કરો**

(૨૭) વર્ષાસન મંજૂર કરવાની અવિચારી પ્રથા ફરી સજીવન કરવી જોઇએ નહિ. કોઇ ખાસ કિસ્સામાં કોઇ વખત વર્ષાસન મંજૂર કરવાનું થાય તો તેની રકમ પ્રમાણસરની હોવી જોઇએ. કોઇ વર્ષાસન બંધ

થવાથી બચેલાં નાણાંમાંથી આ રકમ મેળવવી જોઇએ. વળી, વર્ષાસન મેળવનારના મૃત્યુ પછી તે ચાલુ ન રહેવું જોઇએ.

**દાન-દક્ષિણા**

(૨૮) શ્રાવણ-દક્ષિણા, બીડાજી રામનાથ અને બીજી એવી કેટલીક બાબતો છે, જેના ઉપર કોઇ અંકુશ રહેતો જ નથી અને જે મર્યાદાના દોરમાંથી છટકવાની વૃત્તિવાળી હોય છે તેમને માટે હવે કેટલીક મર્યાદા મુકરર કરવામાં આવી છે. આવી મર્યાદાનું પરિણામ સારું આવે છે. મહારાજા સાહેબે પોતાની વગથી આ બધાંને આ મર્યાદાને આધીન રહીને વર્તવા ફરજ પાડવી જોઇએ. ગૌદાન વગેરે જેવા દાનના પણ ઘણા પ્રકાર છે.. મહારાજા સાહેબ અને ગાયકવાડ કુટુંબના બીજા સભ્યો અવારનવાર આવાં દાનો આપતાં આવ્યા છે. આ દિશામાં ઘણા દોષો પેસી ગયા છે, એવું મને લાગે છે. મહારાજા સાહેબે આવી બાબતો ઉપર થોડું ધ્યાન આપવું ઇચ્છનીય છે અને આ સંખ્યાબંધ અને ખર્ચાળ દાનની બાબતોને હેતુલક્ષી બનાવવી પડશે. આવાં દાનો જ્ઞાનાસિના ઉત્તેજન અર્થે અથવા ગરીબી અને દુઃખ દર્દમાં ઘટાડો કરવા આપવાં જોઇએ.



# પ્રકરણ-૩૫

## રાજમહેલ વિભાગ (ચાલુ)

૩જી ઓગસ્ટ, ૧૮૮૧

**ઉચાપત અંગે સાવચેતી**

(૧) રાજમહેલની જુદી જુદી શાખાઓમાં સંભવતઃ કેટલીક ચોરીઓ થાય છે. નાણાંનો ગેરઉપયોગ થાય છે, નાણાં ખરાબ કામ માટે વપરાય છે. નાણાંનો બગાડ પણ થાય છે. જો કે, મહારાણી જમનાબાઇ સાહેબની દેખરેખના કારણે આ દોષો ખૂબ જ ઘટ્યા છે. આ દોષો તદ્દન ઓછા કરવા માટે કોઇ યોગ્ય વ્યવસ્થા ગોઠવવાનું કામ મહારાજા સાહેબ કરી શકશે.

**ઝવેરાતનું ખાસ ધ્યાન**

(૨) રાજમહેલમાં ખૂબ મોટો અને મૂલ્યવાન એવો ઝવેરાતનો ભંડાર છે. મહારાજા સાહેબે જલદીથી તેના તરફ ખાસ ધ્યાન આપવું ઘટે છે. સોના ચાંદીની પણ ઘણી વસ્તુઓ ધ્યાન માંગી લે છે. આ બધાંની યાદી બનાવવામાં આવી છે અને તેની નકલો રાજમહેલમાં તથા ફડનવીસ દફ્તરોમાં ઉપલબ્ધ છે મહારાજા સાહેબ આ બધો ભંડાર એક વખત જોઈ જાય અને આ ભંડારમાં શું શું છે તેનાથી પરિચિત થાય તે બહુ જ ઈચ્છવાજોગ છે. મહારાજા સાહેબ જાતે આ તપાસણી કરશે, તો તેની નૈતિક અસર પણ ખૂબ પડશે.

**સમિતિ દ્વારા સામયિક ચકાસણી**

(૩) એક વખત મહારાજા સાહેબ આ સઘળા ભંડારની જાત-તપાસણી કરી લેશે, તે પછી એક વિશ્વાસપાત્ર સમિતિ દ્વારા આ ભંડારની વખતોવખતની નિયમિત તપાસણી માટે વ્યવસ્થા થઇ શકશે. આ સમિતિ તપાસણી કરી બધું બરોબર હોવાનું પ્રમાણપત્ર આપશે. સમિતિએ હીરા તથા મોતી વગેરેની ઓળખ અને ખાતરી પણ કરવી જરૂરી છે કારણ કે આ ચીજો બદલાઈ જવાની શક્યતા રહે છે.

**જવાબદાર માણસોને હવાલો**

(૪) આ ખજાનો વિશ્વાસપાત્ર અને જવાબદાર વ્યક્તિઓના કબજામાં રાખવો જોઈએ. એક અધિકારીથી આ કામગીરી થઈ શકશે નહિ. કારણ, તે અધિકારી બીમાર પડવાની, રજા ઉપર જવાની, અગર મૃત્યુ પામવાની પણ શક્યતા હોય છે. સારી મિલકત ધરાવતી, સારાં વેતન-ભથ્થાં મેળવતી સંપન્ન અને ઠરેલ એવી વ્યક્તિઓની બનેલી એક સમિતિ જેવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ, એવું હું સૂચવીશ. ટૂંકમાં, એવી વ્યવસ્થા કરવી જોઈએ કે જેથી નુકસાન સામે પાળ બાંધી શકાય.

**સ્ટ્રોંગરૂમ**

(૫) પહેલાં ઝવેરાત તદ્દન ખરાબ હાલતમાં અંધારી ઓરડીમાં જમીન ઉપર આમ તેમ નાંખી રખાતું હતું. બધું કામ શિથિલતાથી થતું, પરંતુ હવે ઝવેરાતનો મહત્ત્વનો ભાગ, મજબૂત લોખંડના સળિયાવાળી એક ઓરડીમાં રાખેલો છે. તેમાં જુદી જુદી પેટીઓ મૂકેલી છે. ઓરડીને એક જ તાળું છે. આ ઘણી જ સલામત અને અનુકૂળ વ્યવસ્થા છે અને હું માનું છું કે આ વ્યવસ્થાને ચાલુ રાખવી યોગ્ય થશે.

**ભંડારમાંથી કીમતી ભેટો નહિ**

(૬) આ વંશપરંપરાગત ભંડાર ખૂબ જ મૂલ્યવાન છે. મહારાજા સાહેબ માટે તેની જાળવણી કરવી એ અભિમાન લેવા જેવી વાત છે. એટલે આ ભંડારમાંથી મોટી અને ભારે કિંમતવાળી વસ્તુઓ ભેટ તરીકે વગર કારણે આપવાનું ટાળવું જોઈએ; છતાં કોઈ ભેટ આપવાની જરૂર જણાય તો ઓછી કિંમતવાળી સાદી વસ્તુઓનો ઉપયોગ કરવો.

**ઝવેરાતનું વર્ગીકરણ**

(૭) આ ઉપરથી એક સારી યોજનાનું સૂચન આપોઆપ જ થાય છે. આ વસ્તુઓનું વર્ગીકરણ કરવું, કેટલીક વસ્તુઓ મહારાજા સાહેબ માટે, કેટલીક વસ્તુઓ મહારાણી સાહેબ માટે અને કેટલીક બીજાઓના ઉપયોગ માટે અલગ અલગ રાખવી. બાકીની વસ્તુઓને પરચૂરણ સદરે રાખવી; અને ભેટ આપવાની જરૂરિયાતના પ્રસંગે આ વસ્તુઓમાંથી એક વસ્તુ ભેટ માટે લેવી જોઈએ.



**હિસાબમાં કાળજી**

(૮) આ ઝવેરાતખાનાનો હિસાબ રાખવામાં નિયમિતતા, સમયપાલન અને સખ્તાઈની મહત્તમ જરૂર છે. આ માટે રાજમહેલના મુખ્ય સત્તાવાળાઓને સંપૂર્ણપણે જવાબદાર ગણવા જોઈએ. આમ કહેવામાં મારો એવો અર્થ છે કે ભંડારમાંની બધી વસ્તુઓનો, આપેલી ભેટોનો, વાપરવા માટે ઉછીની આપેલી વસ્તુઓનો, જૂનાં ઘરેણાં તોડી નવાં બનાવેલાં ઘરેણાંનો અને અન્ય બાબતોનો બરોબર હિસાબ રાખવો જોઈએ. આ હિસાબો પાકી બાંધેલ વહીઓમાં લખવા જોઈએ, છૂટાં પાનાં ઉપર નહિ. કાચા બાંધેલ ચોપડાઓમાં તો નહિ જ નહિ. હિસાબ લખનાર કારકુનો અને તેમના તુરતના ઉપરી અધિકારીઓની તેના ઉપર સહી હોવી જોઈએ અને રાજમહેલના મુખ્ય અધિકારીઓ પૈકી એકે આ હિસાબો ઉપર પૂરી કે ટૂંકી સહી કરવી જોઈએ.

**ઉછીનું આપવું નહિ**

(૯) આ પહેલાં વિવિધ વ્યક્તિઓને વાપરવા માટે ઝવેરાતની વસ્તુઓ વગેરે ઉછીની આપવાની ખોટી પદ્ધતિ ચાલતી હતી અને તેના કારણે ઘણી વખતે ગંભીર પ્રકારનો ગેરઉપયોગ થતો હતો, વસ્તુઓ ખોવાતી પણ હતી. મારી પાસે એવા ઘણા દાખલાઓ છે, જેમાં ઉછીની આપેલી ઝવેરાતની વસ્તુ કાં તો રાખી મુકાઈ છે યા તો ભેટમાં મળેલાનો દાવો કરાયો છે. એટલે દાગીના ઉછીના આપવાનો પ્રસંગ બને ત્યાં સુધી આવવા દેવો નહિ અને જો દાગીના ઉછીના આપવાનો પ્રસંગ ઊભો થાય તો આપતાં પહેલાં મહારાજા સાહેબની મંજૂરી મેળવવી જોઈએ. વળી ઉછીના આપવાના દરેક પ્રસંગે, બિનચૂક, તે દાગીનો ઉછીનો આપ્યા બદલની હિસાબની નોંધવહીમાં નોંધ કરવી જોઈએ. ઉછીના દાગીના લેનારની તે બદલની પહોંચ પણ લેવી જોઈએ. આપતી વખતે દાગીનો પાછો આપવાની મુદત સ્પષ્ટપણે દર્શાવવી જોઈએ. આ અંગેની જવાબદારી કોની છે તે બાબતની સ્પષ્ટતા કરવી જોઈએ અને તે અનુસાર પગલાં લેવાની સખ્તાઈ પણ થવી જોઈએ. આવી અને અન્ય કાળજીભરી વ્યવસ્થા કરવામાં ના આવે અને આ વ્યવસ્થા અનુસાર સખ્ત વર્તન ના થાય તો કારભારમાં શિથિલતા મોટા પ્રમાણમાં દાખલ થશે અને મોટું નુકસાન પણ થશે, એ વિષે પાકી ખાતરી છે. મિલકતની સારી રીતે કાળજી લેવામાં તકલીફો તો પડવાની જ છે.

**ઝવેરાતમાં રોકાણ અનિચ્છનીય**

(૧૦) ઝવેરાત અને સોના-ચાંદીની લગડીઓ ખરીદવામાં નાણાંનું રોકાણ ચાલુ રાખવું યોગ્ય નથી, એવી મારી જોરદાર ભલામણ છે. આજે ખજાનામાં જે ભંડાર છે, તે કોઈપણ મહત્ત્વાકાંક્ષી રાજકુટુંબ માટે ખરેખર જરૂર કરતાં ઘણું વધારે છે. કોઈ નવા દાગીનાની ક્યારે પણ જરૂર પડે તો ઝવેરાતના ખજાનામાં માલ પડ્યો છે, તેમાંથી નવા સુંદર દાગીના બનાવી શકાશે. બેડોળ દાગીનાઓને તોડીને તેમાંથી નવા સુંદર દાગીના બનાવી શકાય છે. વપરાશમાં ન આવતા સંખ્યાબંધ મૂલ્યવાન દાગીનાઓ મૂકી રાખી નવા દાગીના ખરીદવા અને રાજમહેલનો ખર્ચ વધારવો એ ડહાપણનો માર્ગ નથી.

**ઝવેરીઓનાં પ્રલોભન**

(૧૧) ઘણા ઝવેરીઓ મહારાજા સાહેબ પાસે નવા ઝવેરાતની ખરીદી માટે પ્રસ્તાવો મૂકવાના જ છે. આવા પ્રલોભન સામે હું લાલબત્તી ધરું છું. આ ઝવેરીઓ કેટલાક પ્રસંગોએ રાજમહેલની મહિલાઓ પાસે જશે, તેમને પોતાના દાગીનાઓ બતાવશે અને મહારાજા સાહેબને આ દાગીના ખરીદવા સમજાવવા તેમના વેપારી કૌશલ્ય વડે લલચાવશે. આ મહિલાવર્ગમાં જેમની વગ છે, તેમને આ ઝવેરીઓ લાંચ પણ આપશે. આવાં પ્રલોભનોનો દૃઢતાથી સામનો થવો જોઈએ. આ બાબતમાં દૃઢતાના ગુણનો ઉપયોગ કરવાનો પુષ્કળ અવકાશ છે. રાજમહેલના મહિલાવર્ગને ખાતરી આપવી જોઈએ કે રાજમહેલના ઝવેરાતમાં આવા પ્રકારના દાગીનાઓ મોજૂદ છે અને ના હોય તો જૂના દાગીનામાંથી આવા જ નવા દાગીના ટૂંક સમયમાં બનાવી પણ શકાય છે.

**જાંગડ પ્રથા નહિ**

(૧૨) જાંગડ તરીકે ઓળખાતી પદ્ધતિને હવે બંધ કરવામાં આવી છે. તેને ફરીથી ચાલુ કરવી નહિ. જાંગડ એટલે ઝવેરીઓએ આણેલા અને રાજમહેલમાં મૂકી ગયેલા કેટલાક દાગીનાનો માલ. ઝવેરીઓની આમાં એવી અપેક્ષા હોય છે કે મહારાજા સાહેબ પ્રસંગ આવ્યે તેમાંથી ખરીદી કરશે. આ જાંગડ પદ્ધતિને કારણે કેટલીક ત્રાસદાયક તકરારો ઊભી થઈ છે. ઝવેરી એવો દાવો કરે છે કે તેના દાગીનાઓ ખરેખર ખરીદવામાં જ આવ્યા છે. હકીકતમાં તો જોઈ-પસંદગી કરી શકાય



એટલા માટે જ ખરેખર તે મૂકેલા હોય છે. પછી કિંમત અને નાણાંની ચુકવણી અંગે તકરારો ઊભી થાય છે. લુચ્ચા લોકો પોતે થઈને આવી બાબતોને અટપટી બનાવે છે, અને હજુ ખરીદી થયેલી ના હોય તો પણ વપરાશમાં લેવા રાજમહેલની મહિલાઓને લલચાવે છે. આવી તકલીફો અને ગૂંચો અસરકારક રીતે ટાળવા માટે એક નિયમ કરવો જોઈએ કે વસ્તુની કિંમત નક્કી કરી તે પ્રમાણે નાણાંની ચુકવણી કર્યા વગર, ઝવેરી પાસેથી કોઈ પણ દાગીનો લેવો નહિ. આ એક સાદો નિયમ છે.

**વાહનો, પરિજનોની વેશભૂષા**

(૧૩) હવે, આપણે બીજી બાબતો અંગે વિચાર કરવા આગળ વધીએ. રાજમહેલમાંની ગાડીઓ, ઘોડા અને ઈતર સાધનો ઉત્તમ સ્થિતિમાં નથી. ખર્ચમાં વિશેષ વધારો કર્યા સિવાય પણ મહારાજા સાહેબ આ પરિસ્થિતિમાં ખૂબ સુધારો કરી શકશે. એક સામાન્ય નિયમ તરીકે, જે સાધનોનો ઉપયોગ મહારાજા સાહેબ પોતે કરતા હોય તે ઉત્તમ સ્વરૂપનું હોવું જોઈએ. કારણ, ૨૦ ખરાબ ગાડીઓ કરતાં ૧૦ સારી હાલતમાંની ગાડીઓ હોવી વધુ સારું છે. રાજમહેલ અંગેની બીજી ઘણી બાબતોમાં આ જ સિદ્ધાંત સરખો લાગુ પડે છે. આનો હું અહીં ફક્ત એક દાખલો આપીશ. મહારાજા સાહેબની અંગત તહેનાત માટે જેવા ચુનંદા અને સુઘડ વેશભૂષાવાળા સેવકો હોવા જોઈએ તેવા ભાગ્યે જ કોઈ છે.

**રાજમહેલના બગીચા**

(૧૪) રાજમહેલના ઉદ્યાનો ઉપર મોટા પ્રમાણમાં નાણાં ખર્ચાય છે, પરંતુ સૌંદર્યની દૃષ્ટિએ જોતાં, તેમાંથી એક પણ ઉદ્યાન હોવો જોઇએ તેવો નથી. આ દિશામાં દેખાઇ આવે એવો સુધારો કરવા ખૂબ અવકાશ છે.

**સ્વચ્છતા**

(૧૫) રાજમહેલની સ્વચ્છતા અંગેની પરિસ્થિતિમાં હમણાં થોડી સુધારણા થઇ છે. છતાં હોવી જોઇએ તેવી નથી જ. વધુ પડતા નોકરો રાજમહેલમાં જ રહે છે. બધાને રાજમહેલમાં રહેવાની જરૂર નથી. આ નોકરોની રહેણી ગંદી હોય છે. આવું ચલાવી લેવું નહિ.

**અપ્રાપ્ય, મૂલ્યવાન ચીજો**

(૧૬) બીજી કોઇ જગ્યાએ જોવા ન મળે એવી સંખ્યાબંધ વસ્તુઓ ગાયકવાડ રાજવીએ વખતોવખત ખરીદ કરી હતી, તે રાજમહેલની આજુબાજુ આમ તેમ વિખરેલી પડી છે. આ બધી વસ્તુઓને ભેગી કરી કોઇ એક જગ્યાએ વ્યવસ્થિતપણે ગોઠવવી જોઇએ. એવું થાય તો મહારાજા સાહેબ શું શું છે અને શાનો ઉપયોગ કરી શકાય તે સમજી શકશે.

**દરબારમાં સમયપાલન**

(૧૭) રાજમહેલના દરબારો અને ઉત્સવના પ્રસંગોએ સમયપાલનને મોટું મહત્ત્વ આપવું જોઇએ. લાગતાવળગતા લોકોને એક વખત નિયત સમયે હાજર રહેવા માટે ચેતવણી આપવાથી તેઓ સમયસર હાજરી આપશે અને પરિણામે સમય બગડશે નહિ અને બધાંની અનુકૂળતામાં વધારો થશે.

**અગ્રતાક્રમ જાળવો**

(૧૮) આ દરબારોમાં અને રાજ્ય વતી નીકળનારી શોભાયાત્રાઓમાં હમણાં એક અગ્રતાક્રમનું પાલન કરવામાં આવે છે. આ અગ્રતાક્રમ જાળવવા માટે સખ્તાઇ રાખવી જોઇએ. કારણ કે, જે તે પ્રસંગે શાંતિ જાળવવા તે કામમાં આવે છે. આ અગ્રતાક્રમમાં ખાસ જરૂરિયાત વગર ફેરફાર કરવો નહિ. આ બાબતોમાં લોકોમાં ઘણી સ્પર્ધા હોય છે. ઘણા લોકોની મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠે છે, ઘણા દરબારીઓ મહારાજા સાહેબ પાસે આવી પુષ્કળ દલીલો કરી બેઠકો પર વધુ ઊંચુ સ્થાન આપવા વિનંતી કરશે, દબાણ પણ કરશે. આ બધી આજીજીઓનો ઉત્તમ ઇલાજ એવું કહેવામાં છે કે ''મારે વર્તમાન ક્રમ અને વ્યવસ્થાને જાળવી રાખવાં જોઇએ. મને જ્યાં સુધી આ ક્રમમાં ફેરફાર અત્યંત જરૂરી છે એમ લાગે નહિ, ત્યાં સુધી કોઇ ફેરફાર હું ના કરી શકું.'' જો આ ક્રમમાં સાવચેતી રાખ્યા વગર અને સહેજમાં ફેરફાર કરવામાં આવે તો અનેક વ્યક્તિઓની લાગણીને ધક્કો પહોંચશે. ઘણાંને હૃદયમાં સંતાપ થશે. ઘણી તકલીફો અને મૂંઝવણો પણ પેદા થશે. આ દશા ઘણા વખત સુધી ચાલુ રહેશે. જો કોઇ ફેરફાર કરવાની વિચારણા કરવા હોય તો મહારાજા સાહેબે એક સમિતિ નિયુક્ત કરવી અને તેને પોતાનો અભિપ્રાય મહારાજા સાહેબને સાદર કરવા આદેશ



આપવો જોઇએ. આ સારો માર્ગ છે. આ નિયુક્ત કરેલી સમિતિમાં સરદાર, દરકદાર, માનકરી વગેરે જેવા જુદા જુદા વિભાગોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવો. હજૂર કચેરીના લશ્કરી વિભાગના વડાને પણ આ સમિતિના કામકાજમાં સહભાગી કરવા. સમિતિ આ બાબતમાં પોતાનો અહેવાલ મહારાજા સાહેબને સાદર કરે તે પછી મહારાજા સાહેબે તેના ઉપર વિચારણા કરી બાબતનો નિકાલ કરવો જોઇએ. દીવાન સાહેબ સાથે આ બાબતમાં વિચાર-પરામર્શ કરવાથી ઘણો લાભ થશે. આવી બાબત હાથ ધરતી વખતે બે મહત્ત્વના સિદ્ધાંતો નજર આગળ રાખવા જોઇશે. (૧) પ્રવર્તમાન વ્યવસ્થામાં ઓછામાં ઓછા ફેરફારો કરવા અને (૨) ઘણા દરબારીઓની લાગણી દુભાય એવો કોઇ ફેરફાર કરવા નહિ.

**રોજનીશી**

(૧૯) આ રાજમહેલમાં બનતી બધી ઘટનાઓની સંપૂર્ણ નોંધ કરવા રાજમહેલમાં એક રોજનીશી રાખવી બહુ ઇચ્છનીય છે. સ્મરણમાં રાખવા જેવી બધી બાબતોની તેમાં નોંધ થવી જોઈએ. આવી નોંધવાળું દફતર જુદાં જુદાં કામો માટે અને ખાસ કરીને ભાવિ માર્ગદર્શન માટે પૂર્વદૃષ્ટાંતો જાળવી રાખવા માટે અત્યંત ઉપયોગી થઇ પડશે.

**સુયોગ્ય સંચાલન**

(૨૦) આ બધા મુદ્દાઓ અત્યાર સુધી મેં એટલા માટે ગણાવ્યા છે, કે મહારાજા સાહેબ જ્યારે રાજમહેલ અને તેને લગતી બાબતોની વ્યવસ્થા પોતે હાથ ઉપર લેશે, ત્યારે તેનો ખૂબ ઉપયોગ થવાનો છે. વળી, મહારાજા સાહેબને આ બાબત ઉપર, કેટલું ધ્યાન આપવું જોઇએ, શી વ્યવસ્થા કરવાની જરૂર છે, તેનો પણ ખ્યાલ આવશે. આ કામગીરી ખૂબ મોટી છે અને એટલે એ પણ સ્પષ્ટ છે કે મહારાજા સાહેબ એકલા આ કામગીરી કરી શકશે નહિ. રાજમહેલની કામગીરી માટે યોગ્ય વ્યવસ્થાની જરૂર છે. કામગીરી અને જવાબદારીની યોગ્ય સપ્રમાણ વહેંચણી કરવાની જરૂર છે. નોકરોને એક એક વિભાગમાં ગોઠવીને, ઉચ્ચ અધિકારીઓનાં તાબામાં તેમને મૂકવા જોઇએ. આ ઉપલા અધિકારીઓ પાસે કેટલીક સત્તા હોવી જોઇએ અને તેમના હાથ નીચે કામ કરનારાઓએ તેમના હુકમો માનવા જોઇએ, નહિ તો કામકાજ યોગ્ય રીતે ચાલશે જ નહિ. દરેક નોકર બરાબર હાજરી આપે છે અને સોંપેલુ કામ કરે છે કે કેમ, તે મહારાજા સાહેબ

પોતે જોઇ શકે નહિ. ભંગીથી કામદાર સુધી બધા નોકરોની રજા તેઓ મંજૂર કરી શકશે નહિ. તેઓશ્રી પંખા ખેંચનારાઓ, માળીઓ, મહાવતો, વગેરે જેવા નોકરોની નિયુક્તિ કરી શકશે નહિ કે તેમને નોકરીમાંથી રુખસદ આપી શકશે નહિ.

**કામદાર, તેની સત્તા**

(૨૧) આ બધા મહેકમ ઉપર મહારાજા સાહેબના સીધા હુકમો લઇ શકે એવા એક રાજમહેલ કામદાર હોવા જોઇએ. આ અધિકારી, કાર્યકુશળતા અને પ્રમાણિકતાના ગુણો ધરાવતો હોવો જોઇએ. હજૂર કચેરીમાંનાં ખાતાંના વડાઓની સરખામણીએ, તે કાર્યકુશળતા અને પ્રમાણિકતાની બાબતમાં બહુ ઓછી ગુણવત્તાવાળો ન હોવો જોઇએ. સામાન્ય કામકાજનું સંચાલન કરવા તેની પાસે પૂરતા અધિકારો* હોવા જોઇએ. મારો કહેવાનો આશય છે કે તેની પાસે નિયુક્તિના, રુખસદ આપવાના, દંડ કરવાના, રજા આપવાના, વગેરેના મર્યાદિત અધિકારો હોવા જોઇએ. સામાન્ય ખર્ચ કરવાનો પણ મર્યાદિત અધિકાર હોવો જોઇએ. આ અધિકારી પોતાના કાયદેસરના અધિકારોનો ઉપયોગ કરે અને તેની વગ તેના તાબાના નોકરો ઉપર રહે તે માટે મહારાજા સાહેબે તેને સારું એવું આધારબળ આપવું જોઇએ.

**વાર્ષિક વહીવટી અહેવાલ**

(૨૨) અધિકૃત વર્ષના અંતે, રાજમહેલ કામદારે રાજમહેલના વહીવટનો અહેવાલ તૈયાર કરી મહારાજા સાહેબ આગળ સાદર કરવો એવું ફરમાન કરવું. આ અહેવાલ સાથે જરૂરી આંકડાઓ અને ખુલાસાઓ આપવા ફરમાન થવું જોઈએ. રાજમહેલમાં કામકાજ ઉપર કાબૂ રાખવામાં મહારાજા સાહેબને આ અહેવાલ ઉપયોગી થશે.

* સામાન્ય કામકાજનું સંચાલન કરવા માટે રાજમહેલના સત્તાવાળાઓ પાસે દીવાની અગર ફોજદારી હકૂમત હોતી નથી. આ હકૂમતમાં આવતા કિસ્સાઓને રાજ્ય શાસનના બંધારણીય અધિકારીઓ તરફ મોકલી આપવાના હોય છે.



# પ્રકરણ-૩૬

## હજૂર કચેરી

૧૦મી ઓગસ્ટ, ૧૮૯૧

**સરકારનું સ્વરૂપ**

(૧) રાજ્યકર્તા તરીકે મહારાજા રાજ્યની સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે, અને હજૂર કચેરી તે સત્તા વડે ગતિમાં મુકાયેલું યંત્ર છે. બન્ને મળીને, આ સમગ્ર વ્યવસ્થા, લોકોની સુખાકારીમાં વધારો કરવાની જવાબદારીવાળી રાજ્યની સરકાર બને છે.

**વહીવટની આવશ્યક શરતો**

(૨) આ કારણે હજૂર કચેરીમાં કામ કરનારાઓ ભારે બૌદ્ધિક અને નૈતિક બળ ધરાવતા હોવા જોઇએ. મહારાજા સાહેબનો રાજવહીવટ યશસ્વી થવા માટે આ એક અતિઆવશ્યક શરત છે. આ કચેરી બૌદ્ધિક અને નૈતિક દૃષ્ટિએ જેટલી સુદૃઢ હશે તેટલે અંશે મહારાજા સાહેબને શ્રેય મળશે, સુખ-સમાધાન મળશે અને લોકોનાં આદર-સન્માન મળશે.

**દીવાનનો આદર્શ**

(૩) આ હજૂર કચેરીના વડા દીવાન સાહેબ હોવાથી તેઓ શક્ય તેટલા દીવાનપદના આદર્શ સમા હોવા જોઈએ. કુશળતા અને પ્રમાણિકતાને કારણે મહારાજા સાહેબનો વિશ્વાસ સંપાદન કરવા તે પાત્ર અને હકદાર બને છે. બ્રિટિશ સરકારનું માન સંપાદન કરવા પણ તેઓ પાત્ર અને હકદાર થવા જોઈએ. વહીવટના કામનો તેમને અનુભવ હોવો જોઈએ. દેશી સંસ્થાનના વહીવટનો પણ અનુભવ હોય તો વધુ સારું થશે. ખુદ વડોદરા સંસ્થાનના વહીવટનો અનુભવ હશે તો તેનાથી પણ વધુ સારું થશે.

**કચેરીમાંથી દીવાનની પસંદગી**

(૪) પોતાના દીવાનની પસંદગી કરતી વખતે કઇ બાબતો નજરમાં રાખવી જોઈએ, તેની વિચારણા કરવી બહુ મહત્ત્વનું છે. આ વિચારણા સ્પષ્ટપણે દર્શાવે છે કે ખુદ હજૂર કચેરીમાં જ આવી

સમર્થ અને પ્રામાણિક વ્યક્તિ હોય એવી વ્યવસ્થા કરવી ઈચ્છનીય છે. આવી વ્યકિતઓને વહીવટના કામમાં તાલીમ આપી શકાય છે. આવી વ્યકિતમાંથી દીવાનપદ માટે કોઈની પસંદગી કરવી એ ઉત્તમ માર્ગ છે.

**એટલે, ખાતાંના વડાઓમાંથી**

(૫) હજૂર કચેરીનાં જુદાં જુદાં ખાતાંના વડાઓ તરીકે આવી વ્યક્તિઓ હોય તે મહારાજા સાહેબના વિશેષ હિતમાં છે. કારણ, આવી વ્યક્તિઓ વખત જતાં દીવાનપદ માટે બઢતી મેળવવાપાત્ર બને છે. મહારાજા સાહેબની સગીરાવસ્થામાં તેમના હિતસંબંધોની કાળજી લેતી વખતે આ મહત્ત્વના સિદ્ધાંતને નજર બહાર રહેવા દીધી નથી. આ તબક્કે પણ હજૂર કચેરીમાં આવી વ્યક્તિઓ મોજૂદ છે.

**બહારથી લાવવા અનિચ્છનીય**

(૬) ઉપર નિર્દિષ્ટ કરેલ ધોરણ સ્વીકાર્યું ના હોય અને તેનો અમલ કર્યો ના હોય તો દીવાનની જગ્યા ખાલી પડવાના કોઈપણ પ્રસંગે મહારાજા સાહેબને મોટી મૂંઝવણ થાય. મહારાજા સાહેબની પોતાની સેવાના સંવર્ગમાં આવા લોકો શોધ્યા મળે નહિ તો મહારાજા સાહેબને કોઈ બહારની વ્યક્તિને લાવવી પડે. આ માર્ગમાં ઘણાં જોખમો છે, ઘણા ગેરલાભો છે, તે નિશ્ચિત છે.

**કારણો**

(૭) જે પહેલાં કોઈ પણ સંબંધમાં આવેલો ના હોય, જેની મનોવૃત્તિ અને રીતભાત અંગે કોઈ માહિતી ના હોય, જેને આ રાજ્ય અને લોકો અંગે કોઈ માહિતી ના હોય, જેને સ્થાનિક વહીવટના માર્ગદર્શક સિદ્ધાંતો અને તેની વિગતોની જાણકારી ના હોય અને ખુદ જે મહારાજા સાહેબ કરતાં બહારની સત્તા અને લાગવગ ઉપર આધાર રાખતો હોય એવા તદ્દન પરાયા દીવાન સાથે કામ કરવામાં ભાગ્યે જ અનુકૂળતા આવશે. આ વિષય ઉપર ઘણું બધું કહી શકાય છે, પણ કહેવાની જરૂર લાગતી નથી. કારણ, બહારથી કોઈ ત્રાહિત માણસને દીવાન તરીકે લઈ આવવામાં કયા ગેરલાભો છે, તે મહારાજા સાહેબ સહેલાઈથી સમજી શકશે.



**દીવાનની લાયકાત**

(૮) મહારાજા સાહેબના દીવાનની લાયકાત અને ગુણો બાબત આગળ વિચાર કરીએ તો એમ કહી શકાય કે તે અવશ્ય અંગ્રેજી ભાષાનો સારો જાણકાર હોવો જોઈએ. આવી લાયકાત વિનાનો કોઈપણ દીવાન વડોદરા રાજ્ય જેવા મોટા સંસ્થાનમાં થોડા વખત માટે પણ સારી કામગીરી કરી શકશે નહિ. તે દેશી સંસ્થાનનો હૂંફાળો મિત્ર અને હિતચિંતક હોવો જોઈએ. આવો દીવાન દેશી સંસ્થાનોને તેના કાયદેસર હકો અને વિશેષ અધિકારોને સુરક્ષિત રાખવા તેનાથી બનતી બધી કામગીરી કરવા તત્પર હોવો જોઈએ. એનામાં દૃઢતા સાથે સમાધાનવૃત્તિ હોવી જોઈએ. તે ન્યાયી પણ હોવો જોઈએ. સાથે સાથે નરમ વૃત્તિનો અને દયાળુ પણ હોવો જોઈએ. તે ગતિશીલ હોવાની સાથે ધીરજ વૃત્તિનો અને બીજાઓ સાથે સમજીને કામ કરનારો હોવો જોઈએ. ઉત્સાહી, સાવચેત અને બધાં પાસાંનો વિચાર કરનારો હોવો જોઈએ. તે પોતાના સ્વમાન માટે સંવેદનશીલ હોય પણ સાથે સાથે તે લડકણો ન હોવો જોઈએ. મહારાજા સાહેબ સાથે ભલે સુમેળથી સંમત થઈ કામ કરનારો હોય પણ મહારાજા સાહેબને સલાહસૂચનો આપવામાં સ્વતંત્ર અને સ્પષ્ટ હોવો જોઈએ. વહીવટની તમામ શાખામાં સુધારણા કરવામાં તેણે મિત્રની ભૂમિકા બજાવવી જોઈએ. જે કાંઈ જૂનું છે, સ્વાભાવિક છે અને ઉપયોગી છે, તેનું જતન કરવાની વિવેકબુદ્ધિ ધરાવતો હોવો જોઈએ.

**દીવાનને ટેકો આપવો**

(૯) એક વખત પોતાના દીવાન તરીકે કોઈ વ્યક્તિને પસંદ કરી હોય તેને મહારાજા સાહેબે હાર્દિક ટેકો આપવો જોઈએ, પ્રોત્સાહન આપવું જોઈએ.

**દીવાનની શીઘ્ર બદલી અયોગ્ય**

(૧૦) થોડે થોડે અંતરે કોઈ સબળ કારણો સિવાય પોતાના દીવાન બદલવા એ ખરાબ નીતિ કહેવાય. નિદાન પાંચ વર્ષ પોતે દીવાનપદ ઉપર રહી ભાવિ કારકિર્દીઓ ઘડવા અંગે તેને વિશ્વાસ હોવો જોઈએ. પોતાના મુખ્ય પ્રધાનને વારંવાર બદલવા એ મહારાજા સાહેબની દુર્બળતાની નિશાની છે. આમ કરવાથી દીવાનની ઉપયોગી કામગીરીમાં ખલેલ પહોંચે છે.

**ખાતાના વડાની પસંદગીમાં કાળજી**

(૧૧) હવે આપણે દીવાનની હાથ નીચે રહી કામગીરી બજાવનારા વિભાગોના વડાઓ અંગે વિચાર કરવા આગળ વધીએ. આ વડાઓની પણ ખૂબ કાળજીપૂર્વક પસંદગી કરવી જોઈએ. તેમને સુપરત કરેલી મહત્ત્વની કામગીરી સારી રીતે કરી શકે એવી લાયકાતવાળા તે હોવા જોઈએ. કોઈ વખતે જરૂરી જણાય તો મુખ્યમંત્રીની ફરજો હાથ ધરવા તાલીમ આપી શકાય તેવા આશાસ્પદ હોવા જોઈએ. ખુદ દીવાન સાહેબની લાયકાત જેવી લાયકાતવાળા ખાતાંના વડાઓની પસંદગી કરવી જોઈએ, તે આનાથી સ્પષ્ટ થાય છે.

**અંગ્રેજીનું જ્ઞાન**

(૧૨) એક નિયમ તરીકે ખાતાના વડાઓને અંગ્રેજીનું સારું જ્ઞાન હોવું જોઈએ. આને માત્ર એક જ અપવાદ છે. ફડનીશને અંગ્રેજીની સારી માહિતી ના હોય તો પણ ચલાવી લેવું જોઈએ.

**વિવિધ જ્ઞાતિના**

(૧૩) ખાતાંના વડાઓ વિવિધ જ્ઞાતિના અને પંથના હોય તે ઈચ્છનીય છે. ખરેખર તો આવી સ્થિતિ સમગ્ર જાહેર સેવામાં હોવી જોઈએ.

**દીવાનને સહકાર**

(૧૪) ખાતાંના વડાઓએ સરકારની કામગીરીનું સારું સંચાલન કરવા દીવાન સાહેબને સહયોગ આપવો જોઈએ. આ બધી વ્યક્તિઓ ઉચ્ચ ચારિત્ર્યવાળી અને ઉચ્ચ સિદ્ધાંતો ધરાવતી હોવાથી ખટપટ અથવા પક્ષાપક્ષી થવાનો કોઈ સંભવ રહેતો નથી. મહારાજા સાહેબ અને દીવાન સાહેબને ખાતાંના વડાઓની સ્વામીનિષ્ઠ સહાયની હંમેશા ખાતરી રહેશે, તેઓ આ વિરુદ્ધ વર્તન કરશે એવું માનવા કોઈ કારણ રહેશે નહિ. આ બાબત મહારાજા સાહેબ શું અપેક્ષા રાખે છે તેની સ્પષ્ટ અને નિશ્ચિત જાણ ખાતાંના વડાઓને કરવી જોઈએ.

**અગત્યની ચર્ચા સૌની સાથે**

(૧૫) ખાતાંના વડાઓ, ખરું જોતાં મહારાજા સાહેબના જુદા જુદા વિભાગો સંભાળતા મંત્રીઓ જ છે, અને દીવાન તેમના વડા અથવા મુખ્યમંત્રી છે.



દીવાન અને મંત્રીઓ મળીને મહારાજા સાહેબનું એક મંત્રીમંડળ બને છે. દીવાન સાહેબના હુકમ અને દેખરેખ નીચે આ વડાઓએ દરેક વિભાગની સામાન્ય કામગીરીનું સંચાલન કરવાનું છે, પરંતુ કોઈ વધારે મહત્ત્વનું અગર મુશ્કેલ કામકાજ કરવાને પ્રસંગે સઘળા અગર મોટા ભાગના મંત્રીઓએ સાથે મળવું જોઈએ અને પરસ્પર ચર્ચા-વિચારણા કરી તે કામનો નિકાલ કરવો જોઈએ ; અને આ રીતે કામગીરી કરવામાં કોઈ ગંભીર મતભેદ ઊભો થાય ત્યારે મહારાજા સાહેબ પ્રત્યેક મંત્રીનાં અભિપ્રાય અને દલીલોને ધીરજપૂર્વક સાંભળે તો વધુ સારું થશે. મહારાજા સાહેબે આવી પરિસ્થિતિમાં પ્રશ્નનો કેવી રીતે નિકાલ કરવો જોઈએ, તે અંગે અગાઉ સામાન્ય સૂચનાઓના સદર હેઠળ નિર્દેશ કરેલો છે જ.

**મંત્રી પ્રત્યે વિશ્વાસ**

(૧૬) પ્રત્યેક મંત્રીના અભિપ્રાય તરફ મહારાજા સાહેબે ધ્યાન આપવું જોઈએ. તેને વિચારણામાં લેવો જોઈએ. મંત્રીઓમાં મહારાજા સાહેબને વિશ્વાસ હોવો જોઈએ. મંત્રીના વિભાગના સારા વહીવટનું શ્રેય તેઓને વિશેષ ઉદારતાથી આપવું જોઈએ. સન્માનનીય લોકોને માન અને કીર્તિની હંમેશા વાંછના રહે છે. યશપ્રાપ્તિની તેમને મહત્ત્વાકાંક્ષા હોય છે. એટલે મહારાજા સાહેબે પ્રસંગ પ્રમાણે પ્રશંસાના બે શબ્દ તેમના માટે વ્યક્ત કરવા જોઈએ. ગમે તેટલાં નાણાં બક્ષિસમાં આપો પણ તેના કરતાં ઉત્તેજન આપવાની દૃષ્ટિએ પ્રશંસાના બે શબ્દોની અસર બહુ જ સારી રહે છે. ટૂંકમાં, પોતાના વિભાગનું કામ ઉત્તમ રીતે ચલાવવું કે વિભાગને ઉત્તમ સ્થિતિમાં રાખવો અને મહારાજા સાહેબના સમગ્ર વહીવટ માટે ઉચ્ચ ખ્યાતિ ફેલાવવામાં પોતાનો ફાળો આપવો, એ જે તે મંત્રીના હિતમાં છે અને ખરેખર આ જ તેમના આનંદ અને અભિમાનનું મૂળ છે, એવું તેમને લાગે એવું મહારાજા સાહેબે ધોરણ અને વલણ રાખવું જોઈએ.

**નજીવી ભૂલો દરગુજર**

(૧૭) ઉત્તમોત્તમ વ્યક્તિઓ પણ ભૂલને પાત્ર હોય છે, એ વાત યાદ રાખવી જોઈએ. સતત કામ કરનારાઓ અમુક પ્રમાણમાં ભૂલો કરે જ. નાની-નાની ભૂલો કરવાનું મનુષ્ય જાતિના નસીબમાં લખાયેલું છે જ. આવી ક્ષુલ્લક ભૂલો તરફ મહારાજા સાહેબે ધ્યાન આપ્યા વગર તેમની પાસેથી કામ લેવું. ભૂલોની નોંધ લેવાની જ હોય, તો હળવાશથી લેવી.

**ટીકા હળવા શબ્દોમાં**

(૧૮) કોઈકવાર ગંભીર ભૂલ થઈ હોય અને નિયમાનુસાર તે ઠપકાને પાત્ર હોય એવો પ્રસંગ આવે, છતાં પણ ઠપકો આપતી વખતે માપી માપીને શબ્દો વાપરવા અને હળવા શબ્દોનો ઉપયોગ કરવો. આવા પ્રસંગે નાખુશીથી અને નાઈલાજે ઠપકો આપવો. જાહેર હિતની દૃષ્ટિએ ઠપકો આપતી વખતે અત્યંત જરૂરી હોય તેના કરતાં વધુ દુ:ખ કોઈને ન થાય તે જોવું. ઠપકાપાત્ર વ્યક્તિની સંવેદનશીલતા અને સ્વમાનનો પણ વિચાર કરવો જોઈએ. ઠપકો આપવા પાછળ ફક્ત ન્યાય દૃષ્ટિ છે અને દ્વેષ નથી, એવું બતાવવાથી ઠપકો વધુ અસર કરે છે. આ માટે ઠપકાના શબ્દો સાથે સંબંધિત વ્યક્તિની યોગ્યતા પ્રમાણે એની પ્રશંસાના શબ્દો પણ ઉમેરવા જોઈએ. સાચી અને અસરકારક રીતે ઠપકો કેમ આપવો તે નાનું સરખું શાસ્ત્ર છે અને કલા પણ છે.

**ખુલાસો કરવા દેવો**

(૧૯) આ સંબંધે એક વાતનું સ્મરણ રાખવું જોઇએ કે કોઇ મંત્રીને ઠપકો આપવાનો હોય તો તેની વર્તણૂકનું જે પાસું દોષપાત્ર હોવાનું જણાયું હોય તેના બચાવમાં તેને કાંઇ કહેવુ હોય કે કાંઇ ખુલાસો કરવો હોય તો તે સાંભળ્યા વગર તેને ઠપકો આપવો એ ન્યાયી કે વાજબી ન ગણાય.

**સીધા આદેશનો ભાવ ટાળો**

(૨૦) બધા મંત્રીઓ, અલબત્ત, મહારાજા સાહેબના સેવકો છે જ, છતાં પણ શાણા મહારાજાએ એવા શબ્દોનો અને સ્વરનો ઉપયોગ ન કરવો જોઇએ કે જેમાં મહારાજા સાહેબના અસહિષ્ણુ આદેશનું પ્રદર્શન થાય. ઉમદા લોકો સામાન્ય ઘરકામ કરનારા નોકરો સાથે પણ આવું વર્તન કરતા નથી. આવા શબ્દોનો ઉપયોગ કરવાની જરૂર પણ નથી. કારણ, મહારાજા સાહેબ ફક્ત તેમની ઇચ્છાઓ પ્રદર્શિત કરે એટલે તેને પ્રભાવ પડવાનો જ છે.

**સંગઠન અને શિસ્ત અત્યંત જરૂરી**

(૨૧) હજૂર કચેરીનું મહેકમ બહુ મોટું હોય છે. વહીવટની સફળ કામગીરી માટે તેમાં અને સામાન્યપણે જાહેર સેવાઓમાં સંગઠન અને શિસ્તની અત્યંત આવશ્યકતા છે. છતાં દેશી સંસ્થાનોમાં શિથિલતા તો હોય છે. સાથે સાથે



સંગઠન અને શિસ્તને તોડી પાડવાની એક અતિ વ્યાપક અને સતત દેખાઇ આવનારી વૃત્તિ પણ હોય છે. એટલે મહારાજા સાહેબે આ વૃત્તિને દબાવી દેવાની કાળજીપૂર્વક કામગીરી કરવાની રહેશે. તો સંગઠનનો અર્થ કામગીરીનું યોગ્ય વિભાજન અને તેની વહેંચણી એવો સામાન્ય રીતે થાય છે. સંગઠનની કામગીરીમાં (ક) અમુક કર્મચારીઓને અમુક કામ સોંપવાની અને તે કામ સારી રીતે પાર પાડવા માટે તેમને જવાબદાર ગણવાની અને (ખ) તે કામ કરવા માટે તેમના તાબામાં કામ કરવા માટે જરૂર જેટલા માણસો મૂકવાનો સમાવેશ થાય છે. નીચેથી ઉપર સુધી કામની આ પ્રમાણે વહેંચણી કરવામાં આવે છે. કામગીરીનો દરેક વિભાગ કોઇ જવાબદાર કર્મચારીને સોંપવામાં આવે છે અને નીચેની શ્રેણીમાં કામ કરતા કારકુનથી ઉપર મંત્રી સુધી દરેક કર્મચારીને કોઇ ઉપલી કક્ષાના અધિકારીના હુકમ હેઠળ રાખવામાં આવે છે. આવું સંગઠન સમગ્ર કર્મચારીવર્ગને આવરી લે છે અને તે સમગ્ર સંગઠન એક વ્યવસ્થિત મંડળ અથવા એક યંત્રનું રૂપ ધારણ કરે છે. આ યંત્રનો દરેક ભાગ બીજા કોઇ ભાગના અનુસંધાનમાં કામગીરી કરે છે. શિસ્તની બાબતમાં પણ સામાન્ય ભાષામાં કહું તો શિસ્તનો અર્થ મહેકમની આ બધી શ્રેણીઓને પોતાના ઉપરી અધિકારીઓના હુકમોને માન આપી કામ કરવાની ફરજ પાડતી વ્યવસ્થા એમ થાય છે. આ પ્રકારે જ અને આ પદ્ધતિથી જ માણસોના મોટા સમુદાયો પાસેથી કામ લઇ શકાય અને તે બધાની સુસંગત શક્તિઓને મહાન જટિલ ઉદ્દેશો સિદ્ધ કરવા યોજી શકાય છે. સંગઠન અને શિસ્ત ન હોય ત્યાં ગરબડ થવાની જ છે. એક સમાન હેતુના સંદર્ભમાં પ્રત્યેક વ્યક્તિને કામ કરવાની ફરજ પાડવી હોય તો સંગઠન યા શિસ્ત વગર થઇ શકશે નહિ, અથવા બહુ ઓછું કામ થશે. પ્રમાણસો એક બીજાની સાથે મળીને શિસ્ત વગર કામ કરી શકશે નહિ, એટલું જ નહિ પણ એક બીજાની વિરુદ્ધ કામ કરશે. પરિણામે ઘણી શક્તિ વેડફાશે. કોઇ પણ સમૂહની સફળતામાં સંગઠન અને શિસ્તથી ઘણો મોટો તફાવત પડે છે. સંગઠન અને શિસ્ત વગરની સેનાની સરખામણીમાં શિસ્ત અને સંગઠનનો લાભ ધરાવતી સેના આ બાબત એક દૃષ્ટાંત પૂરું પાડે છે. શિસ્તવાળી સેના તેના અભાવવાળી સેનાને સહેલાઇથી હરાવી શકશે. હિન્દુસ્તાનના ઇતિહાસમાં વારંવાર એવા ઘણા દાખલાઓ બન્યા છે, જેમાં અસંગઠિત અને ગેરશિસ્તવાળી પ્રચંડ સેનાને ઘણી નાની પણ કાર્યક્ષમ રીતે સંગઠિત અને શિસ્તબદ્ધ ફોજે નસાડી મૂકી છે.

**શિસ્તનાં દૃષ્ટાંત**

(૨૨) હું દોહરાવું છું કે મહારાજા સાહેબે પોતાની સેવાઓમાં આ સંગઠન અને શિસ્તની સંપૂર્ણ જાળવણી કરવી જોઇએ. ''અ'' નામના કર્મચારીને ''બ'' નામના કર્મચારીના હુકમ હેઠળ મૂકેલો છે. ''અ'' આપની પાસે આવે છે અને કહે છે કે ''મને ''બ'' ના હુકમ હેઠળ રહેવું ગમતું નથી. આપ મહારાજા સાહેબના સીધા તાબા હેઠળ એ કામ કરવાનું હું પસંદ કરું છું અથવા ઓછામાં ઓછું દીવાન સાહેબના હુકમ હેઠળ કામ કરવાનું પસંદ કરીશ.'' આવું ક્યારેય અને કોઇ પણ કારણે ચલાવી લેવું ન જોઇએ. બીજો દાખલો લઇએ. પોતાના તરતના ઉપરી અધિકારી પાસે ગેરહાજર રહેવાની પરવાનગી મેળવવાને બદલે એક સૂબા રજા માટે મહારાજા સાહેબને સીધી અરજી મોકલે છે. મહારાજા સાહેબે આ અરજી પાછી મોકલી દેવી જોઇએ અને અરજદારને કહેવું જોઇએ કે તેણે નિયમ વિરુદ્ધ વર્તન કર્યું છે. વળી, તેને ફરમાન કરવું જોઇએ કે તેણે તુરતના ઉપરી અમલદારને રજા માટે અરજી કરવી. આ સૂબા એવી રજૂઆત કરે કે મહારાણી સાહેબને કોઇ કામે તેની જરૂર હતી. મહારાજા સાહેબે આવી દલીલ માન્ય રાખવી નહિ અને તે અધિકારીના વર્તાવની જરૂરી યોગ્ય નોંધ કરી લેવી જોઇએ. વળી, ત્રીજો દાખલો. એક કારકુન મહારાજા સાહેબ પાસે દોડતો આવે છે અને ફરિયાદ કરે છે, કે સૂબાએ તેને અન્યાયપૂર્વક દંડની શિક્ષા આપેલી છે. મહારાજા સાહેબે તે કારકુનને હજૂર કચેરીમાં જઇ રજૂઆત કરવા કહેવું જોઇએ. વધુ એક કિસ્સામાં, એક સરદાર મહારાજા સાહેબની મુલાકાત લે છે અને ફરિયાદ કરે છે કે, જિલ્લા ન્યાયાધીશે તેની વિરુદ્ધ અન્યાયી હુકમનામું કર્યું છે. ખુદ મહારાજા સાહેબ અગર કમમાંકમ દીવાન સાહેબ તે નિકાલના કાગળો મંગાવી, નિકાલની ફેર-તપાસણી કરે એવી વિનંતી તે સરદાર કરે છે. મહારાજા સાહેબે તેમને વરિષ્ઠ ન્યાયાલયમાં વિવાદ દાખલ કરવા ફરમાન કરવું જોઇએ. વળી, અન્ય કિસ્સામાં, એક ઝવેરી મહારાજા સાહેબ પાસે આવી કહે છે : ''શ્રી વિનાયક રાવે મારા કિસ્સાનો અન્યાયપૂર્વક નિકાલ કરેલો છે. કાઝી સાહેબને મારો કેસ તપાસી ફરી નવો નિર્ણય કરવા દેવો જોઇએ.'' તે જ પ્રમાણે કોઇ ખેડૂત મહારાજા સાહેબ પાસે આવી કહે છે કે કાઝી સાહેબે એની જમીનની વધારે પડતી આકારણી કરી છે અને શ્રી રાવજી વિઠ્ઠલને તેના કામના લગતા કાગળો મંગાવવા દો, તેમના હાથે તેને ન્યાય મળશે, એવી તેને ખાતરી છે. તે જ પ્રમાણે જાહેર બાંધકામ વિભાગ સાથે નિસ્બત



ધરાવનારા એક કોન્ટ્રાકટર મહારાજા સાહેબને મળે છે અને રજૂઆત કરે છે,''ફલાણા ઇજનેર અમુક કામ કોન્ટ્રાકટ ઉપર આપવા ના પાડે છે, આ બાબત જોઇ જવા અને મને ન્યાય આપવા પેસ્ટનજીને ફરમાન કરવાની મારી પ્રાર્થના છે.'' આવા બીજા કેટલાક કિસ્સાઓ આપ મહારાજા સાહેબ આગળ આવશે. આવી રજૂઆતો દેશી સંસ્થાનોમાં સામાન્યપણે થયા જ કરે છે. કારણ તેમાં ત્રુટીઓ હોય છે. જો આવી અરજીઓ કોઇ આરામપ્રેમી અને અવિચારી મહારાજા માન્ય કરશે તો તેનાં અપરિહાર્ય પરિણામો કેવાં હશે ? કામગીરી કરાવી લેવામાં અને જવાબદારી નક્કી કરવામાં ખૂબ જ મોટી ગરબડ થશે. સંગઠન અને શિસ્તનો અંત આવશે અને પરિણામે ગેરવહીવટ જ ચાલશે.

**દરેક મંત્રીના અધિકાર**

(૨૩) મહારાજા સાહેબના દરેક મંત્રી તેમને ફાળે આવેલા વિભાગનો વહીવટ કાર્યક્ષમતાથી કરે તે માટે તેમને તેમના તાબાના નોકરોને અમુક મર્યાદાની અંદર શિક્ષા કરવાની સત્તા આપવી જોઇએ. જ્યાં સુધી તે મંત્રી આ અધિકારનો યોગ્ય ઉપયોગ કરે ત્યાં સુધી તેને મહારાજા સાહેબે મક્કમ ટેકો આપવો જોઇએ.

**મંત્રીઓ વિરુદ્ધ અરજીઓ**

(૨૪) દેશી સંસ્થાનોમાં મંત્રીઓ વિરુદ્ધ અરજીઓ કરી તેમના ઉપર તદ્દન ખોટું અને અવિચારી દોષારોપણ હંમેશા કરવામાં આવે છે. આ મંત્રીઓ સન્માનનીય વ્યકિતઓ હોય છે. એટલે આવી અરજીઓ હાથ ધરતી વખતે ખૂબ જ સાવચેતી અને વિવેકબુદ્ધિ વાપરવી જોઇએ.

**નનામી અને મોઘમ અરજીઓ**

(૨૫) એક સામાન્ય નિયમ તરીકે નનામી અરજીઓ કે ભૂતિયાં નામોથી કરેલી અરજીઓ ઉપર કોઇ ધ્યાન આપવું નહિ, ફેંકી દેવી. અસ્પષ્ટ અને સર્વસાધારણ સ્વરૂપનું દોષારોપણ કરતી અરજીઓ બાબત તે જ ધોરણ રાખવું.

**સ્પષ્ટ આક્ષેપોની તપાસ**

(૨૬) કોઇ જાણીતી વ્યકિત તરફથી કોઇ વિનંતીપત્ર આવે અને તેમાં કોઇ મંત્રીના વર્તાવ અંગે સ્પષ્ટ અને ચોક્કસ આક્ષેપો હોય તો કાંઇક વિચારણા કરવાની જરૂર રહે છે. તે અરજી લખનારને બોલાવવાના રહેશે. તેની માહિતીનું સાધન કયું છે અને પુરાવો આપવા તે તૈયાર છે કે કેમ તે પૂછવું. આવી અરજી કરવા પાછળના તેના આશય અંગે પણ પૂછપરછ કરવી. તે વ્યક્તિ પાસેથી આ પ્રકારે જે માહિતી મેળવી હોય તે ઉપરથી ઉચ્ચ ચારિત્ર્યવાળા અધિકારીએ ખોટો વર્તાવ કર્યો છે કે કેમ તે અંગેની શક્યતા વિષે નિર્ણય ઉપર આવવું જોઈએ. આ બધું કર્યા પછી જ આ બાબતમાં લેવાનો માર્ગ નક્કી કરી શકાશે. મારી એવી ભલામણ છે કે આવા વિનંતીપત્રો મહારાજા સાહેબે દીવાન સાહેબને મોકલવા જોઈએ. દીવાન સાહેબ તેના ઉપર વિચારણા કરશે, બીજા સાથે પરામર્શ કરશે અને મહારાજા સાહેબની વિચારણા માટે પોતાની શ્રેષ્ઠ સલાહ સાદર કરશે.

**મંત્રીમાં વિશ્વાસની જનતાને જાણ**

(૨૭) દીવાન સાહેબ અને વિભાગોના મંત્રીઓની પસંદગી ઉપર સૂચવ્યા પ્રમાણે સારી રીતે થયેલી હોય તો મહારાજા સાહેબનો ટેકો અને વિશ્વાસ મેળવવામાં તે સફળ રહેશે જ. પરંતુ તેઓ મહારાજા સાહેબના ટેકા અને વિશ્વાસના અધિકારી છે, એવું જાહેર જનતાને પણ જાણ થાય તેવું કરવું જોઈએ. તેનું કારણ એ છે, કે લોકોને તેથી વિરુદ્ધ કોઈ અનુમાન અથવા શંકા રહેશે તો અનેક ખટપટો શરૂ થશે, સમગ્ર વહીવટ નબળો પડશે અને રાજ્યનું હિત જોખમાશે.

**કેવી રીતે કરવી ?**

(૨૮) પ્રશ્ન એ ઊભો થાય છે કે દીવાન અને મંત્રીઓ બાબતના મહારાજા સાહેબના અભિપ્રાયની જાણ જાહેર જનતાને કેવી રીતે કરવી ? મહારાજા સાહેબ આ જાણ ઘણા પ્રકારે કરી શકશે. દા. ત. (૧) મંત્રીઓના અભિપ્રાયો અને નિવેદનો સામાન્યપણે સ્વીકારીને, (૨) આવા અભિપ્રાયો અને નિવેદનો ઉપર મૈત્રી ભાવનાથી વિચારણા કરીને, (૩) અવારનવાર તે અંગે ઉદાર શબ્દો વાપરીને અને (૪) અવિચારીપણે તેમને દોષ દેનારાઓને તેમ કરતાં રોકીને



તેમજ (૫) મંત્રીમંડળ ઉપર પાયા વિનાની હિંસક ટીકાનો પ્રહાર થતો હોય ત્યારે ખુશ થનારાઓ સાથે વ્યવહાર રાખવાનું નકારીને આ પ્રગટ કરી શકાય છે.

**મંત્રીની વગ જનતામાં નબળી ન પાડવી**

(૨૯) કોઈ મંત્રીએ એવું કાંઈ કરેલું હોય કે તેને રદ કરવાનું કે ઉલટાવવાનું જરૂરી બને. તે પ્રસંગે લોકોની નજરમાં મંત્રીની સત્તા અને વગ બાબત શ્રદ્ધા ઓછી થાય નહિ એવી રીતે તે કામગીરી કરવી જોઈએ. એક દાખલો લઈએ. માની લો કે એક મંત્રીએ કોઈ કારકુન કે કર્મચારીને પૂરતાં કારણો સિવાય નોકરીમાંથી કાઢી મૂક્યો છે અને તે કારકુનને નોકરીમાં ફરી લેવો જરૂરી છે. આવા કિસ્સામાં આ બાબતનો હોબાળો કરવાની જરૂર નથી. 'તે નોકરની રુખસદ ગલત છે અને તે કારકુનને નોકરીમાં ફરી હાજર કરી લેવો.' એવી મતલબનો વિધિસર હુકમ કરવાની પણ કોઈ જરૂર નથી. સામાન્યપણે હળવેથી તે મંત્રી મહોદયની સાથે વાત કરવી અને એ કારકુનને કડાકૂટ વગર નોકરીમાં લેવા કહેવું આ કિસ્સામાં પૂરતું છે. આ પ્રકારનાં કામોનો નિકાલ બને ત્યાં સુધી આવી સમજપૂર્વક જ કરવો જોઈએ.

**મતભેદનો ખાનગીમાં ઉકેલ**

(૩૦) ટૂંકમાં, મહારાજા સાહેબ અને પસંદ કરેલા મંત્રીઓ તેમની કામગીરીમાં એક અને અવિભક્ત હોવા જોઈએ, અને તેમ હોવાનું દેખાવું જોઈએ. તેમની વચ્ચે કોઈ મતભેદ હોય તો તે ખાનગીમાં દૂર કરવો જોઈએ, લોકોની નજરે આવવા દેવો નહિ.

**મંત્રીઓમાં ભેદનીતિ અનિષ્ટ**

(૩૧) આવું કહ્યા પછી ખરાબ ધોરણ શું છે, તે અંગે કાંઈ વધુ કહેવાનું મને આવશ્યક લાગતું નથી. એક મંત્રીની સામે બીજો મંત્રી ખડો થાય અને આપણી તેમના ઉપર ધાક રહે તે દૃષ્ટિથી મંત્રીઓને અંદરોઅંદર લડાવવાનું ધોરણ તદ્દન ખોટું છે. આવું નિયંત્રણ રાખવું એ અણઘડપણું છે. આ મંત્રીઓ ખરાબ અને સિદ્ધાંત વગરના માણસોનો એક સંઘ હોત તો વાત જુદી. પાયાની વાત

એ છે કે મહારાજા સાહેબે મંત્રીપદ માટે સારી વ્યક્તિઓની પસંદગી કરી છે . ચોરો ભલે અંદરઅંદર લડે પણ સારા માણસોએ અંદર-અંદર લડવું ન જ જોઈએ.

**ઝઘડા અટકાવો**

(૩૨) ઊલટું, હું એમ કહીશ કે મહારાજા સાહેબે મંત્રીઓને અંદર-અંદર લડતા અટકાવવા જોઈએ. તેઓશ્રીની અનેકમાંથી એક એવી આ મહત્ત્વની ફરજ છે. મંત્રીઓ અંદર-અંદર સુમેળથી કામ કરતા હોય ત્યારે મહારાજા સાહેબે કોઈક વખત પ્રશંસાના બે બોલ પણ કહેવા જોઈએ. મંત્રીઓની કામગીરીમાં સુમેળ દેખાતો ના હોય તો મહારાજા સાહેબે નારાજી પણ દર્શાવવી જોઈએ. વળી કાવતરાં કરનારાઓ, મંત્રીઓ વચ્ચેના સુમેળને બગાડવા અને તેમની વચ્ચે અણબનાવ ઉત્પન્ન કરવા માંગતા હોય તો મહારાજા સાહેબે આવા પ્રયત્નોને રોકવા જોઈએ.

**મંત્રીઓમાં સુમેળ કેમ સાધવો**

(૩૩) મંત્રીઓ વચ્ચેનો સુમેળ વધારવો અને તેમને રાજ્યના સારા વહીવટ માટે સંયુક્ત રીતે જવાબદાર બનાવવા એ એક શ્રેષ્ઠ ઉપાય છે. મહારાજા સાહેબે એવી વ્યવસ્થા કરવી જોઈએ કે દરેક મંત્રી પોતે જે કામ સંભાળે છે તેમાંના દરેક મહત્ત્વના કે મુશ્કેલ કામમાં પોતાના સાથી મંત્રીઓ સાથે પરામર્શ કરે અને જે માર્ગ અનુસરવો હોય તે અંગે સર્વસામાન્ય સંમતિ સાધે. આમ થાય, તો દરેક મહત્ત્વની બાબતમાં બધા મંત્રીઓની વિચારણાનો લાભ મળશે અને લીધેલાં પગલાં અંગે દરેક મંત્રીની જવાબદારી રહેશે. કોઈ મંત્રીને બીજા મંત્રીએ કંઈ ખોટું કામ કર્યું છે, એવું કહેવાનો અધિકાર રહેશે નહિ. હકીકતમાં ખોટું કામ થવાની સંભાવના સાવ ઓછી થશે. સારા વહીવટ માટે બરાબર આ જ પરિસ્થિતિ હોવી જરૂરી છે.

**ઉપયોગી અનુભવ-જ્ઞાનનું સાતત્ય**

(૩૪) મેં જે સિદ્ધાંતની હમણાં વાત કરી છે તેના કારણે બીજો પણ એક લાભ થાય છે . દરેક મંત્રી પોતાના વિભાગની મહત્ત્વની બાબતોમાં બીજા મંત્રી સાથે વિચારણા કરશે, તો મંત્રીઓ પોતાના વિભાગના કામકાજથી જાણકાર થશે, એટલું જ



નહિ પણ બીજા વિભાગોના મહત્ત્વના કામકાજથી પણ માહિતગાર થશે. એવું હશે તો કોઈ મંત્રીને વિદાય લેવાનો પ્રસંગ આવે તો મંત્રીમંડળમાં કામકાજની માહિતી બાબત કોઈ ખામી કે ખોટ જણાશે નહિ. અનુગામીને બીજા મંત્રીઓ કામની તાલીમ આપી શકશે. આ પ્રમાણે પ્રત્યક્ષ કામના અનુભવનું સાતત્ય જળવાઈ રહેશે અને વહીવટી દૃષ્ટિએ ખૂબ ઉપયોગી થશે.

## પ્રકરણ-૩૭

# વિભાગોના વડાઓ

બુધવાર, ૨૪મી ઓગસ્ટ, ૧૮૮૧

**સામાન્ય મંતવ્યો**

(૧) હજૂર કચેરીનું બૌદ્ધિક અને નૈતિક સ્તર શક્ય તેટલું મજબૂત બનાવવું એ કેટલું મહત્ત્વનું છે, તે અંગે મેં નિર્દેશ કરેલો છે. મહારાજા સાહેબના વહીવટની સફળતા માટે આ એક આવશ્યક શરત છે. દીવાન અને વિભાગોના વડાઓ, કેવી લાયકાતવાળા હોવા જોઈએ, તે પણ મેં સામાન્ય રીતે દર્શાવ્યું છે. હવે વધુમાં વિભાગના વડાઓ વિષે મારા અનુભવસિદ્ધ વિચારો રજૂ કરીશ.

**મહેસૂલ વિભાગના વડાની લાયકાત**

(૨) મહેસૂલ વિભાગના વડાને તેની કામગીરી અંગેના સિદ્ધાંતો અને વિગતોની વિશેષ જાણકારી હોવી જોઈએ. જમીન મહેસૂલની રૈયતવારી પદ્ધતિનું જ્ઞાન તેને હોવું જોઈએ. અફીણ, આબકારી જકાત અને આવકનાં બીજાં સાધનોની તે સંપૂર્ણ માહિતી ધરાવતો હોવો જોઈએ. આ બાબતો અંગે તેને દરેકનો ઈતિહાસ, વર્તમાન પરિસ્થિતિ, બ્રિટિશ હિન્દુસ્તાનમાં પ્રવર્તતી પદ્ધતિ અને અધિકારી નિષ્ણાતોએ ગણતરીપૂર્વક દર્શાવેલા પાયાના સિદ્ધાંત અથવા શાસ્ત્રની પણ માહિતી હોવી જોઈએ. નાણાકીય બાબતો અંગે તેને જ્ઞાન હોવું જોઈએ. રાજકારણી અર્થ-શાસ્ત્ર સાથે તે પરિચિત હોવો જોઈએ. લોકોની સુખાકારી જેના ઉપર મોટાભાગે આધાર રાખે છે, એવા ખાસ મહત્ત્વના મહેસૂલ વિભાગના કામકાજને આવી વ્યક્તિ સારો ન્યાય આપી શકશે.

**અગાઉના શાસનમાં ખાતાના વડાની નિષ્ફળતા**

(૩) આ પહેલાંના શાસનકાળમાં આ વિભાગના વડાઓ લાયકાતના સ્તરની દૃષ્ટિએ ખૂબ ઊણા ઊતરે તેવા હતા. તેમને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ન હોવાથી તેમની કામગીરી અંગેની કીમતી અને જરૂરી માહિતી તેઓ મેળવી શકતા ન હતા. પોતે ઓછામાં ઓછી મહેનત કરી વધુમાં વધુ આવક



લોકો પાસેથી કેવી રીતે નિચોવી લેવી એ જ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો. આના કારણે લોકોનું હિત વત્તાઓછા પ્રમાણમાં જોખમાતું હતું. કેટલેક ઠેકાણે વધારે પડતું અને લોકોને કચડી નાંખે એવું કરભારણ હતું, તો કેટલેક ઠેકાણે અસમાન કરબોજ હતો. ક્યાંક કરવેરાની વસૂલાત જુલ્મ અને ત્રાસ આપીને થતી હતી, તો ક્યાંક કરવેરાની બાબતમાં ભારે અસ્પષ્ટતા અને અનિશ્ચિતતા વર્તાતી હતી. દરેક ઈજારદાર પોતાની મરજીમાં આવે તેમ ભારે કરવેરા લાદતા હતા કે વધારતા હતા. સિદ્ધાંત વિહોણી લાગતોને લીધે, નાકાંઓની વિશાળ જાળના કારણે ઉપલક જોનારની કલ્પનામાં પણ ન આવે તે ઢબે વ્યાપાર ધંધાને નુકસાન વેઠવું પડતું હતું. મારી પાસે વખત હોત તો આવા પ્રકારના ગેરવહીવટના અસંખ્ય દાખલાઓ આપી શકત. ખરી હકીકત તો એવી હતી કે પહેલાંના વહીવટના વડાઓને આ કરવેરાની પદ્ધતિમાં કેટલાં મોટાં દૂષણો છે, તેની માહિતી પણ ન હતી, પછી કામગીરીમાં કોઈ સુધારણા કરવા તે કેવી રીતે વિચારી શકે ?

**મહેસૂલ વિભાગનું સંચાલન**

(૪) આ વિભાગ સાથે હંમેશા લાખ્ખો લોકો સંકળાયેલા છે, એ હકીકતનું ભાન હોવું જરૂરી છે. આ વિભાગનું વ્યવસ્થાબદ્ધ સંચાલન થાય તો લાખ્ખો લોકોને તે સંતોષ આપી શકશે. વ્યવસ્થિત સંચાલનના અભાવે લોકો ખૂબ બૂમાબૂમ કરી અસંતોષને વાચા આપશે, તે પણ નક્કી છે.

**ન્યાયખાતાના વડા તરીકે કાયદાશાસ્ત્રી**

(૫) હવે હજૂર કચેરીના બીજા વિભાગો તરફ આગળ વધીશું. ન્યાય, પોલીસ અને પ્રત્યાર્પણ વિભાગના વડા નિર્મળ બુદ્ધિવાળા કાયદાશાસ્ત્રી હોવા જ જોઈએ. ન્યાયશાસ્ત્રના મુખ્ય મુખ્ય સિદ્ધાંતો તેમજ ન્યાયતંત્રના વહીવટની વ્યાવહારિક વિગતો સાથે તે વાકેફ હોવા જોઈએ. આ લાયકાત પૂરી કરવા માટે તે અંગ્રેજી ભાષામાં પ્રાવીણ્ય ધરાવતા હોવા જોઈએ. આપણા પડોશીઓ સાથેના સંબંધો અંગે નિસ્બત ધરાવતા આંતરરાષ્ટ્રીય કાયદાઓના સિદ્ધાંતોનું તેમને પૂરેપૂરું જ્ઞાન હોવું જોઈએ. એ વાત યાદ રાખવી જોઈએ કે મુખ્યત્વે આ અધિકારીએ, વરિષ્ઠ ન્યાયાલયના નિર્ણયો વિરુદ્ધ થયેલા વિવાદોનો નિકાલ કરવાના કામે, બધી ન્યાયવિષયક બાબતો અંગે, તેમજ બીજા

વિભાગોમાંથી આવતા કાયદાની સ્પષ્ટતા, શંકા કે મુશ્કેલી અંગે ખુલાસો કરવામાં, કાયદાઓ અને નિયમો ઘડવાના કામે,ગુનેગારોના પ્રત્યાપર્ણ અંગે રેસિડેન્ટ સાથે પત્રવ્યવહાર કરવામાં અને ન્યાયના સિદ્ધાંતો સંબંધી બીજી બાબતોમાં દીવાન સાહેબને સલાહ આપવાની હોય છે.

**યોગ્ય લાયકાતવાળા વડા દ્વારા સુસંચાલન**

(૬) ઉપર ઉલ્લેખ કરેલા વિભાગો માટે મહારાજા સાહેબ યોગ્ય વડાઓ મેળવી ન શકે તો પરિણામે ઘણી મૂંઝવણો અને મુશ્કેલીઓ નિશ્ચિત ઊભી થશે અને ઘણી બાબતોમાં વત્તા-ઓછા અંશે, પહેલાંની જૂની પરિસ્થિતિમાં પાછા સરકી જવાનું થશે. જૂના રાજવહીવટમાં પ્રત્યાપર્ણની બાબતમાં કલ્પી ન શકાય એવો મોટામાં મોટો ગૂંચવાડો હતો. વડોદરા રાજ્ય ઉપર બધી બાજુથી ગુનેગારોને પકડીને પાછા સુપરત કરવાની સખ્તાઈ થતી, પરંતુ વડોદરા રાજ્યમાં ગુનો કરી નાસી ગયેલા ગુનેગારોને પાછા મેળવવાને કામે વળતી મદદ થોડા પ્રમાણમાં જ મેળવી શકાતી હતી. પરિણામે આપણી હકૂમતના પ્રદેશોમાં સંખ્યાબંધ ગુના બનતા હતા અને તે ગુના કરનારાઓને પકડીને શિક્ષા કરવાનું શક્ય બનતું નહિ. ઘણા હિંસક ગુના દરરોજ બનતા હતા. બધી જગ્યાએ જાન, જાત, અને મિલકત અંગે બિનસલામતી પ્રવર્તતી હતી. વધુમાં, નામની પણ યોગ્યતાવાળું પોલીસદળ પણ ભાગ્યે જ હતું. આના પરિણામનું વર્ણન કરવા કરતાં કલ્પના કરવી જ સારી. ઉપરાંત, નામ લેવા જેવી ન્યાયની અદાલતોની હસ્તી પણ ન હતી. આના પરિણામનું પણ વર્ણન કરવા કરતાં તેની કલ્પના કરવી જ સારી. ટૂંકમાં, સભ્યતાને વરેલી સરકારની પ્રાથમિક જવાબદારી અદા કરવામાં સરકાર નિષ્ફળ નીવડી હતી. આ બધી બાબતોને નજરમાં રાખી, મહારાજા સાહેબે જોવું જોઈએ કે ઉપર નિર્દિષ્ટ વિભાગના વડાપદ માટે સુયોગ્ય વ્યક્તિની કેટલી જરૂર છે. હાલ એવી વ્યક્તિ આ કામગીરી સંભાળે છે. એવા લાયકાત ધરાવતા વડાના કારણે લોકોને સુશાસન અંગે ખાતરી મળે છે.

**સુરક્ષા વિભાગના વડાની વિશેષ લાયકાત**

(૭) આજે છે તે મુજબ લશ્કરીદળ, સેટલમેન્ટ અને ગિરાસ અંગેની બાબતોનો સમાવેશ એક વિભાગમાં થાય તે સારું છે. આ વિભાગના વડાપદ માટેની પસંદગી પણ ખૂબ કાળજીપૂર્વક કરવી જોઈએ. વહીવટની કાર્યક્ષમતા અને ખ્યાતિનો આવી પસંદગી ઉપર ખૂબ આધાર છે. આ વિભાગ



મહત્ત્વની ગૂંચવણભરી, અટપટી, મુશ્કેલીભરી અને નાજુક પ્રકારની ઘણી બાબતો સંભાળે છે. આ વિભાગને મહત્ત્વની વ્યક્તિઓ સાથે તેમજ ત્રાસજનક અને ઉપદ્રવી તત્ત્વો સાથે કામ લેવું પડે છે. છેલ્લાં છ વર્ષમાં આ વિભાગના વિદ્યમાન વડાના શાણપણ અને અનુભવનો, નિર્ણય કરવાની શક્તિ અને કુનેહનો ખૂબ જ ઉપયોગ થયો છે. આ વિભાગે વ્યવહારમાં ઉપયોગી થઈ પડે એવા સિદ્ધાંતો અને કામકાજ ચલાવવાની અને તકરારોનું સમાધાન કરવાની પદ્ધતિઓ કુશળતાથી અપનાવ્યાં છે. આ બધું તે વિભાગના વડાના કાળજીપૂર્વકના અભ્યાસ અને પરિશ્રમપૂર્વક કરેલી પ્રગતિના કારણે થયું છે. આ ધોરણને વળગી રહેવું જોઈએ. આપણે જે વિભાગ અંગે વિચાર કરીએ છીએ, તે વિભાગનો વડો સંપૂર્ણ લાયકાત ધરાવતો હોવો જોઈએ, એ બાબતમાં મહારાજા સાહેબે વિશેષ કાળજી રાખવી જોઈએ. કારણ, શહેરના કેટલાક વર્ગોના લોકોમાં એવી છાપ પ્રવર્તે છે કે આ વિભાગના વડો માટે કોઈ ખાસ લાયકાતોની જરૂર નથી અને કોઈપણ, અતિ સામાન્ય વ્યક્તિ પણ; આવી કામગીરી નિભાવી શકે. આવી છાપ એક ખોટા ખ્યાલને આભારી છે. મુલકી વિભાગના મંત્રીની આ જગ્યાને, લોકો ભૂલથી, અનિયમિત દળોના સર સેનાપતિની જગ્યા હોવાનું માની લે છે.

**અગાઉના શાસનમાં ગેરવહીવટ**

(૮) જૂના રાજવહીવટમાં લશ્કરીદળ, સેટલમેન્ટ, ગિરાસ અંગેના કામકાજની સુયોગ્ય વ્યવસ્થા માટે કોઇ પદ્ધતિ ન હતી. આ શોચનીય સ્થિતિ કહેવાય. યોગ્ય પદ્ધતિનો અભાવ તો હતો જ ; વધુમાં, સંખ્યાબંધ કિસ્સાઓમાં ગંભીર ગેરવર્તનના બનાવો થતા હતા. વહીવટી અહેવાલોમાં આ પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવેલું છે અને હું આશા રાખું છું કે, મહારાજા સાહેબ આ અહેવાલો જોઇ જશે. આમાંના ઘણા દોષો દૂર કરાયા છે અને ઘણા દોષો સુધારવાનું કામ ચાલુ છે. આવા દોષોનો સ્વભાવ હોય છે કે તે વખતોવખત દેખા દે છે. આ પ્રવૃત્તિને દૃઢતાથી અને જાગૃત રહીને દબાવી દેવી જોઇએ અને દોષો સુધારવાની વૃત્તિ ધીરે ધીરે ચાલુ રાખવી જોઇએ. આ કારણે આ વિભાગનો વડો મેં આ પહેલાં કહ્યું છે તેમ સારી લાયકાતવાળો હોવો જોઇએ.

(૯) જાહેર બાંધકામ ખાતું પણ હજૂર કચેરીના અતિ મહત્ત્વના વિભાગો પૈકી એક છે. તેથી તેનો વડો પણ યોગ્ય લાયકાતવાળો હોવો જોઇએ. આ અધિકારી પણ અંગ્રેજી ભાષા જાણતો હોવો જોઇએ. કારણ, તેને મુખ્ય ઇજનેર સાથે અંગ્રેજી ભાષામાં પત્રવ્યવહાર કરવાનો રહેશે, અને તેને જાહેર કામો સાથે નિસ્બત હોય એવા અંગ્રેજીમાં લખાયેલ પુસ્તકોનો અભ્યાસ કરવો પડશે. આ વિભાગના વિદ્યમાન વડા આ જરૂરિયાતો પૂરી પાડે છે.

**જાહેર બાંધકામ ખાતાના વડા**

(૧૦) હજૂર કચેરીના જે મહત્ત્વના વિભાગોની મેં નોંધ લીધી છે, તે નીચે પ્રમાણે છે :

**ખાતાના વડાની ફરજો**

(૧) મહેસૂલી વિભાગ

(૨) લશ્કરીદળ, સેટલમેન્ટ અને ગિરાસ વિભાગ

(૩) ન્યાય, આંતરિક રક્ષા અને પ્રત્યાર્પણ વિભાગ

(૪) જાહેર બાંધકામ વિભાગ

આ બધા વિભાગો માટે ઉત્તમ કક્ષાના અધિકારીઓની જરૂર હોય છે. આ વડાઓ તેમની પોતપોતાની ફરજો શાસ્ત્રીય રીતે, પદ્ધતિસર અને સમાધાનકારક રીતે બજાવશે ; એટલું જ નહિ પરંતુ, દીવાન સાહેબના સાથમાં રહી મહારાજા સાહેબના મંત્રીમંડળ તરીકે કામ કરશે. રાજ્યના સુશાસન માટે સંયુક્તપણે જવાબદાર એવા મહારાજા સાહેબના તાબાના મંત્રીઓના મંડળ તરીકે આ વડાઓ કામ કરશે.

(૧૧) રાજ્યના સુશાસનની પ્રાથમિક જવાબદારી ખુદ મહારાજા સાહેબના શિરે છે. આ બહુ ભારે જવાબદારી છે. હિન્દુસ્તાનની સર્વસાધારણ પરિસ્થિતિમાં જેમ જેમ પ્રગતિ અને સુધારણા થશે તેમ તેમ આ જવાબદારીઓમાં વધારો થવાનો છે. આ જવાબદારી સારામાં સારા રાજ્યકર્તાઓ માટે પણ ચિંતાનો વિષય થઇ પડવાની છે. સારી રીતે શાસન ચલાવી આ ભારે જવાબદારીને ઉત્કૃષ્ટ રીતે પાર પાડવા માટે ઉત્તમોત્તમ મંત્રીઓ પાસે રાખવા એ એક જ માર્ગ છે. આ મંત્રીઓ પાસે પ્રચંડ બુદ્ધિમત્તા, અમાપ જ્ઞાન, અનુભવ અને ઉચ્ચ

**વહીવટમાં ઉત્તમ મંત્રીઓ નીમવા**



ચારિત્ર્યનું ભાથું હોવું જોઇએ, જેને કારણે તેઓ લોકોનું માન સંપાદન કરી શકે, કોઇ દિશામાંથી વિઘાતક ટીકાટિપ્પણી થાય તેનો સામનો કરી શકે, પછી ભલે તે ટીકાટિપ્પણી બ્રિટિશ સત્તાવાળા તરફથી થતી હોય કે સામાન્ય જાહેર જનતા તરફથી થતી હોય. ખુદ મહારાજા ભલે ઉત્તમમાં ઉત્તમ હોય પણ તેમના મંત્રીઓ કાર્યક્ષમ ન હોય તો મહારાજા સાહેબ નિષ્ફળ નીવડે તે બાબત નિશ્ચિત છે.

(૧૨) વિશેષતઃ વડોદરા રાજ્ય માટે ઉત્તમ મંત્રીઓની ખાસ જરૂર છે. પરિસ્થિતિ અને સંયોગો જ એવા છે. આખા હિન્દુસ્તાનમાં એવું કોઇ દેશી સંસ્થાન નથી કે, જ્યાં કદાચ આટલા જટિલ, આટલા ગૂંચાયેલા અને બુદ્ધિનો આટલો કસ કાઢે તેવા હિતસંબંધો સાથે કામ કરવું પડે. વળી, વડોદરા રાજ્યમાં થાય છે, તેવી પરિસ્થિતિનું નિરીક્ષણ અને તેવી કામગીરીની ટીકા હિન્દુસ્તાનમાંના બીજા કોઇ દેશી સંસ્થાનમાં કદાચ ભાગ્યેજ થતી હશે.

**વડોદરામાં ઉત્તમ મંત્રીઓ આવશ્યક**

(૧૩) હજૂર કચેરીના ચાર મુખ્ય વિભાગો વિષે મેં ઉપર નિર્દેશ કરેલો છે, પરંતુ આ વિભાગમાં હજૂર કચેરીમાંની અન્ય કામગીરી કરતી બીજી શાખાઓનો સમાવેશ થતો નથી. આ ચાર વિભાગો સિવાય સંખ્યાબંધ અન્ય શાખાઓ છે. જેવી કે, હિસાબ અને અન્વેષણની, ખાનગી, કેળવણીની, દવાદારૂની, સુધરાઇઓની, હદ મુકરર કરવા બાબતની, સામાન્ય અને પ્રકીર્ણ અને છેલ્લી પણ ઓછા મહત્ત્વની નહિ એવી અંગ્રેજી પત્રવ્યવહાર અંગેની શાખાઓ. આ શાખાઓ અંગેના મારા થોડા અનુભવસિદ્ધ વિચારો હું આપની સમક્ષ મૂકીશ.

**બીજાં ખાતાંઓ**

(ક) વહીવટના સંચાલન માટે હિસાબ અને અન્વેષણની અત્યંત આવશ્યકતા છે. કોઇ ખાનગી કુટુંબ માટે તે આવશ્યક છે જ, અને રાજ્ય માટે તેની વધારે આવશ્યકતા છે. આજની જેમ હિસાબ અને અન્વેષણનું કામ એક અલગ અને આગવી લાયકાત ધરાવતા વડાને સોંપવું જોઇએ. તેને હિસાબ અને અન્વેષણની જૂની પદ્ધતિનું જ્ઞાન હોવું જોઇએ, તેમજ વધુ સુધારેલી નવી પદ્ધતિનું પણ જ્ઞાન હોવું જોઇએ. રાજ્યનો

**હિસાબ માટે વડાની લાયકાત**

નાણા-વ્યવહાર વ્યવસ્થિત રાખવાના કામમાં આ વડા રાજ્ય વહીવટને પુષ્કળ મદદ કરી શકશે.

**ખાનગી ખાતું**

(ખ) રાજમહેલ અંગેનું ખાનગી કામ મુખ્ય વિભાગોના વડાઓમાંથી એકને સુપરત કરવું જોઇએ. આ કામગીરીમાં પુષ્કળ સાવધાની, પરખ• શક્તિ અને કુનેહની જરૂર હોય છે. ખોટો અને ઉડાઉ ખર્ચ ન થાય અને નિયત કરેલી મર્યાદા બહાર ખર્ચ ન જાય તે ઉપર મહારાજા સાહેબે દેખરેખ રાખવાની છે. છતાં, પણ આ મહત્ત્વની અને જરૂરી કામગીરી કરતાં કોઇનું બિનજરૂરી અપમાન થાય કે કોઇને માઠું લાગે તેવી પરિસ્થિતિ ન આવે તેની પણ કાળજી રાખવી.

**શિક્ષણ અને આરોગ્ય**

(ગ) મુખ્ય વિભાગોના વડાઓમાંથી કોઇ એકને કેળવણીની શાખા પણ સોંપવી. આ કામ માટે એવા વડાની પસંદગી કરવી જોઇએ કે જેને કેળવણીની આધુનિક પદ્ધતિની ઘણી સારી એવી માહિતી હોય. દવા, ઔષધ બાબતની શાખા કેળવણી શાખાની સાથે હોય તો સારું કામ થશે.

**અન્ય ગૌણ શાખાઓ**

(ઘ) સુધરાઇ શાખાને જાહેર બાંધકામ વિભાગ સાથે રાખવી. સરહદો મુકરર કરવાનું કામ કરતી શાખા સામાન્યપણે મહેસૂલ વિભાગ સાથે હોય તો વધુ સારું કામ થાય. સામાન્ય અને પ્રકીર્ણ શાખાઓ મુખ્ય વિભાગના વડાઓ પૈકી કોઇ એકની સાથે હોઇ શકે.

**પાંચમા મંત્રી જરૂરી**

(૧૪) વખત જતાં કામ વધવાનું જ છે. જ્યારે કામ વધશે ત્યારે આ શાખાઓમાંથી કેટલીક શાખાઓ એક વધારાના એટલે પાંચમા મંત્રીના તાબા હેઠળ મૂકવી. ખરેખર મને લાગે છે કે વહીવટની કામગીરી માટે ચાર મંત્રીઓ ભાગ્યેજ પૂરતા રહેશે. કારણ, તેમાંથી કોઇ મંત્રીને રજા ઉપર જવું પડે કે કોઇ મંત્રી ગમે ત્યારે બીમાર પડે એવી શક્યતા રહેલી હોય છે.



**અંગ્રેજી પત્રવ્યવહાર માટે લાયકાતવાળા સચિવ**

(૧૫) હજૂર કચેરીનો અંગ્રેજી પત્રવ્યવહારનો વિભાગ મહત્તમ મહત્ત્વના વિભાગોમાંનો એક છે. આ વિભાગની કાર્યક્ષમતા ઉપર સમગ્ર વહીવટનો યશ અવલંબે છે. દીવાન સાહેબને અંગ્રેજી ભાષામાં વ્યાપક પ્રમાણમાં પત્રવ્યવહાર કરવો પડે છે. રેસિડેન્ટ સાથેનો અંગ્રેજી પત્રવ્યવહાર ખૂબ મહત્ત્વનો, મુશ્કેલીભર્યો, નાજુક પ્રકારનો અને ખાનગી સ્વરૂપનો હોય છે, એ વાત યાદ રાખવી જોઇએ. વધુમાં, એ પણ ધ્યાન રાખવું જોઇએ કે, હજૂર કચેરીની અંગ્રેજી શાખામાં વાર્ષિક અહેવાલ તૈયાર થાય છે અને તેનું સંકલન કરવામાં આવે છે, જેથી આ કચેરીનો વડો આંજના વડાની જેમ હંમેશા પૂરેપરી લાયકાત ધરાવતો સચિવ યા પ્રબંધક હોવો જરૂરી છે. આ વ્યક્તિ પૂર્ણ વિશ્વાસપાત્ર, બુદ્ધિમાન, અંગ્રેજી ભાષાનું સારું જ્ઞાન ધરાવનારો, સારી અને અસરકારક લેખન શક્તિ ધરાવનારો, ઉત્સાહી, કાર્યદક્ષ, મહેનતુ, સારી સ્મરણશક્તિ ધરાવતો, સમાધાન વૃત્તિવાળો હોવો જોઇએ. આવા ગુણો ધરાવતો અધિકારી બીજા અનેક વિભાગોના વડાઓ સાથે પત્રવ્યવહાર કરતાં કોઇ સંઘર્ષમાં આવશે નહિ.

**ફડનીસ ; તેની ફરજો**

(૧૬) હવે હજૂર કચેરીમાંના ફડનીસ વિભાગ અંગે મારે થોડા શબ્દો કહેવાના બાકી રહ્યા છે. આ વિભાગના વડાને ફડનીસ કહેવાય છે. ફડનીસ, એ સંસ્થાનનો વંશપરંપરાનો અધિકારી છે, અને આ પ્રમાણે હોવું ઇચ્છવાજોગ પણ છે. હજૂર કચેરીમાંના અનેક બદલાતાં જતાં તત્ત્વોમાં એક સ્થાયી તત્ત્વ હોવું ઇચ્છનીય છે.

**દફતરનો હવાલો**

(ક) ફડનીસ, જૂના વખતનાં મહત્ત્વનાં દફતરોનું એક સંગ્રહસ્થાન છે જ. ફડનીસે આ કામ કરવાનું ચાલુ રાખવું જોઇએ. આ અંગેની તેની ઉપયોગિતાનો અન્ય કામગીરી માટે ઉપયોગ કરવો. તેને બધા કીમતી દસ્તાવેજોના, સરકારના નિર્ણયોના અને બધા વિભાગોનાં મહત્ત્વનાં દફતરોનો રખેવાળ બનાવવો જોઇએ. કોઇ વિષય ઉપર કોઇ માહિતી જોઇતી હોય તો આવો રખેવાળ ઉપયોગી માહિતી મેળવવા માટેનું સાધન બનશે.

**રોકડ સિલકની ચકાસણી**

(ખ) ફડનીસ માટે વધુ એક મહત્ત્વની કામગીરી મુકરર કરેલી છે. તેમણે મધ્યવર્તી તિજોરીની રોકડ સિલકની તપાસણી કરી તેના ખરાપણા બદલ પ્રમાણપત્ર આપવાનું હોય છે. કોઇ પણ હિસાબે આ વ્યવસ્થા ચાલુ રાખવી જોઇએ.

**તિજોરીને ચુકવણીના આદેશ**

(ગ) એક બીજી મહત્ત્વની કામગીરી ફડનીસ કરતા આવ્યા છે. તેઓ નાણા-ચુકવણી અંગેના મધ્યવર્તી તિજોરીના બધા હુકમો અથવા મોટા ભાગના હુકમો લખે છે. બીજા શબ્દોમાં કહીએ, તો હજૂર કચેરી અને મધ્યવર્તી તિજોરી વચ્ચેના પત્ર-વ્યવહાર મુખ્યત્વે તેમના થકી થાય છે. અન્યોન્ય સંપર્ક વ્યવહારની મુખ્ય કામગીરી તે બજાવે છે. આ ઘણી ન્યાયયુક્ત વ્યવસ્થા છે અને તેને ચાલુ રાખવી જોઇએ.

**રેસિડેન્સી પ્રતિ પત્રો**

(ઘ) રેસિડેન્સીમાં મોકલાતા રાબેતા મુજબના પત્ર, દેશી ભાષામાંના વ્યવહારના કાગળો ફડનીસ તૈયાર કરે છે. આ પણ વ્યવસ્થા ચાલુ રાખવી.

**ફડનીસ નીચે દરકદારો**

(૧૭) આ અધિકારીને તેના કામમાં મદદ કરવા કાંઇ વ્યવસ્થા કરવી ઇચ્છનીય છે. ગણનાપાત્ર ભથ્થું મેળવતા પણ કાંઇ કામગીરી ન બજાવતા બે કે ત્રણ દરકદારોને તેમના તાબા નીચે મૂકવા મારું સૂચન છે એ ઇચ્છનીય પણ છે.



# પ્રકરણ-૩૮

## વેતન

૩૧મી ઓગસ્ટ, ૧૮૮૧

**અવલોકન**

(૧) પગારના વિષય ઉપર મારા કેટલાક અનુભવસિદ્ધ વિચારો હું અહીં સાદર કરીશ. આ વિચારો હજૂર કચેરી સંબંધમાં છે અને બીજાં જાહેર મહેકમોને પણ તે લાગુ પડે છે. આ એક મહત્ત્વનો વિષય હોવાથી મહારાજા સાહેબને તે અંગે સ્પષ્ટ ખ્યાલ હોવો જોઇએ.

**ગમે તે માણસ ગમે તે જગ્યા ઉપર**

(૨) પહેલાં એવું વિચારાતું હતું કે, કોઈ પણ વ્યક્તિ કોઈ પણ ખાલી જગ્યા ભરવા અને કોઈ પણ કામગીરી કરવા સમર્થ છે. આ સંજોગોમાં જાહેર સેવાઓ માટે વ્યક્તિઓ મેળવવામાં કાંઈ મુશ્કેલી આવતી નહિ. કોઈ જગ્યા ખાલી પડી હોય તો ઉમેદવારોનાં ટોળાં સામે ચાલીને ઉમેદવારી નોંધાવતાં હતાં. તેઓને ગમે તેટલો ઓછો પગાર આપવાનો સ્તાવ હોય તો પણ તેનો સ્વીકાર થતો.

**થોડા વેતનમાં માણસ મળતા**

(૩) વળી, રાજ્ય સેવકોને તે વખતમાં તેમના પગાર ઉપરાંત થોકબંધ પૈસા મળતા હતા, જે આજે ગેરકાયદેસર અને નિંદનીય પ્રાપ્તિ તરીકે ગણાય છે, તેવી આ વધારાની પ્રાપ્તિ હતી. ટૂંકમાં, સ્પષ્ટ કહેવું હોય તો તે સેવકો લાંચ લેતા હતા. લોકો પગાર માટે નહિ પણ પૈસાની લૂંટ ચલાવવા નોકરી સ્વીકારતા હતા. તેમાં અપવાદ નહિ હોય એમ નથી, પરંતુ સર્વસાધારણ શી સ્થિતિ હતી, તે સંબંધે હું બોલું છું. ઓછા પગારથી નોકરી કરવા વ્યક્તિઓ મળતી હતી તેનું આ એક બીજું કારણ છે.

**રાજ્યે વધુ વેતન આપવું**

(૪) આજે પરિસ્થિતિ જુદી છે. સારે નસીબે સારા વહીવટની આવશ્યકતા લોકો સારી રીતે સમજે છે અને લોકોને સારા વહીવટની કદર છે. જાહેર સેવા માટે હવે કેળવણી પામેલા, જરૂરી સારી

લાયકાતવાળા, સરળ અને ગેરકાયદેસર લાભ મેળવવાની બૂરી ઈચ્છા ન ધરાવનારા માણસો આપણે અવશ્યક માનીએ છીએ. કોઈ પણ સામાન્ય વસ્તુની નહિ, પણ કોઈ વિશેષ સારી વસ્તુની આપણને જરૂર હોય તો તેના માટે ઊંચી કિંમત ચૂકવવી પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણે વધુ સારો પગાર નોકરોને આપવો જોઈએ, એવી પરિસ્થિતિ છે.

**બ્રિટિશ આપે તેથી ઓછું નહિ**

(૫) પગારોનું પ્રમાણ નક્કી કરતી વખતે આપણે અન્ય બાબતોની પણ વિચારણા કરવી જોઈએ. બ્રિટિશ હિન્દુસ્તાનમાં કેળવણી લીધેલા સરળ વર્તાવવાળા માણસોની મોટી માંગ છે. બ્રિટિશ સરકારનાં પગાર-ધોરણો કરતાં ઓછો પગાર આપણે ત્યાં અપાતો હોય તે ચાલે તેમ નથી. સામ્રાજ્યની સેવામાં આવા સારા લોકોની મોટા પ્રમાણમાં ભરતી થાય છે, તે વાત પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

**નિવૃત્તિ વેતન**

(૬) વળી બ્રિટિશ નોકર વર્ગ માટે નિવૃત્તિ વેતન મળવાની જોગવાઈ છે. આપણે નિવૃત્તિ વેતન આપતા નથી એટલે આપણું પગાર-ધોરણ પ્રમાણસર ઊંચું રાખવું જોઈએ.

**સેવાકાળની સલામતી**

(૭) તે ઉપરાંત બ્રિટિશ સેવામાં નોકરીની સલામતી ખૂબ સારી છે; સારી વર્તણૂક હોય ત્યાં સુધી ઉચ્ચ શ્રેણીના જાહેર નોકરોને ત્યાં તેમની જગ્યા ઉપર ચાલુ રખાય છે. બીજા શબ્દોમાં કહીએ, તો તેમને વિના કારણ, ધારાધોરણ વિરુદ્ધ કાઢી મૂકવામાં આવતા નથી. બીજીબાજુ દેશી સંસ્થાનોમાં આ બાબતે જુદી પરિસ્થિતિ છે, એવું કહેતાં મને દુઃખ થાય છે. ઉત્તમ વર્તણૂક ધરાવતા રાજ્ય સેવકને પણ તેની નોકરીની સલામતી હોય એમ લાગતું નથી, પોતાને લાંબા વખત સુધી નોકરીમાં ચાલુ રાખવામાં આવશે તેવો તેને વિશ્વાસ હોતો નથી. ઊલટું ઉત્તમ વર્તાવવાળી વ્યક્તિ મહારાજા સાહેબને ઓછામાં ઓછી ગમતી હોય છે, કારણ કે તેને કોઈ હલકી કામગીરી સોંપેલી હોય તો પોતાના ઊંચા સિદ્ધાંતોને કારણે તેવું કામ તે કરી શકતી નથી. નોકરી ચાલુ રહેવા બાબતની સલામતીની અનિશ્ચિતતા હોવાને પરિણામે બ્રિટિશ



સેવાઓમાં મળે છે, તેના કરતાં વધુ પગારની અપેક્ષા દેશી સંસ્થાનોમાંની નોકરીઓ માટે સારી વ્યક્તિઓ રાખે છે. નિયુક્તિવાળી જગ્યા જ ગુમાવવાનું જ્યારે મોટું જોખમ ખેડવું હોય, ત્યારે વધુ સારો પગાર મેળવી તે જોખમ ખેડી શકાય છે.

**અન્ય રાજ્યો કરતાં વડોદરામાં ફેર**

(૮) જે ટૂંક સમયમાં જ સત્તાનાં સૂત્રો હાથ ધરવાના છે, એવા કાળજીપૂર્વક તાલીમ અને શિક્ષણ લીધેલા રાજવીના રાજવહીવટમાં દેશી સંસ્થાનોમાં ચાલતી પરિસ્થિતિ જેવી અવસ્થા વડોદરા રાજ્યમાં રહેશે નહિ, એવી હું આશા રાખું છું. છતાં એ સ્પષ્ટ છે કે જાહેર જનતાનો વિશ્વાસ એક દિવસમાં મેળવી શકાશે નહિ. લોકોનો વિશ્વાસ સમાધાનકારક પ્રમાણમાં સ્થાપિત થવા વર્ષો સુધી રાજ્યનો વહીવટ સારી રીતે ચાલે તે જરૂરી છે. ત્યાં સુધી બ્રિટિશ સેવાઓ અને દેશી સંસ્થાનની સેવાઓમાંની અસમાનતા ચાલુ રહેશે, અને તેના કારણે બ્રિટિશ સેવાઓ કરતાં દેશી સંસ્થાનોની નોકરીમાં વધુ પગારની માગણી ચાલુ રહેશે.

**શિક્ષિતોની આવક વધી**

(૯) વધારામાં, કેળવણી પામેલી અને સમર્થ વ્યક્તિઓ સ્વતંત્ર વ્યવસાયોમાં વધુ નાણાં કમાય છે. એક યશસ્વી ડોક્ટર કે વકીલ સરકારી નોકરીમાં દાખલ થઈને જેટલું મેળવી શકે તેટલું જ તે સ્વતંત્ર વ્યવસાય કરીને મેળવી શકે છે. રાજ્યની સેવાઓમાં કામ કરનારાઓ જાહેર જનતાની સેવા કરે છે, એ હકીકત આવા રાજ્ય સેવકોને વધુ ઊંચો પગાર આપવાની આવશ્યકતાનો નિર્દેશ કરે છે.

**શિક્ષિતો માટે માંગ**

(૧૦) વળી, કેટલાંક દેશી સંસ્થાનો પણ પ્રગતિના માર્ગે આગળ વધે છે અને તે કારણે કેળવણી લીધેલા પ્રામાણિક માણસોની માંગ વધતી જાય છે. આ કારણે આવા માણસોની કિંમત પણ વધી છે. આવા માણસો હવે પૂરતા પ્રમાણમાં મળે છે, એમાં શંકા નથી. કારણ, હિન્દુસ્તાનના જુદા જુદા ભાગોમાં શિક્ષણનું કાર્ય કરતી સંસ્થાઓની સંખ્યામાં હવે વૃદ્ધિ થઈ છે. છતાં આવા લોકોને વધુ પગાર આપવા બાબતની આવશ્યકતાનું પલ્લું ભારે જ રહ્યું છે.

(૧૧) ઉપર કહેલાં બધાં કારણોનો વિચાર કરતાં જણાશે કે વર્તમાન વહીવટે જે પગાર-ધોરણો અપનાવ્યાં છે તે વધુ પડતાં બિલકુલ નથી. બ્રિટિશ હિન્દુસ્તાનની સેવામાં સરખો પગાર મેળવતા અધિકારીઓ જે કામગીરી કરે છે, તેના કરતાં હજૂર કચેરીના વિભાગના વડાઓ વધુ મુશ્કેલ અને વધુ જવાબદારીભરી કામગીરી કરે છે, એ હકીકત ઉપરથી આ વધુ સ્પષ્ટ થશે. આ બાબતને બીજા દૃષ્ટિબિન્દુથી પણ વિચારી શકાય છે. ખરેખર પ્રવર્તમાન પગાર-ધોરણો પહેલાં કરતાં વધુ ઊંચાં નથી, એવું ઉપર ઉપરથી જોનારને પણ જણાશે. આપણે યાદ કરીએ તો જણાશે કે પહેલાંના પગારોમાં જુદા જુદા પ્રકારના જુદા જુદા સ્રોતોથી મળતાં વધારાનાં ભથ્થાંઓથી વૃદ્ધિ થતી હતી. દા. ત. તેમને છત્રીઓ, મશાલો, પાલખી, ઘોડાઓ, પાગા, વર્ષાસન, અસામી, ગામગિરાસ વગેરે મળતાં હતાં. વધુમાં, નજરાણાંઓમાંથી કેટલીકવાર તેમને ભાગ પણ મળતો. આ અપ્રમાણિત અને ગુપ્ત એવાં કેટલાંક સાધનો વડે તેમની આમદનીમાં ગણનાપાત્ર ઉમેરો થતો હતો. આ બધું ગણતરીમાં લઈએ તો મારી માન્યતા પ્રમાણે આજનાં પગાર-ધોરણો ખરેખર ખૂબ નીચાં છે. કોઈપણ રીતે તે વધુ ઊંચાં છે, એમ ન કહી શકાય.

**હાલનાં ધોરણ વધુ પડતાં નથી**

(૧૨) સરદારો અને દરબારોને રાજ્યના અધિકારીઓનાં પ્રવર્તમાન પગાર-ધોરણની ઈર્ષા કરવાનું કોઈ કારણ નથી. કારણ પોતે કોઈપણ ગણનાપાત્ર કામ કરતા ન હોવા છતાં તેમને ખૂબ મોટાં વેતનો મળે છે.

**સરદારો ઓફિસરોની ઈર્ષા ન કરે**

(૧૩) રાજ્યના ઉચ્ચતર અધિકારીઓને સારા કે ઉદાર પગાર, વેતન આપવાથી સરકાર પક્ષે ખરેખર કરકસર જ થાય છે. કારણ આ કારણે ભ્રષ્ટાચાર વડે નાણાં મેળવવાનું દૂષણ ઘટે છે. પહેલાંના અધિકારી જ્યારે લાંચમાં એક હજાર રૂપિયા મેળવતા હતા ત્યારે રાજ્યને ત્રણ ચાર હજારનું નુકસાન જ થતું હતું. આ વાત ધ્યાનમાં રાખવી ખાસ જરૂરી છે. રાજ્ય પહેલાં કરતાં વધારે પગાર આપીને પણ ભ્રષ્ટાચાર બંધ કરીને સરવાળે અનેક ગણું મેળવે છે, એ પણ યાદ રાખવું જોઈએ.

**ઉદાર વેતનથી ભ્રષ્ટાચાર પર અંકુશ**



(૧૪) સારાં અને ઉદાર પગાર-ધોરણોને કારણે થતા નાણાકીય લાભનો માત્ર મેં નિર્દેશ કર્યો છે, પણ વહીવટના સંચાલનની દૃષ્ટિએ પ્રમાણિક અને સમર્થ અધિકારીઓનો સંવર્ગ હોવાને કારણે રાજનૈતિક લાભ થાય છે, તેનો અંદાજ પણ કરી શકાય એમ નથી. આવા માણસોના અભાવે લોકોમાં વહીવટ માટે ઘૃણા જાગશે. રાજ્યની અવસ્થા બીમાર અને નબળી પડશે અને તે લાંબુ ટકશે નહિ. વર્તમાન પગાર-ધોરણમાં કાંઈ ઘટાડો કર્યા વગર તેમને જેમનાં તેમ રાખવામાં ન્યાય છે, ઔચિત્ય છે. જાહેર સેવાની નીચેની શ્રેણીઓમાં ખરેખર પગાર-વધારો કરવાની હજુ જરૂર છે.

**રાજકીય લાભ**

(૧૫) આપણે હવે બીજા વિષય ઉપર વિચાર કરવા આગળ ધપીએ. તે વિષયની નોંધ લેવા આ યોગ્ય અવસર છે. હજૂર કચેરીમાં અને અન્ય મહેકમોમાં કેટલાક અધિકારીઓ છે, જેમની સેવાઓ બ્રિટિશ સરકારમાંથી ઉછીની લીધી છે. અહીં એક પ્રશ્ન ઊભો થાય છે. " આમ કરવું બરાબર અને યોગ્ય છે? રાજ્યે બ્રિટિશ સરકારના કર્મચારીઓની સેવા ઉછીની લેવાનું ચાલુ રાખવું જોઈએ? " આ વિષય ઉપર મારા કેટલાક વિચાર આપની સમક્ષ મૂકવા રજા લઉં છું. આપણી સેવાઓમાં આજે કામ કરવા બ્રિટિશ સરકારના કર્મચારીઓની સેવા ઉછીની મેળવવાનું ભાગ્ય આપણને હજુ સુધી મળ્યું છે. મલ્હારરાવને ગાદી ઉપરથી ઉઠાડ્યા પછી પરિસ્થિતિમાં સુધારો કરવાની કામગીરી ખૂબ ગંભીર અને પ્રચંડ એવી હતી. આ કામગીરી સફળ રીતે પાર પાડવા માટે કેટલીક તાલીમ પામેલી અને અનુભવી વ્યક્તિઓની સહાય જરૂરી હતી. આવી વ્યક્તિઓ, વડોદરામાં તે વખતે ઉપલબ્ધ નહોતી, એટલે બ્રિટિશ સરકાર પાસેથી અન્ય જગ્યાએથી બહારના આવા માણસો આપણે લાવવા પડ્યા હતા. તેમણે અસાધારણ કામગીરી બજાવી છે. પહેલાં કરતાં તેમની સેવાઓ બહુમૂલ્ય બની છે. કારણ, તેમણે વડોદરા રાજ્યના હકૂમતના પ્રદેશ અને લોકો સંબંધે વધારાનાં જ્ઞાન અને અનુભવ મેળવ્યાં છે.

**બ્રિટિશ અધિકારીઓની પ્રતિનિયુક્તિ**

**તેમના જ્ઞાનનો સાર**

(૧૬) રાજ્ય માટે આ અધિકારીની સેવાઓ લેવાનું અવશ્ય ચાલુ રાખવું જોઈએ. તે લોકોની સેવા બહુમૂલ્ય છે, એ જ કારણે નહિ પણ તેઓ તેમનાં અનુભવ અને જ્ઞાનનો લાભ આજુબાજુના વર્તુળોમાં આપવા મદદગાર બન્યા છે, એ કારણે પણ તેમને ચાલુ રાખવા જોઈએ.

**અંતમાં તેમની જરૂરિયાત મટે**

(૧૭) જેમ જેમ આપણા માણસો કામકાજ શીખશે અને તાલીમ મેળવશે તેમ તેમ બહારની વ્યક્તિઓની સેવા ઉછીની મેળવવાની આવશ્યકતા ઓછી થશે અને છેવટે બિલકુલ રહેશે નહિ. આવા જ પરિણામની અપેક્ષા આપણે રાખવી જોઈએ. ભવિષ્યમાં આવું કરવાનું ધોરણ આંકવું જોઈએ અને નિષ્ઠાથી તે ધોરણ અનુસાર પગલાં લેવા ઉપર ભાર મૂકવો જોઈએ.

**આવી પ્રતિનિયુક્તિના લાભાલાભ**

(૧૮) બ્રિટિશ સરકાર પાસેથી ઉછીના લીધેલા કર્મચારીઓને વળગી રહેવાના લાભો અને ગેરલાભો બાબત વિચાર કરવો ઈચ્છનીય છે.

**ઊંચા પગાર**

(ક) પ્રથમ વાત એ છે, કે આપણી સેવામાં આવવા અને નોકરી કરવા પ્રલોભન રહે તે માટે બ્રિટિશ સરકારની સેવામાં તેમને જે પગાર મળે છે તેના કરતાં આપણા રાજ્યને વધુ ઊંચો પગાર આપવો પડે છે. આપણે ઓછામાં ઓછા પચાસ ટકા અને કેટલાક કિસ્સાઓમાં ૧૦૦ ટકા વધુ પગાર આપવો પડે છે.

**પેન્શન ફાળો**

(ખ) આ કર્મચારીઓના નિવૃત્તિ ફાળાનાં નાણાં પણ બ્રિટિશ સરકારને આપણે આપવાં પડે છે, અને આ એક વધારાની ચુકવણી છે.

**ગમે ત્યારે છોડી જાય**

(ગ) ઉપરાંત, ગમે ત્યારે તે લોકો આપણી સેવાઓ છોડી દઈ બ્રિટિશ સરકારની સેવાઓમાં પાછા જાય તેવી શક્યતા હોય છે.



**ગેરવર્તાવ**

(ઘ) વળી, તેમનામાંથી કોઈ ગેરવર્તાવ કરે અને પરિણામે તેમને રુખસદ આપવાનો પ્રસંગ આવે તો આવી રુખસદ અંગે બ્રિટિશ સરકારને સંતોષ થાય એવાં સબળ કારણોસર રુખસદ આપવાની રાજ્ય સરકારે કાળજી લેવી પડે છે.

**વધુ પડતા નિયમબદ્ધ**

(ચ) સામાન્ય વાત કરીએ, તો આ લોકો, નિયમ અને વિધિને વધુ પડતું મહત્ત્વ આપે છે. નિદાન દેશી સંસ્થાનોમાંની તેમની નોકરીની શરૂઆતમાં આ લોકો એવું કરે જ છે. મારું કહેવું એ છે કે તે લોકો સિદ્ધાંતો કરતાં નિયમોથી વધુ દોરાય છે. બીજા શબ્દોમાં કહું, તો દેશી સંસ્થાનોના સંજોગોને લીધે જે બાંધછોડવૃત્તિ જોઈએ, તેની તેમનામાં ઊણપ હોય છે.

**મુત્સદ્દીગીરીનો અભાવ**

(છ) વધુમાં, સામાન્ય રીતે કહીએ તો આ લોકોમાં રાજ્યની કામગીરીમાં જરૂરી એવા મુત્સદ્દીગીરીના ગુણો પૂરતા પ્રમાણમાં હોતા નથી. તેનું એક સહજ કારણ એ છે, કે તેઓ બ્રિટિશ રાજ્યની સેવામાં સાવ તાબાના કર્મચારી તરીકે કામ કરે છે, જ્યાં રાજ્યની કામગીરી કરવા માટે આવશ્યક એવા ગુણો કેળવવાનો કે તેનો ઉપયોગ કરવાનો અવસર હોય તેવી વધારે ઊંચી કક્ષાની જગ્યા પર તેમને બઢતી મળતી નથી. શાહી સરકારના વ્યાપક અને અટપટા યંત્રમાં તેમનું કામ સમગ્ર યંત્ર વિષે જાણવાનું, કે બધા ભાગો એકબીજા ઉપર અવલંબે છે, અને બધા એક સામાન્ય ઉદ્દેશ પાર પાડવામાં પોતાનો ફાળો આપે છે, એ વિષે જાણવાનું હોતું નથી. માત્ર કંઇ પણ શીખ્યા વગર યાંત્રિક રીતે થોડા આગળ જવા પૂરતી જ તેમની કામગીરી રહે છે.

**પસંદગીનું વિશાળ ક્ષેત્ર**

(જ) જો કે, બીજી બાજુએ બ્રિટિશ સરકારે આ બાબતમાં ઘણી બધી સવલતો પૂરી પાડી છે. દેશી સંસ્થાનોને તેમના કર્મચારીઓની ઉછીની સેવા જોઇતી હોય તો પસંદગી માટે મોટું

ક્ષેત્ર ઉપલબ્ધ છે. ખૂબ કસાયેલા, તાલીમ પામેલા, સમર્થ અને પ્રામાણિક માણસોનું આ વિશાળ ક્ષેત્ર છે, જેમાંથી જે તે સંસ્થાનની જરૂરિયાત પ્રમાણે યોગ્ય માણસો પસંદ કરી શકાય છે.

**સ્થાનિક સંબંધોથી મુક્ત**

(ઝ) દેશી સંસ્થાનો, કોઇ પ્રસંગે સ્થાનિક સંબંધો, સ્થાનિક જૂથબંધી અને સ્થાનિક પૂર્વગ્રહોથી મુક્ત એવા રાજ્ય સેવકને, પોતાની જાહેર સેવામાં દાખલ કરી શકે છે. ખરેખર આ એક મોટો લાભ છે.

**કાર્યક્ષમતામાં વધારો**

(ટ) આવી વ્યક્તિઓને સેવામાં પ્રવેશ આપવામાં બીજો ફાયદો છે. બ્રિટિશ સરકારનો કર્મચારી તેના પ્રસ્તુત કામ અંગે સંપૂર્ણ રીતે તાલીમ પામેલો હોય છે. તેના હાથ નીચે દેશી સંસ્થાનોના ઘણા કર્મચારીઓ કામ કરતા હોવાથી તેમનું કાર્યક્ષમતાનું ધોરણ ઊંચું લાવવામાં તે મદદગાર બને છે. હું, વિશેષમાં એટલું જ કહીશ કે દેશી સંસ્થાનોની સેવામાં કોઇ બ્રિટિશ કર્મચારીને સારી રીતે પસંદ કરી આણેલો હોય તો તે થોડાં વર્ષોમાં દેશી સંસ્થાનના વહીવટનો અનુભવ મેળવી બહુમૂલ્ય કામગીરી કરે છે. આપણી હજૂર કચેરીમાં આ ક્ષણે આવા ઘણા તેજસ્વી કર્મચારીઓના દાખલાઓ છે.

**એક-બે ચેતવણી**

(૧૯) અહીં એક બે બાબતો અંગે ચેતવણીનો સૂર કાઢવો અસ્થાને નહિ ગણાય. વહીવટમાં કામ કરનાર વ્યક્તિઓનું ચારિત્ર્ય ઉચ્ચ પ્રકારનું હોવું અત્યંત મહત્ત્વનું છે. એટલે દેશી સંસ્થાનોએ બ્રિટિશ સરકારની સેવાઓમાંથી નૈતિક ભ્રષ્ટાચારના ગંભીર ગુના માટે રુખસદ અપાયેલા કોઇને પોતાની સેવામાં પ્રવેશ આપવાનું ચીવટપૂર્વક ટાળવું જોઇએ. તેઓ ઓછા વેતનથી નોકરીમાં રહેવાનો પ્રસ્તાવ મૂકશે, તેઓ અનેક પ્રકારે પોતે મહારાજા સાહેબના ધ્યાન ઉપર આવે તે માટે દબાણ લાવશે, આગ્રહ કરશે. પરંતુ આવા લોકોને દૃઢપણે ના કહી દેવી. આ લોકો કહેશે કે તેમને કોઇ પગાર જોઇતો નથી અને મહારાજા સાહેબને અનેક પ્રકારે ઉપયોગી થઇ પડવાની વાત કરશે. દા. ત. ખાનગી બાતમીઓ કાઢવાના કામે, ચર્ચા



કરી સલાહ આપવાના કામે, અખબારો માટે લખાણો લખવાના કામે ઉપયોગી થઈશું- એમ કહેશે; પણ મારા અભિપ્રાય પ્રમાણે મહારાજા સાહેબે આવા બધા પ્રસ્તાવોને તાત્કાલિક અમાન્ય કરવા જોઇએ.

**નિવૃત્ત બ્રિટિશ અધિકારીઓને નીમવામાં સાવચેતી**

(૨૦) નિવૃત્તિ વેતન મેળવતા બ્રિટિશ સરકારના નિવૃત્ત કર્મચારીઓને મહારાજા સાહેબે બરોબર વિચાર કર્યા વગર પોતાની સેવામાં લેવા નહિ. એક સામાન્ય નિયમ તરીકે એવું ધોરણ રાખવું કે જે કર્મચારીઓને બ્રિટિશ સરકારની નોકરીમાં ચાલુ રાખવા માટે લાયક માનવામાં આવ્યા નથી તેઓ દેશી સંસ્થાનોમાં પણ સેવાઓ આપવા લાયક નથી. કોઇકવાર એવા પણ દાખલાઓ હોય, જ્યાં બ્રિટિશ સરકારના નિવૃત્ત કર્મચારીની કામ કરવાની શક્તિ યથાવત્ રહેલી હોય. આવી વ્યક્તિ સામાન્ય કરતાં અધિક ગુણવત્તા ધરાવતી હોય તો થોડા વખત માટે તેને નોકરી આપવામાં કોઇ હરકત નથી.

**વેતનમાં ઉચ્ચક રકમ**

(૨૧) પહેલાંના વખતમાં આપણા રાજ્ય સેવકોને પગાર, અસામી, વર્ષાસન, જમીનો, ફી, પાલખી ભથ્થાં વગેરે મળી એકજથ્થે મહેનતાણું મળતું. આ બધી ગૂંચવાડાભરી અને અટપટી સ્થિતિ હતી. આ પદ્ધતિમાં છાનીછપની ઠગાઇ હતી, ધોખો હતો. ક્યા કર્મચારીને કુલ કેટલું મહેનતાણું મળે છે, તે જાણવાનું મહારાજા સાહેબ માટે મુશ્કેલ હતું. કોઇને નોકરીમાંથી દૂર કરેલા હોય તો પણ તેને કેટલાક પ્રકારનાં મહેનતાણાંની ચુકવણી થવાનું ચાલુ જ રહેતું. આ બધું હવે કાઢી નાંખવામાં આવ્યું છે, એ ખુશીની વાત છે. આ ભૂત પાછું સજીવન ન થાય તેની હંમેશા કાળજી લેવી જોઇએ. રાજ્ય સેવકને નિયત પગાર રોકડમાં અને બાંધી ઉચ્ચક રકમમાં મળવો જોઇએ, અને જે ક્ષણે એ રાજ્ય સેવક તરીકે મટી જાય ત્યારથી જ તેનો પગાર બંધ થવો જોઇએ.

# પ્રકરણ-૩૯

# જાહેર સેવા

૧૪મી સપ્ટેમ્બર, ૧૮૮૧

**વિશાળ સંગઠન**

જાહેર સેવાઓ એક વ્યાપક સંગઠન જેવી હોય છે. તેની અસર રાજ્યના પ્રત્યેક ભાગ ઉપર જણાય છે. લોકો અને રાજ્યની સરકાર વચ્ચેના દરેક વ્યવહાર સાથે તેનો સંબંધ હોય છે. આ સંગઠનના દરેક ભાગને મજબૂત કરવો જોઇએ. આ મજબૂતીને વધારે દૃઢ બનાવવા અને તેનું સાતત્ય જાળવવા વધુ ઉપાયો યોજવા જોઇએ.

**ખાતાના વડાના અધિકાર**

(૨) જુદા જુદા વિભાગોના વડા પોતાની કામગીરી પાર પાડવા માટેની યોગ્ય વ્યક્તિઓ હોય છે. તેમને નિમણૂક કરવાના, બઢતી આપવાના વગેરે પર્યાપ્ત અધિકારો આપવા જોઇએ. તેમને દંડની શિક્ષા કરવાના, ફરજમોકૂફ કરવાના, નોકરીમાંથી કાઢી મૂકવાના પણ અધિકારો હોવો જોઇએ. આવા અધિકારો સિવાય તેઓ કાર્યક્ષમતા જાળવી શકશે નહિ. સંગઠનની કાર્યક્ષમતાનો મુખ્ય સાર એ છે કે શ્રેયાન અધિકારીઓના હાથ નીચે તાબાના કર્મચારીઓનું એક જૂથ રાખવું અને શ્રેયાન અધિકારીઓએ તાબાના કર્મચારીઓ સફળ કામગીરી કરે એ અપેક્ષા સાકાર કરવા અસરકારક ઉપાયો યોજવા જોઇએ.

**માર્ગદર્શન માટે નિયમો**

(૩) વિભાગોના વડાઓએ ધારાધોરણ વગર, તેમની મુનસફી મુજબ, ઉપર નિર્દિષ્ટ અધિકારોનો ઉપયોગ કરવો નહિ, પણ સાચા સિદ્ધાંતોએ ચીંધેલા માર્ગ અનુસાર વર્તવું જોઇએ. વર્તમાન વહીવટે સને ૧૮૭૫માં એક પરિપત્ર વડે જે આદેશાત્મક સૂચનાઓ આપેલી છે તેમાંથી આ સિદ્ધાંતો જાણી શકાય છે.



**મહારાજા દ્વારા નિરીક્ષણ અને અંકુશ**

(૪) આ આદેશાત્મક પરિપત્રની જોગવાઇને સામાન્યપણે અનુલક્ષીને વિભાગોના વડા પોતાની કામગીરી કરે છે કે નહિ; તે પોતાની દેખરેખ અને અંકુશ રાખવાની સત્તાનો ઉપયોગ કરતી વખતે મહારાજા સાહેબ જોવું જ જોઇએ. પરિણામે જાહેર સેવાની કાર્યક્ષમતા જાળવવા જ નહિ પરંતુ તેમાં પણ સુધારણા કરવાની જરૂરિયાત વખતોવખત સૌને જણાશે.

**ખાતાના વડાનો અભિપ્રાય વિચારણીય**

(૫) પોતાના તાબા હેઠળની કોઇ પણ ચોક્કસ જગ્યા ઉપર કામ કરનારા માટે શી લાયકાત જરૂરી છે, તેની બરાબર માહિતી વિભાગના વડાને હોવી જોઇએ. પોતાના તાબાનો કયો કર્મચારી બઢતી વગેરે માટે પાત્ર છે તે ખાતાના વડા જ ઉત્તમ પ્રકારે જાણી શકે છે. તેથી એક નિયમ તરીકે, તાબાના કર્મચારીઓની સહાય, પ્રોત્સાહન, અને સંરક્ષણની બાબતોમાં તેના અભિપ્રાયને વધુ મહત્ત્વ આપવું જોઇએ.

**સ્વાર્થીઓની સલાહ**

(૬) અજ્ઞાની અને મૂર્ખ લોકો સહાય, પ્રોત્સાહન અને સંરક્ષણના બધા અધિકારો પોતાના હાથમાં કેન્દ્રિત કરવાની અને વિભાગના વડાઓને પૂછ્યા વગર અથવા તેમના મંતવ્યની વિરુદ્ધ નિમણૂકો કરવાની મહારાજા સાહેબને સલાહ આપશે. મહારાજા સાહેબ ચતુર છે અને આવી સલાહ સંગઠન અને કાર્યક્ષમતા માટે વિનાશક હોવાનું સમજશે અને સ્વીકારશે નહિ.

**કાર્યકુશળતાને પ્રોત્સાહન**

(૭) સારામાં સારી કાર્યક્ષમ વ્યક્તિઓની નિમણૂક થાય અને તેમને બઢતી મળતી રહે એ આપણો પ્રાથમિક ઉદ્દેશ છે. આ ઉદ્દેશ વિરુદ્ધ કોઇ પણ દિશાથી ભલે કોઇ ભલામણો આવેલી હોય તો પણ મહારાજા સાહેબે તેનો અસ્વીકાર કરવો. દા. ત. મિત્રો અથવા સંબંધીઓએ આવી ભલામણો કરી હોય. આવી ભલામણો બ્રિટિશ સરકારના અધિકારીઓએ કરી હોય કે અખબારોમાં આવી ભલામણ થઇ હોય. ઉપર કહેલ પ્રાથમિક ઉદ્દેશને ધીરે ધીરે પાર પાડવા મહારાજા સાહેબે મોટા પ્રમાણમાં દૃઢતાનો આશરો લેવો પડશે.

**મહેરબાનીની મર્યાદા**

(૮) કેટલાક કિસ્સાઓમાં મહારાજા સાહેબને અમુક એક વ્યક્તિની યોગ્ય ગુણવત્તા અને લાયકાત ન હોવા છતાં તેની નિમણૂક કરવાની ઇચ્છા થશે. પરંતુ આવો પ્રસંગ જૂજ અને એકાદ વખત જ આવવો જોઇએ. આવી અયોગ્ય વ્યક્તિને પગાર ભલે મળે પણ કોઇ કામની જવાબદારી ન હોય એવી જગ્યા ઉપર નિયુક્ત કરવી વધુ સારું થશે. આવી જગ્યા ઉપર તે કોઇ નુકસાન કરશે નહિ. આવી વ્યક્તિ સંતોષકારક રીતે કરી શકે નહિ તેવી કામગીરીવાળી જગ્યા ઉપર તેને મૂકવા કરતાં, આવું કરવું વધારે સારું છે.

**મનસ્વી રીતે બદલીઓ નહિ**

(૯) મહારાજા સાહેબે બીજું એક દૃષ્ટિ બિન્દુ ધ્યાનમાં રાખવું જરૂરી છે. જાહેર સેવાઓ ઘણી શાખાઓમાં વહેંચાયેલી છે. દરેક શાખા માટે કોઇ વિશિષ્ટ લાયકાતોની જરૂર પડે છે. એટલે એ સ્પષ્ટ છે, કે એક શાખામાં જે માણસ સારું કામ કરી આપણી અપેક્ષા પૂરી પાડી શકે છે, તે બીજી શાખામાં તેવું કરી શકશે નહિ. તેથી એક શાખામાંથી બીજી શાખામાં અવિચારીપણે બદલીઓ કરવી નહિ. ખાસ કરીને મહેસૂલ અને ન્યાય વિભાગમાં અરસપરસ બદલીઓ સંબંધે આ સાવચેતીનો સૂર કાઢવામાં આવ્યો છે.

**નજરાણાં-વિષ સમાન**

(૧૦) જાહેર સેવામાં નિયુક્ત કરવા માટે અગર બઢતી આપવા માટે મહારાજા સાહેબે ક્યારે પણ નજરાણું લેવું નહિ. કોઇ નિમણૂક અગર બઢતી માટે કોઇને પણ લાંચ સ્વીકારવા દેવી નહિ. આ એક વિષ છે, તે સારા શાસનને નષ્ટ કરે છે. તેને દૂર જ રાખવું સારું. જે કોઇ આ સિદ્ધાંત વિરુદ્ધ વર્તન કરે તેને હાંકી કાઢવા જોઇએ પછી ભલે તે મહારાજા સાહેબની અંગત સેવામાં હોય કે જાહેર સેવામાં હોય. તેની તરફ દયામાયા કર્યા વગર તેની ઉપર ફોજદારી રાહે પગલાં પણ લેવાં જોઇએ.

**અપ્રામાણિક દ્વારા લોભન**

(૧૧) બીજા એક પ્રકારે નઠારાં અને વિવેકબુદ્ધિ વગરના લોકો અગત્યનાં અને જવાબદારીભર્યાં સ્થાનો ઉપર પોતાની નિમણૂક કરવા મહારાજા સાહેબને લલચાવશે. દા. ત. એક વ્યક્તિ આવશે અને મહારાજા સાહેબને કહેશે કે મને



આ જગ્યા ઉપર નિમણૂક આપો, હું આટલી રકમથી સરકારની આવક વધારી આપીશ. જે મહારાજાને પૈસા જ પ્રિય છે તે આવી જાળમાં ફસાશે, પરંતુ એનાં પરિણામો શું આવશે ? તાબા હેઠળની પ્રજાની બદતર હાલતમાં સરકારની આવક વધારવાનો આ ઉપાય નથી, એ નિશ્ચિત વાત છે. સ્થિર અને સારું શાસન હોવાના કારણે, લોકોની સંપત્તિ અને સમૃદ્ધિમાં વધારો થાય અને તેને લીધે રાજ્યની આવકમાં વધારો થતો હોય તો આ રીતે સરકારી આવકમાં થતો વધારો શ્રેય આપનારો છે, લોકોને વધુમાં વધુ ચૂસીને કરેલો આવક વધારો નહિ જ નહિ.

**ખોટી મહેરબાનીથી શાસનને હાનિ**

(૧૨) આ લખાણમાં મેં કેટલાંક સૂચનો મહારાજા સાહેબ આગળ મૂક્યાં છે. મહારાજા સાહેબે લક્ષ આપીને તેનો ઉપર વિચારણા કરવી જોઇએ. ખરેખર આ સૂચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઇએ, કારણ સિદ્ધાંતોની સ્પષ્ટ સમજના અભાવે દેશી સંસ્થાનોમાં કયાં દૂષણો, કયા ઉપદ્રવો ઉદ્ભવે છે તે મારા પ્રત્યક્ષ અનુભવથી મને જાણવા મળ્યું છે. સહાય, પ્રોત્સાહન અને રક્ષણની બાબતોમાં રાજ્યાશ્રય આપવાનો અધિકાર વાપરવામાં કયા સિદ્ધાંતોનું માર્ગદર્શન મેળવવું જોઇએ તેની સ્પષ્ટ સમજ દેશી સંસ્થાનોમાં ન હતી, તેથી આ સંસ્થાનોમાં સારું શાસન ન હતું. પરિણામે તેમનું અસ્તિત્વ ભયમાં મુકાયું હતું. આમાં રાજ્યાશ્રયનો કેવી રીતે સાચો ઉપયોગ કરવો તે વિષેનું અજ્ઞાન એક મોટું કારણ હતું.

## પ્રકરણ-૪૦

# બ્રિટિશ સરકાર સાથેના સંબંધો

બુધવાર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૮૮૧

**કાળજીથી અભ્યાસને પાત્ર**

મહારાજા સાહેબે બ્રિટિશ સરકાર સાથેના પોતાના રાજ્યના સંબંધો અંગે ખૂબ કાળજીપૂર્વકનો અને સંપૂર્ણ અભ્યાસ કરવો જોઇએ. તેમના માટે આના કરતાં વધારે મહત્ત્વની બીજી બાબત નથી. આમાં ઘણી મહત્ત્વની મુશ્કેલી અને નાજુક બાબતો અંગે વ્યવહાર કરવાનો હોય છે. આ બાબતોનું સાચું અને સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે. આવા જ્ઞાન ઉપર તેમની સલામતી, સન્માન, શક્તિ અને સુખાકારી મોટા પ્રમાણમાં અવલંબે છે. આ અંગે હવે મારા વિચારો હું રજૂ કરવાનો છું. મહારાજા સાહેબ તેના તરફ વધુમાં વધુ ધ્યાન આપશે તે બદલ મને શંકા નથી.

**બ્રિટિશ સરકાર સાર્વભૌમ**

(૨) આ સંબંધે કેટલીક નક્કર હકીકતો છે જે સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે સમજવી જ જોઇએ. તે અંગે કહેવા હવે હું આગળ વધીશ. તેમાં પહેલી અને સર્વ પ્રથમ હકીકત એ છે કે, બ્રિટિશ સરકારની કન્યાકુમારીથી હિમાલય સુધી અને કલકત્તાથી પેશાવર સુધી સમગ્ર હિન્દુસ્તાનમાં સંપૂર્ણ પ્રભુતા પ્રવર્તે છે. આ પ્રભુતામાં બ્રિટિશ સરકારની સીધી દેખરેખ હેઠળના હિન્દુસ્તાનના દેશનો તેમજ દેશી રાજવીઓના પ્રદેશનો એમ બન્નેનો સમાવેશ થાય છે. આ વિશાળ દેશમાં સામાન્ય શાંતિ જાળવવાનું કામ બ્રિટિશ સરકાર કરે છે.

**ભૌતિક, બૌદ્ધિક અને નૈતિક સત્તા**

(૩) અપ્રતિહત સત્તા વડે બ્રિટિશ સરકાર આ કામગીરી પાર પાડે છે. હિન્દુસ્તાનમાં કોઇ પણ દિશામાંથી આ સત્તાનો એકલદોકલ યા સંયુકતપણે સામનો થાય તો તેને કચડી નાંખવા તેની પાસે શક્તિ છે. બ્રિટિશ સરકારની આ સત્તા એટલી બધી અપ્રતિહત હોવાનું કારણ આ સત્તા ભૌતિક તાકાત



અને બૌદ્ધિક તથા નૈતિક તાકાતના જોડાણને કારણે ઉદ્ભવી છે. આ સુખદ જોડાણના કારણે, હિન્દુસ્તાનમાંનું બ્રિટિશ સામ્રાજ્ય તેના કોઇ પણ પુરોગામી સામ્રાજ્ય કરતાં ખૂબ વધારે શક્તિશાળી અને ચિરંજીવી છે.

**બ્રિટિશ સરકાર સાથે સમાધાન વૃત્તિ**

(૪) આ ઉપરથી જણાશે કે, દરેક દેશી સંસ્થાનના રાજવીએ આવી અપ્રતિહત સત્તા ધરાવતી બ્રિટિશ સરકાર સાથે મેળથી રહેવું જોઇએ. કોઇ દેશી સંસ્થાનના રાજવી તે સત્તા પોતાની વિરુદ્ધ જાય એવી ગંભીર ઉશ્કેરણી કરે તો તે નરી મૂર્ખતા છે. આ હકીકત સમજવામાં કોઇ ભૂલ થવી ના જોઇએ. પરિસ્થિતિ અને સંજોગોના કારણે તેમની સાથે શાંતિથી રહેવું અને સારા સંબંધો રાખવા એ અત્યંત જરૂરી છે અને અપરિહાર્ય પણ છે. આ જરૂરિયાતનો સ્વીકાર કરવો જોઇએ. આ જરૂરિયાત ખુશીથી સ્વીકારાશે તો દેશી સંસ્થાનોના રાજવીઓનું હિત વધુ સારી રીતે સધાશે.

**આ મુશ્કેલ નથી**

(૫) પ્રસન્ન થવા જેવી હકીકત છે કે બ્રિટિશ સરકારની વર્તણૂક અને તેના ગુણો જોતાં આ પ્રમાણે સમજ અને સમન્વય વૃત્તિ રાખવી મુશ્કેલ કે ભારે પડે એવું નથી.

**બ્રિટિશ સરકારના ઉમદા ગુણો**

(૬) વધુમાં, બ્રિટિશ સરકાર ભૌતિક તાકાતની નજરે ભલે અપ્રતિહત સત્તા હોય પણ સમજદારપણું, ન્યાય અને નીતિમત્તાનાં શાંતિપૂર્ણ ક્ષેત્રોમાં તેનો જોટો નથી. એવો વ્યવહાર કરવામાં પણ તે અપ્રતિહત છે. તે સરકાર કોઇ પણ બાબતમાં ગેરવાજબી, અન્યાયી અથવા અનૈતિક વર્તન કરવાથી દૂર રહેવા હંમેશા કાળજી રાખે છે. એને પરિણામે કોઇ પણ પ્રસંગે અજાણતાં કોઇ ગેરવાજબી, અન્યાયી અથવા અનૈતિક વર્તન કર્યું હોય, તો તમારે ફક્ત અમુક વર્તન ગેરવાજબી છે, એમ પુરવાર કરવાનું જ રહે છે. પછી સામાન્યપણે અપેક્ષા રાખી શકાય છે, કે તે સરકાર આવી કાર્યવાહીમાંથી પાછી ફરશે. બ્રિટિશ સરકારની આ એક મહાન અને બીજાથી તેમને અળગી પાડતી ખાસિયત છે. બ્રિટિશ સરકારનો

આ ઉદાત્ત સદ્‌ગુણ તેને ખોટું કરતાં અટકાવે છે. આ જ સદ્‌ગુણના કારણે આ અપ્રતિહત સત્તાના ગેરકાયદેસર ઉપયોગનો ભોગ થતાં દેશી સંસ્થાનો બચી જાય છે. આ જ સદ્‌ગુણને કારણે દેશી સંસ્થાનો સલામતી, સન્માન અને સુખાકારી સાથે ચિરકાળ ટકવાની આશા સેવી શકે છે.

**દેશી રાજવીની નીતિના પાયા**

(૭) આ બાબત જે તારણ ઉપર આપણે આવ્યા છીએ. તેને ટૂંકાવીને કહીએ, તો

(ક) દેશી સંસ્થાનના રાજવીએ બ્રિટિશ સરકારની અદમ્ય એવી સત્તાનું સત્ય સ્વરૂપ સમજી લેવું જોઈએ.

(ખ) તેણે વિશ્વાસ રાખવો જોઈએ કે બ્રિટિશ સરકાર પાસે અપ્રતિહત સત્તા હોવા છતાં, તે સમજ અને નીતિમત્તાને વરેલી છે. અને દલીલો સાંભળી યોગ્ય હોય તો પોતાના વર્તનમાં ફેરફાર કરે એવા ખુલ્લા મનની છે.

(ગ) બ્રિટિશ સરકાર સાથે કોઈ મુશ્કેલી વગર અથવા કોઈ કિંમત ચૂકવ્યા વગર સમજદારીથી રહી, તેમનું સાન્તવન થાય એવો સંબંધ રાખી શકાય છે. દેશી સંસ્થાનોની સંપૂર્ણ નીતિ આ પાયાના પણ સાદા સ્વયંસિદ્ધ પ્રમાણો ઉપર આધારિત હોવી જોઈએ.

**ભૌતિક બળથી દબાવવાનો પ્રયત્ન નહિ**

(૮) ઉપરૂ પ્રમાણે વિચાર કરતાં આ સંબંધે સમગ્ર ધોરણ શું હોવું જોઈએ, તે હું ટૂંકમાં હવે કહીશ. દેશી સંસ્થાનોના રાજવીએ ભૌતિક તાકાત વડે બ્રિટિશ સરકારને કાંઈ પણ કરાવવા ફરજ પાડવા વિચાર સુધ્ધાં ક્યારે પણ કરવો નહિ. દેશી રાજવી આવો કોઈ વિચાર કરે છે, એવી શંકા પણ બ્રિટિશ સરકારને આવવા દેવી નહિ. બિનજરૂરી લશ્કરી દળ નિભાવવાની કે તેની સંખ્યામાં વધારો કરવાનું રાજવીએ ટાળવું જોઈએ. તેણે બિનજરૂરી શસ્ત્રો અને દારૂગોળાનો સંગ્રહ કરવો નહિ. લશ્કરી દળનાં ઉપયોગી



શસ્ત્રો અને દારૂગોળા બનાવવાનાં કારખાનાં સ્થાપવાં નહિ. બ્રિટિશ સરકારના વિરોધી અથવા તેની સાથે મૈત્રીભાવ વગરના સાથે, પછી તે વ્યક્તિઓ હોય કે રાષ્ટ્રો હોય, જોડાવાનો મનોભાવ જરાપણ રાખવો નહિ. બ્રિટિશ સરકાર વિરુદ્ધની અથવા તેમને મૂંઝવણમાં મૂકતી કોઈ રાજકીય હિલચાલમાં જોડાવું નહિ કે તેને ટેકો આપવો નહિ. અત્યારે આપણી દૃષ્ટિએ આ સ્પષ્ટ સામાન્ય સૂચનાઓ પૂરતી છે. આવા જ આશયની અન્ય સામાન્ય સૂચનાઓ તે ઉપરથી એની મેળે સમજમાં આવશે.

**બ્રિટિશ શાસનના લાભ**

(૯) બ્રિટિશ સર્વોપરિતા નીચે સામાન્યપણે હિન્દુસ્તાનને અને વિશેષ કરીને દેશી સંસ્થાનોને નિઃશંકપણે ખૂબ મહાન લાભ થયો છે. દેશી સંસ્થાનના રાજવીએ આ અંગે હૃદયથી કદર બૂઝવી જોઈએ.

**તર્ક,ન્યાય અને નીતિ આધારિત દલીલો**

(૧૦) બ્રિટિશ સરકાર સાથે કોઈ મતભેદો ઊભા થાય ત્યારે દેશી સંસ્થાનના રાજવીએ બ્રિટિશ સરકાર સાથે સમજદારી, ન્યાય અને નીતિમત્તાના આધારે વિનયપૂર્વક દલીલો કરવી. આ શાંતિમય કારે અને ફક્ત આ જ પ્રકારે દેશી રાજવી પોતાના હકો, સન્માન, અધિકારો અને પોતાની પ્રજાના હિતસંબંધોની રક્ષા કરી શકશે. બ્રિટિશ સરકારે વખતોવખત જેની સાથે પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરેલી છે, તે સમજદારી, ન્યાય અને નીતિમત્તાના સિદ્ધાંતોને ટાંકી દાદ મેળવવી જોઈએ.

**સુશાસન સ્થાપો**

(૧૧) બ્રિટિશ સરકારની ખુશી સંપાદન કરવી એ મુશ્કેલ નથી, તે માટે કોઈ કિંમત ચૂકવવી પડતી નથી, એ મેં ઉપર કહ્યું છે. બ્રિટિશ સરકારની મરજી સંપાદન કરવા માટે ઉત્તમ એ જ માર્ગ છે કે રાજવીએ પોતાના સંસ્થાનનું શાસન સારી રીતે ચલાવવું જોઈએ, તેના શાસનમાં કરેલી વ્યવસ્થા બ્રિટિશ સરકારના સંઘર્ષમાં ન આવવી જોઈએ. આવા સંઘર્ષના કારણે બ્રિટિશ સરકારને સતત સંતાપ અને દુઃખનું કારણ ન મળે એ પણ જોવું જોઈએ. આ નિર્દિષ્ટ કરેલા ધોરણ પ્રમાણે દેશી સંસ્થાનનો જે રાજવી દૃઢતાથી આગળ વધશે તેના

બ્રિટિશ સરકાર સાથેના સંબંધો સારા અને સુંવાળા હશે, એવી મને ખાતરી છે. બ્રિટિશ સરકારનું શાસન હિન્દુસ્તાનમાં જ્યાં સુધી ચાલશે અને ઉપર નિર્દિષ્ટ સિદ્ધાંતોના પાલનને વળગી રહેશે ત્યાં સુધી દેશી રાજવીની સલામતી, તેની સુખાકારી, તેની સ્થિરતા સુરક્ષિત છે. એ સમય ઘણો લાંબો હશે. ખરેખર, માનવીની દૂરદર્શિતા આ બાબતમાં સમયમર્યાદા નક્કી કરી શકતી નથી.

**વર્તમાન અને ભૂતકાળ સરખાવો**

(૧૨) બ્રિટનની સર્વોપરિતા હિન્દુસ્તાનમાં પ્રસ્થાપિત થતાં પહેલાં જે પરિસ્થિતિ હતી, તેમાં અને આજની પરિસ્થિતિમાં કેટલો તફાવત છે, તેની કૃપા કરીને નોંધ લેશો. મોગલ યુગમાં અને મરાઠાઓના વખતમાં પણ કોઈપણ દેશી રાજવીને સલામતીનો અહેસાસ ન હતો. અનિશ્ચિતતા, સંઘર્ષ, અંધાધૂંધી અને અરાજકતાની પરિસ્થિતિ અતિશય મોટા પ્રમાણમાં સર્વત્ર પ્રવર્તતી હતી. પૂણેમાંની મરાઠા સરકારને હાથે તે વખતના ગાયકવાડની બૂરી હાલત થઈ તેની નોંધ લેશો. તે રાજવીને સહન કરવું પડ્યું તેના કરતાં સર્વસામાન્ય પ્રજાને ઘણું જ દુઃખ વેઠવું પડ્યું હતું. ઈતિહાસ આ બાબતમાં થોકબંધ પુરાવાઓ પૂરા પાડે છે.

**તર્ક, ન્યાય અને નીતિના સિદ્ધાંત**

(૧૩) દેશી સંસ્થાનના રાજવી અને બ્રિટિશ સરકાર વચ્ચે મતભેદો ઊભા થવાને પ્રસંગે દેશી રાજવીએ સમજદારી, ન્યાય અને નીતિમત્તાના આધારે બ્રિટિશ સરકાર સાથે દલીલો કરવી જોઈએ એવું મેં કહ્યું જ છે. પોતાના હક્કો, સન્માન અને અધિકારોની અને પોતાની પ્રજાના હિતસંબંધોની રક્ષા માટે તે રાજવીએ સમજદારી, ન્યાય અને નીતિમત્તાના સિદ્ધાંતોને નામે દાદ માંગવી જોઈએ. આ સિદ્ધાંતોનું પાલન કરવા પોતે બંધાયેલી છે, એવી જાહેરાત બ્રિટિશ સરકારે વારંવાર કરી છે. જેથી મહારાજા સાહેબ અને તેમના મંત્રીઓ આ સિદ્ધાંતો પૈકી મુખ્ય સિદ્ધાંતોથી પરિચિત થાય એ ઘણું મહત્ત્વનું બની રહ્યું છે. આ તબક્કે આપણા હાથમાં જે કેટલાંક સાધનો છે, તેનો ઉપયોગ કરી આ સિદ્ધાંતો પૈકી કેટલાકનો હવે વિચાર કરીએ.



**૧૮૫૮નો ઢંઢેરો, દેશી રાજ્યનો દેશ ખાલસા નહિ**

(ક) મારે હવે નામદાર સામ્રાજ્ઞીના સને ૧૮૫૮ના ઢંઢેરાના મહાન દસ્તાવેજનો હવાલો આપી કહેવાની શરૂઆત કરવી જોઈએ. તેના એક પરિચ્છેદમાં કહ્યું છે કે '' અમોને હવે અમારા તાબા હેઠળના વર્તમાન પ્રદેશોમાં વધારો કરવાની ઈચ્છા નથી. જો કે, કોઈને ઉદ્ધતાઈથી અમારી હકૂમતના પ્રદેશો ઉપર અથવા અમારા અધિકાર ઉપર તરાપ પણ મારવા દેવાના નથી; પરંતુ સાથેસાથે બ્રિટિશ સરકાર પોતે થઈને દેશી સંસ્થાનની હકૂમતનો કોઈપણ પ્રદેશ ન લઈ લેવા પોતાની ગંભીર પ્રતિબદ્ધતા જાહેર કરે છે. '' આ ઉપરથી એક મહત્ત્વનો નિયમ આપણે તારવી શકીએ કે કોઈપણ કારણસર કે બહાના હેઠળ બ્રિટિશ સરકાર કોઈપણ દેશી સંસ્થાનનો પ્રદેશ છીનવી લેશે નહિ. આ એક પ્રલોભનનો સામનો બ્રિટિશ સરકાર જરૂર કરશે; દેશી સંસ્થાનો એક મહાન ભયમાંથી હવે મુક્ત થયા છે. આ ધોરણના કારણે દેશી સંસ્થાનોની પ્રાદેશિક અખંડતા હંમેશાં જાળવી રખાશે. એ બાબતની આ ગંભીર અને કાયમી બાંહેધરી આપણે મેળવી શક્યા છીએ. આ સંગીન સુરક્ષિતતા પ્રદાન કરવા બદલ દેશી સંસ્થાનોએ બ્રિટિશ સરકારનો અત્યંત આભાર માનવો જોઈએ.

**રાજવી પદભ્રષ્ટ પણ રાજ્ય અકબંધ**

(ખ) છતાં, આ આશ્વાસનનો એવો અર્થ થતો નથી કે બ્રિટિશ સરકાર દેશી સંસ્થાન પાસેથી તેનો પ્રદેશ ક્યારેય પણ લઈ લેશે નહિ અને દેશી સંસ્થાનના રાજવીને ગાદી ઉપરથી ઉઠાડી દેશે નહિ. બ્રિટિશ સરકારે આ સત્તા પોતાની પાસે રાખેલી છે જ. કોઈ દેશી સંસ્થાનનો રાજવી પોતાના રાજ્યનો કારોબાર તદ્દન ખરાબ રીતે ચલાવતા હોવાના કારણે દોષી હોવાનું પુરવાર થાય તો બ્રિટિશ સરકાર તેને ગાદી ઉપરથી ઉઠાડશે જ. તે જ પ્રમાણે કોઈ રાજવી બ્રિટિશ સરકારને ઉઘાડી રીતે બેવફા થશે, બ્રિટિશ સરકારના શત્રુ તરીકે વર્તશે કે બ્રિટિશ સરકારના શત્રુઓ સાથે જોડાણ કરશે તો આવા રાજવીને બ્રિટિશ સરકાર ખસુસ પદભ્રષ્ટ કરશે, પરંતુ આવા પ્રસંગે પણ પદભ્રષ્ટ કરેલા રાજવીની હકૂમતના પ્રદેશને ખાલસા કરી પોતાના પ્રદેશમાં મેળવી દેશે નહિ. આવા રાજવીને પદભ્રષ્ટ કરાશે જ,

પણ સંસ્થાનની અખંડતા જાળવવામાં આવશે. બીજી કોઇ વ્યક્તિને, પછી તે પદભ્રષ્ટ રાજવીનો વારસ કે સગો હોય, તેને રાજગાદી ઉપર બેસાડી તે દેશી સંસ્થાન તેના તાબામાં રહેવા દેશે. કોઇ પૂરતાં કારણોને લીધે રાજ્યકર્તાને ભલે બદલવામાં આવે પણ તે સંસ્થાનની પ્રાદેશિક અખંડતા જાળવી રાખશે.

**દૃષ્ટાંત**

ખુદ વડોદરા રાજ્યમાં જે બન્યું તે આ સૈદ્ધાંતિક ધોરણનો દાખલો પૂરો પાડવા સમર્થ છે. મલ્હારરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ તેમના જ એક દૂરના સગાને ગાદી ઉપર બેસાડ્યા હતા. આમ સામ્રાજ્ઞીના વચનનું પૂરેપૂરું પાલન કરવામાં આવ્યું હતું. વડોદરા સંસ્થાનની હકૂમતના પ્રદેશનો એક ઇંચ જેટલો ભાગ પણ બ્રિટિશ સરકારે લઇ લીધો નથી.

**સીધા વારસનો અભાવ**

(ગ) કોઇ દેશી સંસ્થાનના રાજવીના સીધા વંશજો રાજ્યકારભાર ચલાવવા ઉપલબ્ધ ના હોય તો પણ બ્રિટિશ સરકાર તે સંસ્થાનનું રાજ્ય લઇ લેશે નહિ, પણ તે રાજવીના સાવ નજીકના સગાને કે સગાઓમાંથી કોઇ પણ એકને તે રાજ્ય સોંપી દેશે.

**દેશી રાજાઓ દ્વારા દત્તક**

(ઘ) રાજવીઓએ પુત્રો દત્તક લીધા હોય તો બ્રિટિશ સરકાર તેને પણ માન્યતા આપે છે. આ પણ એકસરખું ન્યાયી અને સરસ નીતિધોરણ છે. જાણ અને માહિતી માટે મારે કહેવું જોઇએ કે નામદાર સામ્રાજ્ઞીએ જ્યારે હિન્દુસ્તાનનો રાજ્ય-કારભાર સીધો પોતાના હાથમાં લીધો તે સમયથી જ મુખ્યત્વે બ્રિટિશ સરકારે વારસ દત્તક લેવાના રાજવીઓના હકને માન્ય રાખ્યો છે.

**પરસ્પર સંમતિ**

(ચ) છતાં પણ આપણે વિચારણા કરીએ છીએ તે નામદાર સામ્રાજ્ઞીના ઢંઢેરાના કોઇ પણ ભાગમાં પરસ્પર સંમતિથી, પ્રદેશની અદલાબદલી કરવા કોઇ પ્રતિબંધ નથી.



**બ્રિટિશ પ્રદેશ પર આક્રમણ નહિ**

(છ) નામદાર સામ્રાજ્ઞી તેમના હકૂમતવાળા પ્રદેશો ઉપર કે તેમના અધિકાર ઉપર આક્રમણ કરનારને જરૂર નશ્યત કરશે. આ બાબતમાં કંઇ વિશેષ કહેવાની જરૂર નથી. વડોદરા રાજ્યે ભૂતકાળમાં આવા આક્રમણનો પ્રયત્ન કર્યો નથી કે ભવિષ્યમાં આવો પ્રયત્ન કરશે નહિ.

**બીજાઓના હક ઉપર અતિક્રમણ નહિ**

(જ) નામદાર સામ્રાજ્ઞી બીજાના પ્રદેશ ઉપર કે અધિકાર ઉપરના આક્રમણને માન્યતા આપશે નહિ. દેશી સંસ્થાનોના એકબીજા ઉપરના સંભાવ્ય આક્રમણ અંગે મુખ્યત્વે આ કહ્યું છે. આથી દેશી સંસ્થાનોને સંરક્ષણની બાંહેધરી મળે છે.

**દેશી રાજ્યોના સાતત્યની ઇચ્છા બ્રિટિશને**

(૧૪) હિન્દુસ્તાનના આ પહેલાંના ઇતિહાસમાં આ પ્રકારે અને આટલી હદ સુધી દેશી સંસ્થાનોના રક્ષણ અંગે બ્રિટિશ સરકારે જે પ્રતિબદ્ધતા દાખવી છે, તેવી સ્થિતિ કદીએ ન હતી, જે બધી બાબતોનો વિચાર કરતાં સહેજે દેખાઇ આવે છે. સમગ્ર હિન્દુસ્તાન માટે નિ:શંકપણે આ એક મહત્તમ સંતોષની વાત છે, કારણ દેશી સંસ્થાનોનું અસ્તિત્વ ચાલુ રહે તેમ સમગ્ર હિન્દુસ્તાન ઇચ્છે છે.

## પ્રકરણ-૪૧

# બ્રિટિશ સરકાર સાથેના સંબંધો (ચાલુ)

બુધવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૧૮૮૧

**શાંતિ, સુશાસન દ્વારા સામાજિક ગતિ**

(૧) નામદાર સામ્રાજ્ઞીના ઢંઢેરાનો બીજો મહત્ત્વનો પરિચ્છેદ હવે જોવાનો રહે છે. તે આ પ્રમાણે છે : "દેશી રાજવીઓનાં હકો, ગૌરવ અને સન્માન જાણે તે અમારાં પોતાનાં હોય એવો તે પ્રત્યે અમારો આદરભાવ છે. આંતરિક શાંતિ અને સારા શાસનને કારણે જ જે સમૃદ્ધિ અને સામાજિક પ્રગતિ સાધી શકાય છે, તેનો લાભ અમારી પોતાની પ્રજાની જેમ દેશી સંસ્થાનોની પ્રજા ભોગવે તેવી અમારી ઇચ્છા છે." બ્રિટિશ સરકારની સર્વસત્તાધીશ વ્યક્તિવિશેષનાં આ ન્યાયી, ઉદાર અને ઉદાત્ત આશ્વાસનોને કારણે રાજવીઓ અને તેમનાં સંસ્થાનોને સંગીન મજબૂતી પ્રાપ્ત થાય છે.

**દેશી રાજવીઓનાં હક અને માન**

(૨) દેશી રાજવીઓ અને તેમનાં સંસ્થાનોનાં હકો, ગૌરવ અને સન્માન પ્રત્યે આમાં ફક્ત આદરભાવ દર્શાવેલો છે, એટલું જ નહિ, પણ તે હકો જાણે કે નામદાર સામ્રાજ્ઞીનાં હોય એમ ગણી આદર આપવાની અહીં વાત છે. દેશી સંસ્થાનનો કોઇ પણ ઉત્કટ હિતચિંતક ઇચ્છે તેવી પરિપૂર્ણ પ્રકારની આ બાંયધરી છે. ધર્મના આદેશ કે ઉદાત્ત નીતિવચનોને પરિણામે આપી હોય તેવી આ દૃઢ અને ગંભીર બાંયધરી છે, પછી ભલે તે હિન્દુધર્મનાં હોય કે ખ્રિસ્તી ધર્મનાં હોય, આ વચનો આપણને શીખવે છે કે બીજા પાસેથી જે વર્તાવની આપણે અપેક્ષા રાખીએ છીએ, તે પ્રમાણે બીજા તરફ વર્તાવ કરવો જોઇએ. દેશી રાજવીઓનાં હકો, ગૌરવ અને સન્માનની શક્ય તેટલી જોરદાર ખાતરી આ બાંયધરીને કારણે પ્રાપ્ત થાય છે.

**વાજબી હક**

(૩) છતાં, આ બાબતમાં એક વાત કાળજીપૂર્વક યાદ રાખવી જોઇએ. દેશી રાજવીઓએ સભ્ય સમાજ અને સભ્યતાને



વરેલી સરકારને શોભે નહિ એવાં અસાધારણ અને વધુ પડતાં હક, ગૌરવ અને સન્માનની અપેક્ષા રાખવી જોઇએ નહિ. વાજબી સન્માન, હકો અને ગૌરવ મળવાનું નામદાર સામ્રાજ્ઞીની સરકારે, ભલમનસાઇ અને ગંભીરતાપૂર્વક જે વચન આપ્યું છે, તેવી જ અપેક્ષા રાખી શકાય.

**ગેરવાજબી હકનાં દૃષ્ટાંત**

(૪) દાખલા તરીકે, કોઇ દેશી રાજવી પોતાને પસંદ હોય એવી કોઇ સ્ત્રીને બળજબરીથી પોતાના જનાનામાં દાખલ કરવાના હકનો દાવો કરી શકે નહિ, કોઇ વ્યક્તિને ધારાધોરણ વગર કારાગારમાં નાંખવાના હકનો ગેરવાજબી દાવો પણ કરી શકશે નહિ, પોતે ગાદી ઉપર બેસે અને બ્રિટિશ રેસિડેન્ટને ખુરશી ન આપતાં જમીન ઉપર બેસવા ફરજ પાડી શકે નહિ. એવા હકનો દાવો કરવો પણ ગેરવાજબી કૃત્ય થશે. જે કરારો અને સમજૂતીનું પાલન કરવા તે બંધાયેલા છે તેની વિરુદ્ધના કોઇ હકોનો દાવો કરવો એ પણ ગેરવાજબી છે. નામદાર સામ્રાજ્ઞીના ઢંઢેરાના જે પરિચ્છેદ અંગે આપણે વિચારણા કરીએ છીએ તેનો શો અર્થ થાય છે અને શો અર્થ થતો નથી, તે દર્શાવવા હમણાં આપેલા કેટલાક દાખલાઓ પૂરતા છે. તેમાં જે ચેતવણી અભિપ્રેત છે, તે બિનજરૂરી છે, એવું નથી. કારણ, કોઇ એક રાજવી ઉતાવળમાં ઢંઢેરાના આ ભાગનો વધુ પડતો અનુકૂળ અર્થ કાઢવાનો પ્રયત્ન કરે તે અશક્ય નથી. કોઇ રાજવી આવો અર્થ કાઢશે તો તે ગંભીર મુશ્કેલીમાં જ આવી પડશે.

**બ્રિટિશ સરકાર દેશી રાજવીઓની ઉપરી**

(૫) 'અમો દેશી રાજવીઓનાં હક વગેરેને જાણે તે અમારાં પોતાનાં હોય એમ માની માન આપીશું.'-એ શબ્દોનો એવો અર્થ કરવાનો નથી કે નામદાર સામ્રાજ્ઞી, રાજવીઓને ખુદ પોતાની સમકક્ષ મૂકે છે. પરિસ્થિતિનું સ્વરૂપ જ એવું છે, કે રાજવીઓ અને બ્રિટિશ સરકાર વચ્ચે સમાનતા છે જ નહિ અને હોઇ પણ શકે નહિ. અનેક મહત્ત્વની બાબતોમાં અને ખાસ કરીને તાકાત અને વગની બાબતોમાં બ્રિટિશ સરકાર દેશી રાજવીઓ કરતાં નિશ્ચિત ચઢિયાતી સત્તા છે. આ હકીકત આપણી સામે સતત તાકી રહે છે, હકીકતનો ઇન્કાર કરવો ન જોઇએ. મહારાણીના ઢંઢેરામાંના શબ્દોનો આશય રાજવીના ખરેખરના જે કોઇ અને જે પ્રકારના હકો છે, તે

જાણે પોતાના હકો છે, એમ મહારાણી સરકાર માને છે એવો છે; અને આવા હકોને જ મહારાણી સરકાર માન આપશે એવો તેમાં નિર્દેશ છે.

**આંતરિક શાંતિ અને શાસનને પુષ્ટિ**

(૬) ઢંઢેરાનો વિચારણા હેઠળનો પરિચ્છેદ બ્રિટિશ સરકારની એક મહત્ત્વની ઇચ્છાની ઘોષણા કરે છે. સમૃદ્ધિ અને સામાજિક ગતિ સાધવાની હોય તો આંતરિક શાંતિ અને સારું શાસન આવશ્યક છે. એટલે દેશી રાજવીઓએ સમૃદ્ધિ અને સામાજિક પ્રગતિ સાધવી જોઇએ, એવી મહારાણી સરકારની આશા પાછળ, તેઓ આંતરિક શાંતિ વધારે અને રાજ્ય કારોબારનું સારું સંચાલન કરે, એવી તે સરકારની ઇચ્છા છે એ સ્પષ્ટપણે વ્યકત થાય છે. આંતરિક શાંતિમાં વધારો કરવાનું અને વધુ સારું શાસન ચલાવવાનું દરેક રાજવીનું કર્તવ્ય છે જ. ઉપર નિર્દિષ્ટ મહારાણીનો ઢંઢેરો આ જ કર્તવ્યના પાલનને અતિ મહત્ત્વનું ગણે છે.

**બ્રિટિશ સરકાર સંધિ પાળશે**

(૭) મહારાણીના ઢંઢેરાના બીજા એક પરિચ્છેદમાં ઘોષિત કરેલું છે, કે બ્રિટિશ સરકાર દેશી રાજવીઓ સાથે કરેલા બધા કરારો અને તેમને આપેલાં બધાં વચનોનું સચેત રહી પાલન કરશે, અને દેશી રાજવીઓ પણ તે પ્રમાણે વર્તન કરે, એવી તે આશા રાખે છે. બીજા શબ્દોમાં કહીએ, તો બ્રિટિશ સરકાર તે કરારો અને વચનો અંગે જે કાંઇ કરવાનું હશે તે કરશે અને તેની બહાર કાંઇ કરવાથી દૂર રહેશે. ખરેખર આ ઘોષણા દેશી રાજવીઓના સતત અસ્તિત્વ અને સલામતીનો સાચો પાયો જ છે.

**રાજવીઓએ પણ તેમ કરવું**

(૮) બીજી બાજુ, આ કરારો અને વચનોના શ્રદ્ધાપૂર્વક પાલનની દેશી રાજવીઓ પાસેથી આશા રાખવામાં આવે છે. દેખીતી રીતે આ અપેક્ષા સાચી અને યોગ્ય જ છે. એટલે દેશી રાજવીઓએ આ કરારો અને વચનોની સંપૂર્ણ, સૂક્ષ્મ અને સચોટ માહિતી મેળવવી જોઇએ, અને પોતે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ, તેની કાળજીપૂર્વક નોંધ લેવી જોઇએ. તે અનુસાર વર્તવું જોઇએ.'' તમોએ કરારો અને વચનોનું પાલન કર્યું નથી અને તેથી અમોએ તેનું પાલન કરવું જોઇએ એવી અપેક્ષા તમો રાખી શકો નહિ.'' એવું કહેવાનું બ્રિટિશ સરકારને કારણ તો શું કારણોનો ભાસ પણ ના આપવો જોઇએ.

(૯) દરેક નાના મોટા રાજવીએ હૈયે રાખવા યોગ્ય એવા એક



ઉદાત્ત નિશ્ચયની અભિવ્યક્તિ સાથે આ ઢંઢેરો સંપન્ન થાય છે. તે નિશ્ચય નીચેના શબ્દોમાં વ્યક્ત કરવામાં આવેલો છે.

**શાંતિમય ઉદ્યોગ અને જાહેર સુખાકારીને ઉત્તેજન**

''હિન્દુસ્તાનમાં શાંતિમય ઉદ્યોગ અને વ્યવસાયને ઉત્તેજન આપવાની, જાહેર ઉપયોગિતાના અને જાહેર સુધારણાનાં કામોમાં વધારો કરવાની અને હિન્દુસ્તાનમાં રહેતી અમારી પ્રજાના લાભાર્થે રાજ્ય વહીવટ ચલાવવાની અમારી સંનિષ્ઠ ઇચ્છા છે. તેમની સમૃદ્ધિ એ જ અમારી તાકાત રહેશે, અને તેમનું સમાધાન એ જ અમારી સલામતી રહેશે, અને તેમની કૃતજ્ઞતા એ જ અમોને મળનારું મહાન પારિતોષિક હશે.''

**સૌના લાભાર્થે શાસન**

(૧૦) દેશી રાજવીઓ પૈકી કોઇ એકના કરતાં અને તે બધાના સમૂહ કરતાં પણ મહાન એવી સાર્વભૌમ સત્તાના આ ઉદાત્ત દાખલાનું દેશી રાજવીઓ વધુ ને વધુ અનુકરણ કરશે તો સામ્રાજ્યની સરકારના તેઓ વધુ અને વધુ પ્રિય બનશે. મેં કહ્યું છે જ કે, આ સત્તાની પ્રભુતા સમગ્ર હિન્દુસ્તાન ઉપર પ્રવર્તે છે અને તેનો તિકાર કરી શકાય નહિ. તે સત્તા રાજવીઓને બીજા રાજવીઓના આક્રમણ સામે અસરકારક રીતે સંરક્ષણ આપે છે અને પરદેશી આક્રમણ સામે તેમનું રક્ષણ કરે છે. દરેક રાજવીએ આ જ પ્રમાણે પોતાની સમસ્ત પ્રજાના કલ્યાણ માટે રાજ્યનું શાસન ચલાવવું જોઇએ નહિ કે પોતાના અને પોતાના મિત્રો અને આશ્રિતોની સ્વાર્થભરી સુખાકારી માટે. દરેક દેશી રાજવીએ અભિમાનપૂર્વક એવું કહેવું જોઇએ કે તેમની પ્રજાની સમૃદ્ધિ એ જ તેમની તાકાત છે, એમની સલામતી એ જ તેમનો સંતોષ છે અને તેમની કૃતજ્ઞતા જ તેમનો ઉત્તમ પુરસ્કાર છે.

**સિદ્ધાંતોની અગત્ય**

(૧૧) દેશી સંસ્થાનો સાથે ખરેખરો સંબંધ છે, એવા કેટલાક મહાન અને મૂલ્યવાન સિદ્ધાંતો મહારાણીના આ ઢંઢેરામાંથી આપણે તારવી કાઢ્યા છે. બ્રિટિશ સરકારની અપ્રતિહત સત્તાને કારણે કેટલાંક અપકૃત્યો તે કરી શકે, પણ તે કરતાં તેને અટકાવે અને આવાં કૃત્યો મર્યાદિત કરી શકે એવા આ સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતો વિના તે સત્તા હિન્દુસ્તાન માટે નિરંતર અભિશાપ બની હોત. હવે આપણે બ્રિટિશ સરકાર અને દેશી સંસ્થાનોના સંબંધોનું

નિયમન કરનારા બીજા સિદ્ધાંતોનો દાખલો લેવા આગળ વધીએ.

**દેશી રાજ્યની સુરક્ષાની જવાબદારી**

(૧૨) આપણે યાદ રાખવું જોઈએ કે એક દેશી સંસ્થાનની બીજા દેશી સંસ્થાનના આક્રમણ અગર હિંસાચારથી રક્ષા કરવાની જવાબદારી બ્રિટિશ સરકારે પોતાના શિરે લીધેલી છે. આ જવાબદારીના કારણે દેશી સંસ્થાન બીજા દેશી સંસ્થાનને આક્રમણ કરવા કે હિંસક કૃત્ય કરવા ઉશ્કેરણી ન કરે તે જોવાનો પણ હક બ્રિટિશ સરકારને આ સાથે મળે છે. આ પ્રમાણે, એક દેશી સંસ્થાનને બીજા સંસ્થાન ઉપર આક્રમણ અગર હિંસક પ્રવૃત્તિ ચલાવવા ઉશ્કેરતા અટકાવવાનો બ્રિટિશ સરકારને હક છે. આ બાબતમાં બ્રિટિશ સરકાર દેશી સંસ્થાનો ઉપર એક મહાન અને શક્તિશાળી રાજનૈતિક ફોજદારી ન્યાયાધીશની ભૂમિકા ભજવે છે. આ ન્યાયાધીશ પાસે દેશી સંસ્થાનોને મર્યાદાનું ઉલ્લંઘન કરતા અટકાવવાના અધિકારો હોવા અત્યંત આવશ્યક છે.

**બે રાજ્યો વચ્ચે પત્રવ્યવહાર**

(૧૩) એટલે જ બ્રિટિશ સરકાર દરેક દેશી સંસ્થાનને બીજા કોઈ પણ દેશી સંસ્થાન સાથે અંદરો અંદર સીધો પત્રવ્યવહાર ન કરવા કહે છે. એક દેશી સંસ્થાન અને બીજા દેશી સંસ્થાન વચ્ચેના બધા પત્રવ્યવહાર બ્રિટિશ સરકારની કચેરીઓમાં થઈને જ રવાના થાય છે.

**તકરારની બાબત બ્રિટિશ સરકારને સોંપવી**

(૧૪) આ જ કારણે દરેક દેશી સંસ્થાનને તેની અને બીજા દેશી સંસ્થાન વચ્ચે કોઈ વિવાદ હોય કે મતભેદ હોય તો તે અંગે બ્રિટિશ સરકારના અધિકારી તરફ કામ મોકલવા બ્રિટિશ સરકાર કહે છે. પછી બ્રિટિશ સરકાર તે વિવાદ અને મતભેદનું ન્યાયી અને શાંતિમય નિરાકરણ કરવા ઉપાય યોજે છે. આ નિરાકરણને સંબંધિત દેશી સંસ્થાનોએ માન આપવું જ પડે છે. આ નિરાકરણ પ્રમાણે અમલ કરવા ફરજ પાડવાની બ્રિટિશ સરકારને સત્તા છે.



**વિદેશી સત્તાને આક્રમણ માટે ઉશ્કેરવી નહિ**

(૧૫) વળી બ્રિટિશ સરકારે દરેક સંસ્થાનને, રશિયા, ફ્રાન્સ, જર્મની, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા વગેરે વિદેશી સત્તાઓનાં આક્રમણ કે હિંસક પ્રવૃતિઓ સામે રક્ષણ આપવાની જવાબદારી પણ પોતાના શિરે લીધેલી છે. દરેક દેશી સંસ્થાન આ પરદેશી સત્તાઓને આક્રમણ કે હિંસક પ્રવૃત્તિ કરવા ઉશ્કેરે નહિ કે આમ કરવાથી કાળજીપૂર્વક દૂર રહે તે જોવાનો હક પણ બ્રિટિશ સરકારને આ જવાબદારી સાથે પ્રાપ્ત થાય છે.

**બ્રિટિશ સરકારના હક**

(૧૬) આ પ્રમાણે વિદેશી સત્તાની ઉશ્કેરણી થાય એવા દેશી સંસ્થાનના કોઈપણ કૃત્યને અટકાવવાનો બ્રિટિશ સરકારને અધિકાર છે, અને તેથી જ બ્રિટિશ સરકાર દેશી સંસ્થાનોને કોઈપણ પરદેશી સત્તા સાથે સીધો પત્રવ્યવહાર ન કરવા કહે છે. એટલે જ કોઈ દેશી સંસ્થાને વિદેશી સત્તાને કોઈ નુકસાન પહોચાડેલું હોય તો તેની નુકસાન ભરપાઈ તરત કરવા ફરજ પાડવાનો હક બ્રિટિશ સરકારને રહે છે. દા. ત. કોઈ સંસ્થાને વિદેશી નાગરિકને અન્યાયપૂર્વક કેદમાં પૂરેલો હોય કે અન્યાયપૂર્વક તેને મારી નાંખેલો હોય કે તેની મિલકત ઝૂંટવી લીધી હોય કે દેશી સંસ્થાનના સમુદ્ર કિનારા ઉપર તૂટી પડેલા કોઈ વિદેશી જહાજની લૂંટફાટ કરી હોય તેવા પ્રસંગે આ હકનો ઉપયોગ બ્રિટિશ સરકાર કરી શકે છે.

**જાને ખરાબ વહીવટથી ઉશ્કેરવી નહિ**

(૧૭) વળી એ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જ્યાં તૈનાતી ફોજ રાખવાના કરારો અસ્તિત્વમાં છે, ત્યાં બ્રિટિશ સરકારે દેશી રાજવીને તેની પ્રજાની હિંસાચાર પ્રવૃત્તિ સામે રક્ષણ આપવાની જવાબદારી પણ સ્વીકારી છે. આ જવાબદારી સાથે, દેશી રાજવી નિ:શેષ ગેરશાસન ચલાવી પોતાની પ્રજાને ઉશ્કેરતા તો નથી એ જોવાનો બ્રિટિશ સરકારને હક મળે છે.

**રાજવીના ચારિત્ર્ય ઉપર આધારિત સુશાસન**

(૧૮) બ્રિટિશ સરકારના એક ઉચ્ચ અધિકારીના શબ્દોમાં આ મુદ્દો સ્પષ્ટપણે રજૂ થયો છે. તે અધિકારી કહે છે કે "આંતરિક અરાજકતાના ભય સામે તેમજ કોઈપણ કારણસર ઉદ્ભવતા બળવા સામે રાજવીને રક્ષણ આપવાની બંધનકારક

જવાબદારી સાથે, બળવા તરફ લઈ જતી પ્રક્રિયાની પ્રગતિને રોકવા હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા ખૂબ વધારે છે અને અનેક વખત આવો હસ્તક્ષેપ કરવો પડશે. કારણ, હિન્દુસ્તાનનાં બધાં રાજ્યોમાં (થોડા અંશતઃ અપવાદ સાથે) શુદ્ધ રાજાશાહી રાજપદ્ધતિ છે, અને તેમનાં રાજ્યોમાંનું શાસન જે તે રાજવીનાં અંગત ચારિત્ર્ય અને લાયકાત ઉપર આધાર રાખે છે. ''

**લોર્ડ નોર્થબ્રૂક-ગેરવહીવટ વિષે**

(૧૯) ખુદ વડોદરા રાજ્ય અંગે તાજેતરમાં ખૂબ જ કડક શબ્દોમાં આ જ દૃષ્ટિબિન્દુ દર્શાવવામાં આવ્યું હતું. નામદાર વાઈસરોય લોર્ડ નોર્થબ્રૂકે તા. ૨૫મી જુલાઈ, ૧૮૭૪ના રોજ મહારાજા મલ્હારરાવ ગાયકવાડને મોકલેલા ખરીતામાં આ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. નામદાર વાઇસરોયે ભાર મૂકીને કહ્યું કે, '' મારા મિત્ર, ખરાબ કૃત્ય કરવાના માર્ગ ઉપર ચાલતી કોઈ વ્યક્તિના સંરક્ષણ માટે બ્રિટિશ ફોજને કામે લગાડવા હું સંમતિ આપી શકું નહિ. બ્રિટિશ સત્તા કોઈ પણ સરકારના ખરાબ શાસનની તરફદારી કરે તો તે ખરાબ શાસનં માટે બ્રિટિશ સરકાર પણ થોડા પ્રમાણમાં જવાબદાર રહેશે જ. એથી બ્રિટિશ સરકારની ફક્ત સાચી જ નહિ પણ ઠોસ ફરજ છે કે તેમણે ખરાબ હાલતવાળા રાજ્ય વહીવટમાં સુધારણા થાય એ જોવું જોઈએ અને તે વહીવટની ખામીઓ દૂર કરવી જોઈએ અને સત્તાનો દુરુપયોગ થતો બંધ કરવો જોઈએ. આ અનિવાર્ય જવાબદારી પાર પાડવામાં ન આવે અથવા તદ્દન ખરાબ શાસનને ચાલુ રહેવા દેવામાં આવે તો વડોદરા રાજ્યની પ્રજાને આવશ્યક ન્યાય ન મળે, તેમના જાન-માલનું રક્ષણ ન થાય, રાજ્ય અને લોકોની સામાન્ય સુખાકારી તરફ દુર્લક્ષ સેવવામાં આવે તો બ્રિટિશ સરકાર આ દૂષણો દૂર કરવા અને સુશાસન સ્થાપવા પોતાને યોગ્ય લાગે તે પ્રકારે ચોક્કસ હસ્તક્ષેપ કરશે. રાજ્યને સર્વનાશ તરફ લઈ જતા ખરાબ શાસનને રોકવા વેળાસર હસ્તક્ષેપ કરવો એ બ્રિટિશ સરકારની વડોદરા રાજ્યની પ્રજા પ્રત્યેની ફરજ છે જ, પણ તેના કરતાં જરા પણ કમી મહત્ત્વનું નહિ એવું ખુદ મહારાજા ગાયકવાડ પ્રત્યેની મૈત્રીભાવનું કૃત્ય છે. ''



**ગેરવહીવટ અટકાવવા દરમ્યાનગીરી**

(૨૦) આના ઉપરથી સમજી શકાય છે કે બ્રિટિશ સરકાર દેશી રાજવીને તેની પ્રજાની હિંસાચારી પ્રવૃત્તિ સામે રક્ષણ આપવા જેમ બંધાયેલી છે તે જ રીતે હિંસાચારીની પ્રવૃત્તિ આદરવા તેની પ્રજા ઉશ્કેરાય એવા સાવ ખરાબ શાસનને રોકવાનો બ્રિટિશ સરકારને હક પણ છે.

**દેશી રાજ્ય સામે દરમ્યાનગીરીનો હક**

(૨૧) વળી, દેશી સંસ્થાનને બ્રિટિશ સરકારે આપેલાં વચનો અનુસાર તેમજ બન્નેએ કરેલા ચાલુ કરારની વિશિષ્ટ જોગવાઈ અનુસાર ( આવી જોગવાઈ જ્યાં અસ્તિત્વમાં હોય ત્યાં ) પણ આ હસ્તક્ષેપનો હક બ્રિટિશ સરકારને મળે છે. તે દસ્તાવેજોમાં વાપરેલા વિશિષ્ટ શબ્દો ઉપરથી આપણે વાત કરીએ છીએ, તે હસ્તક્ષેપનો પ્રકાર અને મર્યાદા નક્કી કરવાં જોઈએ. બ્રિટિશ સરકારના દેશી સંસ્થાનોમાં હસ્તક્ષેપ કરવાની ઉપર નિર્દિષ્ટ અધિકારોના ઉપયોગ અંગે ટૂંકી અને બધી બાબતોને આવરી લેતી સમીક્ષા કરવી ઉપયોગી નીવડશે.

(ક) એક દેશી સંસ્થાનના બીજા દેશી સંસ્થાન સાથેના સબંધોમાં તે હસ્તક્ષેપ કરી શકે છે.

(ખ) દેશી સંસ્થાનોના વિદેશી સત્તાઓ સાથેના સંબંધોમાં તે હસ્તક્ષેપ કરી શકે છે.

(ગ) લોકોને બળવો કરવા ઉશ્કેરણી કરી શકે એવા ખરાબ શાસનને રોકવા કે સુધારવા દેશી સંસ્થાનોના આંતરિક વહીવટમાં તે હસ્તક્ષેપ કરી શકે છે.

(ઘ) જે તે દેશી સંસ્થાન સાથે કરેલા કરારો અને આપેલાં વચનોની વિશિષ્ટ જોગવાઈ અનુસાર, યોગ્ય મર્યાદામાં અને યોગ્ય પ્રકારે તેના આંતરિક વહીવટમાં હસ્તક્ષેપ કરી શકે છે.

**દરમ્યાનગીરીનો વિરોધ નિરર્થક**

(૨૨) આ બધી હકીકતો સ્પષ્ટપણે સમજવી જોઈએ, ધ્યાનમાં રાખવી જોઈએ અને માન્ય રાખવી જોઈએ. બ્રિટિશ સરકારના આ પ્રકારના કોઈ હસ્તક્ષેપનો પ્રતિકાર કરવાથી કે તેને વખોડી કાઢવાથી કોઈ અર્થ સરશે નહિ. આવું કરવું ઈચ્છનીય પણ નથી.



# પ્રકરણ-૪૨

## દેશી સંસ્થાનોનો આંતરિક વહીવટ

૧૨મી, ૧૯મી અને ૨૬મી ઓક્ટોબર, ૧૮૮૧.

**બ્રિટિશ સરકાર ક્યારે દરમ્યાનગીરી કરે**

ગઈ વખતે આપણે અહીં મળ્યા ત્યારે બ્રિટિશ સરકારે દેશી સંસ્થાનોમાં કઈ કઈ બાબતોમાં હસ્તક્ષેપના અધિકારોનો ઉપયોગ કરી શકે છે તે અંગે ટૂંકાણમાં અને બધી બાબતોને આવરી લેતી સમીક્ષા કરી સમાપન કર્યું હતું. આ હસ્તક્ષેપનો ઉપયોગ નીચેના કારે થાય છે.

(ક) એક દેશી સંસ્થાનના બીજા દેશી સંસ્થાન સાથેના સંબંધો.

(ખ) દેશી સંસ્થાનોનો વિદેશી સત્તાઓ સાથે સંબંધ.

(ગ) કોઈપણ સંસ્થાનમાં ઉશ્કેરાયેલા લોકો વિપ્લવ કરે અને તે વિપ્લવ દબાવવા બ્રિટિશ સહાયકારી ફોજનો ઉપયોગ કરવાની જરૂર પડે એવા ખરાબ રાજ્ય શાસનને રોકવા અગર તેમાં સુધારણા કરવા સારુ કરવો પડતો આંતરિક વહીવટમાં હસ્તક્ષેપ.

(ઘ) જે તે સંસ્થાન સાથે કરેલા કરાર અને આપેલા વચનમાં મર્યાદા અને પ્રકાર અંગે કરેલી સ્પષ્ટ જોગવાઈ અનુસાર આંતરિક વહીવટમાં કરવો પડતો હસ્તક્ષેપ.

**દરમ્યાનગીરી જરૂરી**

(૨) કેટલીક આકસ્મિક ઘટનાઓના સંગે, આવો હસ્તક્ષેપ જરૂરી અને અપરિહાર્ય છે, એ હકીકતને આપણે માન્ય રાખવી જોઈએ. હું આગળ જઈને કહીશ કે આવો હસ્તક્ષેપ અત્યંત લાભદાયક હોવાનું પણ આપણે માન્ય રાખવું જોઈએ.

**દરમ્યાનગીરીનું નિમિત્ત ન આપવું**

(૩) બ્રિટિશ સરકારે આવાં પગલાં લેવાની આવશ્યકતા ન ઉદ્ભવે તો હસ્તક્ષેપ કરવાના અધિકારનો ઉપયોગ કરવો ન જોઇએ, અને તે કરશે પણ નહિ. આ ઉપરથી સમજી શકાય છે, કે જો

દેશી સંસ્થાન પોતાના કામકાજનું સંચાલન કાળજીપૂર્વક અને શાણપણથી કરે તો બ્રિટિશ સરકારનો હસ્તક્ષેપ બૃહદ અંશે અથવા સંપૂર્ણપણે ટાળી શકાશે.

**દેશી રાજ્યો કેવી રીતે ટાળે ?**

(૪) આ પ્રમાણે હકીકત હોવાથી, ઉપર કહેલી બાબતોમાં બ્રિટિશ સરકારનો સક્રિય હસ્તક્ષેપ દેશી સંસ્થાનોએ કેવી રીતે ટાળવો જોઇએ, તે વિગતવાર જોઇ જવું ઉપયોગી થશે.

**અન્ય રાજ્યો સાથેના સંબંધો**

(ક) દેશી સંસ્થાને આ સદર હેઠળના નીચેના મુદ્દાઓ તરફ કાળજીપૂર્વક ધ્યાન આપવું જોઇએ.

**પત્રવ્યવહાર કેવી રીતે**

(૧) કોઇ પણ દેશી સંસ્થાન સાથે સીધો પત્રવ્યવહાર કરવો નહિ. આવો પત્રવ્યવહાર બ્રિટિશ રેસિડેન્ટને સંબોધીને કે તેમની મારફત કરવો. હવે આ પ્રણાલી સ્થાપિત થઇ છે અને તેને સંપૂર્ણપણે વળગી રહેવું જોઇએ. આ નિયમ પાછળ એક તત્ત્વ છે. આ નિયમ એવી અપેક્ષા રાખે છે, એક દેશી સંસ્થાનના કે રાજવીના કોઇ કર્મચારી કે તાબેદારે બીજા સંસ્થાનના કે રાજવીના કર્મચારી કે તાબેદાર સાથે તેમના સંસ્થાન કે વડાના વતી પત્ર વ્યવહાર કરવાનું ટાળવું જોઇએ.

**અન્ય રાજવીનો અંગત સંપર્ક**

(૨) બ્રિટિશ રેસિડેન્ટની જાણ વગર કોઇ સંસ્થાનના રાજકર્તાને મળવું નહિ. રેસિડેન્ટને જાણ કરી કોઇ સંસ્થાનના રાજકર્તાને મળવાનું થાય ત્યારે તેની સાથેના સંભાષણમાં બ્રિટિશ સરકારને અપમાન લાગે કે તેને હાનિકારક હોય એવું કાંઇ હોવું ના જોઇએ.

**અન્ય રાજવીનું માન**

(૩) નાના સંસ્થાનના રાજવીની સાથે હંમેશા વિવેકપૂર્ણ વ્યવહાર રાખવો જોઇએ અને તેઓ જે પ્રકારે માન મેળવવાપાત્ર હોય તે પ્રમાણે



તેમને સન્માનવા જોઇએ. આ બાબતમાં બ્રિટિશ સત્તાવાળાઓ તરફથી ફરિયાદ કરવા કોઇ કારણ આપવું નહિ.

**તેમના ખિતાબોનો ઉલ્લેખ**

(૪) કોઇ નાના સંસ્થાનના રાજવી સાથે તેમના કોઇ મહત્ત્વના અધિકારીઓના અગર તેમની કામગીરીના સંબંધમાં કોઇ પત્ર વ્યવહાર કરવો જ પડે તો તેમની માન્યતાવાળી પદવીઓનો તેમનાં નામ સાથે ઉલ્લેખ કરવો અને વિવેકપૂર્ણ ભાષા વાપરવી. તેમના ઉપર મોટું દોષારોપણ કરવાનું ટાળવું. તેમની કામગીરીની ઉગ્ર ટીકા કરવી નહિ. કોઇ પણ અપમાનજનક અને હાનિકારક લખાણ કરવાથી દૂર રહેવું.

**પોલીસ સહાય**

(૫) ગુનેગારોને શોધી કાઢવામાં અને પકડવામાં દેશી સંસ્થાનોને પોલીસદળની મદદ નિષ્ઠાપૂર્વક આપો. ગુનેગારોએ ચોરેલી મિલકત શોધી કાઢવામાં અને ગુનેગારો તેમજ ચોરીનો માલ તે સંસ્થાનોના હવાલે કરવામાં મદદ કરો.

**સૌ પ્રજાજનો સરખા**

(૬) દીવાની તેમજ ફોજદારી કિસ્સાઓમાં ન્યાયદાનની બાબતમાં, સામાન્ય વેપાર વ્યવસાયની બાબતમાં બીજા સંસ્થાનોના પ્રજાજનોને પોતાના પ્રજાજનોની જેમ જ ગણજો. મારો કહેવાનો અર્થ એવો છે કે આ બાબતમાં આપણા અને પરાયા એવો પ્રતિકૂળ ભેદભાવ રાખશો નહિ.

**સરહદની તકરારો ટાળો**

(૭) સાવચેતીનાં જરૂરી પગલાં લઇ, સરહદની તકરારો બનતી હદે ટાળો પરંતુ આવી તકરાર ઊભી થાય જ તો કોઇ પણ પ્રકારનો સુલેહભંગ નિષ્ઠાપૂર્વક અટકાવો અને જે તે વિવાદ બ્રિટિશ સત્તાવાળાઓને તપાસ અને નિકાલ માટે સોંપો. કોઇ પણ સરહદી તકરાર અંગે નિવેડો આવેલો હોય તે પ્રસંગે કાયમી પથ્થરો નાંખી, જગ્યા ઉપર સરહદની આંકણી કરો. આ પથ્થરોની અવશ્ય જાળવણી કરો.

(૮) કોઇ નાના સંસ્થાનના રાજવી આપણી હકૂમતના પ્રદેશમાં વાંટાની ઇનામી અગર બીજી ખાનગી માલિકીની જમીનો ધરાવતા હોય તો તેમના ગણોતિયા સાથેની તેમની તકરારોમાં અને સાંથ વસૂલ કરાવવામાં તેને મૈત્રીભાવથી સહાય કરો.

**અન્ય રાજવીને મદદ**

આવા રાજવી આપણી તિજોરીમાંથી ગિરાસ મુશાહીરો મેળવતા હોય તો તેની ચુકવણી નિયમિત અને સમયસર થાય છે કે કેમ, તે જુઓ.

રસ્તાઓ અને પુલો બાંધતાં, બન્ને દેશોને અસર થતી હોય તો તે કામમાં બીજા સંસ્થાનને સહકાર આપવો. ટૂંકમાં, આપણે પક્ષે પ્રત્યેક સંસ્થાનના રાજવીનાં હક, સન્માન અને ગૌરવને જાણે તે આપણાં હોય તેમ વિચારીને તેને માન આપવું ઘટે.

આ સિદ્ધાંત અનુસાર દ્રઢપણે કામ કરીને આપણે ઉપર (ક)માં દર્શાવેલા સદર હેઠળ હસ્તક્ષેપ માટે બ્રિટિશ સરકારને કારણ આપવાનું ટાળીશું. અહીં હું કહીશ કે, આ સિદ્ધાંતો આપણા સંસ્થાનના પડોશી બ્રિટિશ જિલ્લાઓ અને બ્રિટિશ સરકારી અધિકારીઓ સાથેના સંબંધોને સરખી રીતે લાગુ પડે છે.

પછીના **(ખ)**માં દર્શાવેલા સદર તરફ આગળ વધતાં તે સંબંધે નીચેના મુદ્દાઓ તરફ આપનું ધ્યાન દોરવા વિનંતી કરું છું.

**વિદેશી સત્તાઓ સાથેના સંબંધો**

(૧) એક વાતને યાદ રાખવી જોઇએ કે, વરાળ યંત્રોની સુવિધાને કારણે મોટાં જહાજોમાં બેસી યુરોપનાં અને અમેરિકાનાં ઘણાં રાજ્યોના પ્રજાજનો વિદેશના પ્રવાસે મોટા પ્રમાણમાં આવ-જા કરે છે. વત્તે-ઓછે અંશે અને વખતોવખત તે લોકો આપણી હકૂમતના પ્રદેશમાં પણ મળી આવશે. તેઓ ઇંગ્લેંડ, ફ્રાન્સ , જર્મની, ઓસ્ટ્રિયા, ઇટાલી, રશિયા, અમેરિકા વગેરે દેશોના જાજનો હોય. સંક્ષિપ્ત નિર્દેશ કરવાની દ્રષ્ટિએ આ બધાને હું "યુરોપિયનો" કહીશ.

**યુરોપિયનો સાથે અથડામણ ટાળો**



કારણ, તે બધાં યુરોપિયન જાતિના છે. એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે આ યુરોપિયનો ગમે તે દેશના રહેવાસી હોય તેમને તેમની સરકારનું કેટલેક અંશે સંરક્ષણ મળતું જ હોય છે. તે સરકાર પોતાના પ્રજાજનોને હિંસાચાર કે અન્યાયને કારણે કોઇ પણ જગ્યાએ સહન કરવું પડે તે ચલાવી લેશે નહિ. દેશી રાજ્યોમાં જો તેમને આ પ્રકારે સહન કરવું પડે તો હરગિજ તેઓ સહન કરશે નહિ. આ ઉપરથી સમજાશે કે આપણી હકૂમતના દેશમાં આવતા યુરોપિયનો બાબત આપણે બહુ સંભાળ રાખવી જોઇએ. આ બાબત સામાન્યપણે કહેવી હોય તો એમ કહેવાય કે, યુરોપિયનો સાથે દુ:ખજનક સંઘર્ષો નિવારવા આપણે બધા પ્રકારે પ્રયત્નો કરવા જોઇએ. આપણે આ બાબત જે નીતિધોરણ રાખવાનું છે, તેની આ ચાવી છે. હું આ અંગે થોડી વિગતો જણાવીશ.

(૨) કોઇ અજાણી યુરોપિયન વ્યક્તિ અહીં ઉપસ્થિત થાય અને મહારાજા સાહેબ સાથે મુલાકાતની માગણી કરે તો તેણે યોગ્ય ઓળખાણ આપી હોય તો જ મહારાજા સાહેબે તેને મુલાકાત આપવી. તે બ્રિટિશ રેસિડેન્ટ પાસેથી ગમે ત્યારે ઓળખાણ ચિઠ્ઠી લાવી શકે છે. જો આ યુરોપિયન વ્યક્તિએ રેસિડેન્ટ પાસેથી એવી યોગ્ય ઓળખાણ ચિઠ્ઠી આણી ન હોય તો મહારાજા સાહેબે તેને રેસિડેન્સીમાં જવા કહેવું જોઇએ. જો તે યુરોપિયન સદ્‌ગૃહસ્થ યોગ્ય ઓળખાણ ચિઠ્ઠી લઇને આવે તો તેની સાથે વિવેકપૂર્ણ વ્યવહાર રાખવો જોઇએ અને તેને દાદ આપવી જોઇએ.

**યુરોપિયનોની યોગ્ય ઓળખ**

(૩) આપણી રસમો અને લાગણીઓથી અજાણ હોવાના કારણે અજાણી યુરોપિયન વ્યક્તિઓ દેશી સંસ્થાનોમાં ભૂલચૂક કરી બેસતી હોય છે અથવા તેઓ કોઇનું અપમાન કરી બેસે છે. આ બાબતમાં તેમના તરફ રહેમ નજર રાખવી જોઇએ. દા. ત. એકાદ અજાણ્યો યુરોપિયન જ્યાં પ્રવેશી શકે નહિ એવા કોઇ દેશી સંસ્થાનના મંદિરમાં દાખલ થાય છે, મોરનો શિકાર અત્યંત વાંધાજનક હોય, ત્યાં તે મોરને ગોળીથી

**ભૂલ કરે ત્યારે ચેતવણી**

મારી નાંખે છે, સ્થાનિક લોકોએ જે ઘાટને પવિત્ર માનેલો હોય ત્યાં માછલાં મારે છે. આવા કિસ્સાઓમાં તેને શિક્ષા કરવાનો પ્રયાસ કરવો નહિ. તેને હળવી ચેતવણી આપો. સામાન્યપણે આટલું પૂરતું છે. ચેતવણી આપ્યા છતાં પણ ઇચ્છિત પરિણામ ના આવે તો બ્રિટિશ રેસિડેન્ટની આ બાબતમાં મદદ માંગવી.

**સામાન તપાસવાનું ટાળો**

(૪) જકાત અંગેના નિયમોનો ભંગ કરી, જકાતપાત્ર વસ્તુઓ લાવવામાં આવી છે કે કેમ, તે જોવા માટે યુરોપિયનોનો માલસામાન તપાસવામાં આવે તે યુરોપિયનોને ગમતું નથી. જકાત અધિકારીઓ તેમને તે સારુ રોકી રાખે તે પણ તેમને ગમતું નથી. એટલે શક્ય હોય તો આવી તપાસણી અને રોકાણને અટકાવવું, પરંતુ જ્યારે વેપારીઓ, વેપારનો માલ લાવતા હોય ત્યારે તેમણે જકાતના નિયમોને માન આપવું જ જોઇએ.

**તેમની સાથે કરાર નહિ**

(૫) યુરોપિયનો સાથે સામાન્યપણે શક્ય હોય તો, કોઇ સેવાઓ કે કોઇ કામગીરી પાર પાડવા અંગે કે માલસામાનના પુરવઠા માટે કરાર કરવો નહિ. પરંતુ કોઇ અનિવાર્ય કારણોસર આવા થોડા કરાર કર્યા હોય તો તેની શરતો પ્રમાણે તમારી કામગીરી ચીવટ અને ચોકસાઇથી કરો.

**નાણાંનો વ્યવહાર નહિ**

(૬) યુરોપિયનો સાથે નાણાં ઉછીનાં લેવાનો કે નાણાં ધીરવાનો વ્યવહાર જવલ્લેજ કરવો કે બિલકુલ કરવો નહિ. બ્રિટિશ બાંહેધરીના કરજો માટે અને મુંબઇમાં છે એવી યુરોપિયન બેન્કોમાં ચાલુ ખાતું ઉઘાડવા માટે આ નિયમ લાગુ પડતો નથી.

**મુસાફરીની સલામતી**

(૭) આપણી હકૂમતના દેશોમાં યુરોપિયનોને કોઇ લૂંટે નહિ તે માટે સાવચેતીનાં પગલા લેવાં.



**યુરોપિયન સાથે દુર્વ્યવહાર નહિ**

(૮) આપણી હકૂમતના પ્રદેશમાં આપણા લોકો યુરોપિયનો સાથે ગેરવર્તન ન કરે અને યુરોપિયનોને સહન કરવું ન પડે તે જોવું. પરંતુ કમનસીબે આવી રીતે કોઇ યુરોપિયન વ્યક્તિને સહન કરવું પડે તો ગુનો કરનારાઓને નશ્યત કરવા તાકીદનાં પગલાં ભરો. એક મહત્ત્વના અને સર્વમાન્ય સિદ્ધાંત અંગે કહેવાની આ તક લઉ છું. કોઇ યુરોપિયન વ્યક્તિનું તેના પોતાના દેશમાં કે બીજા કોઇ પણ સભ્યતાવાળા દેશમાં નુકસાન થાય, એવું આપણી હકૂમતના પ્રદેશમાં આપણા લોકો તરફથી કોઇ નુકસાન થયેલું હોય અને એવા પ્રસંગે જો આપણે તે નુકસાન કરનારને શોધી કાઢીએ અને તેને ન્યાયપુરઃસર શિક્ષા કરીએ અને યુરોપિયન વ્યક્તિને થયેલું નુકસાન, તે સંજોગોમાં શક્ય હોય તે પ્રમાણે ભરપાઇ કરી આપીએ તો આપણે આપણી જવાબદારીઓમાંથી મુક્ત થઇ શકીએ. આમ કરીએ તો નુકસાન સહન કરનારની પોતાની સરકારે જે પગલાં લીધાં હોત, તેવાં જ પગલાં આપણે લીધાં છે, એવું લાગશે. આના કરતાં આપણી પાસેથી બીજી ન્યાયયુક્ત અપેક્ષા રાખી શકાય નહિ, પરંતુ આપણે ગુનેગારોને શોધી કાઢવા, તેમને ન્યાયયુક્ત શિક્ષા કરવા અને યુરોપિયન વ્યક્તિને નુકસાન આપવામાં નિષ્ફળ જઇએ અને આ સ્થિતિ આપણી વ્યવસ્થાની ખામી, બેદરકારી કે ઉદાસીનતાને કારણે હોય અથવા કોઇ કિસ્સામાં આના કરતાં વધુ ખરાબ કારણે લીધે હોય તો આપણા લોકોએ કરેલા નુકસાન માટે થોડે-વત્તે અંશે યા પૂર્ણપણે આપણે જવાબદાર ગણાઇશું.

**બ્રિટિશ સરકારના યુરોપિયન અધિકારીઓના ગુના**

(૯) યુરોપિયન દેશના બ્રિટિશ અધિકારીઓ (અ) આપણા લોકોને મારવાનો કે તેમના તરફ ગેરવર્તાવ કરવાનો કે (બ) આપણા લોકો પાસેથી માલસામાન પડાવી લેવાનો અથવા (ક) આપણા સત્તાવાળાઓ સાથે અપમાનજનક વર્તાવ કરવા જેવા સામાન્ય ગુના કરે, તો આવા બનાવો અંગે બ્રિટિશ રેસિડેન્ટ પાસે શાંતિથી અને સાચી રીતે રજૂઆત કરવી, બ્રિટિશ રેસિડેન્ટ આ બનાવોની ખાતાકીય તપાસ કરી આ બાબતનો નિકાલ લાવશે. કદાચ તે યુરોપિયન અધિકારીની બદલી કરવામાં આવશે અથવા તેને તેના ગેરવર્તાવ માટે સહન કરવું પડે એવાં પગલાં લેવાશે.

(૧૦) કોઇ યુરોપિયન વ્યક્તિએ આપણા પ્રદેશમાં દીવાની, ફોજદારી કે રાજનૈતિક બાબતો અંગે દાદ માંગેલી હોય તો તેની ફરિયાદ તરફ તરત ધ્યાન આપવું અને મળવાપાત્ર દાદ તેને આપવી.

**દાદ અપાવો**

(૧૧) આપણા રાજ્યના કોઇ પણ સમુદ્રકિનારે કોઇ વિદેશી જહાજ ભાંગી પડે તો તેમાંના ઉતારુઓના અને જહાજ ઉપર કામ કરનારના જાન બચાવવા અને જહાજમાંના માલસામાનને બચાવવા બનતી બધી મદદ કરવી. જહાજો ભાંગી પડવાના બનાવો બહુ ઓછા હશે. કારણ, હવે આપણે જરૂરી દીવાદાંડીની સગવડો માટે જોગવાઇઓ કરીએ છીએ.

**ખરાબે ચઢેલ વહાણના ખલાસીઓ**

(૧૨) કોઇ યુરોપિયન વ્યક્તિને આ પ્રદેશમાં રહેવા અગર સ્થાયી થવા પરવાનગી આપવી નહિ, બ્રિટિશ રેસિડેન્ટ સાથે મસલત કર્યા વિના અને તેની મારફત હિન્દુસ્તાન સરકારની પરવાનગી મેળવ્યા વિના કોઇ યુરોપિયન વ્યક્તિને જાહેર સેવામાં કે રાજમહેલની ખાનગી સેવામાં નોકરી આપવી નહિ. કોર્ટો અને કચેરીઓમાંના વકીલોની પણ જાહેર સેવાનો આમાં સમાવેશ કરું છું.

**યુરોપિયનને કાયમી નિવાસ નહિ**

(૧૩) બ્રિટિશ રેસિડેન્ટને જરૂરી પગલાં લેવા વિનંતી કરીને યુરોપિયન રખડુ વ્યક્તિઓને આ પ્રદેશમાંથી તરત બહાર મોકલી દેવા જોઇએ.

**યુરોપિયન રખડુઓ**

(૧૪) યુરોપિયન દેશોમાંથી કેટલાક સંજોગોમાં કે આકસ્મિક કારણે ગુપ્તચરો અને ભેદી માણસો આપણા પ્રદેશમાં આવે એ અશક્ય નથી. આ દેશો બ્રિટિશ સરકાર તરફ દુશ્મનાવટ ધરાવતા હોય કે વિરોધી વલણ ધરાવતા હોય, બ્રિટિશ સરકાર વિરુદ્ધ બેદિલી ફેલાવવાની દૃષ્ટિએ પણ આવ્યા હોય. આવા ગુપ્તચરો અંગે ખૂબ સાવધાની રાખવી જોઇએ. તેમના વિષે તમને જે કાંઇ

**દુશ્મન દેશોનાં દૂતો**



જાણવા મળ્યું હોય તેની બ્રિટિશ રેસિડેન્ટને સંપૂર્ણ જાણ કરો, આ બાબતમાં ચૂકશો નહિ. મેં અનેક સૂચનો કર્યાં છે, તે સંપૂર્ણ નથી, છતાં મહારાજા સાહેબે આ બાબતમાં શી નીતિ અનુસરવી જોઇએ, તેનું સ્વરૂપ અને સાર તેમાંથી જોવા મળશે જ.

ઉપર (ગ)માં દર્શાવેલા સદર ઉપર હવે આપણે નજર ફેરવવાની રહે છે. તે અંગે થોડા પ્રારંભિક વિચારો હું હવે રજૂ કરીશ અને ત્યારબાદ તે અંગે અનુસરવાની નીતિ બાબત વ્યવહારી સૂચનો વિગતવાર રજૂ કરીશ.

**આંતરિક વહીવટ**

(૧) મહારાજા સાહેબની હકૂમતના દેશમાં લોકોએ જો ભારે અશાંતિ ઉત્પન્ન કરી હોય તો તે ઉપદ્રવને દાબી દેવા બ્રિટિશ ફોજોની મદદ માંગવા મહારાજા સાહેબને હક છે અને આ મદદ આપવા માટે બ્રિટિશ સરકાર ફરજથી બંધાયેલી છે. પહેલાંના વખતમાં ક્યારે પણ આવી વ્યવસ્થા ન હતી. આ વ્યવસ્થાના કારણે દેશી રાજ્યકર્તાને ખૂબ શક્તિ અને સલામતી મળી છે. આવી વ્યવસ્થા અસ્તિત્વમાં છે અને બ્રિટિશ સેના અંદર દાખલ થઇ આવા બળવાખોરોને કચડી નાંખશે એટલી જાણકારી માત્રથી બળવો થતો અટકે છે, તેને દબાવી દેવાની બ્રિટિશ સેનાને જરૂર પણ પડતી નથી.

**કટોકટીમાં બ્રિટિશ લશ્કર દ્વારા મદદ**

(૨) હમણાં સુધી જે બધું કહ્યું તે દેશી સંસ્થાનના રાજ્યકર્તાના હિતમાં જ છે. રાજકર્તા તરીકે અંગત દૃષ્ટિએ તેમના માટે સારું છે, પણ જેના ઉપર તે રાજ્ય કરે છે તે લોકોને આ વ્યવસ્થાની કેવી અસર પહોંચે છે ? એક દેશી સંસ્થાનની પ્રજા એક બાજુ અને બીજી બાજુ બ્રિટિશ સરકાર- આ બન્ને વચ્ચેનું નીચેનું કાલ્પનિક સંભાષણ આ અંગેની પરિસ્થિતિનો બરાબર ખુલાસો કરશે.

**વાસ્તવિક પરિસ્થિતિ**

**બ્રિટિશ સરકાર**—"'તમો દેશી સંસ્થાનના પ્રજાજનો, એક વાત નોંધી લો કે તમે તમારા રાજયકર્તા વિરુદ્ધ વિદ્રોહ કરશો તો અમો અમારી અજેય સેના તત્કાળ મોકલીશું અને જરૂર પડયે

વિદ્રોહને કચડી નાંખીશું, તમારા અસંખ્ય માણસોને મારી નાંખીશું. તમારા અસંખ્ય લોકોને પકડી કેદમાં પૂરીશું. એટલે રાજ્યકર્તા વિરુદ્ધ કોઇ દિવસ વિદ્રોહ કરશો નહિ''.

**પ્રજાજનો—** '' તમોએ હમણાં જે કહ્યું તે અમો બરાબર સમજીએ છીએ, પરંતુ અમારી વિનંતી છે કે આપે અમોને પણ ધીરજથી સાંભળવા જોઇએ. અમારા રાજ્યકર્તા વિરુદ્ધ કોઇક વખત પડે વિદ્રોહ કરવાનો અમારો પુરાણો શિરસ્તો હતો. અમારા રાજ્યકર્તા અમારી સુખાકારી જાળવવાને અને તેમાં વધારો કરવાને બદલે જ્યારે નિર્દયતાથી અમારા ઉપર જુલ્મ કરતા હતા અને જ્યારે તેમનો જુલ્મ અસહ્ય બનતો ત્યારે તેમની વિરુદ્ધ અમોએ વિદ્રોહ કરેલો અને રાહત માટે માગણી કરેલી. તેમણે રાહત આપવાનો જ્યારે ઇન્કાર કર્યો ત્યારે અમોએ તેમને ગાદી ઉપરથી ઉઠાડી, અમારા ઉપર વધુ સારું શાસન ચલાવી શકે એવાની પસંદગી કરી. તમો હવે અમોને કહો છો, કે અમારે અમારા રાજા વિરુદ્ધ વિદ્રોહ કરવો નહિ અને જો કરીશું તો તમો અમોને ગોળીએ વીંધશો. અમારો રાજા આ તમારા વલણથી વધુ ધૃષ્ટ થઇ અમારા ઉપર જુલ્મ અને સિતમની ઝડી વરસાવે તો શું થાય ? ગેરવહીવટનું માણ છેવટની હદ સુધી જશે, પછી તમો તમારાં શસ્ત્રોથી એ ગેરવહીવટ નીચે સબડનારાઓને ગોળીઓથી મારી આવા ગેરવહીવટ કરનારને રક્ષણ આપશો ? આ બરાબર છે ? ન્યાયી છે ? ભગવાનને આ પસંદ પડશે ? સેંકડો અને હજારો નિર્દોષ પ્રદેશ બાંધવોનું સુખ નષ્ટ કરવા અને તેમને દુઃખની ઊંડી ગર્તામાં ઉતારવા એક જુલ્મગાર વ્યક્તિને તમારાં શસ્ત્રો આપશો ? મનુષ્ય જાતના મિત્રો, માનવી સ્વતંત્રતા અને ગતિના તમો સંનિષ્ઠ પુરસ્કર્તા છો. દૂર ઉત્તર દિશામાંથી માત્ર અમારી જંજીરો બેવડાવવા અને અમારાં દુઃખોને વધુ તીવ્ર બનાવવા આવ્યા છો ?''

**બ્રિટિશ સરકાર—**''જરા પણ નહિ, આંતરિક ઉપદ્રવને પ્રસંગે તમારા રાજ્યકર્તાને મદદ કરવાની અમારી ઇચ્છાનો એવો મુદ્દલ અર્થ નથી કે તેને તમારા ઉપર ગેરશાસન ચલાવવા દેવાય.''



**પ્રજાજનો—**''તમારો ખૂબ આભાર; પરંતુ કલ્પના કરો કે લોકોના ગુસ્સાના પરિણામ વિષે એમનામાં કોઇ ડર કે ભય રહે નહિ, તો તે રાજ્યકર્તા ગેરશાસન ચાલુ રાખશે જ. સામાન્યપણે આવું થતું જ આવે છે, પછી શું ?''

**બ્રિટિશ સરકાર—**'' આવું થાય તો તમો અમારી પાસે આવી ફરિયાદ કરો. અમો પરિસ્થિતિને ચોક્કસ ધ્યાનમાં લઇશું. અમોને એવો સંતોષ થાય કે રાજ્યમાં અતિશય ગેરશાસન ચાલે છે, તો અમો તેનો વિરોધ કરીશું અને તમારા રાજ્યકર્તાને ઠપકો આપીશું તથા શાસન સુધારવા કામે લગાડીશું.''

**પ્રજાજનો—**'' બરાબર છે પણ માની લો કે તમારા વિરોધને અને ઠપકાને તે સાંભળે નહિ અને અનિષ્ટ ચાલુ રાખશે તો પછી શું કરશો ?''

**બ્રિટિશ સરકાર—**'' એવે પ્રસંગે અમો તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકીશું અને વધુ સારો રાજ્યકર્તા તમોને આપીશું.''

ખુદ બ્રિટિશ સરકાર ઉપર બતાવ્યા છે, તે સિવાય બીજા કોઇ જવાબો લોકોને આપી શકશે જ નહિ.

**સુશાસન કરવું**

(૩) એના ઉપરથી જણાય છે, કે આંતરિક અશાંતિ અને ઉપદ્રવ દબાવી દેવા દેશી સંસ્થાનને મદદ કરવાની બ્રિટિશ સરકારની જવાબદારીનાં બંધન સાથે તે સંસ્થાનના રાજ્યકર્તાના સદંતર ગેરવહીવટને અટકાવવાનો અને તેમાં સુધારો કરવાનો હક પણ આવી જાય છે અને તેથી જ રાજ્યકર્તા માટે શાસન સારી રીતે ચલાવવું અને સારા શાસનથી બ્રિટિશ સરકારને સંતોષ આપવો અધિક મહત્ત્વનું બને છે. સ્તુત વિષયમાં એટલે ખરાબ શાસનમાં સુધારણા કરવાની કે તેને અટકાવવાની દૃષ્ટિથી સંસ્થાનના વહીવટમાં બ્રિટિશ સરકાર તરફથી થતા હસ્તક્ષેપ ટાળવા સંબંધમાં એક મહાન મુદ્દો છે. દેશી સંસ્થાનના રાજવીએ તદ્દન ખરાબ કારોબાર ચલાવી પ્રજાને વિપ્લવ કરવા કે બ્રિટિશ સરકારને ફરિયાદ કરવા કારણ આપવાથી દૂર રહેવું જોઇએ. રાજવીઓએ આ બાબતમાં ખૂબ જ કાળજી લેવી જોઇએ.

(૪) રાજવીએ કરવેરા માફકસર રાખવાંની કાળજી લેવી. લોકોનાં જાન, જાત, અને મિલકતની સલામતી જાળવવી, નાની પણ કાર્યક્ષમ્ લશ્કરી સેનાના પીઠબળવાળું સારું પોલીસદળ નિભાવવું જોઇએ. આ બધાંને પરિણામે પ્રજાનો મોટો સમુદાય સંતુષ્ટ રહેશે. અને રાજ્યકર્તા વિરુદ્ધ ભાગ્યેજ વિપ્લવ કરશે.

**મર્યાદિત કરવેરા, કુશળ પોલીસ અને લશ્કર**

(૫) લોકોને સંતુષ્ટ અને શાંત રાખવા આ તો સામાન્ય શરતો છે. વધુમાં, કેટલીક વિશેષ સૂચનાઓ અહીં આપવામાં આવે છે.

**ખાસ સાવધાની**

(ક) લોકોના અગર લોકોના કોઇ વર્ગના ધર્મની બાબતોમાં માથું મારશો નહિ, કારણ બહુસંખ્ય લોકોનો ધર્મ સાથે ઉત્કટ લાગણીનો સંબંધ હોય છે.

**ધર્મ**

(ખ) એ જ કારણસર કોઇ પણ વેરામાં એકાએક વધારો કરશો નહિ.

**કરવેરા**

(ગ) તે જ કારણસર લાંબા વખતથી ચાલતા આવતા અને લોકોને ગમતા રિવાજોને એકાએક બદલશો નહિ.

**રિવાજ**

(ઘ) મોટી સંખ્યાના લોકોના અધિકારો કે તેમને મહેરબાની રાહે લાંબા સમયથી મળતા, હકો એકાએક છીનવી લેશો નહિ.

**હકો**

(ચ) મોટી સંખ્યાના લોકો ઉપર એકાએક પરંપરા સિવાયના નિયમનો લાદશો નહિ.

**અંકુશો**

(છ) બહુસંખ્ય રહેવાનાં મકાનોને પાડી નાંખવાની જરૂર પડે એવી કોઇ નગરપાલિકાની વ્યાપક શહેર સુધારણાની કામગીરી હાથ ઉપર લેવા આદેશ આપશો નહિ.

**સુધારા**



(જ) સેનામાં તત્કાળ બેદિલી ફેલાય એવાં કોઇ પગલાં લેશો નહિ.

**બેદિલી**

(ઝ) મોટી સંખ્યાના લોકો ફોજદારી ગુનામાં સંડોવાયેલા હોય, દા. ત. આખાં ગામો સંડોવાયેલાં હોય તો દરેકને શિક્ષા કરવાનો પ્રયાસ કરશો નહિ. આગેવાન ગુનેગારોને શિક્ષા કરવા પૂરતી મર્યાદિત કામગીરી કરવી બસ છે.

**સજા**

(ટ) આવા વર્ગના લોકોમાં ભીલો, વાઘેરો, ગરાસિયા, ઠાકરડા વગેરે આવે છે. આ લોકો સામાન્ય રીતે અજ્ઞાની, અબુધ અને તરંગી હોય છે અને એકસમાન ભાવનાથી પ્રેરાયેલા હોવા માટે જાણીતાં છે. આ વર્ગના લોકો ઉશ્કેરાય અને તેમનામાં સામાન્ય ઉશ્કેરાટ જન્મે એવું કોઇ કારણ આપશો નહિ. ટૂંકમાં, એક વખતે મોટી સંખ્યાના લોકો મોટા પ્રમાણમાં નારાજ થાય એવું કોઇ કૃત્ય કરવાથી દૂર રહેવાની શક્ય તેટલી બધી કાળજી લેશો.

**લોકોના વર્ગોમાં ઉશ્કેરણી નહિ**

(૬) જ્યાં સુધી દેશી સંસ્થાન આવી ન્યાયયુક્ત, સહિષ્ણુ અને સમજદારીપૂર્વક નીતિ રાખતું હોય ત્યાં સુધી તે લોકોમાં બેદિલી ફેલાવવાનું કામ્ કરનાર સિદ્ધાંતવિહોણા અને કલહપ્રિય તત્ત્વોનો સામનો કરી શકશે. આવી વ્યક્તિઓ વડોદરામાં છે. છેલ્લાં છ વર્ષના સંગીન વહીવટ દરમ્યાન તેઓને શાંત બેસી રહેવાની જરૂરિયાત સમજાઇ હતી. આ વર્ષને અંતે જ્યારે મહારાજા સાહેબ સત્તાનાં સૂત્રો હાથમાં લેશે, ત્યારે આ લોકો તેમની પુરાણી યુક્તિઓ અજમાવવાનો કદાચ યત્ન કરશે. તેમના ઉપર બરોબર નજર રાખવી જોઇએ. તેમનામાંથી કોઇ પણ અટકચાળું કરશે તો તેઓને શોધી કાઢી યોગ્ય સમયે ઉચિત શિક્ષા કરવી જોઇએ. આ બાબતનાં મહારાજા સાહેબનાં મંતવ્યો અને નિર્ધાર અનેક નાના નાના પ્રકારે વ્યક્ત થવાં જોઇએ. કહેવત છે ને, "ઇલાજ કરતાં નિવારણ વધુ સારું".

**બેદિલી નાબૂદ કરો**

# પ્રકરણ-૪૩

## બ્રિટિશ સરકારના અધિકારો

૯મી નવેમ્બર, ૧૮૮૧

**સંધિ મુજબ રાજ્ય-બ્રિટિશ સંબંધો**

હવે આપણે બ્રિટિશ સરકાર સાથે વિદ્યમાન કરારો અને સંધિઓથી ઠરાવેલા આપણા સંસ્થાનના સંબંધો ઉપર નજર નાંખવી જોઇએ. આમ કરતી વખતે આપણે મહત્ત્વના મુદ્દાઓ ઉપર ધ્યાન સીમિત કરીશું. ગૌણ મુદ્દાઓ હમણાં છોડી દઇશું. પ્રસંગ પડશે ત્યારે ગૌણ મુદ્દાઓનો વિશેષ અભ્યાસ કરી શકાશે.

**રાજ્યની વફાદારી**

(૨) બ્રિટિશ સરકાર સાથે મિત્રતા અને વફાદારી રાખવા આ રાજ્ય બંધાયેલું છે. આને માટે કોઇ વિગતવાર ખુલાસો કરવાની જરૂર નથી. તે સ્વયંસ્પષ્ટ છે.

**બ્રિટિશ સરકારનો મૈત્રીભાવ**

(૩) બ્રિટિશ સરકારે પણ તેની તરફે આ સંસ્થાન માટે મિત્રતા રાખવી જોઇએ અને સંસ્થાનના ન્યાયયુક્ત હકો અને કલ્યાણ વિરુદ્ધ કાંઇ પણ આચરણ કરવું જોઇએ નહિ.

**ઉપરના સિદ્ધાંતનું વિસ્તરણ**

(૪) બેમાંથી એક સરકારના મિત્રો અને શત્રુઓ બીજી સરકારોના મિત્રો અને શત્રુઓ હોવા જોઇએ. એના ઉપરથી જણાશે, કે બ્રિટિશ સરકાર કોઇ સત્તા સામે યુદ્ધ ઘોષિત કરે તો આ સંસ્થાન તે સત્તા સાથે મિત્રતાના સંબંધો રાખી શકશે નહિ, પરંતુ તેણે બ્રિટિશ સરકારનો પક્ષ લેવો જોઇએ. આ જ સિદ્ધાંત વ્યક્તિઓ બાબત પણ લાગુ પડે છે. દા. ત. કોઇ વ્યક્તિ બ્રિટિશ સરકાર વિરુદ્ધ કામ કરતી હોય, બ્રિટિશ સરકારને હાનિ પહોંચાડનાર કોઇ રાજકીય હિલચાલ કે આંદોલનમાં ભાગ લેતી હોય તો વડોદરા રાજ્યે તે વ્યક્તિને જરા પણ ટેકો આપવો ન જોઇએ. તેના પ્રત્યે સહાનુભૂતિ



દાખવવી ન જોઇએ. તે જ પ્રમાણે કોઇ વ્યક્તિ વડોદરા રાજ્યનાં હિતો વિરુદ્ધ કામ કરતી હોય તો બ્રિટિશ સરકાર તેને ટેકો આપશે નહિ. ઊલટું તેને દબાવી દેશે. આ વ્યક્તિ બ્રિટિશ હકૂમતના પ્રદેશમાં રહેતી હોય અને વડોદરા રાજ્ય તેને પકડી શકતું ના હોય અને તે બ્રિટિશ સરકારના પ્રદેશમાં થાણું જમાવીને આ રાજ્યની વિરુદ્ધ કામગીરી ચાલુ રાખતી હોય તો બ્રિટિશ સરકાર તેને પકડી પાડશે અને તેને શિક્ષા થાય તેવી કાર્યવાહી કરશે. તે સિવાય બીજા પ્રતિબંધક ઉપાયો પણ યોજશે.

**બળ વાપરવાનું ટાળો**

(૫) કોઈપણ સત્તાની વિરુદ્ધ દુશ્મનાવટ અને આક્રમણનું કૃત્ય કરવાથી દૂર રહેવા આ રાજ્ય બંધાયેલું છે. બીજા શબ્દોમાં કહીએ, તો તે કોઈપણ બીજા સંસ્થાન વિરુદ્ધ કોઈપણ કારણસર બળનો ઉપયોગ કરવાથી દૂર રહેવા બંધાયેલું છે. આ સંસ્થાન અને બીજા સંસ્થાન વચ્ચે કોઈ મતભેદો ઉપસ્થિત થાય તો બ્રિટિશ સરકારને એ બાબતે લખી જણાવવું જોઈએ. બ્રિટિશ સરકાર તે બાબતનું ન્યાયી રીતે સમાધાન કે સમજૂતી કરશે અને જે તે મહારાજાઓને લેખિત જાણ કરશે. જે સમજૂતી થયેલી હોય તેનો અમલ કરવા બ્રિટિશ સરકાર સંસ્થાઓને ફરજ પાડી શકે છે.

**સરહદની તકરારો બ્રિટિશ સરકારને સોંપવી**

(૬) તે જ પ્રમાણે, બધી સરહદની તકરારો, કોઈ ગિરાસ હક અંગેની તકરારો, ખરું જોતાં, આ સંસ્થાન અને બીજા કોઈ સંસ્થાન વચ્ચેના બધા વિવાદો બ્રિટિશ સરકાર પાસે લઈ જવામાં આવે છે. તે સરકાર પક્ષપાત વિના સાચો ન્યાય આપવાની ઈચ્છાથી પ્રેરાઈ વિવાદનો નિકાલ કરે છે.

**તેથી શાંતિની ખાતરી**

(૭) પ્રસ્તુત સંધિની જોગવાઈ તમામ દેશી રાજ્યોને લાગુ પડતી હોવાથી એકબીજા વચ્ચેનાં આંતરિક યુદ્ધો અને કલહો સાવ બંધ થયાં છે, જેમને કારણે અગાઉ સમગ્ર હિન્દુસ્તાનમાં ક્લેશ પ્રવર્તતો હતો. આ કરારોથી બધાં સંસ્થાનોને શાંતિ અને સલામતીની ખાતરી મળી છે.

(૮) બ્રિટિશ સરકારની સંમતિ વગર કોઈ યુરોપિયન અથવા અમેરિકન વ્યક્તિને સંસ્થાનની નોકરીમાં ન રાખવા આ રાજ્ય બંધાયેલું છે. યુરોપિયન અથવા અમેરિકન સત્તાવાળાઓ સાથે ગૂંચવણનો સંભવ નિવારવાનો કરારની આ જોગવાઈનો ઉદ્દેશ છે.

**બ્રિટિશ સરકારની સંમતિ વગર યુરોપિયનને નોકરી નહિ**

(૯) બ્રિટિશ ફોજોની મદદની જરૂર પડે, એવા બધા મહત્ત્વના પ્રસંગોએ બ્રિટિશ સરકાર આ સંસ્થાનને તે આપવા બંધાયેલી છે. જોગવાઈ અનુસાર, તે (૧) મહારાજા સાહેબનું અંગત રક્ષણ કરવા, (૨) બળવાખોરોને દબાવવા, (૩) મહારાજા સાહેબના દેશોમાં ઉપદ્રવ કરનારાઓને પાઠ ભણાવવા બ્રિટિશ ફોજોનો ઉપયોગ કરશે. તે જ પ્રમાણે સરકારના ન્યાયયુક્ત માગણાની ચુકવણી કરવા ઈન્કાર કરનાર પ્રજાજન કે મહારાજા સાહેબના આશ્રિતોને ઠેકાણે લાવવા, સામાન્યપણે બહારના આક્રમણને રોકવા અને આંતરિક શાન્તિ સ્થાપિત કરવા બ્રિટિશ સેનાને કામે લગાડાશે.

**રાજ્યોને બ્રિટિશ ફોજની મદદ**

(૧૦) દેશી સંસ્થાનનું હિત ધ્યાનમાં રાખી બ્રિટિશ સરકાર કયા આવશ્યક સંજોગોમાં આ સેનાઓનો ઉપયોગ કરશે, તે અંગે મેં સ્પષ્ટતા કરી છે. દેશી સંસ્થાનનો રાજવી જુલ્મ અને અન્યાય કરતો હશે તો પણ તેના ઉપર અનુગ્રહ કરવા બ્રિટિશ સરકાર પોતાનું સૈન્ય મોકલશે નહિ. આ લક્ષ્મણ રેખા આપણે બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ. બ્રિટિશ લશ્કરી મદદની બંધનકર્તા જોગવાઈ સાથે ઉપર કહ્યા માણે બ્રિટિશ સરકારને જે હક મળે છે, તે પણ બરાબર સ્મૃતિમાં રાખવા જોઈએ. આ મહત્ત્વની બાબતો આપણે ભૂલી જઈશું તો ખોટી સલામતીની લાગણી જાગશે અને પરિણામે ભારે નુકસાન થશે. ટૂંકમાં, સારું શાસન ચલાવનાર રાજવીને જ બ્રિટિશ સરકારનું મહત્તમ સંરક્ષણ મળશે.

**ન્યાયી રાજવીને મહત્તમ રક્ષણ**



(૧૧) તે કરારમાં એવી સ્પષ્ટ જોગવાઈ છે, કે બ્રિટિશ ફોજનો ક્ષુલ્લક પ્રસંગોમાં ઉપયોગ કરી શકાશે નહિ, એટલે આ સંસ્થાને પોતાનું પ્રમાણસરનું પણ જરૂર જેટલી કાર્યક્ષમતા ધરાવતું લશ્કરીદળ રાખવું જોઈએ. આ દળની મદદથી સામાન્યપણે આપણે આંતરિક શાંતિ જાળવી શકીશું અને બ્રિટિશ સરકારને તેમની ફોજની ટુકડીઓ મોકલવાની તજવીજ કરવા કહેવું પડશે નહિ. જ્યારે એવી કોઈ કટોકટીની પરિસ્થિતિ ઊભી થાય જેને પહોંચી વળવા આપણું પોતાનું પોલીસદળ અને લશ્કરીદળ અસમર્થ હોય ત્યારે જ બ્રિટિશ સરકારની લશ્કરી સહાય ઉપર આપણે આધાર રાખી શકીશું. આવી કટોકટીની પરિસ્થિતિ જવલ્લેજ આવશે. કારણ, આપણી સરકારનું શાસન સારું છે અને આપણી પાસે આપણાં પોલીસ અને લશ્કરી દળો છે.

**રાજ્યનું પોતાનું લશ્કર**

(૧૨) કરાર પ્રમાણે, વડોદરા રાજ્ય બ્રિટિશ સરકાર માટે ત્રણ હજાર ઘોડાનું સેનાદળ રાખવા બંધાયેલું છે. આ એક ભારે જવાબદારી છે. આ અંગે ખૂબ ચર્ચા થઈ છે અને આને લીધે ઘણી તકલીફો પણ પડી છે. આશા છે કે થોડા વખતમાં જ આ અંગેની વ્યવસ્થા વધુ સંતોષકારક પાયા ઉપર ઊભી કરી શકાશે.

**તેની સંખ્યા કેટલી ?**

(૧૩) બ્રિટિશ સરકાર સાથેની વર્તમાન વ્યવસ્થા અનુસાર બ્રિટિશ સરકાર રેવા કાંઠા, મહી કાંઠા, પાલનપુર અને કાઠિયાવાડના નાનામોટા રાજવીઓ અને ઠાકોરોએ વડોદરા સંસ્થાનને આપવાની થતી ખંડણી (જમાબંદી અને ઘાસદાણા), તેમની પાસેથી વસૂલ કરે છે અને આ સંસ્થાનને તે રકમની ચુકવણી કરે છે. આ માગણાની રકમ વસૂલ કરવા માટે આ પ્રદેશો ઉપર પોતાની લશ્કરી ફોજ ન મોકલવા આ સંસ્થાન બંધાયેલું છે. આ વ્યવસ્થા જ્યારે કરવામાં આવી ત્યારે આ ખંડણી આપનારા ઉપર વડોદરા રાજ્યની સાર્વભૌમ અને સર્વોપરી સત્તા હતી, તેનો આ વ્યવસ્થાથી અંત આવતો નથી. આ વ્યવસ્થાનું વાસ્તવિક સ્વરૂપ એ છે, કે મહારાજા સાહેબ વતી અને તેમના માટે આ બાબતના તેમના હકોનો જે તે પ્રદેશના બ્રિટિશ પોલિટિકલ એજન્ટ ઉપયોગ કરે છે.

**વડોદરાને મળતી ખંડણીની બ્રિટિશ દ્વારા વસૂલાત**

**ગુનેગારોનું પ્રત્યાર્પણ**

(૧૪) કરારથી એકબીજાનાં ગુનેગારોના પરસ્પર પ્રત્યાર્પણ માટે સામાન્ય જોગવાઈ કરેલી છે. આ વ્યવસ્થાને હમણાં સારા પાયા ઉપર મૂકવામાં આવી છે. આ કામગીરી અંગેના સિદ્ધાંતો અને નિયમો અંગે સંમતિ સધાઈ છે અને તે મુજબની કામગીરી ઉપયોગી નીવડી છે.

**અફીણ અને મીઠું**

(૧૫) અફીણ અને મીઠાની બાબતોમાં આ પ્રદેશો માટે કેટલીક વ્યવસ્થા કરેલી છે. આ ચીજવસ્તુઓ ઉપર બ્રિટિશ સરકારનો ઈજારો હોવાથી તેમાંથી થતી મોટી મહેસૂલી આવકોને રક્ષણ આપવાનો આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. આપણા પ્રજાજનોના હિતસંબંધો તરફ પૂરતું ધ્યાન આપી આ હેતુને બર લાવવા બનતા બધા પ્રયાસો કર્યા છે. આ વ્યવસ્થાઓને વળગી રહેવાની મહત્તમ આવશ્યકતા છે. આ કામગીરી નિષ્ઠાથી અને પૂરી તાકાતથી કરવી જોઈએ.

**અમુક વ્યક્તિઓને બ્રિટિશ બાંહેધરી**

(૧૬) બ્રિટિશ સરકાર સાથેના સંબંધોની શરૂઆતના દિવસોમાં તે સરકારે આપણી હકૂમતમાંની કેટલીક ખાનગી વ્યકિતઓને તેમના હકો અને ખાસ અધિકારો અંગે બાંહેધરી આપી હતી, એ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે. આ બાંહેધરીઓના કારણે આપણા સંસ્થાનને ખૂબ ઉપદ્રવ, ખર્ચ અને ત્રાસ ભોગવવા પડ્યા છે, અને ખુદ બ્રિટિશ સરકારને મુશ્કેલીઓ વેઠવી પડી છે. હવે આ હકીકતથી પૂરી રીતે સજાગ થઈને બ્રિટિશ સરકારે તક મળે તેમ આ બાંહેધરીથી છૂટવાની નીતિ અખત્યાર કરી છે. તેથી હવે એવી જૂજ બાંહેધરીઓ બાકી રહી છે. પણ હજુ બાકી રહેલી આ બાંહેધરીઓનો વડોદરા રાજ્યે નિષ્ઠાપૂર્વક આદર કરવો જોઈએ.

**ગરાસિયાઓને બાંહેધરી**

(૧૭) કેટલાક ગરાસિયાઓને બ્રિટિશ સરકારે બાંહેધરી આપી છે. તેમણે આપેલી બાંહેધરીની બીજી શ્રેણી તરફ આ જગ્યાએ ધ્યાન ખેંચવું યોગ્ય થશે. શ્રી પેસ્તનજી આ અંગેની વિગતો મહારાજા સાહેબને ખુલાસાપૂર્વક સમજાવશે. હું અહીં એટલું જ સૂચવીશ કે વડોદરા રાજ્યે આ બાંહેધરીને વફાદારીથી માન આપવું જોઈએ.



**બ્રિટિશ સરકારને સલાહ**

(૧૮) કરાર અનુસાર, મહારાજા સાહેબ પોતાના પ્રદેશના કલ્યાણ સંબંધે બ્રિટિશ સરકારે આપેલી સલાહ અનુસાર વર્તવા બંધાયેલા છે. આ એક મહત્ત્વની જોગવાઇ છે અને તેને નજર આગળ રાખવાની જરૂર છે.

**બ્રિટિશ પ્રતિનિધિના હક**

(૧૯) બ્રિટિશ પ્રતિનિધિને સને ૧૮૨૮માં આ સંસ્થાનની નાણાકીય સ્થિતિનો કાંઇક ખ્યાલ મેળવવાના તેમજ સંસ્થાને પહેલી વાર કરવા ધારેલા બહોળા ખર્ચ પ્રસંગે તેમની સાથે વિચારવિમર્શ ફરજિયાત બનાવતા હકો હતા એવું દેખાય છે.

**મુખ્યમંત્રીની પસંદગી**

(૨૦) પહેલાં મહારાજા સાહેબને તેમના મુખ્યમંત્રીની પસંદગી કરતી વખતે બ્રિટિશ સરકારની અનુમતિ મેળવવી પડતી હતી. મહારાજા ખંડેરાવના વખતથી આ શરત પાછી ખેંચી લીધી હતી. આવી મહત્ત્વની બાબતમાં ગાયકવાડ મહારાજા પોતાની નિર્ણય કરવાની શક્તિનો કાળજીપૂર્વક ઉપયોગ કરશે એવી માન્યતા હેઠળ આ શરત પાછી ખેંચી લીધી હતી. એટલે મહારાજા સાહેબને હવે બ્રિટિશ સરકારની પૂર્વસંમતિ લીધા વગર પોતાના મુખ્યમંત્રીની નિયુક્તિ કરવાનો હક છે. આ હક ખરેખર કીમતી છે અને તે હક સર્વ પ્રકારે જાળવી રાખવો જોઇએ.

**રેસિડેન્ટની સલાહ લેવી**

(૨૧) છતાં, હકને બાધ લાવ્યા સિવાય કોઇ પ્રસંગે દીવાનની નિયુક્તિ કરવા બાબત શંકા ઉપસ્થિત થાય, ત્યારે મહારાજા સાહેબે બ્રિટિશ રેસિડેન્ટ સાથે ખાનગીમાં મૈત્રીભાવથી થોડી ઘણી મસલત કરવી એ વધુ સારું થશે. મુખ્યમંત્રીની જગ્યા માટે મહારાજા સાહેબે નિયુક્ત કરેલી વ્યક્તિ સામે રેસિડેન્ટને કોઇ ગંભીર વાંધો ન હોવાની ખાતરી કરી લેવી જરૂરી છે. કાર્યક્ષમતા અને પ્રમાણિકપણાની બાબતોમાં રેસિડેન્ટનો આદર ન ધરાવતા અને આદર માટે અપાત્ર મુખ્યમંત્રી સંસ્થાનના અટપટા રાજ્ય કારોબારનું સંતોષપૂર્વક સંચાલન કરે એ શક્યતા ઘણી ઓછી છે. આ કારણે જ એક સારી નીતિ તરીકે આ માર્ગ અખત્યાર કરવા ભલામણ કરેલી છે. મુખ્યમંત્રીને રાજીનામું આપવા કહેતાં પહેલાં પણ આવો વિચારવિમર્શ

કરવો અનિચ્છનીય નથી. મહારાજા સાહેબના ધ્યાન ઉપરના આ કીમતી હકને જાળવી રાખવાનો શ્રેષ્ઠ ઉપાય મહારાજા સાહેબે કરવા ધારેલો મુખ્યમંત્રી પદનો ફેરફાર બ્રિટિશ રેસિડેન્ટને અસ્વીકાર્ય નહિ હોવાની ખાતરી કરી લેવાનો છે.

**વાઈસરોયનો ૧૮૭૪નો ખરીતો**

(૨૨) મહારાજા મલ્હારરાવ ગાયકવાડને સંબોધીને નામદાર વાઇસરૉય લોર્ડ નોર્થ બ્રૂકે તા. ૨૫મી જુલાઇ, ૧૮૭૪ના રોજ જે ખરીતો મોકલ્યો હતો તે આ સમગ્ર વિષયમાં પ્રસ્તુત છે. તેમાંથી કેટલોક ભાગ ટાંકવાનું મારે માટે યોગ્ય થશે. તે મહત્ત્વના લખાણનો નીચે ઉદ્‌ધૃત કરેલો ભાગ ખાસ ધ્યાન આપવાપાત્ર છે.

''કરારની શરતો અને હંમેશના રિવાજ, બન્નેની રૂએ આપને યાદ દેવડાવવાની મને જરૂર લાગે છે કે રાજ્યના ભલાને અસર કરતી જાહેર બાબતો અંગે આપને સમજસલાહ આપવા બ્રિટિશ સરકારને હક છે. કોઇ પણ અયોગ્ય અને અન્યાયી પગલાંઓ લેવામાં આવ્યાં હોય તો સમતા અને સમજદારી વાપરી બધી બાબતોનો યોગ્ય નીવેડો લાવવા કહેવાનો હક છે. પરિણામે તે હકનો ન્યાયયુક્ત ઉપયોગ કરવા તેમજ તે હકના કારણે ઉદ્‌ભવતી રાજ્યકર્તા તરફની બ્રિટિશ સરકારની બંધનકર્તા ફરજો અદા કરવા જરૂરી પગલાં લેવા બ્રિટિશ સરકાર મુક્ત છે.

''મહારાજા સાહેબને એ વાતની જાણકારી હોવી જોઇએ કે વડોદરા રાજ્ય સાથેના સંબંધોની શરૂઆતથી જ બ્રિટિશ સરકારને વડોદરા રાજ્યની બાબતોમાં વારંવાર માથું મારવાની જરૂર પડી છે. મહારાજા સાહેબે બ્રિટિશ સરકારે આપેલી બાંહેધરીઓના એક કિસ્સાનો ઉલ્લેખ કર્યો છે. માત્ર તેવા કારણે જ આવા હસ્તક્ષેપના પ્રસંગો બન્યા નથી. આ હસ્તક્ષેપ બીજા અનેક પ્રકારે કરવામાં આવ્યા છે. દા. ત. રેસિડેન્ટને રાજ્યની નાણાવિષયક બાબતો ઉપર અંકુશ રાખવાની સત્તા અપાઇ છે. સંસ્થાનના કેટલાક ભાગોની વ્યવસ્થા પોતાની પાસે લઇ લેવામાં આવી છે અને ખરાબ સલાહકારોને દૂર કર્યા છે. ટૂંકમાં, રાજ્યકર્તા અને પ્રજાજનોના હિતમાં, જ્યારે જ્યારે હસ્તક્ષેપ કરવાની જરૂર પડી છે, ત્યારે ત્યારે બ્રિટિશ સરકારે હસ્તક્ષેપ કરેલો છે.



''કરારની ભાષા આ હસ્તક્ષેપના હકને પૂરતું સમર્થન આપે છે, એટલું જ નહિ, પણ બીજા પાયા ઉપર બીજાં કારણોસર પણ તે હસ્તક્ષેપનો આધાર રહે છે. હિન્દુસ્તાન ઉપર બ્રિટિશ સરકારની નિ:શંક સાર્વભૌમ સત્તા પ્રવર્તે છે અને દેશી સંસ્થાનોની આબાદી અને અસ્તિત્વ બ્રિટિશ સરકારનાં પ્રોત્સાહક અનુગ્રહ અને હિતકારી રક્ષણ ઉપર આધાર રાખે છે એવું આપનું મંતવ્ય યથાર્થ જ છે. વડોદરા રાજ્યની બાબતમાં તો એ મંતવ્ય વિશેષ લાગુ પડે છે, કારણ વડોદરાની ભૌગોલિક પરિસ્થિતિ જ બ્રિટિશ પ્રદેશ સાથેની ફૂલગુંથણી જેવી છે, વળી વડોદરા રાજ્યના રક્ષણ માટે, રાજ્યકર્તાના પોતાના જીવનની રક્ષા માટે અને તેમની કાયદેસર સત્તાનો અમલ જારી રાખવા માટે બ્રિટિશ સહાયકારી સૈન્ય નિભાવવામાં આવે છે.''

''મારા મિત્ર, ખોટું કરવાને માર્ગે ચાલનારા કોઇને રક્ષણ આપવા સારુ બ્રિટિશ સેનાનો ઉપયોગ કરવા હું સંમતિ આપી શકું નહિ. બ્રિટિશ સત્તા ગેરશાસનને જો નિભાવે કે તેની તરફેણ કરે તે ગેરશાસન માટે બ્રિટિશ સરકાર પણ થોડા પ્રમાણમાં જવાબદાર બને છે. એટલે ખરાબ રાજ્યનો વહીવટ સુધરાવવાનો અને તેમના વકરેલા દોષો દૂર કરવાનો બ્રિટિશ સરકારને ફક્ત અધિકાર છે એટલું જ નહિ પરંતુ તેમનું આવશ્યક કર્તવ્ય પણ છે.''

''વડોદરા રાજ્યના વહીવટની વિગતોમાં હસ્તક્ષેપ કરવા કદીએ ઇચ્છા ન હતી, ન તો આવો હસ્તક્ષેપ કરવા મારી પણ ઇચ્છા છે. રાજ્યનું શાસન ચલાવવાની પ્રથમ જવાબદારી સાંપ્રત સમયે ગાયકવાડ મહારાજની છે. અને આ સ્થિતિ ચાલુ રહેશે. વડોદરા સંસ્થાન ઉપરની તેઓની સર્વોપરિતા માન્ય રાખવામાં આવેલી છે. બ્રિટિશ સરકાર અને રાજ્યની પ્રજા પ્રત્યેના તેમનાં સમાન કર્તવ્યો અને બંધનકર્તા જવાબદારીઓનો યોગ્ય આદર કરી પોતાની સર્વોપરી સત્તાનો ઉપયોગ કરવાની તેમની ફરજ છે. આ બંધનકર્તા જવાબદારી પાર પાડવામાં ન આવે તો સંદંતર ખરાબ શાસન કરવાનું ચાલુ રહે. વડોદરા રાજ્યની પ્રજાને પૂરતો ન્યાય આપવામાં ન આવે, તેમનાં જાન અને મિલકતને રક્ષણ આપવામાં ન આવે અને રાજ્ય અને પ્રજાજનોના સામાન્ય કલ્યાણ તરફ સતત દુર્લક્ષ રાખવામાં આવે તો બ્રિટિશ સરકાર અવશ્ય હસ્તક્ષેપ કરશે. આ દોષો દૂર કરવા અને પ્રજાના કલ્યાણ માટે સારું શાસન આપવાના

ઉત્તમ હેતુથી બ્રિટિશ સરકાર તેની સમજ શક્તિ વાપરી યોગ્ય પ્રકારે આ હસ્તક્ષેપ કરશે. સંસ્થાનના વિનાશમાં પરિણમતા ખરાબ શાસનને રોકવા કરેલો આ વેળાસરનો હસ્તક્ષેપ રાજ્યની પ્રજા તરફની ફરજ કરતાં ખુદ મહારાજા સાહેબ પ્રત્યેનું એક મોટું મૈત્રીપૂર્ણ કૃત્ય છે.''

નામદાર વાઇસરૉયના મહારાજા સાહેબને સંબોધીને મોકલેલા ખરીતામાં આગળ એવું કહેવામાં આવ્યું હતું કે, તેઓ જો આ સલાહ ઉપર ધ્યાન આપશે નહિ અને સંસ્થાનના વહીવટની સ્થિતિ સુધારશે નહિ તો ગાયકવાડ મહારાજાને પદચ્યુત કરવામાં આવશે અને સંતોષકારક રીતે વહીવટ ચલાવવા અન્ય વ્યવસ્થા કરવામાં આવશે.

**બાદની ઘટનાં**

(૨૩) આ પછી શું થયું હતું તે સુવિદિત છે. વડોદરા રાજ્યના વહીવટમાં સુધારો આણવા તે વખતના ગાયકવાડ મહારાજાને પદચ્યુત કરવામાં આવ્યા હતા અને અન્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. હવે તે ગાયકવાડ મહારાજાના અનુગામી ઉપર લોકોને સંતોષ આપે તેવું શાસન ચલાવવાની જવાબદારી આવી પડી છે.

**ખરીતાનો સાર**

(૨૪) નામદાર વાઇસરૉયના ખરીતામાંથી મેં ઘણું બધું ટાંક્યું છે. આ લખાણ તરફ મહત્તમ ધ્યાન આપી મહારાજા સાહેબે તેનું અધ્યયન કરવું જોઇએ. તેમાં એક સત્ય નીકળી આવે છે કે, જ્યાં સુધી વડોદરા રાજ્યનું શાસન સંતોષકારક રીતે ચાલતું હશે ત્યાં સુધી બ્રિટિશ સરકાર તેમાં માથું મારવાની નથી. પરંતુ જો તે વહીવટ તદ્દન ખરાબ હશે તો બ્રિટિશ સરકાર પોતાના નિર્ણય અનુસારનાં યોગ્ય પગલાં યોગ્ય પ્રકારે લઇ અવશ્ય હસ્તક્ષેપ કરશે.

**દરમ્યાનગીરીનો હક શામાંથી ઉદ્‌ભવે છે ?**

(૨૫) નામદાર વાઇસરૉય કહે છે, કે બ્રિટિશ સરકારને આવો હસ્તક્ષેપ કરવાનો હક અને ફરજ કરારને કારણે, ચાલતા આવતા રિવાજને કારણે, તૈનાતી ફોજોના પ્રકાર અને ફળસ્વરૂપ પરિણામોને કારણે; અને ગાયકવાડ તરફના મૈત્રીભાવને કારણે અને તેમની પ્રજા તરફની ફરજને કારણે મળે છે.



**ખરાબ વહીવટ એટલે**

(૨૬) વહીવટની ખરાબી ક્યા કારણે થાય છે અને ખરાબ વહીવટ એટલે શું, તે નામદાર વાઇસરૉયે સ્પષ્ટપણે દર્શાવેલ છે. ખરાબ વહીવટ એટલે ન્યાય-પ્રદાનનો ખરાબ વહીવટ, જાન, અને મિલકતની બિનસલામતી, રાજ્ય અને પ્રજાજનોના સામાન્ય કલ્યાણ તરફ નિરંતર બેદરકારી વગેરે.

**દુષ્ટ સલાહકારોને દૂર કરવા**

(૨૭) બ્રિટિશ સરકાર દ્વારા હસ્તક્ષેપ કરવા અંગેના જુદા જુદા હકો નામદાર વાઇસરૉયે દર્શાવ્યા છે. તેમને હું ફરીથી ગણાવતો નથી. આ હકોમાં મહારાજા સાહેબ પાસેથી ખરાબ સલાહકારોને દૂર રાખવાનો અધિકાર ખાસ નોંધવા લાયક છે.

**હક ક્યાં સુધી પહોંચે**

(૨૮) નામદાર વાઇસરૉયનો ખરીતો આવ્યા પછી બનેલી ઘટનાઓ બતાવે છે કે રાજ્યનું શાસન વધુ સારી રીતે ચાલે એ જોવા ગાયકવાડ મહારાજાને પદચ્યુત કરી ગાદી ઉપર બીજા ગાયકવાડ મહારાજા સાહેબને બેસાડવાની હદ સુધી બ્રિટિશ સરકારના હક પહોંચે છે. બ્રિટિશ સરકારના આ હકો વિશાળ છે અને તેની કોઇ ચોક્કસ મર્યાદા બાંધવામાં આવેલી નથી.

**સારો વહીવટ કરો**

(૨૯) બ્રિટિશ સરકારના આવા હસ્તક્ષેપની સંભાવના ઓછામાં ઓછી કરવા કે તેને રોકવા મહારાજા સાહેબ પાસે એક સબસલામત અને સીધામાં સીધો નક્કર માર્ગ છે. મહારાજા સાહેબે પોતે શક્ય તેટલા ઉત્તમ પ્રકારે રાજ્યનું શાસન ચલાવવું એ, તે ઉત્તમ માર્ગ છે.

## પ્રકરણ-૪૪

# બ્રિટિશ સરકારની સલાહ

૧૬મી નવેમ્બર, ૧૮૮૧

**હકની મર્યાદા**

(૧) વડોદરા રાજ્યના કારોબારમાં હસ્તક્ષેપ કરવાના બ્રિટિશ સરકારના હકોનું આપણે સર્વેક્ષણ કર્યું. આ હકોના વાસ્તવિક ઉપયોગની સ્વાભાવિક અને વૈચારિક મર્યાદા અંગે આપણે હવે વિચાર કરીએ.

**ગાયકવાડને સલાહ**

(૨) આ હકોમાં કારોબાર અંગે સલાહ આપવાનો હક મહત્તમ મહત્ત્વ ધરાવે છે. ગાયકવાડ મહારાજા, બ્રિટિશ સરકારે આપેલી સલાહ અનુસાર વર્તવા કરારથી બંધાયેલા છે.

**વાઇસરૉયની સલાહ અને અન્ય બ્રિટિશ અધિકારીઓની સલાહમાં ફેર**

(૩) બ્રિટિશ સરકારે પોતે આપેલી સલાહ અને તેમના તાબા હેઠળના સત્તાવાળાઓએ આપેલી સલાહ સ્પષ્ટપણે ભિન્ન છે એ સમજવું જોઇએ. બ્રિટિશ સરકારની સલાહ નામદાર વાઇસરૉયે તેના સલાહકાર મંડળ સાથે ચર્ચાવિચારણા કરીને આપેલી હોય છે. જ્યારે બીજા પ્રકારની સલાહ સ્થાનિક કામગીરી બજાવતા તેમના તાબા હેઠળના સ્થાનિક સત્તાવાળાઓએ આપેલી હોય છે. પહેલી સલાહ માનવા મહારાજા સાહેબ કરારથી બંધાયેલા છે. બીજા પ્રકારની સલાહ તે પ્રમાણે બંધનકર્તા હોતી નથી. ગાયકવાડ મહારાજાએ બીજા પ્રકારની સલાહ માનવી જ ન જોઇએ તેમ મારો કહેવાનો આશય નથી. સ્થાનિક બ્રિટિશ સત્તાવાળાઓએ આપેલી સલાહ ઘણી વાર બહુ મૂલ્યવાન હશે અને મહારાજા સાહેબે તેનો હૃદયપૂર્વક સ્વીકાર કરવા જેવી પણ હશે. પરંતુ કરાર અનુસાર તે સલાહ માનવા ગાયકવાડ મહારાજા બંધાયેલા નથી. નામદાર વાઇસરૉય અને ગર્વનર-જનરલ-ઇન-કાઉન્સિલની સલાહ બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે અપાયેલી



હોવાથી તે સલાહને માનવા મહારાજા સાહેબ કરારથી બંધાયેલા છે.

**બન્ને વચ્ચે કાનૂની તફાવત**

(૪) સ્થાનિક બ્રિટિશ સત્તાવાળાઓએ આપેલી સલાહને હિન્દુસ્તાનમાં સર્વોપરી બ્રિટિશ સરકારે આપેલી સલાહની સમાન સપાટી ઉપર મુકાય નહિ તે વાત સ્પષ્ટ છે. આ બે પ્રકારની સલાહો વચ્ચે એક સ્વાભાવિક ભિન્નતા છે. કરાર આ બન્ને વચ્ચેની ભિન્નતાને કાયદેસરતા બક્ષે છે.

**વાઇસરૉય સિવાય અન્ય બ્રિટિશ અધિકારીઓની સલાહ માનવી ફરજિયાત નહિ**

(૫) આ વાતનો વધુ ખુલાસો કરવા હું એવું મંતવ્ય રજૂ કરીશ કે ગાયકવાડ મહારાજા નામદાર વાઇસરૉયની સલાહને સાંભળશે નહિ, તો તે કરાર વિરુદ્ધનું વર્તન થશે. મહારાજા સાહેબ કોઇ પોલિટિકલ એજન્ટ, કલેક્ટર કે તાબા હેઠળ કામ કરનાર કોઇ સ્થાનિક બ્રિટિશ સત્તાવાળાઓની સલાહ માનવા ઇન્કાર કરે તો તે કરારનો ભંગ કરે છે તેવો આક્ષેપ કરી શકાશે નહિ. સ્થાનિક સત્તાવાળાંઓએ આ સલાહ તેમના પોતાના વતી જ આપેલી હોવાથી આ સલાહ માનવાનો ઇન્કાર થાય તો તે થવા યોગ્ય હોઇ શકે. જો મહારાજા સાહેબે પ્રત્યેક શ્રેણીના બ્રિટિશ અધિકારીની સલાહને નામદાર વાઇસરૉર્ય-ઇન-કાઉન્સિલે આપેલી સલાહની જેમ માનવાની હોય તો મહારાજા સાહેબની સ્વતંત્ર રીતે કામ કરવાની સત્તામાં કાપ મુકાઇ જશે અગર તે સત્તા નહિવત્ બનશે. કારણ, આનો અર્થ એવો થાય કે વિવિધ સ્રોતોમાંથી આવતી અમર્યાદ સંખ્યાની અને શંકાસ્પદ ગુણવત્તાવાળી અને મોટા ભાગે સ્વરૂપ અને હેતુની નજરે એકબીજા સાથે અસંગત એવી સલાહ માનવા મહારાજા બંધાયેલા છે.

**હિન્દ સરકારની સલાહ માનવી પડે**

(૬) આપણે ધ્યાન ઉપર લઇએ છીએ કે આ ભેદ વ્યવહારમાં ખૂબ મહત્ત્વનો છે. આ ભેદ હંમેશા નજર આગળ રાખવો જોઇએ. ગાયકવાડ મહારાજા આ પ્રમાણેની ભિન્નતા નજર આગળ રાખશે તો ગમે તે વિષય ઉપર જુદાં જુદાં સ્રોતોમાંથી આવેલી સલાહ સ્વીકારવા બંધાયેલા છે, એવી ભૂલભરેલી માન્યતાના કારણે ઉદ્ભવતો સંતાપ અને અસંતોષથી તેઓ મુક્ત

રહેશે. બીજી બાજુ, બ્રિટિશ સત્તાવાળાઓ આ ભિન્નતાની દૃષ્ટિ આગળ રાખશે તો મહારાજા સાહેબ સાથેના તેમના વ્યવહારમાં સલાહ આપવાની બાબતમાં તેઓ યોગ્ય ધોરણ અને સમજદારી રાખશે. તેમજ નામદાર વાઇસરૉય-ઇન-કાઉન્સિલની સલાહની જેમ જ પોતાની સલાહ મહારાજા સાહેબ સ્વીકારે તેવો આગ્રહ રાખશે નહિ. આનો નિષ્કર્ષ એ છે કે કરાર અનુસાર હિન્દુસ્તાનની સરકારની સલાહ માનવાનું મહારાજા સાહેબ માટે બંધનકર્તા છે.

**સલાહ કેવી રીતે પહોંચાડશે**

(૭) હિંદુસ્તાન સરકારની આવી સલાહ મહારાજા ગાયકવાડને સંબોધીને મોકલેલા સીધા સંદેશા વડે કે અપ્રત્યક્ષ રીતે બ્રિટિશ રેસિડેન્ટ મારફત જણાવવામાં આવશે. આમાંથી, બીજા કિસ્સામાં બ્રિટિશ રેસિડેન્ટ નિ:શંકપણે મહારાજા સાહેબને જાણ કરશે કે આ સલાહની જાણ હિન્દુસ્તાનની સરકાર તરફથી અધિકૃત કર્યા અનુસાર છે. આ બેમાંથી ગમે તે પ્રકારે હિંદુસ્તાનની સરકારની સલાહની જાણ કરવામાં આવે તો તે સલાહને કરાર હેઠળનું સઘળું વજૂદ પ્રાપ્ત થાય. જ્યારે સલાહને આવું વજન પ્રાપ્ત થાય એવો ઇરાદો હોય ત્યારે હિન્દુસ્તાન સરકાર નિ:શંકપણે, સ્પષ્ટતયા કે ગર્ભિત રીતે મહારાજા સાહેબને એવું જણાવશે કે તે સલાહ કરાર હેઠળ આપવામાં આવી છે.

**સલાહ રાજ્યના હિતમાં હોવી જોઇએ**

(૮) હવે, આપણે આગળ વધીએ. ઉપર કહ્યા પ્રમાણે જ્યારે સલાહની જાણ કરી હોય ત્યારે તે (૧) કરારની શરતો હેઠળ અને (૨) સ્વાભાવિક કારણોસર વડોદરા રાજ્યના કલ્યાણને નજરમાં રાખીને જ કરેલી હશે. બીજા શબ્દોમાં કહીએ, તો તે વડોદરાના રાજ્યકર્તા અને વડોદરા રાજ્યની પ્રજાના ભલા માટે જ હશે.

**રાજ્યના હિતની વિરુદ્ધ સલાહ નહિ**

(૯) આ પ્રમાણે હકીકત હોવાથી એ સ્પષ્ટ છે, કે કરાર હેઠળ (ક) વડોદરા રાજ્યનાં હિતો વિરુદ્ધ અને (ખ) આ રાજ્યનાં હકો, સન્માન અને ગૌરવને હાનિ પહોંચે એવી કોઇ સલાહ અપાશે નહિ. દા. ત. મહારાજા સાહેબને પોતાનો કોઇ પણ પ્રદેશ છોડી દેવા અને પોતાની હકૂમત હેઠળના દેશમાં ઘટાડો કરવા સલાહ આપવામાં આવશે નહિ.



**સારી સલાહ એટલે**

(૧૦) કરાર હેઠળ જે કાંઇ સલાહ આપવામાં આવશે તે પૂરી તપાસ અને વિચારણાને અંતે આપવામાં આવશે. એટલે તે સલાહ આ રાજ્યના ભલા માટે જ હશે. તે સલાહ સંસ્થાનના ભલા માટે જ હોવાની શ્રદ્ધાથી જ આપેલી હશે.

**શંકાસ્પદ કેસમાં ચર્ચા**

(૧૧) એવો વિચાર કરી શકાય કે કેટલાક જૂજ દાખલામાં હિન્દુસ્તાન સરકારને લાગે કે તેમની સલાહ રાજ્યના ભલા માટે છે, પણ મહારાજા સાહેબની માન્યતા તેની વિરુદ્ધ હશે. આવાં પ્રસંગોમાં મહારાજા સાહેબે પોતાના મંતવ્યની સચ્ચાઇની ખાતરી કરાવી હિન્દુસ્તાન સરકારને સંતોષ આપવા પ્રયત્ન કરવો જોઇએ. ટૂંકમાં, કોઇ પ્રસંગોએ શંકા હોય તો વાજબી મર્યાદામાં માનપૂર્વક ચર્ચા-વિચારણા કરવા પરવાનગી આપેલી છે. બ્રિટિશ સરકારને વાજબી અને શાંતિપૂર્વક વિચારણા માટે ખૂબ જ માન છે. એ વાત આપણે માટે એક કીમતી આશીર્વાદરૂપ છે. ચર્ચા-વિચારણાને અંતે હિન્દુસ્તાન સરકાર તેમની માન્યતા પ્રમાણે સલાહ આપે તો એક નિયમ તરીકે તે સલાહ તુરત સ્વીકારવી જોઇએ. કરાર હેઠળની આ આપણી જવાબદારી છે. એક નિયમ તરીકે હું એટલા માટે કહું છું કે કેટલાક કિસ્સાઓ સંભવત: એવા ઉપસ્થિત થશે કે જેમાં પ્રશ્ન એટલો ગંભીર હોય કે મહારાણીની સરકારના મંત્રીમંડળમાંના હિન્દુસ્તાન માટેના સચિવ પાસે દાદ માંગવાની જરૂર પડશે.

**સલાહ આપવાની જરૂર ઊભી થઇ હોવી જોઇએ**

(૧૨) વળી, બ્રિટિશ સરકારને કરાર હેઠળ સલાહ આપવા માટે સ્પષ્ટ આવશ્યકતા હોવી જોઇએ. આવી સલાહ પાછળ સંસ્થાનનું ભલું કરવાનો બ્રિટિશ સરકારનો ઇરાદો હોય પણ દેશી સંસ્થાનને એ સમજાતો નથી અને તેથી સલાહ સ્વીકારવા ઇચ્છતા નથી, તે કારણે આ આવશ્યકતા ઊભી થાય છે. જો દેશી સંસ્થાન પોતાનું કાર્ય પ્રમાણિકપણે અને બુદ્ધિપૂર્વક કરતું હોય તો તેને તેમ કરવા દેવું એ ઉત્તમ માર્ગ છે. હિન્દુસ્તાન

સરકાર, બહારના દેખાવ કરતાં દેશી સંસ્થાનો સ્વયંસ્ફૂરણાથી પોતાનો વિકાસ સાધે એ નિ:શંક પસંદ કરશે.

**રાજ્યના હિતમાં દરમ્યાનગીરી**

(૧૩) પરંતુ જ્યારે કોઇ દેશી સંસ્થાન નિશ્ચિતપણે સદંતર ખોટો માર્ગ અખત્યાર કરે ત્યારે સંસ્થાનની પ્રજાના લાભ માટે કરારની શરતો હેઠળ હસ્તક્ષેપ કરવાની બ્રિટિશ સરકારની ફરજ અને સત્તા છે. ગેરવહીવટ સતત ચાલુ રહી ભયજનક માણ ધારણ ન કરે તે અવશ્ય બધા પક્ષોના હિતમાં છે.

**અતિ ઉચ્ચ આદર્શ નહિ**

(૧૪) કરાર હેઠળ સલાહ આપવા માટે દેશી સંસ્થાનના રાજ્યકારોબારની સ્થિતિ અંગે ચોક્કસ નિર્ણય ઉપર આવવા હિન્દુસ્તાન સરકાર અતિ ઉચ્ચ આદર્શનો માપદંડ રાખશે નહિ એવું જ માનવું. આ માપદંડ કોઇ સામાન્ય કોટીના સુશાસનવાળા દેશી સંસ્થાનનો જ હોવો જોઇએ.

**સલાહ અંગે દબાણ**

(૧૫) બ્રિટિશ વહીવટની પ્રથાઓની વધુ પડતી નકલ કરવા કોઇ દેશી સંસ્થાન ઉપર દબાણ કરવાથી બ્રિટિશ સરકાર દૂર રહેશે, એમ માની શકાય. કોઇ દેશી સંસ્થાન સારા ઇરાદાથી સારી કામગીરી કરવા રાચું હોય, તો તેણે બ્રિટિશ થાનો કેટલા માણમાં સ્વીકાર કરવો તે તેના ઉપર છોડી દેવું જોઇએ. કરાર હેઠળ આપેલી સલાહ સ્વીકારવા બ્રિટિશ સરકારે કેટલા પ્રમાણમાં દબાણ કરવું તે સલાહની બાબતનાં મહત્ત્વ અથવા તાકીદ ઉપરથી નક્કી કરી શકાશે. સામાન્યપણે સુશાસન માટે જે આવશ્યક અને મૂળભૂત શરતો છે તેમની તરફ અચૂક ધ્યાન ખેંચવાનો આશય હોય, તો બ્રિટિશ સરકાર વધુ પડતું દબાણ કરે તો તે સમર્થનીય છે. પણ શોખ-વિલાસ ગણાય તેવા સર્વોત્તમ શાસનના હેતુથી એટલું દબાણ વાજબી ન ગણાય.

**સલાહ વિગતોમાં ન ઊતરે**

(૧૬) આ બાબતમાં પણ આપણે વાજબી અપેક્ષા રાખી શકીએ કે બ્રિટિશ સરકાર કરાર હેઠળ જે કાંઇ સલાહ આપશે તે સામાન્યપણે મોટા ઉદ્દેશ પાર પાડવા પૂરતી કે મોટા સિદ્ધાંતોનો સ્વીકાર કરવા પૂરતી મર્યાદિત હશે અને દેશી સંસ્થાનને પોતાની



કામગીરી કરતાં બિનજરૂરી રીતે અટકાવવાના ઉદ્દેશથી તે વિગતોમાં ઊતરશે નહિ.

**સલાહ, સત્તાને નબળી પાડવા નહિ**

(૧૭) કરાર હેઠળ બ્રિટિશ સરકાર જે કાંઇ સલાહ આપશે તે અલબત્ત, જે તે સંજોગો પ્રમાણે શક્ય તેટલી વિવેકપૂર્ણ, ભલી અને મૈત્રીભાવની હશે. કોઇ પણ સંજોગોમાં તે ઓછામાં ઓછી કઠોર હશે, અને બનતાં સુધી દેશી સંસ્થાનના રાજવીના ભાવ અને સત્તા કમી કરે એવી હશે નહિ.

**હિતોના વિરોધને પ્રસંગે જાહિત થમ**

(૧૮) મહારાજા સાહેબ પોતાની સ્મૃતિમાં હંમેશા ધારણ કરે એવો એક માર્ગદર્શક સિદ્ધાંત છે. બ્રિટિશ સરકારના હમણાંના હસ્તક્ષેપ અંગેના વલણ અને પગલાં અંગેની તે એક ચાવી છે. જ્યારે જ્યારે બ્રિટિશ સરકારનું વલણ શું છે, તેઓ કયાં પગલાં લઇ શકે છે તે સમજીને રાજ્ય કારોબાર થાય છે ત્યાં બ્રિટિશ સરકાર પણ મહારાજાના રાજ્યકર્તા તરીકેના અને તેમની પ્રજાના તેમની રૈયત તરીકેના હિતસંબંધો અંગે સરખી રીતે ધ્યાન આપશે, પરંતુ આ વલણ અને પગલાં અંગેની સમજદારીમાં વાંધો આવશે, ત્યારે બ્રિટિશ સરકારનું પલ્લું પ્રજાજનોની બાજુમાં નમતું થશે.

# પ્રકરણ-૪૫

# બ્રિટિશ રેસિડેન્ટ

૨૩મી નવેમ્બર, ૧૮૮૧

**રેસિડેન્ટ સાથેના સંબંધો**

(૧) મહારાજા સાહેબ અને બ્રિટિશ રેસિડેન્ટ વચ્ચેના સંબંધો સુખદ અને મિત્રાચારીના હોવા જોઇએ એ બહુ મહત્ત્વનું છે. આ માટે બન્ને બાજુ તરફથી પ્રયત્ન થવા જોઇએ. બન્નેએ આ અંગે ધ્યાન આપવું જોઇએ.

**પૂર્વદૃષ્ટાંતોનું પાલન**

(૨) બ્રિટિશ રેસિડેન્ટને યોગ્ય અને રિવાજ અનુસાર માન આપવાની બાબતમાં મહારાજા સાહેબે હંમેશા કાળજી રાખવી જોઇએ. આ બાબતોમાં કેટલાંક પૂર્વદૃષ્ટાંતો છે. તે પ્રમાણે મહારાજા સાહેબે ખસૂસ વર્તાવ બતાવવો જોઇએ. મહારાજા સાહેબે આ પૂર્વદૃષ્ટાંતો સારી રીતે યાદ રાખવાં જોઇએ. આ દૃષ્ટાંતોની નોંધ રાખવી જોઇએ, અને યાદદાસ્ત તાજી રાખવા સંગ માણે તે દૃષ્ટાંતો જોઇ જવાં જોઇએ.

**મુલાકાત, પાનસોપારી વગેરે**

(૩) રેસિડેન્ટ મહારાજા સાહેબને મળવા આવે છે, ત્યારે મહારાજા સાહેબ તેમને દાદરના મથાળે આવકારે છે. આ રિવાજનું ચોક્કસ પાલન થવું જોઇએ, તેમાં કોઇ ફેરફાર કરવો નહિ. રિવાજ પ્રમાણે મહારાજા સાહેબ તેમને પોતાની જમણી બાજુએ બેસાડે છે અને કેટલાક પ્રસંગે પાનસોપારી આપે છે. આ પાનસોપારી આપવા અંગે એક પદ્ધતિ નક્કી થયેલી છે. આ બધી વિગતો ધ્યાનમાં રાખી નક્કી થયેલા રિવાજ પ્રમાણે હંમેશા વ્યવહાર રાખવો જોઇએ.

**રેસિડેન્ટ દશેરા સવારીમાં**

(૪) આ અંગે કેટલી બારીકાઇથી ધ્યાન આપવું જોઇએ, એ બતાવવા હું એક વધુ દાખલો ધ્યાન ઉપર લાવીશ. દશેરાની મોટી શોભાયાત્રા પ્રસંગે રેસિડેન્ટ મહારાજા સાહેબ સાથે રહે છે, તે પ્રસંગે રેસિડેન્ટ અને મહારાજા સાહેબ બન્ને હાથીઓ



ઉપર સવારી કરે છે. આ બન્ને હાથીઓ એક સરખી ઊંચાઇના હોવાની મહારાજા સાહેબે કાળજી રાખવી જોઇએ. રેસિડેન્ટનો હાથી મહારાજાના હાથીની લગભગ જોડાજોડ ચાલે છે અને રેસિડેન્ટના હાથી ઉપરની અંબાડી અને સુશોભન રિવાજ મુજબ છે કે કેમ તે જોવું જોઇએ. આ અને બીજી બધી બાબતો રિવાજ અનુસાર નક્કી થયેલી જ છે, એટલે તેનામાં કાંઇ ફેરફાર કરવો નહિ કે કરવા પ્રયત્ન કરવો નહિ.

**રેસિડેન્ટને રિવાજ મુજબ સન્માન**

(૫) ટૂંકમાં, મહારાજા સાહેબ બધા પ્રસંગોએ, રેસિડેન્ટ તરફ યોગ્ય અને રિવાજ અનુસાર આદરભાવ દાખવવા સદા ઉત્સુક હોવા બાબતની રેસિડેન્ટને સપ્રમાણ ખાતરી થવી જોઇએ. રેસિડેન્ટને એવો સંશય આવવા જરા પણ કારણ રહેવું ન જોઇએ કે, મહારાજા સાહેબ તક મળે તો તે આદરમાનમાં કમી લાવવા ઇચ્છે છે. આ કહેવા પાછળ મારો આશય શું છે તે એક દાખલો આપી સમજાવવું ઉપયોગી થશે. માની લો, કે રિવાજ અનુસાર મહારાજા સાહેબની જમણી બાજુએ બેઠક લેવાનો રેસિડેન્ટનો હક છે અને અજાણપણે કે બેધ્યાનપણે રેસિડેન્ટ ડાબી બાજુએ બેસે છે. આવા પ્રસંગે રેસિડેન્ટની ભૂલનો લાભ ન લેતાં તેમને તુરત જ જમણી બાજુએ બેઠક લેવા કહેવું જોઇએ.

**ચૂક બદલ દિલગીરી**

(૬) આવી બધી દરકાર લેવા છતાં અને લક્ષ આપ્યાં છતાં કોઇ કિસ્સામાં રેસિડેન્ટ માટેના આદરભાવના પ્રતીક રૂપે કરેલી ચેષ્ટામાં કાંઇ ક્ષતિ થઇ હોય તો મહારાજા સાહેબે, થયેલા અકસ્માત બનાવ માટે વહેલામાં વહેલી તકે દિલગીરી પ્રદર્શિત કરવી જોઇએ.

**રેસિડેન્ટનું મહારાજા પ્રત્યે વલણ**

(૭) મહારાજા સાહેબની આ લાગણીઓ અને વ્યવહારનો બ્રિટિશ રેસિડેન્ટ તરફથી સતત મૈત્રીપૂર્ણ પ્રતિસાદ મળશે જ એવી અપેક્ષા સેવી શકાય, બ્રિટિશ રેસિડેન્ટે પણ હંમેશા રિવાજ અનુસાર અને આ દેશના સર્વસત્તાધીશ રાજ્યકર્તા હોવાનું માન્ય રાખી, મહારાજા સાહેબ તરફ યોગ્ય આદરભાવ દર્શાવવો જોઇએ. મહારાજાને પણ હંમેશા લાગવું જોઇએ, કે જે સન્માન મેળવવા પોતે હકદાર છે, તે સન્માન આપવા બ્રિટિશ રેસિડેન્ટ સદા

ઉત્સુક છે. મહારાજા સાહેબને એવો સંશય આવવા જરાપણ કારણ રહેવું ન જોઈએ કે રેસિડેન્ટ તક મળે તો આદરભાવના પ્રતીકરૂપેની રીતભાતમાં કાપકૂપ મૂકવા ઈચ્છે છે. ટૂંકમાં કહેવું હોય તો સંબંધકર્તા બન્ને મહાનુભાવોએ એકબીજા પ્રત્યે પૂરેપૂરા અને હાર્દિક આદરભાવની આપ-લે કરવી જોઈએ. તેમની વચ્ચે ઈર્ષા, ભય અને સંશયની કોઈ પણ ભાવના આ બાબતમાં ન હોવી જોઈએ. તેમના એકબીજા સાથેના સંબંધો અને વ્યવહાર પછી સરળ અને મૈત્રીપૂર્ણ રહેશે.

**રેસિડેન્ટને ભેટ-સોગાદ નહિ**

(૮) રિવાજ પ્રમાણે ફળ, ફૂલ અને એવી જ નજીવી ચીજો રેસિડેન્ટને ભેટ તરીકે આપવી, આના કરતાં વધુ કાંઈ પ્રયત્ન કરવો નહિ. બ્રિટિશ અધિકારીઓને ભેટ તરીકે મૂલ્યવાન વસ્તુઓ સ્વીકારવાની સખ્ત મનાઈ છે, અને સામાન્યપણે તેઓ નિયમપાલનની નિષ્ઠાને કારણે આ મનાઈની વિરુદ્ધ ગુપ્તપણે વર્તવાનું ટાળે છે. કોઈ બ્રિટિશ અધિકારીને અયોગ્ય અને છૂપી રીતે ઉપકારવશ કરવા આપશ્રી ઈચ્છો છો, એવું પણ દેખાઈ આવવું ન જોઈએ.

**માહિતીની માગણી**

(૯) રેસિડેન્ટ પાસેથી કોઈ માહિતી કે કોઈ કાગળો મેળવવાનું જરૂરી લાગે તો સીધા રેસિડેન્ટને વિનંતી કરો. છળકપટથી છૂપી રીતે કાંઈ પણ મેળવવા પ્રયત્ન કરશો નહિ.

**મૌખિક કે લિખિત વ્યવહાર**

(૧૦) રેસિડેન્ટ સાથે કાંઈ વાત થાય કે તેમના તરફ કાંઈ લખાણ મોકલવામાં આવે પછી તે સરકારી કામે હોય કે બીજા કામે હોય, તે સંભાષણ કે લખાણ સાચી હકીકત ઉપર આધારિત હોવું જોઈએ. તેમાં શ્રેષ્ઠ સચ્ચાઈની છાપ ઉપસેલી હોવી જોઈએ. આ બાબતમાં કોઈ ક્ષતિ થશે તો વિશ્વાસ અને આદરને મરણતોલ ફટકો પડશે. રેસિડેન્ટ સાથેના સંભાષણ કે લખાણમાં વિવેક અને વિપુલ સૌજન્યની છાપ હોવી જોઈએ. વસ્તુ અને પદ્ધતિ- બન્નેમાં આ વિવેક અને સૌજન્ય હોવાં જોઈએ. જ્યારે પણ કાંઈ મતભેદ અંગે લખાણ કે સંભાષણ કરવું હોય ત્યારે વિવેક અને સૌજન્ય ખાસ આવશ્યક છે.



**મતભેદ પ્રસંગે ન્યાયી સમાધાન**

(૧૧) ક્યારેક કેટલાક મતભેદો રહેવાના જ છે, પણ આની સંખ્યા બને ત્યાં સુધી ઓછામાં ઓછી કરવી જોઈએ. મોટા ભાગના પ્રસંગોમાં તપાસ, વિચાર, પરામર્શ અને શાંત વિચારણાથી પ્રશ્નોનું નિરાકરણ થઈ સમજૂતી ઉપર આવી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં ન્યાયયુક્ત સમાધાન સાધવું જોઈએ. બાકી રહેલા કિસ્સાઓમાં તેમાં રહેલા હિતસંબંધો ક્ષુલ્લક અને થોડા સમય માટેના હોય તો એક પક્ષકારે બીજા પક્ષકારના લાભમાં જતું કરવું જોઈએ.

**વિધિસર ચર્ચાની જરૂર**

(૧૨) મહત્ત્વના હિતસંબંધો હોડમાં મુકાયા હોય કે મતભેદો ઊંડા હોય એવા બહુ થોડા કિસ્સાઓ બાકી રહેશે. આવા કિસ્સાઓમાં સરકારી રાહે ચર્ચા વિચારણા થવી જરૂરી છે. આ બાબતો બ્રિટિશ સરકારના ઉચ્ચતર સત્તાવાળાઓ પાસે જાય ત્યારે મહારાજા સાહેબનું મંતવ્ય રજૂ કરતા લખાણનો મુસદ્દો ખૂબ કાળજીપૂર્વક ઘડી કાઢવો જોઈએ, જેથી ધારેલાં પરિણામ સિદ્ધ થાય. આ લખાણોમાંનો મજકૂર પૂર્ણ વિગતો આપતો અને સર્વ મુસદ્દાઓને આવરી લેતો હોવો જોઈએ. તેની ભાષા અને સૂર વિવેકપૂર્ણ અને સૌજન્યપૂર્ણ હોવાં જોઈએ. તેમાંની હકીકત અને દલીલો સાચી અને સચોટ હોવી જોઈએ અને જે સિદ્ધાંતોનો આધાર લઈને દાદ માંગેલી હોય તે સિદ્ધાંતો બ્રિટિશ સરકારે સારી રીતે માન્ય રાખેલા હોવા જોઈએ.

**અનુભવી અધિકારી મુસદ્દો ઘડે**

(૧૩) હું અહીં એક સૂચન કરવાની તક લઉં છું કે આવા પત્રવ્યવહારનાં લખાણો તૈયાર કરવા માટે વકીલો યોગ્ય વ્યક્તિઓ નથી, પછી તે ગમે તેટલા શક્તિશાળી હોય, સિવાય કે તેમને રાજનૈતિક બાબતોનો પત્રવ્યવહાર કરવાનો પણ અનુભવ હોય. એક વકીલ એક ન્યાયાધીશને સંબોધીને જે ઢબથી લખે, અને મહારાજા સાહેબે બ્રિટિશ સરકારને સંબોધીને જે ઢબથી લખવું જોઈશે, તે બે ઢબ મૂળભૂત રીતે જુદી છે. વકીલોએ સૂચવેલી દલીલોનો ઉપયોગ કરવો પણ મોકલવાના પત્રવ્યવહારનું લખાણ અનુભવી વહીવટી અધિકારીએ જ તૈયાર કરવું જોઈએ. મારાં આ મંતવ્યો દેશી અથવા

યુરોપિયન વર્તમાનપત્રોના સંપાદકોને લખવાના પત્રવ્યવહારને પણ લાગુ પડે છે, એવું અહીં હું ઉમેરું છું.

**રેસિડેન્ટે સંપૂર્ણ પત્ર ઉપરીને મોકલવો**

(૧૪) મતભેદોના પ્રશ્નો ઉચ્ચતર સત્તાવાળાઓ તરફ મોકલતી વખતે રેસિડેન્ટે મહારાજા સાહેબનાં મંતવ્યો અને દલીલો પાઠવતો સમગ્ર પત્રવ્યવહાર મોકલવો યોગ્ય થશે. તેવા પત્રવ્યવહારના માત્ર જરૂર પૂરતા ભાગો કે તેના સારાંશ મોકલવાનું જરાપણ યોગ્ય થશે નહિ. કારણ એવું થાય તો પોતાનું મંતવ્ય સંપૂર્ણ સાંભળી લીધાનું મહારાજા સાહેબને જે સમાધાન થવું જોઈએ તે છીનવી લેવા જેવું થશે.

**મહારાજાના હકનો ઉચિત બચાવ**

(૧૫) ગમે તેટલી કાળજી અને સાવધાની લીધેલી હોય તો પણ ઉચ્ચતર અધિકારી તરફ આવા મતભેદોના નિકાલ માટે કામ મોકલવામાં કેટલુંક મનદુ:ખ થાય છે જ, પરંતુ જ્યાં મહારાજા સાહેબનાં હક, સન્માન અને મોભાનો અને તેમની પ્રજાના કલ્યાણનો સંબંધ હોય એવા કિસ્સામાં ઉચ્ચતર સત્તાવાળાઓ પાસે દાદ માગવા કે દાદ માગવા પરવાનગી આપવા મહારાજા સાહેબે અચકાવું ન જોઈએ. આ હકો અને હિતસંબંતોની હંમેશા દૃઢતાથી પણ શાણપણ અને સાવધાની વાપરી રક્ષા કરવી જ જોઈએ. આ હકોની યોગ્ય રક્ષા કરવી એ મહારાજા સાહેબની અતિ આવશ્યક ફરજ છે. આ પ્રમાણે જાગૃત રહીને અને જોરદાર રીતે આ હકો રક્ષાય નહિ તો તે હકોમાં ક્રમશઃ ઘટાડો થશે અને પરિણામે છેવટે કદાચ તે નષ્ટ પણ થશે. જે હકોને મહારાણીના સને ૧૮૫૮ના ઢંઢેરામાં અનુલ્લંઘનીય તરીકે જાહેર કર્યા છે અને જાણે મહારાણીના પોતાના હકોની જેમ માન્યા છે, તેની મહારાજા સાહેબ રક્ષા કરતા હોય તો બ્રિટિશ સરકાર તેમને કોઈ દોષ આપી શકશે નહિ.

**બ્રિટિશ રેસિડેન્ટની દ્વિમુખી હેસિયત**

(૧૬) જ્યારે આ અંગેનાં મહારાજાનાં મંતવ્યો અને ઇચ્છાઓ રેસિડેન્ટની ન્યાયવૃત્તિને સ્પર્શી જાય અને વખાણવાલાયક લાગે તો રેસિડેન્ટ પાસેથી પણ આશા રાખી જ શકાય કે તે પોતાના સંપૂર્ણ અને હાર્દિક ટેકા સાથે તે મંતવ્યોને ઉપરી



સત્તાવાળાઓ તરફ મોકલી આપશે. આ બાબતમાં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે વ્યવહારમાં બ્રિટિશ રેસિડેન્ટની બેવડી ભૂમિકા છે. તે બ્રિટિશ હિતસંબંધોના રક્ષણકર્તા છે, પરંતુ સાથે સાથે દેશી સંસ્થાનના હિતસંબંધોના પણ રક્ષણકર્તા છે. નામદાર વાઈસરોયના દરબારમાં દેશી સંસ્થાનોના પોતાના હિતસંબંધોનું રક્ષણ કરવા આગવા પ્રતિનિધિઓ હોત તો કદાચ પરિસ્થિતિ બીજી થાત, પરંતુ હકીકતમાં દેશી સંસ્થાનનો કોઈ આગવો પ્રતિનિધિ ત્યાં નથી. આજે જે પરિસ્થિતિ છે તે પ્રમાણે બ્રિટિશ રેસિડેન્ટે બ્રિટિશ સરકારના હિતસંબંધમાં મહારાજા સાહેબ આગળ રજૂઆત કરવાની હોય છે અને મહારાજા સાહેબનાં હિતોની રજૂઆત બ્રિટિશ સરકાર આગળ કરવાની હોય છે. આ પરિસ્થિતિને કારણે એ જરૂરી છે કે બ્રિટિશ રેસિડેન્ટે બન્ને બાજુ વચ્ચે સંતુલન રાખવું જોઈએ અને સંપૂર્ણપણે પક્ષપાત વગરનો વર્તાવ રાખવો જોઈએ. આના ઉપરથી સમજી શકાશે કે પ્રસંગની માંગ હોય તો દેશી સંસ્થાનના હિતસંબંધોની ન્યાયપુરઃસર રક્ષા કરવાની તેમની ફરજમાંથી તેમણે પાછું હઠવું ન જોઈએ. પોતાના ઉપરીઓને તાત્કાલિક નારાજ કરવાનું જોખમ ખેડીને પણ નિષ્ઠાપૂર્વક અને ઉચ્ચ આદર્શથી આ ફરજ બજાવવામાં પાછા ન પડે એવા બ્રિટિશ રેસિડેન્ટોને જોવાનું મને સદ્ભાગ્ય મળ્યું છે. આ રાજનૈતિક નીતિમત્તાની પરાકાષ્ઠા છે, આ જાહેર સેવાનું ઉત્તમ પ્રમાણ છે. આ લોકો બ્રિટિશ સામ્રાજ્યની શક્તિ અને સાતત્યના મુખ્ય સ્રોતો છે.

**રેસિડેન્ટની ફરજનો આદર્શ**

(૧૭) ખરેખર હકીકત એ છે કે, દેશી સંસ્થાનને બ્રિટિશ સરકારના સદ્ગુણો કે સદ્વર્તન બહુ ઓછું જોવા મળે છે. બ્રિટિશ રેસિડેન્ટ સાથેના વ્યવહારના કારણે તેમને બ્રિટિશ સરકાર અંગે કાંઈ જાણવા મળે છે. તેમને રેસિડેન્ટનો વ્યવહાર જેવો લાગે તે ઉપરથી બ્રિટિશ સરકારના વ્યવહાર અંગે તેમનો ખ્યાલ બંધાય. ભલે મહારાણીએ ન્યાયસર અને સામાન્ય એવી બધી બાંયધરી આપેલી હોય, ભલે નામદાર વાઈસરોયે લાભદાયી અને ઉદાર એવાં ઉચ્ચારણો કરેલાં હોય, દેશી સંસ્થાનોને વ્યવહારમાં તેમની ખાસ કિંમત હોતી નથી. તેમને તો બ્રિટિશ સરકારના સ્થાનિક પ્રતિનિધિ તે બાંયધરી અને ઉચ્ચારણોને કેવી રીતે અમલમાં લાવે છે તેની સાથે જ નિસ્બત હોય છે, એટલે બ્રિટિશ રેસિડેન્ટે ખુદ બ્રિટિશ સરકારના નિઃસ્વાર્થીપણું, ન્યાયપ્રિયતા, સ્વચ્છ વ્યવહાર, ઉદારતા અને મૈત્રીભાવના વગેરે જે

ગુણો છે, તેનું સંપૂર્ણપણે અને સંનિષ્ઠપણે પ્રતિનિધિત્વ કરવું જોઈએ. પ્રતિનિધિની ફરજ અંગેનો આદર્શ એ જેનું પ્રતિનિધિત્વ કરે છે, તેની ફરજ અંગેના આદર્શ જેટલો જ ઊંચો હોવો જોઈએ. પડોશના પોલિટિકલ એજન્ટો અને અન્ય બ્રિટિશ અધિકારીઓની આક્રમક પ્રવૃત્તિઓ સામે પણ રક્ષણ આપવાની બાબતમાં આપણે રેસિડેન્ટ ઉપર આધાર રાખવો જોઈએ.

**રૂઢ નિયમોનું પાલન**

(૧૮) મહારાજા સાહેબની સગીરાવસ્થામાં કેટલાક મહત્ત્વના અને મુશ્કેલ પ્રશ્નોનો નિકાલ જે રીતે કરવામાં આવ્યો હતો તે પ્રમાણે મહારાજા સાહેબે દૃઢતાથી વર્તવાનું ચાલુ રાખવું જોઈએ અને પદ્ધતિને વળગી રહેવું જોઇએ. જે કોઈ નિકાલ આવ્યો છે, તેની પાછળ ઘણા સંબંધકર્તાઓની લંબાણપૂર્વકની વિચારણા હતી. આને કારણે ઘણી ભ્રમણાઓ દૂર થઈ છે, ઘણા વાદો ઉકેલાયા છે. તેને કારણે સાચા સિદ્ધાંતો સ્થપાયા છે યા તો પુનઃ સ્થાપિત થયા છે. તેથી મહારાજા સાહેબે પોતાના અધિકારીઓને સખત તાકીદ કરવી કે તેઓ આ સ્થાપિત સિદ્ધાંતોને નજર આગળ રાખે અને કોઈ પણ સંજોગોમાં તે સિદ્ધાંતો વિરુદ્ધ કાંઈ કરે નહિ. કોઈ સંગે રેસિડેન્ટના સત્તાવાળાઓ આ સિદ્ધાંતોને ભૂલી જાય તો મહારાજા સાહેબના અધિકારીઓએ આ સિદ્ધાંતો તરફ રેસિડેન્ટનું ધ્યાન ખેંચવું.

**રેસિડેન્ટ સાથે મુક્ત પરામર્શ**

(૧૯) મહારાજા સાહેબને બધા મહત્ત્વના કામકાજમાં તેમના મંત્રીમંડળના દૃઢ અભિપ્રાયો મળવાના છે જ. પરંતુ આમ છતાં મહારાજા સાહેબને કોઈ મોટી શંકા કે મુશ્કેલી જાગે તો મહારાજા સાહેબે રેસિડેન્ટ સાથે મુક્તપણે પરામર્શ કરવો. રેસિડેન્ટ નિઃસ્વાર્થપણે સલાહ આપશે . કેટલીક બાબતો એટલી બધી મહત્ત્વની હશે કે તે બાબતમાં કોઈ શંકા કે મુશ્કેલીનો ખ્યાલ પણ ન કરતાં રેસિડેન્ટ સાથે તે બાબતમાં વાત કરી લેવી ઘણું સારું થશે. કારણ, આમ કરવાથી રેસિડેન્ટની સંમતિ અને સહાનુભૂતિ મેળવી શકાશે. રેસિડેન્ટને આવી રીતે વારંવાર તસ્દી આપવી નહિ, કારણ તેનો અર્થ એવો કરાશે કે દેશી સંસ્થાનમાં વિચારણા કરવાની શક્તિ અને રાજ્ય શાસન ચલાવવાની કાર્યક્ષમતા ઓછી છે. સામાન્યપણે મહારાજા સાહેબની સૂચનાથી જ રેસિડેન્ટ સાથે આવી સલાહ મસલત



કરવી, પણ ખાસ પ્રસંગોએ એવી જરૂર પડે તો મહારાજા સાહેબે જાતે રેસિડેન્ટને અંગત રીતે મળી વિચાર-વિમર્શ કરવો.

**દીવાનનું મંતવ્ય**

(૨૦) મારી નમ્ર રજૂઆત છે, કે મહત્ત્વની બાબતોનો નિકાલ આડેધડ અને મહારાજા સાહેબ અને રેસિડેન્ટ વચ્ચેની મૌખિક વાતચીતથી કરવો નહિ. મહારાજા સાહેબના દીવાન તે બાબત બધી માહિતી આપી શકે અને ખુલાસો કરી શકે તે માટે દીવાન સાહેબને થમ તક આપવી જોઈએ. દીવાન સાહેબનું મંતવ્ય પણ મેળવવું જોઈએ. સંસ્થાનના હિતસંબંધોની નજરે આવું કરવું જરૂરી છે.

**મૌખિક નિર્ણયો લખાણમાં ઉતારવા**

(૨૧) મૌખિક વિચારણાને અંતે કોઈ બાબતનો નિવેડો આવેલો હોય તો તેટલાથી જ ન રોકાતાં થયેલી સમજૂતીને લખાણમાં ઉતારવી જોઈએ, નહિ તો, ઘણી અસ્પષ્ટતા અને સંદિગ્ધતા રહી જશે, અને કદાચ ગેરસમજ અને નારાજી ઉદ્ભવશે. એક નિયમ તરીકે, કોઈ પણ મહત્ત્વની બાબતોનો નિકાલ આવ્યો છે, એવું ત્યારે જ ગણવું કે જ્યારે તે અંગે થયેલી સમજૂતી કાગળ ઉપર મુકાયેલી હોય અને એકબીજાને ઠરાવેલા નમૂના પ્રમાણે લખી જણાવેલું હોય.

**બ્રિટિશ સરકારને દરખાસ્ત કરવા અગાઉ મહારાજાને જાણ**

(૨૨) એક એવી સમજૂતી પ્રવર્તવી જોઈએ કે જ્યાં શક્ય હોય ત્યાં, રેસિડેન્ટે મહારાજા સાહેબના હિતસંબંધોને અસર કરે તેવી કોઈ દરખાસ્ત મહારાજા સાહેબનાં તે અંગેનાં મંતવ્યો જાણી લીધા પહેલાં બ્રિટિશ સરકારને મોકલવી નહિ. આ એક સાચો સિદ્ધાંત છે. આના કારણે રેસિડેન્ટ અધૂરી માહિતીના આધારે કોઈ દરખાસ્તથી બંધાઈ જવાનો સંભવ રહેશે નહિ. વળી, આવી દરખાસ્તના કારણે અચૂકપણે ઉદ્ભવતી મૂંઝવણની લાગણીથી પણ તેઓ બચી જશે.

**મહારાજાની મહેરબાનીમાં ડખલ નહિ**

(૨૩) મહારાજા સાહેબ નિમણૂક અને બઢતીના કામકાજમાં ખૂબ કાળજી લઇ માણસોની પસંદગી કરે ત્યાં સુધી રેસિડેન્ટ કોઇની વ્હારે દોડી જઇ તેને આશ્રય આપવાના, સરકારી કે નીમ સરકારી રીતે, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે માથું મારવાના એટલે કે, બધા પ્રકારના હસ્તક્ષેપથી દૂર રહેશે, એવી અપેક્ષા કરી

શકાય. અત્યાર સુધીનો મારો અંગત અનુભવ નિઃશંકપણે એવું દર્શાવે છે, કે જ્યાં દેશી સંસ્થાનમાં સરકારનું સંચાલન સારી રીતે ચાલે છે, ત્યાં તે સરકારની કાર્યક્ષમતાને ખરાબ અસર ન થાય તે દૃષ્ટિએ પણ હસ્તક્ષેપથી દૂર રહેવું અત્યંત આવશ્યક છે.

**રેસિડેન્ટને ત્વરિત પ્રત્યુત્તર**

(૨૪) રેસિડેન્ટ તરફથી આવેલાં લખાણોના જવાબ તાકીદે મોકલાય છે કે નહિ તે મહારાજા સાહેબે ખાસ જોવું. જો કે, જ્યાં મહત્ત્વની બાબત હોય કે કોઇ મહત્ત્વના સિદ્ધાંત સાથે સંબંધ હોય એવી બાબતો હોય ત્યાં ઉતાવળિયા જવાબો મોકલવાનું ટાળવું જોઇએ.

**રેસિડેન્ટ મારફત જ પત્ર-વ્યવહાર**

(૨૫) એક કડક નિયમ છે, કે મહારાજા સાહેબે, બ્રિટિશ રેસિડેન્ટની ઉપરવટ જઇ બ્રિટિશ સરકારના કોઇ ઉચ્ચતર સત્તાવાળાઓને કામકાજ બાબત કદીએ લખવું નહિ. મહારાજા સાહેબ તરફથી મોકલાતો કામકાજ અંગેનો તમામ પત્રવ્યવહાર કાં તો રેસિડેન્ટને સંબોધીને લખવો જોઇએ, અથવા તે ઉચ્ચતર સત્તાવાળાઓને સંબોધીને કરેલો હોય તો રેસિડેન્ટ મારફતે મોકલવો જોઇએ. આ નિયમ એટલો કડક છે, કે હું મહારાજા સાહેબને સલાહ આપીશ કે સામાન્ય શિષ્ટાચારના કે અભિનંદન-અભિવાદન જેવા સામાન્ય શિષ્ટાચારના પત્રવ્યવહાર હોય તો પણ મહારાજા સાહેબે આ નિયમ પ્રમાણે વર્તતા રહેવું

**ખટપટમાં ભરોસો નહિ**

(૨૬) મહારાજા સાહેબને મારી નિષ્ઠાપૂર્વક સલાહ છે કે ખટપટની અસરકારકતા ઉપર આપ વિશ્વાસ રાખશો નહિ. હજુ પણ એવા માણસો મળી આવશે, જે આપની પાસે આવીને કાનમાં કહી જશે કે તેઓ નામદાર વાઇસરૉય, ગર્વનર અથવા એમના સલાહકાર મંડળ સાથે લાગવગના અંગત સંબંધો ધરાવે છે, અને મહારાજા સાહેબને ફાયદો થાય તે માટે તેમની લાગવગનો ઉપયોગ કરવા તેઓ ઇચ્છે છે. ઇંગ્લેંડના સત્તાધીશો ઉપર પણ તેમની આવી જ લાગવગ છે, એવું બતાવવાનો ડોળ કરવાની પણ તે ધૃષ્ટતા કરશે. સામાન્યપણે આવા લોકો, સિદ્ધાંતવિહોણા હોય છે અને ખોટા બહાના હેઠળ પૈસા પડાવવાની જ તેમની દાનત હોય છે. તેમને જરાપણ દાદ આપવી નહિ. તેમને મક્કમતાથી ટાળવા જોઇએ, કારણ તેઓ ફક્ત પૈસા લઇ જશે એટલું જ નહિ પણ મહારાજા સાહેબને નામોશી પણ અપાવશે.



(૨૭) આપણા રાજ્યને અનેક કારણોસર રેસિડેન્ટની તિજોરી કચેરીને કેટલાંક નાણાંની ચુકવણી કરવાની થતી હોય છે. આવી ચુકવણી લેણી થાય એટલે કોઇપણ વિલંબ વગર કરી દેવી.

**રેસિડેન્સીને ચુકવણાં**

**મદદનીશ રેસિડેન્ટને સહાય**

(૨૮) ઠગ અને ધાડપાડુઓ અંગેનો વિભાગ મદદનીશ રેસિડેન્ટના હવાલામાં હોય છે. રાજ્યે આ મદદનીશ રેસિડેન્ટને હાર્દિક મદદ આપી પોતાની ફરજ અદા કરવી. આપણો યોગ્ય સહકાર અને મદદ મળે તો તે વિભાગ ઠગ અને ધાડપાડુઓનો પીછો કરવાની ઘણી સારી કામગીરી બજાવી શકે છે. સાથોસાથ આ વિભાગની છૂપી પોલીસ નિર્દોષ લોકોની સતામણી ના કરે અને આ વિભાગ રાજ્યના હકો ઉપર અજાણતાં અતિક્રમણ ન કરે તે જોવા પૂરતી થોડી સાવધાની પણ રાખવી.

**રેસિડેન્સી સ્ટાફના હક**

(૨૯) બ્રિટિશ રેસિડેન્ટ, તેમના મહેકમના સભ્યો, તેમનાં નોકરો સુધ્ધાં અને તૈનાતમાં રાખેલી બ્રિટિશ સેનાના સભ્યો પણ કેટલાક ખાસ હકો અને અધિકારો ભોગવે છે. રાજ્યે અને રાજ્યના અધિકારીઓએ તે હકો અને અધિકારોમાં માથું ન મારવાની કાળજી લેવી જોઇએ. ટૂંકમાં, બ્રિટિશ પ્રતિનિધિને યોગ્ય માન આપો, તેની સાથે મૈત્રીસંબંધો કેળવો અને સુશાસનના સારામાં સારા સિદ્ધાંતો ઉપર આધારિત સાદી, સરળ અને સ્થિર નીતિથી તેમનો વિશ્વાસ અને ટેકો જીતી લો.

# પ્રકરણ-૪૬

## સમાપન

૧લી ડિસેમ્બર, ૧૮૮૧

**છેવટની સલાહ**

(૧) રાજ્યની સરકારનાં સૂત્રો હાથમાં લઇ મહારાજા સાહેબ નવા યુગનાં મંડાણ કરે તે દિવસ નજીક આવી રહ્યો હોવાથી મારે આ વક્તવ્યો સમાપ્ત કરવાં જોઇએ. વખત મળ્યો હોત તો હજુ કેટલાક મહિનાઓ સુધી આવાં વક્તવ્યો ચાલુ રાખવાનું મને ગમત, પરંતુ મારા સન્માનનીય સાથીઓએ અને મેં પોતે અત્યાર સુધી મહારાજા સાહેબને જે કાંઇ જાણકારી આપી છે, તે પોતાની પ્રજાને સુખી અને સમૃદ્ધ બનાવી પોતે માન અને પ્રતિષ્ઠા મેળવી શકે તે સારુ સારા રાજવીએ જે મહાન સિદ્ધાંતોને વળગી રહેવું જોઇએ, તે સિદ્ધાંતોનું દર્શન કરાવવા પૂરતી છે. આ બાબત મને પૂરતી ખાતરી છે.

**મહારાજાનું પદ**

(૨) મહારાજા સાહેબને હવે પોતાની મહાન જવાબદારીઓનો સારો એવો ખ્યાલ આવ્યો હશે અને લાગ્યું પણ હશે કે તે જવાબદારીઓ અને મહારાજા સાહેબને મળેલી મહાન સત્તાને જુદી પાડી શકાશે નહિ. આજના જમાનામાં મહારાજાનું પદ એ કાંઇ ભરપૂર આરામ અને અમર્યાદિત ઉપભોગનું સાધન નથી. એ એવું પણ સ્થાન નથી કે જેને લીધે જાહેર નાણાં ગમે તેટલાં અને ગમે તે કારે ખર્ચવાની સ્વતંત્રતા મળે છે. તે એવું પણ સ્થાન નથી કે જેને કારણે જરૂરી એવા બંધારણીય નિયમનોની મર્યાદા બહારના અધિકારોનો તે ઉપયોગ કરી શકે છે. એ એવું પદ નથી કે તેને કારણે મહારાજાની ઇચ્છા એ જ કાયદો ગણાય. આજના દિવસો એવા છે, કે રાજાના સિંહાસન ઉપર એક પ્રખર પ્રકાશ પડતો હોય છે. આ પ્રકાશને કારણે રાજવીનો દરેક દોષ લોકોની નજરે



ઉઘાડો પડે છે. આ પ્રકાશે રાજવીઓની જવાબદારીમાં પ્રચંડ વધારો કર્યો છે.

**તેમની ભારે જવાબદારી**

(૩) મહારાજા સાહેબને પોતાનાં બધાં કૃત્યો બદલ અનેક દિશાઓથી જવાબદાર લેખાય છે. તે પરમાત્માને જવાબદાર છે અને પોતાના અંતરાત્માને જવાબદાર છે. તેઓ સ્થાપિત સિદ્ધાંતોને જવાબદાર છે. તેઓ પોતાની જાને જવાબદાર છે. તેઓ બ્રિટિશ સરકારને જવાબદાર છે. સામાન્યપણે તેઓ પ્રબુદ્ધ એવા જાહેર અભિપ્રાયને જવાબદાર છે.

**સારા સિદ્ધાંતોને વળગી રહો**

(૪) જે સિદ્ધાંતો સાથે મહારાજા સાહેબ સુપરિચિત થયા છે તેને અનુસરીને તેઓ પોતાની જવાબદારીઓ સંતોષકારક રીતે પાર પાડી શકશે. તે સિદ્ધાંતોમાં આવી પ્રેરણાદાયી શક્તિ છે. આ સિદ્ધાંતોને મહારાજા સાહેબે હંમેશા સ્મૃતિમાં રાખવા જોઇએ. આ સિદ્ધાંતો અંગે કોઇ મહારાજા સાહેબને યાદ દેવડાવે તો મહારાજા સાહેબે તેને આવકારવા જોઇએ. સારા સિદ્ધાંતોની માહિતી હોવી અને તેને સ્મૃતિમાં સદૈવ રાખવી એ રાજાનું કર્તવ્ય ખરું, પણ એટલાથી જ કાંઇ મોટું કામ થતું નથી. રાજાના કર્તવ્યનો ખરો મોટો ભાગ તો આ સિદ્ધાંતને સતત અને નિષ્ઠાપૂર્વક વળગી રહેવામાં જ છે. આ માટે પોતાની જાતને ભૂલી જવી પડે છે, સંયમ રાખવો પડે છે. આ માટે અનેક કારની લોભનકારક અસરોનો તિકાર કરવાની મહાન દૃઢતા કેળવવી પડે છે.

**ફરજનો ઉચ્ચ આદર્શ**

(૫) મહારાજા સાહેબે ફરજ અંગેનો ઉચ્ચ આદર્શ હંમેશા નજર સમક્ષ રાખવો જોઇએ. આવી ફરજોનો આદર્શ નજર સમક્ષ રાખનારા સલાહકારોને હંમેશા નજીક રાખવાની આવશ્યકતા છે.

પરમાત્માના આશીર્વાદ આપ મહારાજા સાહેબ ઉપર હંમેશા વરસો અને આપશ્રીની કારકિર્દી લાંબી, સૌખ્યભરી, પ્રતિષ્ઠાભરી થાઓ. ન્યાયપ્રિયતા, શાણપણ અને દયાળુવૃત્તિના કારણે આપશ્રીને મહાન કીર્તિ પ્રાપ્ત થાઓ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

PRINTED BY THE DIRECTOR, GOVERNMENT PRINTING AND STATIONERY, GANDHINAGAR, GUJARAT STATE.

સરકારી મુદ્રણાલય, વડોદરા.